સ્વામી પ્રણવાનંદજી નાં

જીવન સુવાસ



સ્વામી યતીશ્વરાનંદ

સ્વામી પ્રણવાનંદજીની જીવન-સુવાસ

સ્વામી યતિશ્વરાનંદ

ભારત સેવાશ્રમ સંઘ

પ્રકાશક :
સ્વામી અક્ષયાનંદ
વ્યવસ્થાપક,
ભારત સેવાશ્રમ સંઘ
નવરંગપુરા. અમદાવાદ.

દ્વિતીય આવૃત્તિ : જુન, ૧૯૮૩

પ્રત : ૪૦૦૦

કિંમત : રૂા. ૪-૦૦

પ્રાપ્તિસ્થાન :
ભારત સેવાશ્રમ સંઘ,
નવરંગપુરા, અમદાવાદ. ૯.
ફોન. ૪૪૯૩૬૭.
ભારત સેવાશ્રમ સંઘ,
કતારગામ સુરત.

મુદ્રક :
સાધના પ્રિન્ટરી
ઘીકાંટા રોડ
અમદાવાદ. ૧

સમર્પણ

હે જગદ્ગુરો ! આપની અપાર કરુણા અને આશિષથી પ્રેરાઈને આપની જીવન-સુવાસ, પુસ્તક આકારે આપના ચરણ કમળોમાં ધરું છું-તે સ્વીકારવા કૃપા કરશો.

આપની અવતાર લીલા अवाङ् मनसो गोचर યાને વાકય અને મનથી પર છે. જે અનન્ય ભક્તિ, અતૂટ શ્રદ્ધા, લાગણી-ભરી વ્યાકુળતા અને અશેષ શરણ-બુદ્ધિથી આપને ઓળખી શકાય, તે ભાવ પણ મારામાં પ્રગટયા છે કયાં ? લંગડો માણસ પર્વત ઓળંગવા અને વામન ચાંદને પકડવા સાહસ કરે, તેવું મારું આ સાહસ છે. આ પ્રકાશનમાં જાણે-અજાણે ભૂલો અને ત્રુટિયો રહેવા પામી હશે. તે માટે આપનું વિશાળ હૃદય ક્ષમા કરશે; એવી આશા રાખીને પરમભકિત ભાવથી આ અર્ઘ આપને સમર્પણ કરતાં કૃતકૃત્યતા અનુભવું છું

આપનો ચિર કૃપાભિલાષી
દીન સંતાન

પ્રસ્તાવના

શ્રી ભગવાનની અવતાર લીલા દુર્જ્ઞેય હોય છે, માનવીય બુદ્ધિ અને ભાષા દ્વારા એ લીલા રહસ્યને સમજવું મુશ્કેલ છે. આવા મહાપુરુષોનાં જીવન અને કર્મ દિવ્ય હોય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના કથનાનુસાર જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય અને અધર્મનો પ્રાદુર્ભાવ થાય, ત્યારે શ્રી ભગવાન મનુષ્ય દેહ ધારણ કરીને અવતાર લે છે અને સાધુજનોની રક્ષા, દુર્જનોનો વિનાશ અને ધર્મ સંસ્થાપનાનું કાર્ય કરે છે. ત્રેતાયુગમાં શ્રી રામચંદ્ર, દ્વાપરમાં શ્રી કૃષ્ણ અને કળિકાળમાં શ્રી બુદ્ધ, શ્રી શંકરાચાર્ય, શ્રી ચૈતન્ય અને શ્રીરામકૃષ્ણ દરેક યુગની સમસ્યાઓના સમાધાન માટે તથા આર્ત, પીડિત અને તૃષિત માનવીઓની આશા-આકાંક્ષાને પૂર્ણ કરવા જન્મ્યા હતા.

ભારત સેવાશ્રમ સંઘના પ્રણેતા યુગાચાર્ય શ્રીમદ્ સ્વામી પ્રણવાનંદજી મહારાજ આ યુગની એક તેજસ્વી વિભૂતિરૂપે પ્રગટ થયા. વર્તમાન યુગ સક્રાંતિકાળનો યુગ છે. આખા ભારતમાં તથા જગતમાં આજે બે દૃશ્યો નજરે પડે છે. એક તો વ્યક્તિગત ધર્મ-સાધના, ધ્યાન-ધ્યાન, મોક્ષ-મુક્તિ અને મનન-ચિંતન. બીજું ઈશ્વરહીન પાશ્ચાત્ય રાજનીતિ, સમાજનીતિ, અર્થનીતિ, સમાજવાદ અને ભૌતિક સુખ ભોગ પાછળ ધમપછાડા, પ્રાચીન ધર્મસંસ્કૃતિ, જ્ઞાનભક્તિ, આહારવિહાર અને રીતરસમોને તિલાંજલિ દઈને સંપૂર્ણ આધુનિક ઢબે સમાજ રચવાની સ્પર્ધા આજે ચાલી રહી છે, જેમાં ધાર્મિક મૂલ્યોને ગૌણ લેખવામાં આવે છે; અને મંદિર, દેવ, અવતાર, અને સંત-મહંતો પ્રત્યે ઉપેક્ષા સેવવામાં આવે છે. જૂની પેઢીઓનાં ધાર્મિક અનુષ્ઠાનોને પાપરૂપ અને અજ્ઞાનતા દ્યોતક ગણવામાં આજનો સમાજ અચકાતો નથી. આજે મોટે ભાગે ભક્તિયોગના નામે જે ખોટી માન્યતાઓ, ખોટા સિદ્ધાંતો, ખોટી વ્યાખ્યાઓ, કુરિવાજો અને અંધશ્રદ્ધા પ્રવર્તી

રહ્યા છે તે ધર્મ નથી. જ્ઞાનયોગ અને બ્રહ્મવાદના નામે જે કર્મહીનતા, સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે ઉદાસીનતા, આર્તપીડિત લોકો પ્રત્યે કર્તવ્ય-હીનતા દેખાય છે તે પણ ધર્મ નથી. ધ્યાનયોગના નામે જે તામસવૃત્તિ, આળસ, જડતા અને નિષ્ક્રિયતા નજરે પડે છે તે પણ ધર્મ નથી. કર્મયોગના નામે પાશ્ચાત્ય કર્મચંચળતા પેદા કરીને સમાજમાં હિત કરતાં વધુ અહિત સાધવું એ પણ ધર્મ નથી. ખરો ધર્મ તો ત્યાગ, સંયમ સત્ય અને બ્રહ્મચર્યના પાલનમાં છે. વ્યકિતમાં નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો વિકસાવે તે સાચો ધર્મ છે. વ્યકિતને સમાજ પ્રત્યેની ફરજોનું ભાન કરાવી તેને કર્તવ્યાભિમુખ બનાવે તે સાચો ધર્મ છે. આજનો ધર્મ તો વિભિન્ન ધર્મસંપ્રદાયોમાં, તેના ગુરુઓ અને આચાર્યોમાં વહેંચાઈ ગયો છે. સમગ્ર જાતિને એક સૂત્ર બાંધી રાખે એવો કોઈ સંગઠિત અને સમષ્ટિધર્મ આજે રહ્યો નથી. આ રીતે જોઈએ તો આચાર્યદેવનું સમગ્ર જીવન એક ક્રાંતિકારી ધર્મસંસ્થાપક, સમાજ-સંસ્કારક, જનસેવક અને લોકસંગ્રાહક તરીકે વર્ણવી શકીએ; જેમાં પ્રાચીનને ભૂલી જવાની વાત નથી અને આધુનિકતાનો અસ્વીકાર કરવાનો આશય પણ નથી. ભારતની પ્રાચીન ધર્મ–સંસ્કૃતિના પાયા પર જ આજના સમાજનું નવનિર્માણ થશે. સત્યમ્ શિવમ્ સુંદરમને લક્ષ્યસ્થાને રાખીને આજની નવીન ઊગતી પેઢી વિજ્ઞાન, કળા, નૃત્ય, સંગીત, પ્રયોગવિદ્યા વગેરે ક્ષેત્રોમાં આગળ વધે, એવી તેઓશ્રીની અભિલાષા હતી. જે મહાજાગૃતિ, મહામિલન, મહાસમન્વય અને મહા-મુકિત માટે તેઓશ્રીનો અવતાર થયો હતો. તેનાં ચિન્હો આજે નહિ તો કાલે જરૂર દેખાશે. એ ક્રાન્તિ ધ્વંસાત્મક માર્ગે નહિ પણ રચના-ત્મક અને કલ્યાણમય માર્ગે જ આવશે.

પ્રસ્તુત પુસ્તકમાં આચાર્યદેવના દિવ્યજન્મ-જીવન, ઉન્નત દૃષ્ટિ, અથાગ શ્રમ, સૃજન સ્વભાવ, વિરકત પ્રતિભા અને સંઘ–સ્થાપનાની આછેરી ઝલક તરુણ વર્ગને ગમે તેવી સરળ શૈલીમાં લખવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

યુગપુરુષ શ્રીમદ્દ આચાર્યદેવ જે તરુણ અને વિદ્યાર્થીવર્ગની ઉન્નતિ અને અભ્યુત્થાન માટે પોતાના લોહીનું ટીંપેટીંપુ ખર્ચી ગયા છે. તે તરુણો અને વિદ્યાર્થીઓ તેઓશ્રીની જીવન-સુવાસથી થનગની ઊઠે અને પ્રફુલ્લિત ચિત્તે અનંત ઉત્સાહથી પ્રભુસેવા અને રાષ્ટ્રસેવા કરીને પોતાના જીવનને ધન્ય બનાવે એ જ અભ્યર્થના.

અત્યારે દેશની પરિવર્તીત પરિસ્થિતિમાં આ હિંદુ સમાજમાં ભેદાભેદ છૂતાછૂત વગેરે દૂષણો દૂર કરી સમાજમાં સ્વધર્મનિષ્ઠા સુમેળ અને સ્વરક્ષણશકિત જાગૃત કરવા માટે ત્રિકાળદૃષ્ટા યુગાવતાર આચાર્યશ્રીએ પોતાની સમસ્ત શિષ્ય પરિકરસહ અથાગ પરિશ્રમ કરીને ગામે ગામ અને શહેરોમાં હિંદુ મિલનમંદીર અને રક્ષકદળ ગઠન દ્વારા હિંદુ સમાજ સમન્વયનું કાર્ય ચાલું કર્યું અને આજે તેમની તપ શક્તિથી આ સેવાશ્રમ સંઘ દ્વારા મહાન કાર્ય ઉત્તરોઉત્તર વધી રહ્યો છે. અને દેશવાસી આ મહાન કાર્યને વ્યાપક રીતે અપનાવીને ભારત રાષ્ટ્રને આગળ ધપાવશે એજ શ્રીગુરૂચરણકમળમાં સેવકની હાર્દિક અભિલાષા છે.

—વિનિત સ્વામી અક્ષયાનંદ

ભારત સેવાશ્રમ સંઘ,
નવરંગપુરા, અમદાવાદ.
૨૪ જૂન, ૧૯૮૩

અનુક્રમણિકા

યુગવાણી

"ભારત ! ભૂલીશ મા કે તું ઋષિઓનો વંશ જ છે. તારા જીવનનાં વ્યક્તિગત, પારિવારિક, સામાજિક તથા રાષ્ટ્રીય જીવન ઋષિઓને હાથે જ ઘડાયેલાં છે, તારા જીવનનું પ્રત્યેક કર્તવ્ય ઋષિઓએ જ નિર્દેશ્યું છે. ત્યાગ, સંયમ, સત્ય બ્રહ્મચર્ય એ જ તારા વ્યકિતગત જીવનનો મૂળ મંત્ર છે. એજ આદર્શ અને મંત્રને પ્રાણ પણે પકડી રાખજે, કોઈકવાર કદાચ તારું પતન થશે તો પણ તેથી તારો વિનાશ તો નથી જ થવાનો, પુનરુત્થાન અવશ્ય થવાનું"

✻

"ધર્મે જ પ્રજાને નિર્બળ બનાવી નાખી છે એવો આક્ષેપ ખોટો છે, ધર્મે કદી પણ પ્રજાને નિર્બળ બનાવી નથી. ધર્મની બાબતમાં આજે જે ખોટી માન્યતા, ખોટા સિદ્ધાંતો ખોટી વ્યાખ્યાઓ અને ખોટા પ્રચારો ચાલે છે, તેણે જ પ્રજાને દુર્બળ અને પાંગળી બનાવી મૂકી છે. ભારતની દુર્દશાનું કારણ ધર્મ નથી બલકે ધર્મનો અભાવ જ છે. ધર્મને નામે આજે છેતરપીંડીઓ અને દગાબાજીઓ પ્રવર્તી રહી છે તે જ છે પ્રજાની દુર્બળતાનું મુખ્ય કારણ."

✻

"ભારત હવે દીર્ઘકાળ સુધી પ્રસુપ્ત અવસ્થામાં રહેવાનો નથી. એ ફરીથી ઉઠશે, ફરીથી ઉન્નતિને માર્ગે આગેકૂચ કરશે અને હાલમાં ગુમાવેલું એનું જગદ્‌ગુરુનું ગૌરવવંતુ સ્થાન ફરીથી મેળવી લેશે.

" ભારત ! તું ब्रह्मैव ब्रह्मविद्" ઋષિની અલૌકિક તપઃશકિતના અપૂર્વ મહિમાનો જાગતો, જીવતો મૂર્તિમંત આદર્શ છે. આજે વિશ્વસંસારમાંથી તારે માટે પડકાર આવ્યો છે. વિશ્વના કલ્યાણને માટે આજે તારે તારા આર્યહૃદયના લોહીના સિંચનથી પરિપુષ્ટ બનેલા વૈદિક આદર્શરૂપ બીજને વિશ્વરૂપ વિરાટ ક્ષેત્રમા વાવવું જોઈશે. સમગ્ર જગત શાંતિ અને સાંત્વનાની આશાથી તારી તરફ મીટ માંડી રહ્યું છે તું તેનો અનુભવ તો કર !


સ્વામી શ્રી પ્રણવાનંદજી



ભારત સેવાશ્રમ સંઘના પ્રતિષ્ઠાતા ધર્મરાષ્ટ્ર સંગઠક
યુગાચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી મહારાજ



અલૌકિક તપશક્તિના મૂર્ત-
વિગ્રહ રૂપમાં ઈશ્વરીય પ્રેરણાથી
ભારત સેવાશ્રમસંઘના પ્રતિષ્ઠાતા
આચાર્યદેવ...



ઊર્ધ્વ રેતા બાલબ્રહ્મચારી વિનોદજી (ગુરૂજી) નવયુવકોને ચરિત્ર ગઠન, સ્વધર્મનિષ્ઠા અને શક્તિમાન બનાવવાની પ્રેરણા આપે છે.

સ્વામી પ્રણવાનંદજીની જીવન-સુવાસ

પ્રકરણ પહેલું

તેજસ્વી વિદ્યાર્થી

"સાહેબ, મને બિલકુલ ગમતું નથી. મારે તો સંસાર છોડીને સંન્યાસી થવું છે; એ સિવાય દેશનો બચાવ કરી શકાશે નહિ."

એક શાળાના આચાર્ય સમક્ષ એક તેજસ્વી વિદ્યાર્થીએ ધીરગંભીર વાણીમાં ઉપરના આ શબ્દો અશાંત કંઠે ઉચ્ચાર્યા.

આટલા શબ્દો ઉચ્ચારીને વળી એ વિદ્યાર્થી શાંત બની ગયો. જાણે ધીર, સ્થિર અને સહિષ્ણુતાની સાક્ષાત્ પ્રતિમૂર્તિ !

આ પહેલાં આચાર્યશ્રીએ આ બાળકને કોઈ પણ અવસ્થામાં આ રીતે વિચલિત થતો જોયો નહોતો.

આજે આ વિદ્યાર્થીમાં આવી મનોવ્યાકુળતા જોઈને આચાર્યશ્રીએ આશ્ચર્યચકિત થઈને બાળક પર એક અત્યંત સ્નેહભરી દૃષ્ટિ કરી અને પૂછ્યું, "કેમ આજે તને શું થયું છે?"

બાળકે વિનયપૂર્વક છતાં કંઈક આવેગથી ઉત્તર આપતાં કહ્યું, "સાહેબ, આપને કદાચ ખબર નહિ હોય, પણ મને તો ખબર છે કે

સંયમહીન, બ્રહ્મચર્યહીન આ વિદ્યાર્થીસમાજ આજે વિનાશના માર્ગે પ્રયાણ કરી રહ્યો છે, આ બધા વીર્યહીન, નિરુત્સાહી, નિરુદ્યમી અને નિષ્ક્રિય યુવકોથી રાષ્ટ્રનું શું કલ્યાણ થવાનું છે? એમનાથી કયું શુભ કાર્ય થઈ શકવાનું છે?"

આ બાજીતપુરની શાળા હતી. આચાર્ય હતા શ્રી વીરેન્દ્રલાલ ભટ્ટાચાર્ય. એમનો વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ એ પ્રદેશમાં સુપ્રસિદ્ધ બની ચૂક્યો હતો. વિદ્યાર્થીઓના એક આદર્શ આચાર્ય તરીકે એમણે સુભગ કીર્તિ સંપાદન કરી હતી.

એ બાળક હતો વિનોદ, જે ભવિષ્યમાં સંન્યાસ લઈને આચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજી મહારાજના નામથી જગતમાં ઓળખાયા અને પ્રસિદ્ધ થયા અને જે પુણ્યાત્માએ ભારત સેવાશ્રમ સંઘની પ્રતિષ્ઠા કરી. બીજમાં સૂક્ષ્માકારે જેમ વિશાળ વટવૃક્ષ રહેલું છે અથવા તો સુકોમળ કળીમાં જેમ પુષ્પ રહેલું છે તેવી જ રીતે આ બાલ વિનોદમાં એક પૂર્ણ પુરુષ રહેલો હતો. આ બાળક વિનોદમાં જે દેવત્વ અને અલૌકિક શકિતનો અપ્રતિહત સ્રોત હતો. તેનો અનુભવ જાણે શાળાના આચાર્યશ્રીએ કર્યો હોય એ રીતે પૂછ્યું "વિનોદ, સંસાર છોડીને ક્યાં જઈશ તું? કોની પાસે જીવન સમર્પણ કરીને તે ખોઈ નાખીશ? એ કરતાં તો હું એક સાચા અને સિદ્ધ મહાત્મા પાસે લઈ જાઉં કે જેની પાસે તું રહીને જીવનનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરી શકીશ. એ મહાત્મા છે—ગોરખ-પુરના નાથ સંપ્રદાયના ગુરૂ બાવા ગંભીરનાથજી. મેં એમના પવિત્ર ચરણકમળમાં મારું મસ્તક નમાવ્યું છે. તું એમની પાસે જઈને તારો ઈચ્છિત માર્ગ અવશ્ય શોધી કાઢીશ."

પણ વિનોદે એક મહાન વિદ્વાનની વિદ્વતાને છતી કરે એ રીતે જવાબ આપતાં આચાર્યશ્રીને કહ્યું, 'મને નથી લાગતું કે માણસ કોઈ દિવસ ગુરૂ થઈ શકે.'

આચાર્યશ્રીએ બાળ વિનોદને પોતાની તર્કબુદ્ધિનો આશ્રય લઈને ઘણું ઘણું સમજાવ્યો પણ એમની એકે એક દલીલ અને તર્કના એવા તો સચોટ પ્રત્યુત્તરો બાળ વિનોદે આપ્યા કે આચાર્યશ્રીની એક પણ દલીલ ટકી શકી નહીં.

અંતે આચાર્યશ્રીએ પોતાના જ મનની એક શંકાના નિવારણાર્થે પ્રશ્ન કર્યો, "વિનોદ, મને તું કહે કે શા માટે તું સન્યાસ ગ્રહણ કરી સાધુ થવા ઈચ્છે છે? મને એનું સાચું કારણ જણાવ. દેશની સેવા, દેશબાંધવોની સેવા તો સાધુ થયા વિના પણ કરી શકાય, એમાં સંન્યાસ ગ્રહણ કરવાની આવશ્યકતા નથી. આપણા દેશના નેતાઓ ઓછા કંઈ સાધુ બન્યા હતા?"

એમના આ પ્રશ્નનો જવાબ આપતાં વિનોદે કહ્યું, "આપની વાત અમુક દૃષ્ટિએ સાચી છે. પણ મારા મનમાં એમ થાય છે કે હું ઘેર રહું અને લોકોને ત્યાગનો ઉપદેશ આપું તો શું એ ઉપદેશ ફળદાયી નીવડે ખરો? અને એમ કરું તો લોકો શું કહેશે એની આપને ખબર છે ખરી? લોકો કહેશે કે હું પૈસાદારનો છોકરો છું, મારે ઘેર દૂધ-ઘીની છોળો ઉડે છે, મારાં કુટુંબીજનો અને સગાં તથા સ્વજનો મારા ઉપર પ્રેમ અને વહાલની લાગણીઓનો વરસાદ વરસાવે છે, એને ઉપદેશ આપવાનો શો અધિકાર! અને આ સાથે એક બીજી વાત પણ છે. આ સ્થિતિમાં રહીને હું યુવાનોને ત્યાગ, સંયમ, સત્ય પ્રભુભક્તિ અને બ્રહ્મચર્યની વાત કરું તો એની કશી જ અસર યુવકો પર કદાપિ પડે ખરી? ન જ પડે! ધર્મનું પાલન આચરણ દ્વારા જ થાય છે. આથી મેં નિશ્ચય કર્યો છે—હું સંસાર છોડવામાં કે ત્યાગવામાં પળ એકનો વિલંબ નહિ કરું! મારા માટે એક દિવસ હવે એક વર્ષ સમાન બનવા લાગ્યો છે."

બાજીતપુર હાઈસ્કૂલની ઑફિસમાં બધા શિક્ષકો બેઠા છે. શાળા શરૂ થવાને થોડી વાર છે. વિદ્યાર્થીઓ રમતગમતના મેદાન પર રમી રહ્યા છે.

શિક્ષકગણ બાળ વિનોદના સુમધુર અને મિષ્ટ સ્વભાવથી સુપરિચિત હતા.

એક શિક્ષકે જિજ્ઞાસાવૃતિથી આચાર્યશ્રીને પ્રશ્ન કર્યો, "આ વિનોદ કોનો પુત્ર છે? એના માતાપિતા કોણ છે? કયા સંસ્કારી અને ધાર્મિક કુટુંબમાં એ જન્મ્યો છે? આવો સંસ્કારી આત્મા કયા કુળનો કુળદીપક છે? કઈ આદર્શ આર્યનારીની કૂખનું એ રત્ન છે?"

બીજા શિક્ષકે પૂછ્યું, "મને પણ એ જાણવાની જિજ્ઞાસા છે કે આ અલૌકિક બાલરત્ન કોણ છે? અને ઓહ! જેવું એનું શરીર સુદૃઢ, સુડોળ, વિશાળ અને બળવાન છે એવો જ એનો સ્વભાવ નિર્મળ, મધુર અને અલૌકિક છે. જેવું એનું શરીર સુદૃઢ છે એવું જ એનું ચિત્ત પણ સુદૃઢ અને અવિચલિત છે."

એક ત્રીજા શિક્ષકે વળી કહ્યું, "મને પણ થાય છે કે આ છોકરો કેવો ધીર, સ્થિર, શાંત અને વિનયી છે! એની બુદ્ધિમત્તા પણ અપરિમેય છે. ઉત્તમ સંસ્કારનો રણકાર તો એની વાણીના વેણે વેણે વહે છે! દર વર્ષે આપણી શાળામાં એ ઉત્તમ અને સારી વર્તણૂક માટેના પારિતોષિકો પ્રાપ્ત જ કરતો રહ્યો છે! જરા અતિશયોકિત જેવું લાગે છતાં મને લાગે છે કે આ મહાન વિભૂતિ જ છે."

અને ચોથા શિક્ષકે પોતાના અંતરના ગરમ ઉલ્લાસને અભિવ્યકત કરતાં કહ્યું, "વિનોદમાં મને એક મોટામાં મોટો ગુણ જણાયો છે તે છે એની પરોપકાર વૃતિ. કોઈ આપત્તિમાં આવી પડે,

કોઈના પર મુશ્કેલી આવી પડે કે કોઈ માંદગીમાં સપડાય તો એવો પ્રસંગે વિનોદની હાજરી અવશ્ય રહેવાની ! આનું નામ લોકસેવા કે માનવસેવા નહિ તો બીજું શું ?"

આ બધું સાંભળીને શાળાના આચાર્યશ્રી વિરેન્દ્રબાબુને પણ મનમાં પ્રતીતિ થઇ આવી કે બાળ વિનોદે સમસ્ત શિક્ષકવૃંદનો પ્રેમ સંપાદન કરી લીધો છે, તે વિના આમ બને નહિ અને સાથે સાથે એમને એમ પણ થયું કે આ પ્રશંસા ખોટી પ્રશંસા નથીકે એક સાચી વ્યકિતની સાચી પ્રશંસા છે. અને યોગ્ય વ્યક્તિની પ્રશંસા થાય એ પણ ઉચિત જ છે. એમાં કશું ખોટું નથી. વિનોદ પ્રત્યે સર્વ શિક્ષકો એક પ્રકારની માનભરી દૃષ્ટિ ધરાવે છે, એની પણ આચાર્યશ્રીને મનમાં ખાત્રી થઇ આવી.

ઓફિસ પાસે ઉભા રહીને એ ચાર વિદ્યાર્થીઓ પણ વિનોદની થતી આ પ્રશંસા સાંભળી રહ્યા હતા.

ક્ષણેક બાદ તેઓ ઓફિસમાં દાખલ થયા અને આચાર્યશ્રીને કહેવા લાગ્યા, "સાહેબ, અમે વિનોદની થતી પ્રશંસા સાંભળતા હતા. પણ અમને લાગે છે કે હજી આપ એના વિષેની કેટલીક બાબતોથી અજ્ઞાત છો."

એક વિદ્યાર્થીએ જવાબ આપ્યો, "વિનોદ રોજ એક કલાકથી વધુ ઊંઘતો નથી. રૂની, પોચી, મુલાયમ, પથારી પર સૂતો નથી. એ ગાદલા વિના ખાટલા પર જ સૂઈ રહે છે. લંગોટ પહેરી રાખે છે. બ્રહ્મચર્યનું સાચા અર્થમાં સંપૂર્ણ પાલન કરે છે. એ સમયનો સદુપયોગ કરે છે, એક ક્ષણ પણ વૃથા વેડફી નાખતો નથી. ઘડિયાળના કાંટા સાથે ચાલે છે."

બીજા એક વિદ્યાર્થીએ કહ્યું, "સાંજ સવાર તે વ્યાયામ કરવાનું કદાપિ ચૂકતો નથી. અને એનું શારીરિક બળ પણ કેવું અદ્ભૂત છે ! એકેક મણના બે મગદળો એ બે ત્રણ હજાર વાર ફેરવે છે ! દંડ બેઠકો કરીને તે એના સ્નાયુઓને દૃઢ અને મજબૂત બનાવે છે અને એક બીજી વાત પણ સાંભળી લો ! અમારા બધા વિદ્યાર્થીઓની માન્યતા એવી છે કે, દોરડા ખેંચની સ્પર્ધામાં જે પક્ષે વિનોદ હોય એ પક્ષ અચૂક વિજયી જ નીવડવાનો ! અને જ્યારે વિનોદ ઊભો રહે છે ત્યારે જાણે કોઇ ઈંટોથી ચણતર કરેલો સ્તંભ જ જોઈ લ્યો ! કોની મગદૂર કે એને લેશમાત્ર પણ હલાવી શકે !"

વાતો આગળ ચાલે છે. હજૂ શાળા શરૂ થવાને થોડીવાર છે.

વળી વિનોદનો એક ખાસ મિત્ર વિનોદ વિશે વધુ માહિતી આપતાં બોલ્યો, "વિનોદ વ્યાયામ તો ખૂબ કરે છે છતાં એનો આહાર કેવો અને કેટલો છે તે જાણવા જેવું છે. એ ખોરાકમાં ઘી-દૂધ જેવો પૌષ્ટિક ખોરાક લેવાને બદલે માત્ર ભાત જ લે છે. અને ભાતમાં પાણી નાખીને મીઠા સાથે આરોગી લે છે. કોઈકવાર બે ચાર બાફેલા બટાટા ખાઈ લે છે."

બીજા એક વિદ્યાર્થીએ કહ્યું, "તે જેવો મિતાહારી છે એવો જ એ મિતભાષી પણ છે. પ્રયોજન વિના તે બોલતો નથી. એનો અવાજ ગંભીર અને ધીમો હોય છે એટલો બધો એનો અવાજ ધીમો હોય છે કે જેની સાથે એ વાતચીત કરતો હોય એ વ્યક્તિ સિવાય અન્ય વ્યકિતને એનો અવાજ સંભળાય પણ નહિ.'

આ બધી પ્રશંસાથી શિક્ષકવૃંદ વિનોદ પ્રત્યે જાણે મુગ્ધ બની ઊઠયું.

વિનોદના મન અને હૃદયની ઉદાત્ત ભાવના અને વિશાળતાની પ્રતીતિ કરાવતી આ માહિતીએ શિક્ષકો અને આચાર્યશ્રીના મનને

વિનોદની પ્રતિભા જાણે આકર્ષિત બનાવી દીધાં, વિનોદ પ્રત્યેના સ્નેહાકર્ષણમાં જાણે ભવ્ય ભરતી આવી !

આચાર્યશ્રી પોતાના જીવન દરમ્યાન શાળા અને કોલેજમાં સેંકડો અને સહસ્ત્ર વિદ્યાર્થીઓ સાથે ભણ્યા હતા, અનેકના જીવનના ગાઢ સંબંધમાં આવ્યા હતા, દેશના અસંખ્ય યુવકો અને બાળકોના સંપર્કમાં આવ્યા હતા અને બાજીતપુર હાઈસ્કૂલની પોતાની નોકરી દરમ્યાન અનેક વિદ્યાર્થીઓને ભણાવ્યા હતા પણ વિનોદ જેવો સંસ્કારી વિનયી ધીર સ્થિર અને ચિત્તશુદ્ધિથી સ્વસ્થ એવો એકેય વિદ્યાર્થી એમની દૃષ્ટિએ ચઢ્યો નહોતો. વિનોદની પ્રતિભા, વ્યક્તિત્વ, ચિત્ત-સ્વસ્થતા ખરેખર અદ્વિતીય હતાં. જગતમાં જાણે એનો જોટો જડે એમ હતું નહીં. અને કદાચ આ કારણને લીધે જ એમના મુખમાંથી વિનોદ માટે એક શબ્દ સરી પડતો 'અદ્દભૂત !


આ અદ્દભુત બાળક તે ભવિષ્યના આચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજી મહારાજ. એમનો જન્મ-ઈતિહાસ પણ અદ્દભુત જ છે !

પ્રકરણ બીજું

જન્મ અને બચપણ

પૂર્વ બંગાળના ફરિદપુર જિલ્લાના મદારીપુર તાલુકામાં બાજીતપુર નામનું એક નાનું ગામ. વનસ્પતિથી આવૃત્ત આ પ્રદેશ વસંતદેવીના મનોહર નિવાસસ્થાન જેવો રળિયામણો લાગે છે. ચારે પાસ શસ્ય-શ્યામલ વિશાળ મેદાન અને બીજી બાજુ ઝરણાંના કલકલ અવાજ અને તેની ઉપર ઘોર જંગલનો સમારંભ ! એ જંગલમાં માણસનો કોઇ અવાજ નહિ, કોઈ અશાંતિ નહિ-નિતાંત શાંતિનું જાણે સામ્રાજ્ય ! માત્ર પક્ષીઓનો સુમધુર ધ્વનિ !


આ ગામમાં શ્રી વિષ્ણુચરણ દાસ એક અગ્રગણ્ય અને પ્રભાવશાળી વ્યક્તિ હતા. ગામ લોકો એમને ત્રિષ્ણુ ભૂંઈયા પણ કહેતા હતા. વિષ્ણુચરણ દાસનું શરીર જેવું સુદૃઢ અને બળવાન હતું, એવું જ એમનું મન પણ સુદૃઢ, સ્વસ્થ અને બળવાન હતું. તેઓ સ્વભાવે સ્થિર, ગંભીર અને ધીર હતા. લોકોની ભાંજગડમાં તેઓ કદાપિ ઊતરતા નહિ. અને કદાચ આજ કારણથી લોકો એમને ભય અને માનની દૃષ્ટિથી નિહાળતા હતા.



બાજીતપુર ગામનાં આ સ્મશાન ભૂમિમાં બ્રહ્મચારી વિનોદ ઘોર રાત્રિમાં ધ્યાનમગ્ન રહેતાં હતાં.



બ્રહ્મચારી વિનોદ વિદ્યાર્થી જીવનમાં નિત્ય આ મુદગરથી વ્યાયામ કરતા હતા. અને પોતાના ધ્યાન ખંડમાં આ ઘડિયાળ અને કમંડળ વાપરતા હતા.



માદારીપુર બ્રહ્મચર્ય વિદ્યાલયના વિદ્યાર્થીઓ સાથે બાજીતપુર આશ્રમમાં
શ્રી આચાર્યદેવ (ઈ.સ. ૧૯૨૦)





ભક્તવત્સલ શ્રી આચાર્યદેવે પોતાના ભક્ત-શિષ્યો અને આશ્રિતજનોને કૃપાશિષ આપે છે.

સમાજના નવજુવાનોને ક્ષાત્ર-શક્તિ જાગૃત કરવા ખાતર શ્રી ગુરુજીએ ગામોમાં મિલનમંદિર સાથે વ્યાયામશાળાને પ્રચાર અને પ્રોત્સાહન આપ્યું.

એમના હૃદયની વિશાળતા અને ઉદાત્તતા અભૂતપૂર્વ હતી. તેઓ કોઈ તેજસ્વી કર્મયોગીની જેમ સાંસારિક કર્મક્ષેત્રે વીરની અદાથી વિચરણ કરતા હતા. જીવનમાં આવી પડતી આપત્તિઓનો સામનો કરવામાં તેઓ કદાપિ પીછેહઠ કરતા નહીં. એક વીરની જેમ તેઓ આપત્તિઓનો સામનો કરીને એમાંથી મુક્તિ મેળવતા હતા. ઘણીવાર એમના આદર્શ અને સંકલ્પને કસોટીએ ચઢાવે એવા સંયોગો ઉપસ્થિત થયા હતા છતાં એમાં તેઓ સફળ રહ્યા હતા. પોતાના આદર્શ અને સંકલ્પમાંથી લેશ માત્ર વિચલિત બન્યા નહોતા. હાથ પર ધારેલા કાર્યને પરિપૂર્ણ કરીને જ તેઓ જંપતા હતા. એમનામાં રહેલો આવો અનન્ય આત્મવિશ્વાસ જ એમની સર્વ સફળતાના મૂળમાં રહ્યો હતો. જો કે લોકો ઘણીવાર એમના આ અનન્ય આત્મવિશ્વાસને અભિમાન માની બેસતા અને તેથી ક્વચિત્ તેઓ એમ પણ કહી બેસતા કે આ વિષ્ણુ ભૂંઈયા તો ભારે જક્કી અને જિદ્દી માણસ છે. પણ લોકોની આ એક ગેરસમજૂતી જ હતી. એમને ખબર નહોતી કે આ માણસ જિદ્દી નથી પણ એમનામાં અપૂર્વ આત્મવિશ્વાસ રહેલો છે અને એના હૃદયમાં સેવાભાવ તેમ જ ધાર્મિકતાનો એક અખંડ પ્રવાહ વહે છે.

એમનાં પત્નીનું નામ સુમતીદેવી હતું. તે એક સાચી આર્યનારીની જીવંત અને સાક્ષાત્ મૂર્તિ સમાન હતાં. એમનો સ્વભાવ સ્નેહાળ, નિખાલસ અને સરળ હતો. એમની નિકટ આવનાર પ્રત્યેક માનવીને એમની પાસેથી અખૂટ વાત્સલ્ય પ્રાપ્ત થયા વિના રહેતું નહોતું. એમની ઉદારતા, પ્રેમ અને વત્સલતાનો કોઈ પાર નહોતો. ધર્મ અને આર્યસંસ્કૃતિનાં તેઓ પરમ દ્યોતક હતાં. એમનું સમગ્ર જીવન પવિત્રતાના એક જ્વલંત ઉદાહરણ સમાન હતું. કપટ અને કૂડ તો એમના લોહીમાં પણ નહોતાં. નિખાલસતા એમના જીવનમાં સદા ઘબકતી રહેતી. આવા એ પરમ પુણ્યશાળી આર્ય સન્નારી

ધર્મપત્નીના આદર્શોને આચરણ દ્વારા વ્યક્ત કરી રહ્યા હતાં. તેઓ જાણે આખા ગામની જનની જેવાં હતાં.

આ ગામમાં એક બીજા જમીનદાર રહેતા હતા. એમનું નામ શ્રી રાજકુમાર મજુમદાર હતું એમનો ગામ લોકો પર ઘણો બધો પ્રભાવ હતો.

કોણ જાણે શાથી એમને ભૂંઈયા કુટુંબ સાથે કશોક ઝઘડો થયો. મામલો કોર્ટમાં ગયો. એ ખટલો એક બે વર્ષ નહિ પણ પૂરાં વીસ વર્ષ સુધી ચાલ્યો; પણ અદાલતે એનો ફેંસલો વિષ્ણુચરણની તરફેણમાં આપ્યો. વિષ્ણુચરણ કેસમાં વિજયી બન્યા અને મજુમદાર હારી ગયા. ગામલોકોએ વિષ્ણુચરણને મળેલા આ મહાન વિજયને મહાકાળીના આશીર્વાદના પરિણામરૂપ ગણ્યો. તેઓ કહેવા લાગ્યા કે મહાકાળી વિષ્ણુ-ચરણની ભક્તિથી પ્રસન્ન થયાં હતાં અને વિષ્ણુચરણને આશીર્વાદ આપ્યા હતા કે આ કેસમાં અંતે તારો જ વિજય થશે.

કેસ પૂરાં વીસ વર્ષ ચાલ્યો હોવાથી વાદી અને પ્રતિવાદી બંને પક્ષો ખૂબ હેરાન હેરાન થઈ ગયા હતા. વિષ્ણુચરણની જગાએ જો કોઈ બીજો માણસ હોત તો એણે કંટાળીને આ કેસ જતો કર્યો હોત. પણ વિષ્ણુચરણ એક જુદી માટીથી ઘડાયેલા માણસ હતા. તેમનામાં આશાનો સ્રોત અખંડપણે નિરંતર વહેતો હતો. નિરાશા જેવો શબ્દ એમના જીવનકોશમાં હતો જ નહિ.

પોતાના પર ઉતરી આવેલી આ આપત્તિમાંથી સાંગોપાંગ પાર ઊતરવા માટે એ પ્રભુભક્તે ભગવાન મહેશની આરાધના કરી.

એમના ઘર પાસે પાણીનો એક વહેળો હતો. વહેળાની પેલે પાર ભગવાન શંકરનું એક સ્થાન આવેલું હતું. શંકરને ગામ લોકો 'નીલરુદ્ર' પણ કહેતા હતા.

પોતાની મનોવાંછનાની સિદ્ધિ અર્થે વિષ્ણુચરણ નીલરૂદ્રને શરણે ગયા અને ભક્તજનોના ઉદ્ધાર અર્થે અવતરવા ભાવભરી પ્રાર્થના કરી,

તેઓ આખો દિવસ ભગવાન શંકરની મૂર્તિ સામે કશું ખાધા પીધા વગર બેસીને આરાધના કરતા અને રાત પડે ત્યારે જ ઘેર પાછા ફરતા.

આમને આમ એક વર્ષનું વહાણું વાયુ. એમની આ આરાધનામાં લેશ માત્ર શિથિલતા આવી નહોતી.

એમની આવી એકધારી અખંડ અને આકરી આરાધનાથી આશુતોષ એમના પર પ્રસન્ન થયા અને વિષ્ણુચરણના કાને દેવવાણી સંભળાઈ, "હે પરમ ભકતજન, તારે હવે ચિંતા કરવાની જરાયે જરૂર નથી. તારી મનોકામના અને મનીષા પરિપૂર્ણ કરવા હું તારે ઘેર પુત્રરૂપે અવતરીશ"

જો કે આ તો એક નિમિત્તમાત્ર છે. વાસ્તવમાં તો વિષ્ણુચરણના હૃદયમાં નિરંતર આર્ત અને પંડિતજનો માટેની પ્રેમ લાગણી રહેતી હતી એનું જ એ પરિણામ ગણી શકાય. એમની એ પ્રેમલાગણી અશ્રુરૂપે વ્યક્ત થઈને મહાદેવજીના ચરણકમળ પર પડી અને તેથી મહેશનું ધ્યાન ખેંચાયુ. તેઓ પુનઃ વિષ્ણુચરણ સમક્ષ પ્રત્યક્ષ બન્યાઅને કહ્યું. 'તારી મનોકામના અવશ્ય પૂરી થશે. હવે તારે લેશમાત્ર ચિંતા કરવી નહીં, હું જરૂર મર્ત્યલોકમાં તારા પુત્રરૂપે અવતાર લઈશ."

જ્યારે જ્યારે ભારતવર્ષમાં પાપનો અને પાપીઓનો ભાર વધી પડે છે ત્યારે ભગવાન ભક્તજનોના ઉદ્ધાર માટે અને પુણ્યની પ્રસ્થાપના અર્થે અવતાર ધારણ કરે છે. વસુદેવ-દેવકીની કરૂણ પ્રાર્થના નિષ્ફળ નીવડી નહોતી તે વાત આપણને સુવિદિત છે. ભગવાન વિષ્ણુનું આસન વૈકુંઠમાં એ કરુણ પ્રાર્થનાથી હાલી ઉઠયું અને એમણે પૃથ્વી પર શ્રીકૃષ્ણરૂપે અવતાર લીધો. આજ રીતે કળિયુગનું પાપ હરણ કરવા ભગવાન,

વિષ્ણુચરણના ધર્મપત્ની સુમતિદેવીના પેટે અવતર્યા. એમણે સુમતિદેવીને સ્વપ્નમાં જણાવ્યું "વિશ્વાસ રાખજે કે તારા ઘરમાં હું તારા પુત્રરૂપે અવતાર ધારણ કરીશ."

આ બધી વાતથી ધર્મપરાયણ એ દંપતીના મન આનંદથીનાચીરહ્યાં

ઈ.સ. ૧૮૯૬નું વર્ષ. માઘ મહિનાની પૂનમ. બુધવારનો દિવસ. દિવસ અને સાંજનો સંક્રાંતિ સમય હતો. આકાશમાં પૂર્ણચંદ્રની શીતલ પ્રકાશધારા સમસ્ત પૃથ્વીતળને અજવાળી રહી હતી. સારીયે સૃષ્ટિ કોઈ સોહામણા સૌંદર્યમાં જાણે સ્નાન કરી રહી હતી. ચાંદનીમાં નાહી રહેલું જગત કોઈ અલૌકિક રૂપછટા ધારણ કરી રહ્યું હતું.

ગામમાં પ્રભુભજન અને કીર્તનોનો મધુર સ્વર વાતાવરણને વધારે પ્રસન્ન અને પવિત્ર બનાવી રહ્યો હતો.

કળિયુગના પ્રારંભની આ માઘી પૂર્ણિમાના પવિત્ર દિને વિષ્ણુ ચરણના ગૃહમાં સૌભાગ્યવતી સુમતિદેવીની કૂખે એક અલૌકિક અને દિવ્ય બાળકનો જન્મ થયો. આ હતો શંકર ભગવાનના આશીર્વાદરૂપે સ્વયં શિવ. આકાશમાં તો ચંદ્ર હતો જ, પણ ભૂમિ–પૃથ્વી પર જાણે બીજો ચંદ્ર ઉગી નીકળ્યો ! એના જન્મતાંની સાથે જ કુટુંબીજનોના હર્ષનો કોઈ પાર રહ્યો નહી. એમણે એ પરમપવિત્ર પ્રસંગની જાણ લોકોને મંગળ શંખનાદ કરીને જણાવી. લોકોના આનંદનો પણ કોઈ પાર રહ્યો નહીં.

એમ કહેવાય છે કે, જ્યારે આ બાળક જન્મ્યો ત્યારે એ બીજા બાળકોની જેમ રડયો નહોતો. ઉપરાંત જન્મ સમયે આકાશમાં ક્યાંક થોડાં વાદળ ચઢી આવ્યા અને એમણે વર્ષારૂપી અમીનાં છાંટણા પૃથ્વી પર છાંટયા. એ અમીછાંટણાંમાંથી સુખડ જેવી સુવાસ આવતી હોય એવો પણ અનુભવ ગામલોકોને થયો. આ બધાં મંગળ શુકનો હતાં એ જોઈને લોકોને લાગ્યું પણ હતું કે આ કોઈ સાધારણ બાળક નથી આ કોઈ દિવ્ય બાલક છે !

આખી રાત વિષ્ણુચરણના ઘેર ભજન કીર્તનો થયા અને એ રીતે આ દિવ્ય બાળકના જન્મની ઉજવણી થઈ.

એનો જન્મ થયો કે તરત જ વિષ્ણુચરણના ઘરમાંથી આપત્તિઓ એક પછી એક દૂર થવા લાગી. અશુભ ગ્રહોનો અસ્ત થયો શુભ ગ્રહોનો ઉદય થયો. વીસ વર્ષથી ચાલતા રહેલા કેસનો અંત આવ્યો. વિષ્ણુચરણને થયું કે મને કેસમાં જે વિજય પ્રાપ્ત થયો છે એ આ બાળકના જન્મને જ આભારી છે એ સિવાય આવું બને નહિ.

અને આ કારણથી જ એમણે પોતાના આ બાળકનું નામ "જયનાથ" રાખ્યું. જો કે એ બાળકનો જન્મ બુધવારના રોજ થયો હોવાથી કેટલાંક કુટુંબીજનો એને "બુધો" પણ કહેવા લાગ્યાં.

પરંતુ અંતે અન્નપ્રાશનના સમયે વિધિપ્રમાણે આ બાળકનું નામ "વિનોદ" પાડવામાં આવ્યું. સંન્યાસ ગ્રહણ કર્યા પહેલાં સ્વામીશ્રી પ્રણવાનંદજી આ વિનોદ નામથી જ ગામલોકોમાં અને જનસમાજમાં પરિચિત રહ્યા હતા.

❋

અત્યંત દિવ્યસ્વરૂપવાળો વિનોદ દિનપ્રતિદિન પુષ્પની કળીની જેમ ખીલવા લાગ્યો. એનું રૂપ અને સૌમ્યતા એવા અદ્દભુત હતાં કે સૌ કોઈને એના પ્રતિ ઉત્કટ પ્રેમની લાગણી થઈ આવે. એજ કારણથી એની પાસે આવનાર દરેક એને વહાલથી પોતાના ખોળામાં બેસાડીને રમાડતાં. છતાં આ બાળક અમુકના ખોળામાં જ બેસવાનું પસંદ કરતો અમુકના ખોળામાં બેસવાનું તે નાપસંદ કરતો.

વિષ્ણુચરણના પરિવારમાં એક કામવાળી હતી. ઘણા વર્ષોથી તે આ કુટુંબનું ઘરકામ કરતી હતી. યુવાન વયે આ સ્ત્રીનો સ્વભાવ અને ચારિત્ય સારાં નહોતાં. એનું ચારિત્ય કંઈક અંશે દૂષિત હતું.

એકવાર એણે બાળ વિનોદને પોતાના ખોળામાં બેસડવાનો પ્રયાસ કર્યો તો તરત જ બાળ વિનોદ રડી પડ્યો. એની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

વિનોદ એટલો બધો પવિત્ર આત્મા હતો કે સહેજ અપવિત્ર કામવાળીના નહિ જેવા સ્પર્શથી પણ એના આખા શરીરે ફોલ્લા થઈ આવ્યા. આ જ કારણથી એમની માતાએ એ બાળકને બીજાની ગોદમાં આપવાનું લગભગ બંધ કર્યું. માતાના મનને ખાત્રી થઈ ચૂકી હતી કે આ પુત્ર અત્યંત પવિત્ર છે. અને તેથી એમણે કલંકિત કે દોષિત હોય એવી વ્યક્તિઓથી આ બાળકને શક્ય હોય તેટલી રીતે દૂર રાખવા માંડ્યો.

બાળવિનોદનો સ્વભાવ જ અલૌકિક અને અદ્‌ભૂત હતો. ચાલવામાં બોલવામાં, હસવામાં અને ખાવામાં પણ તે બધાંથી જુદો તરી આવતો હતો. તે બીજાની પાસે જવાનું પણ ઈચ્છતો નહોતો. ખાવા પીવા માટે પણ કશો આગ્રહ ધરાવતો નહોતો. આથી જ સુમતિદેવીએ એને બોલાવીને ખવડાવવું પડતું હતું. વિનોદ ભૂખ્યો રહે પણ સામે ચાલીને ખાવાનું માગે નહિ. આ બધું જોઈને માતાપિતાને શંકરના વરદાનની યાદ આવતી હતી. જો કે સામાન્ય લોકો એમ માનવા લાગ્યા, વિનોદ સાવ નકામો છોકરો નીકળ્યો. કેવું એ લોકોનું અજ્ઞાન !!

વિષ્ણુચરણને ચાર પુત્રો અને બે પુત્રીઓ હતી નાની પુત્રીનું નામ હેમાંગિની હતું. તે વિનોદ કરતાં મોટી હતી. તેઓ નાની અવસ્થામાં વિધવા થઈ અને ત્યારથી તેઓ પિતાની સાથે જ રહેતી હતી. આ મોટી બહેન જ વિનોદની સારસંભાળ રાખતી હતી.

એક દિવસ સુમતીદેવીએ ભારે ચિંતા અને ઉદ્‌વેગભર્યા અવાજે હેમાંગિનીને પૂછ્યું "અરે હેમાંગિની, બુધો ક્યાં ગયો ? જરા જોતો ખરી, એ ક્યાં છે ?

આ વાક્ય સાંભળતાં જ હેમાંગિની એકદમ આકુળવ્યાકુળ બની ગયાં. આ બહેન વિનોદને ખરા દિલથી ચાહતાં હતાં. અને આ કાળમાં જ નહિ પણ બાળ વિનોદ ભવિષ્યમાં મહાન વિભૂતિ આચાર્ય સ્વામી શ્રી પ્રણવાનંદજી બન્યા ત્યારે પણ આ બહેને ભાઇની સેવા માટે પ્રાણ પાથર્યા હતા એમ કહેવામાં જરા પણ અતિશયોકિત નથી.

બહેને ભાઈની શોધ આદરી. જેટલાં સગાંવહાલાંનાં ઘર હતાં ત્યાં બધે એમણે તપાસ કરી. પણ વિનોદનો કયાંય પત્તો લાગ્યો નહિ. જમવાનો સમય થવા આવ્યો હતો. વિષ્ણુચરણના બે સગા ભાઈઓ પણ એક જ કુટુંબમાં રહેતા હતા. પણ વિનોદ કયાં ગયો એની કોઈને ખબર પડી નહી.

કોઈ ઘરે વિનોદનો પત્તો નહિ લાગવાથી હેમાંગિની નિરાશ થઇને ગામ બહાર આવેલા એક વડ પાસે જઈ પહોંચી ત્યાં પહોંચતા જ તેમણે આશ્ચર્યસહ વિનોદને થડ નીચે ધ્યાનસ્થ અવસ્થામાં બેઠેલો જોયો તરત હેમાંગિનીએ પોતાના હાથમાં વહાલથી તેને ઉંચકી લીધો. ભાઈને તેડીને તેઓ ઘેર આવીને માતાને કહ્યું, "આ વિનોદ તો સાવ જડભરત જેવો વાગે છે. આવો છોકરો તો મેં બીજો કોઈ જોયો નથી એને નથી રમવાનું ભાન કે નથી ખાવાનું ભાન ! ભગવાન જાણે, રાતદિવસ આંખો મીંચીને કોનું ધ્યાન એ ધર્યા કરે છે !"

પણ હેમાંગિનીને શંકરના વરદાનની કયાં ખબર હતી કે માતા પિતા વિના આ વાતની બીજા કોઈને પણ ખબર નહોતી. એટલે તે આ પ્રમાણે બોલે એમાં એનાં માતાપિતાને કશી નવાઈ ન લાગે એ સ્વાભાવિક છે.

એક દિવસ સુમતીદેવીના કાને અગાશીમાં થતો કોલાહલ સંભળાયો. એમણે આથી જરા ઉદ્દ્વેગથી હેમાંગિનીને એનું કારણ પૂછ્યું. સાચું કારણ જાણવા હેમાંગિની અગાશીમાં ગઈ ત્યાં વિનોદ બેભાન અવસ્થામાં પડ્યો હતો. તરત જ એમણે વિનોદને પોતાની ગોદમાં ઉંચકી લીધો અને અગાશીમાંથી નીચે આવી. બાળકને પથારીમાં સુવડાવીને હેમાંગિની અને સુમતિદેવી બંને પંખો નાખવા લાગ્યાં. માથે જરા પાણી પણ છાંટ્યું. થોડીવારે વિનોદે ભાનમાં આવીને આંખો ઉઘાડી.

એ જોઈને માતાએ પૂછ્યું, "બેટા, તને શું થઈ ગયું હતુ? શાથી તું બેભાન બની ગયો હતો?" બાળકે માતાને જવાબ આપ્યો, "હુ અગાશી પર આમ તેમ ફરી રહ્યો હતો. ફરતાં ફરતા હું સહજ ભાવે થૂંક્યો પણ થૂંક તુલસીના છોડ પર પડતાં તરત જ એમાંથી એક દેવ પ્રગટ થયા અને મારી સમક્ષ આવીને બોલવા લાગ્યા, "તને શું ખબર નથી કે હું તુલસીનો દેવ છું અને તુલસીમાં નિરંતર વાસ કરુ છું?" એ સાંભળતા જ હું બેભાન બની ગયો. પછી શું બન્યું તેની મને કશી ખબર નથી."

આ વાત સાંભળીને હેમાંગિની તથા સુમતીદેવીને ખૂબ આશ્ચર્ય થયુ

આ પ્રસંગ પાછળનું સાચું રહસ્ય એ હતું કે માતા સુમતિ દેવી રોજ સવારમાં આ તુલસીની ભક્તિભાવથી પૂજા કરતાં, દીપ અને ધૂપથી આરતી ઉતારતાં અને પ્રણામ કરતાં. એ જોઈને વિનોદને મનમાં ઘણીવાર થતું કે માને એક આવડા નાના તુલસીછોડ પર આટલી બધી શ્રદ્ધા અને ભક્તિ કેમ છે? તુલસીની પૂજાથી શો લાભ થતો હશે એ છોડ સિવાય બીજૂ છે પણ શું?

પણ આજે તુલસીના દેવે વિનોદને સાક્ષાત્ દર્શન આપ્યા એટલે તેના મનની બધી શંકાઓનું નિવારણ થઈ ગયું વિનોદના જીવનમાં આ ભગવદ્ દર્શનનો પ્રથમ પ્રસંગ હતો. એને ખાત્રી થઈ ગઈ કે તુલસી પવિત્ર છે અને એની પૂજા થવી જ જોઈએ, આ ખ્યા



ભેદવિભેદમાં વિખરાયેલા હિન્દુ સમાજમાં હિન્દુ મિલન મંદિર સ્થાપીને સંગઠન અને સ્વધર્મનિષ્ઠા પ્રચાર પર્યટનમાં

આચાર્ય દેવ...



ઋષિવેશમાં આચાર્યદેવ લોકસેવા, શિક્ષણપ્રચાર અને સત્સંગ સંમેલન જનકલ્યાણ માટે આયોજન કરે છે.



ડુંગરાળ અને પછાત વર્ગમાં સમાજ વિગેરે દ્વારા ધર્મસંસ્કૃતિનો: પ્રચાર.

વિનોદને જીવંન પર્યંત રહયો ઉત્તર કાળમાં પણ તેમણે સંન્યાસી ઓને આ વિશે સદા સભાન રાખ્યા હતા.

✻

માતા સુમતિદેવીને એક દિવસ ખૂબ ઉદાસ જોઈને બાળ વિનોદે પૂછ્યું "માતા, આજકાલ તમે આમ ઉદાસ કેમ લાગો છો?" માતાએ પોતાના વહાલા પુત્રને જવાબ આપ્યો, "આપણા ઘરમાં એક નોળિયો આવીને ખાવાપીવાની બધી વસ્તુઓને બગાડી મૂકે છે. અરે, ઘણીવાર તો તૈયાર કરેલી રસોઈ પણ સાવ વેરવિખેર કરી મૂકે છે, ઘરનાં માણસો આ માટે મને ઠપકો આપે છે. આ વાત મને ઉદાસ બનાવે છે. જો આ નોળિયો પકડવામાં નહી આવે તો મારું આ દુઃખ ચાલુ જ રહેશે એનો અંત આવશે નહીં."

બાળ વિનોદ તો ભારે સમજૂ હતો. તે તરત જ માતાની ઉદાસીનતાનું કારણ સમજી ગયો. એણે નોળિયો પકડવાનો દૃઢ સંકલ્પ કર્યો. બીજે દિવસે નોળિયો આવ્યો કે બાળ વિનોદે સાવધાનીપૂર્વક એને પકડવાનો પ્રયાસ કર્યો. પણ સ્વભાવે અતિ ચપળ એવા નોળિયાને પકડવાનું કાર્ય અતિ કઠિન અને મુશ્કેલ હતું. નોળિયો ઘરમાંથી છટકી ગયો. વિનોદે એનો પીછો કર્યો. આગળ નોળિયો અને પાછળ વિનોદ. નોળિયો આમ વિનોદને ખૂબ દૂર સુધી ખેંચી ગયો. વિનોદ આથી ગભરાયો નહીં. એણે તો મનથી પ્રતિજ્ઞા લીધી હતી કે ભલે ગમે તેમ થાય પણ નોળિયાને હું પકડીને જંપીશ.

રસ્તામાં દોડતાં દોડતાં વિનોદના પગે કાંટા, કાંકરા વગેરે વાગ્યા છતાં એણે તેની જરા પણ દરકાર કરી નહિ. ઘણીવાર તો ખાડા ટેકરાને લીધે જમીન પર ગબડી પડયો. શરીર લોહીલુહાણ બન્યું છતાં તે પોતાના સંકલ્પથી લેશમાત્ર વિચલિત બન્યો નહીં. અને એના આવા અફર સંકલ્પથી તેને અંતે નોળિયો પકડવામાં સફળતા મળી. નોળિયો પકડીને તે પોતાની માતા પાસે આવ્યો. માતા પોતાના પુત્રનું

આ પરાક્રમ જોઈ ખૂબ હર્ષ પામ્યાં. સંકલ્પશક્તિ કેવું મહાન કાર્ય કરી શકે છે એનું જીવંત ઉદાહરણ વિનોદે આ રીતે પૂરું પાડ્યું.

✻

ભૂંઈયાના મકાન પાસે વૈદરાજ હરિવિલાસ દાસનું ઘર હતું. ત્યાં પ્રતિવર્ષ નવરાત્રિના દિવસો દરમ્યાન દુર્ગામાતાની પૂજા થતી હતી. અનેક ભાવિકજનો એ વખતે દુર્ગામાતાના દર્શને આવીને પોતાની જાતને પવિત્ર બનાવતાં. બંગાળમાં આ ઉત્સવનું મોટું માહાત્મ્ય છે. એનો મહિમા અનન્ય છે.

બાળ વિનોદને મનમાં શંકા થતી કે શું માટીથી બનેલી આ પ્રતિમાની અંદર ખરેખર દેવી હોઈ શકે ખરી? પણ તે માત્ર શંકા કરીને બેસી રહે એવો નહોતો. એણે મનમાં નક્કી કર્યું,–જો મને આમાં તથ્ય જેવું લાગશે તો હું અવશ્ય માતા (દેવી) પર વિશ્વાસ કરીશ. માટીની પ્રતિમાની અંદર માતાનો આવિર્ભાવ થાય છે એ વાતને પછી હું જિંદગીભર જતી નહીં કરું અને જો એવો અનુભવ નહીં થાય તો હું મૂર્તિપૂજાનો સદંતર ત્યાગ કરીશ. મૂર્તિપૂજા એક ધતિંગ છે એવો પ્રચાર કરીશ.

એક દિવસ ઘોર રાત્રિએ લોકો બધા નિદ્રાદેવીના ખોળે પોઢી ગયા હતા ત્યારે વિનોદ પોતાની સાધના કુટિરમાંથી નીકળીને સીધો હરિવિલાસના મકાનમાં પહોંચી ગયો. દસભૂજા મહિષમર્દિની દેવી દુર્ગાની અલૌકિક પ્રતિમા દીપકના ઝાંખા પ્રકાશમાં અત્યંત મનોહર દેખાઈ રહી હતી. વિનોદ શાંતિ અને સ્વસ્થતાથી એ મનોહર મૂર્તિ સમક્ષ બેસી ગયો. એણે મનમાં સંકલ્પ કર્યો હતો કે મા દુર્ગા જો ખરેખર પ્રતિમામાં હોય તો મારી સામે આવી તે ખડાં થાય. જો આમ ન થાય તો હું માનીશ કે આ બધી વાત અસત્ય છે. માતા પરનો મારો વિશ્વાસ પછી સાવ નિર્મૂળ બનશે. પછી માતાને હું પગે લાગીશ નહીં.

કેવો આ સંકલ્પ! એક બાજુ માટીની નિષ્પ્રાણ મૂર્તિ, અને બીજી બાજુ આ નાની વયના બાળકનો એક અતૂટ અને મહાન સંકલ્પ! પણ સંકલ્પશક્તિ શું નથી કરી શકતી? સંકલ્પશક્તિથી તો

આકાશના તારા પણ નીચે ઉતારી શકાય, સાગરનું પાણી પણ શોષી શકાય, ગમે તેવા વેરાન પ્રદેશો પણ સંકલ્પશકિતથી પાર કરી શકાય!

સૂમસામ રાત્રિએ આમ વિનોદ સ્થિર નેત્રે દેવીના મુખ તરફ તાકી રહ્યો હતો. પછી ધીમે ધીમે તે ધ્યાન અવસ્થામાં આવી પડયો. ધ્યાન અવસ્થામાંથી તે ભાવસમાધિમાં પહોંચ્યો, અપૂર્વ તલ્લીનતામાં જાણે કોઇ નવી જ ભાવસૃષ્ટિનો તે અનુભવ કરવા લાગ્યો. આ અનન્ય ભાવઅવસ્થામાં એણે–જોયું તો સામેની મૂર્તિ જીવંત થઈને એને દર્શન આપી રહી હતી. પ્રત્યક્ષ દર્શન આપનાર દુર્ગામાતાએ બાળ વિનોદના મસ્તક પર વાત્સલ્ય અને કરૂણાભર્યો હસ્ત ફેરવ્યો અને એ રીતે જાણે એને આશીર્વાદ આપ્યા. આમ ને આમ કેટલીયે ક્ષણો પસાર થઈ. અંતે દેવીના પરમપવિત્ર દેહમાંથી એક અત્યંત પ્રકાશવાળી જ્વલંત જ્યોત બાળ વિનોદના શરીરમાં પ્રવેશી અને તેથી જાણે બાળ વિનોદના મનની સર્વ શંકાઓ નિર્મૂળ બની ગઈ. શંકાને સ્થાને પરમ વિશ્વાસની સ્થાપના થઇ. તે સંશયમુકત બન્યો. પછી ખૂબ પ્રસન્ન ચિત્તે તે ત્યાંથી પોતાના ઘર તરફ પાછો ફર્યો

જેનો જન્મ સનાતન ધર્મના પુનઃસંસ્થાપન માટે થયો હોય કરોડો નરનારીઓની અંદર શ્રદ્ધાભકિતનાં બીજ વાવવા માટે જેનો આવિર્ભાવ થયો હોય કે જેનો જન્મ જગદ્‌ગુરુરૂપે અસંખ્ય ભકતોની પૂજા આરતી સ્તુતિ આદિનો સ્વીકાર કરવા માટે થયો હોય તે ગતાનુગતિક પરંપરા અને આચાર વિચારને આંધળો ટેકો કેવી રીતે આપી શકે? એ તો પ્રત્યેક પંરપરાને ચકાસીને જ એનું તથ્ય મેળવી લે. સત્યનો પોતાના જીવનમાં અનુભવ કરીને જ તે પોતાના જીવનમાં આગળ પગલું ભરે.

આ વિનોદ તે ભવિષ્યના આચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજી મહારાજ. લાખો મનુષ્યોના હૃદયના સ્વામી અને આરાધ્ય દેવ. ભકતોના કંઠમાં આજે જેમની ત્રિસંધ્યા ગવાય છે.

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુદેવ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥

પ્રકરણ ત્રીજું

બળવાન વિનોદ

એક દિવસ વિષ્ણુચરણના ઘેર કેટલાક સુથારો લાકડાં વહેરવા આવ્યા હતા. એમાંથી એક સુથારે વિષ્ણુચરણને પૂછ્યું, "ભૂંઈયાજી, તમે ક્યાં જાઓ છો?" વિષ્ણુચરણે જવાબ આપ્યો, "ભાઈઓ, આ લાકડાનું થડ ખૂબ મોટું છે. તમે પાંચ જણ એને ઊંચકીને મંચ ઉપર મૂકી શકશો નહિ, એટલે બીજા માણસોને હું બોલાવવા જાઉં છું.'

સુથારોએ કહ્યું, " ના, પહેલાં અમને જોવા દો કે અમે લાકડાં ઊંચકી શકીએ છીએ કે નહીં." પછી તેઓ લાકડાંના વિશાળ થડને પકડીને ઊંચકવા લાગ્યા. પંદર-વીસ મિનિટ સુધી એમણે એ મથામણ ચાલુ રાખી પણ તેઓ ઊંચકી શકયા નહીં. વિષ્ણુચરણની શંકા સાચી ઠરી.

એવામાં એક સુથાર બોલ્યો, "ભૂંઇયાજી, અમે સાંભળ્યું છે કે આપનો પુત્ર વિનોદ ખૂબ તાકાતવાન છે, એની શારીરિક શકિતનો કોઈ પાર નથી. તો એને બોલાવીએ તો કેમ?"

વિષ્ણુચરણે કહ્યું, "ના, ભાઇ ના. એ તો સાવ નકામો છોકરો છે. આખો દિવસ બેસી જ રહે છે, અને એ શું ખાય છે એ જાણો છો ? તે ખાવામાં માત્ર ભાત અને બટાટા જ લે છે બોલો, આવો ખોરાક જે છોકરો લે એનામાં કશી તાકાત સંભવી શકે ખરી ?

છતાં સુથારોએ પોતાનો આગ્રહ ચાલુ રાખ્યો કે એકવાર તો વિનોદને અહીં બોલાવો જ. વિષ્ણુચરણે અંતે વિનોદને બોલાવ્યો.

પોતાને શા માટે બોલાવવામાં આવ્યો છે એ વાતનો વિનોદને ખ્યાલ આવતા એના મનમાં થયું કે આતો મારી કસોટીનો પ્રસંગ છે. જો આ કસોટીમાં હું પાર નહીં ઊતરુ તો બધા માનશે કે હું બેઠો બેઠો ખાધા કરું છું. હું સાવ નકામો છોકરો છું, હું કશા જ ઉપયોગમાં આવું તેમ નથી.

તેણે પોતાને સોંપવામાં આવેલું કામ કરવાનો મનમાં સંકલ્પ કર્યો. વિશ્વનાથરૂપે જેનો જન્મ થયો હોય એની અંદર શક્તિનો અભાવ સંભવી જ કેમ શકે ? આવી વિભૂતિઓ તો જો ધારે તો આખી પૃથ્વીને હલાવી શકે ? છતાં અજ્ઞાન અને અલ્પમતિવાળા મૂઢ લોકો અવતારી પૂરુષને ઓળખી શકતા નથી.

વિનોદ આસ્તે આસ્તે લાકડાના થડ પાસે ગયો અને ક્ષણએકમાં જ લાકડાને હાથમાં ઊંચકીને મંચ પર મૂકી દીધું. પછી ધીમેથી એક પણ શબ્દ બોલ્યા વગર ત્યાંથી પાછો વળી ગયો.

વિષ્ણુચરણ અને સુથારોને વિનોદની આવી અભૂતપૂર્વ શારીરિક શક્તિ જોઈને ખૂબ આશ્ચર્ય થયું. સુથારભાઈઓને તો પાકી ખાત્રી થઈ કે એમણે વિનોદની તાકાત વિશે જે કંઈ સાંભળ્યું હતું એ રજે રજ સાચું છે. વિષ્ણુચરણથી બોલ્યા વિના ન રહેવાયું, 'મારો પુત્ર વિનોદ નથી પણ વિશ્વનાથ છે.'

*

ચોમાસું પુરું થઈ ગયું છે. નદીમાં પાણીનો પ્રવાહ સાવ ક્ષીણ થઈ ગયો હતો. એવા સમયે નદીમાં એક નાની નાવ, પાણી ઓછું હોવાના કારણસર, રેતીમાં ફસાઈ ગઇ હતી. તેને ઉંચકીને કિનારે લાવવાની હતી. હોડી પર રહેલા માણસોએ એને કિનારે લાવવાની ઘણી કોશિશ કરી પણ એમાં એમને સફળતા મળી નહીં એવામાં વિનોદને એ રસ્તે નીકળવાનું થયું. વિનોદને જોતાં જ પેલા લોકોએ એને પોતાની મદદે બોલાવ્યો. આ લોકોમાં એક માણસ ભારે પાકો હતો. એણે વિચાર્યું કે વિનોદ જ્યારે અમારી સાથે નાવને ઉંચકશે ત્યારે અમે બધા નાવ છોડી દઈશું પછી ખબર પડશે કે એ ભાઈમાં કેટલી તાકાત છે.

વિનોદ તો સ્વભાવે સેવાભાવી, નિષ્કપટી અને નિખાલસ હતો. તે તરત જ પેલા લોકો પાસે પહોંચ્યો અને એકલે હાથે નાવને કિનારા પર લાવ્યો. આવી અનન્ય શારીરિક શક્તિ જોઈને પેલા લોકોના આશ્ચર્યનો કોઈ પાર રહ્યો નહીં.

આવા આશ્ચર્યના કારણથી જ એ લોકોએ વિનોદને પ્રશ્ન કર્યો, "તમારા શરીરમાં આટલી બધી તાકાત છે. એનુ સાચું રહસ્ય શું છે?"

પણ વિનોદે પોતાના સ્વભાવ મુજબ કશો જવાબ આપ્યો નહિ. તે પોતાના રસ્તે પાછો ચાલી નીકળ્યો.

✻

બાજીતપુરમાં એક ગુંડો રહેતો હતો. તેનો ભય લોકોને એટલો બધો લાગતો હતો કે તેઓ એની સામે એક શબ્દ પણ બોલી શકતા નહોતા. આ ગુંડાના અનાચાર અને જુલમોનો પણ કોઈ પાર નહોતો લોકો એનાથી ત્રાસી ગયા હતા. એના અત્યાચારોએ દિવસે દિવસે માઝા મૂકી. એની ગુંડાગીરીનો સામનો કરી શકે એવી કોઈ વ્યક્તિ ગામમાં નજરે પડતી નહોતી.

એક દિવસ બજારમાં એક નાની બાબત અંગે હિંદુ-મુસ્લિમ વચ્ચે ઝગડો થઈ ગયો. તરત જ પેલો ગુંડો ઘટના સ્થળ પર આવી પહોંચ્યો અને તેણે હિન્દુઓને ડંડા મારવા માંડયા. બજારમાં રહેલા હિંદુઓ આ જોઈ ખૂબ ભયભીત બની ગયા. પોતાનો જાન બચાવવા તેઓ ઘરોમાં ભરાઈ ગયા.

વિનોદને આ વાતની ખબર પડી એને થયું કે આ ગુંડાના ત્રાસે હવે માઝા મૂકવા માંડી છે. એનો સામનો હવે કર્યો વિના ચાલશે નહીં. જો એનો સામનો કરવામાં નહિ આવે તો લોકો શાંતિથી રહી શકશે નહીં.

દુષ્ટજનોના સંહાર માટે અને ભક્તજનોના રક્ષણ માટે જાણે ધ્યાનમગ્ન મહાદેવ જાગ્રત થયા. વિનોદ પોતાનો ધ્યાનખંડ છોડીને ગામ બહાર આવેલી એક નાની નહેર પાસેના એક વૃક્ષ નીચે જઈ બેઠો. આ નહેર પર એક પુલ આવેલો હતો અને એના ઉપર થઈને જ ગામના માર્ગો બહાર જતા હતા. પેલો નામચીન ગુંડો પણ તે દિવસે એ પુલ ઓળંગીને ગામ તરફ આવવા નીકળ્યો. જેવો તે પુલ નીચે આવી પહોંચ્યો કે તરત જ વિનોદે ગુંડાને પૂછયું, "તેં હિન્દુઓને મારી નાખવાની ધમકી આપી છે એ વાત ખરી છે?" ગુંડાએ જવાબ આપ્યો, "હા મેં ધમકી આપી છે અને હું જરૂર એ ધમકીનો અમલ પણ કરીશ." આ વાત સાંભળતાં જ વિનોદે ગુંડાના બે પગ પકડીને ઊંચો કરીને એટલા જોરથી એને ફેંકયો કે ગુંડો ૪૦ ફુટ દૂર આવેલી એક ખાઈમાં જઈ પડયો. તેને સારી પેઠે ઈજા થઈ પીડાથી તે ચીસો પાડવા લાગ્યો. થોડીવાર બાદ ગુંડો લંગડાતો લંગડાતો વિનોદ પાસે આવ્યો અને પોતાનું માથું વિનોદના ચરણમાં ઝૂકાવી દીધું. પછી માફી માગતાં એણે વિનોદને કહેવા માંડયું, "સાધુ પુરુષ. હવેથી હું કોઈને હેરાન કરીશ નહીં. તમારા પ્રતાપે મને મારા દુષ્કૃત્યોનું ભાન થયું છે. આજથી હું પ્રતિજ્ઞા લઉં છું કે કોઈ પણ માણસને હું ત્રાસ આપીશ નહિ, મને માફ કરો, મને જવા દો."

અને આ ઘટના પછી એ ગુંડાનો ત્રાસ સદંતર બંધ થતાં ગામ લોકો શાંતિથી રહેવા લાગ્યા. વિનોદના આ પરાક્રમની વાત દૂર દૂરનાં ગામો સુધી પુષ્પના પમરાટની પેઠે પ્રસરી રહી.

*

એક દિવસ બહારગામથી કેટલાક મુસલમાનો વિષ્ણુચરણના ઘેર આવ્યા અને પૂછવા લાગ્યા, "આપના પુત્રની હિંમત અને પરાક્રમ વિશે અમે ઘણી ઘણી પ્રશંસાત્મક વાતો સાંભળી છે. આજે અમારે એ શક્તિશાળી કિશોરને નજરોનજર જોવો છે."

વિષ્ણુચરણે એ લોકોને જવાબ આપ્યો એમાં શું જોવાનું હોય? એ તો હજી નાનો બાળક છે, તમારી સામે એનું કશુ ચાલે નહિ. તમે તો મોટા છો અને તમારી પહેલવાનગીરીથી તો બધા પરિચિત છે."

મુસલમાન ભાઈઓએ કહ્યું, ના ભૂંઈઆજી, થોડા દિવસ પહેલાં તમારા ગામમાં એક ગુંડાને તમારા છોકરાએ મહાત કર્યો હતો. આ માટે કંઈ ઓછી તાકાત જોઈએ ? મહેરબાની કરીને તમારા એ પ્રતાપી પુત્રને જોવા દો. એનાં દર્શન અમને કરાવો."

વિષ્ણુચરણ વિનોદના ધ્યાનખંડ પ્રતિ દૃષ્ટિ કરીને બોલ્યા "જુઓ તે એનો ધ્યાનખંડ છે. તમે એ ખંડમાં જાઓ વિનોદ એમાં બેઠો હશે.

બધા મુસલમાનભાઇઓ વિનોદના ધ્યાનખંડ પાસે ગયા દરવાજો ખટખટાવ્યો, છતાં વિનોદ બહાર નીકળ્યો નહિ. ફરીવાર બારણે ટકોરા માર્યો. મોટેથી અવાજ કર્યો, "નાના ભૂંઈયાજી દરવાજો ખોલો અમે બધા બહુ દૂરથી આપના દર્શન કરવા આવ્યા છીએ,"

આમ વારંવાર બહાર આવવાનો આગ્રહ થવાથી વિનોદ દરવાજો ખોલીને બહાર આવ્યો. વિનોદને જોતાં જ પહેલવાનો ભારે આશ્ચર્ય પામી ઉઠયા. તેઓ એક બીજાને કહેવા લાગ્યા, "જુઓ તો ખરા, કેવો એનો પ્રતાપી ચહેરો છે ! કેવો સશક્ત દેહ છે ! ભરાવદાર મોઢું લાંબા ઝૂલ્ફાં. મધુર સ્નેહ નીતરતું સ્મિત ચમકદાર આંખો, આવું ખુમારીભર્યું રૂપ તો આપણે બીજે ક્યાંય જોયું પણ નથી.

એક માણસે કહ્યું "નાના ભૂંઈયાજી. એકવાર તમારા હાથ બતાવો, અમે પકડીને જોઈ લઈએ કે તમારી અંદર કેટલી તાકાત છે. આપણામાં કોણ તાકાતવાન છે. એની સાબિતિ આજે એથી થઈ જશે.

વિનોદને આવી પરીક્ષામાં ઉતરવાની ઈચ્છા નહોતી એટલે એણે કહ્યું "આપે ક્યાંથી સાંભળ્યું કે હું બળવાન છું હું બહુ તાકાતવાન છું. હું તો હમેશાં મારા ધ્યાનમાં મશગુલ રહું છું આપ શા માટે મારા એ કાર્યમાં વિક્ષેપ પાડવા અહીં આવ્યા છો?"

પેલા લોકોએ વિનંતી કરતાં કહ્યું, "અમે ખુબ દૂરથી આવ્યા છીએ. અમને નિરાશ ન કરો. ફક્ત આપના હાથ પકડવા દો આથી વિશેષ અમે કશું ઈચ્છતા નથી.

વિનોદે તરત જ એમાંના એક માણસનો હાથ પકડીને જોરથી એવી રીતે દબાવી દીધો કે પેલો તો મોટી ચીસ પાડી ઉઠ્યો. આ જોઈને બીજો માણસ જુસ્સામાં આવી ગયો અને તે વિનોદને પકડવા ગયો, પણ વિનોદે એક જ ઝાટકામાં એનો હાથ પકડીને એને દૂર ફેંકી દીધો. આવી રીતે બે માણસોને એણે મહાત કર્યા એ જોઈને બીજા બધા નાહિમત બની ગયા, કોઈએ વિનોદને પકડવાની હિંમત કરી નહિ. વિનોદનો વિજય કબૂલીને તેઓ પોતાને ગામ પાછા ચાલ્યા ગયા.

ઉપનિષદના ઋષિએ કહ્યું છે કે "નાયમાત્મા બલહીનેન લભ્યઃ" આ બળ માત્ર આધ્યાત્મિક ક્ષેત્રમાં જ મર્યાદિત નથી. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બળ વડે બળવાન બનવું જોઈએ વિનોદના જીવનમાં નાનપણથી જ ઉપરોક્ત સર્વ પ્રકારની શક્તિઓ ભરપેટે ભરેલી હતી. કહેવાય છે કે વિનોદની શારીરિક શક્તિ એટલી તો પ્રબળ અને અપ્રતિહત હતી કે ઘણીવાર બાળ મિત્રોના ભારે અનુરોધથી તે નાનાં નાનાં વૃક્ષોને પણ જમીનમાંથી એના મૂળમાંથી ઉખેડીને ફેંકી દેતો આવો પ્રતાપ સંયમશક્તિનો છે સંયમશક્તિથી પુરુષ મહાન બની શકે છે.

પ્રકરણ ચોથું

તપસ્વી વિનોદ

ભૂંઈયા કુટુંબના કુળપુરોહિતના પુત્ર શ્રી મહેન્દ્ર ચેટરજી વિનોદ કરતાં ઉંમરમાં મોટા હતા. વિનોદના પિતાના મનમાં એ વાતનું દુઃખ હતું કે વિનોદ એના આહારમાં પૌષ્ટિક ખાદ્ય પદાર્થો લેતો નથી, અને એથી કદાચ ભવિષ્યમાં તેને શારીરિક અશક્તિ આવશે, વિષ્ણુ ચરણ દાસ ઘણીવાર વિનોદને પૌષ્ટિક આહાર લેવાનો આગ્રહ અને ટકોર કરતા પણ વિનોદ એ તરફ લક્ષ આપતો નહોતો.

આથી વિષ્ણુચરણદાસે મહેન્દ્રબાબુને કહ્યું, "અમે તો વિનોદને કહી કહીને થાકયા કે ભાઈ પૌષ્ટિક ખોરાક લે પણ અમારું કહેવું એ ધ્યાનમાં લેતો જ નથી આપ એને જો કહો તો કદાચ એ માનશે;

આ સાંભળીને મહેન્દ્રબાબુએ મનમાં નિર્ણય કર્યો કે હું વિનોદને ખોરાકમાં પૌષ્ટિક પદાર્થો લેવાનું કહીશ.

એક દિવસ મહેન્દ્રબાબુ વિનોદના ધ્યાનખંડમા બેઠા હતા. બંને વચ્ચે થોડીવાર આડીઅવળી વાતચીત ચાલી. પછી આસ્તેથી મહેન્દ્ર-બાબુએ વિનોદને કહ્યું, “ વિનોદ, તમે ખોરાકમાં રોજ ભાત અને મીઠું જ લો છો, આથી તમારા પિતાને અને માતાને મનમાં ભારે દુઃખ થાય છે. ભલે તમે ખોરાકમાં માંસ અને માછલી ન લો, પણ દૂધ અને ઘી લેવામાં આપને શો વાંધો છે? મોટા મોટા સાધુ-મહાત્માઓ પણ દૂધ અને ઘી ખોરાકમાં લેતાં હતા અને આમ છતાં એમના બ્રહ્મચર્યમાં કશો વાંધો કે અવરોધ આવતો નહોતો. તમને ખોરાકમાં ઘી દૂધ લેવામાં શો વાંધો છે?”

મક્કમ પ્રત્યુત્તર આપતાં વિનોદે મહેન્દ્રબાબુને જણાવ્યું, “પુરોહિત મહાશય, આપ એક વાત સમજી લો કે ઈશ્વરે મને જે શક્તિ આપી છે તે શક્તિને હું નષ્ટ કરવા માગતો નથી. જુઓ, આપણે જાણીએ છીએ કે એક તપેલીની અંદર જ્યારે દૂધ ઉકાળવામાં આવે છે ત્યારે તે ઊભરાઈને બહાર પડી જાય છે. આ ઉત્તેજનાનું પરિણામ છે. આવી જ રીતે મારામાં કુદરતી રીતે જે શક્તિ ભરેલી પડી છે તે શક્તિને હું દૂધ–ઘી આરોગીને ઉત્તેજીત કરું તો જરૂર એ શક્તિ બહાર નીકળી જશે. આપણે જાણીએ છીએ કે છિદ્રવાળા વાસણમાં રેડવામાં આવતું પાણી કદી પણ એમાં જમા થઈ શકતું નથી; એ જ પ્રમાણે કુદરતે આપેલી કુદરતી શક્તિઓને બ્રહ્મચર્યરૂપી સાધન વડે જ્યાં સુધી રક્ષવામાં ન આવે ત્યાં સુધી આરોગ્ય માટે આચરવામાં આવતા હજારો ઉપાયોનો કશો જ અર્થ નથી. આ કારણથી જ હું ભોજનમાં ફક્ત મીઠું અને ભાત લઉં છું, ઓછી ઊંઘ લઉં છું, રોજ નિયમિત વ્યાયામ કરું છું અને કઠોર સંયમપૂર્વક નિયમોનું ઉચિત પાલન કરું છું. આથી મારામાં રહેલી શક્તિઓનું રક્ષણ થાય છે. મને ખાત્રી છે કે હું જો ધારું તો આ મકાનને હચમચાવી શકું !”

આવો મક્કમતાભર્યો જવાબ સાંભળી મહેન્દ્રબાબુ અવાક્ બનીગયા. એમને આજે જાણે એક નવી જ જીવનદૃષ્ટિ સાંપડી. આજે એમણે

વિનોદને એક બીજા જ સ્વરૂપમાં જોયો. કેવો સુંદર, સુઘટિત, સુડોળ અને મધુર એનો ચહેરો ! એની રગેરગમાંથી બ્રહ્મચર્યનું તેજ જાણે સ્ફૂટ થઈ રહ્યું હતું. મહેન્દ્રબાબુ વિનોદના જ્યોતિર્મય મુખમંડળ પ્રતિ અનિમેષપણે તાકી જ રહ્યા. એમને થયું કે, માત્ર ખાધા જ કરવાથી શો ફાયદો ? મુખ્ય વસ્તુ તો શરીરક્ષયનો રસ્તો બંધ કરવો એ જ છે. વીર્યનું રક્ષણ થવું જોઈએ. જો વીર્યનું રક્ષણ થાય તો ખોરાકનું પ્રયોજન ઓછું રહે. વિનોદનું સ્નાયુબદ્ધ અને સુડોળ શરીર આ વાતની સાબિતી આપે છે.

જ્યારે વિષ્ણુચરણદાસને એ વાતની ખબર પડી કે મહેન્દ્રબાબુ વિનોદને સમજાવવામાં નિષ્ફળ ગયા છે અને એમને વિનોદનું કહેવું સાચું લાગ્યું છે ત્યારે એમને મનમાં ખુબ દુઃખ થઈ આવ્યું. હવે એમને માટે વિનોદને સમજાવવા માટે બીજો કોઈ ઉપાય રહ્યો નહિ. એમણે બળજબરીથી વિનોદનેમાછલી, દૂધ વ. આપવાનું મનમાંવિચાર્યું.

એક દિવસ કેટલાક માછીમારો વિષ્ણુચરણદાસના ઘેર એક માછલી આપી ગયા. આ ઘરનાં બીજાં માણસો ખોરાકમાં માછલીનો ઉપયોગ કરતાં હતાં; પણ વિનોદે કોઈ દિવસ માછલીને સ્પર્શ સરખો કર્યો નહોતો. આજે ઘરમાં સારી રસોઈ કરવામાં આવી હતી. ઘરનાં બધાં માણસોએ બળજબરીથી વિનોદના મોંમાં માછલીના એક બે ટૂકડા નાખી દીધા. તરત જ વિનોદને ઊલટી થઈ અને તે બેભાન બની ગયો. આથી ઘરનાં બધાં જ મુશ્કેલીમાં મુકાઈ ગયાં. વિનોદનાં માતા ચિંતાતુર બનીને એને પંખો નાખવા લાગ્યાં. એમણે વિનોદને પાણી પાયું. થોડીવારે વિનોદ ભાનમાં આવ્યો. પણ આ બનાવ પછી એ લોકોએ બળજબરીથી વિનોદને કશું નહિ ખવડાવવાનો મનમાં નિશ્ચય કર્યો.

બાળવિનોદનું આહાર તરફ ખાસલક્ષ નહોતું. તે ભાત, મીઠું અને બટાટા સિવાય આહારમાં બીજી કોઈ ચીજ લેતા નહોતા. આ સિવાયની જો કોઈ ચીજ એની થાળીમાં પીરસવામાં આવતી તો એ ચીજ

થાળીમાં જ પડી રહેતી. એવી વધારાની ચીજને વિનોદ સ્પર્શ પણ કરતો નહોતો.

✻

એના સૂવાના ખંડમાં એક લાકડાનો ખાટલો હતો. વિનોદ ગાદલું ખાટલા પર પાથર્યા વિના જ સૂતો હતો. કોઈકવાર ભાઈ પ્રત્યેનાં પ્રેમની લાગણીથી પ્રેરાઈને હેમાંગિનીદેવી ખાટલા પર ગાદલું પાથરતાં અને મચ્છરદાની બાંધી આપતાં, પણ બીજે જ દિવસે એમને એ ગાદલું અને મચ્છરદાની ઓરડામાં ગમે ત્યાં જોવા મળતાં અને તેઓને વિનોદ ખાલી ખાટલા પર જ સૂતેલો નજરે પડતો. શિયાળાની બરફ જેવી ઠંડી રાત હોય, ઉનાળાની ધગધગતી ગરમી હોય કે પછી ચોમાસાની ભેજવાળી ઋતુનો ઠંડો પવન હોય છતાં વિનોદ પોતાની પાસે એક જાડી ધોતી અને ઓઢવા માટેની એક ચાદર સિવાય અન્ય કપડાં રાખતો નહિ. ચંપલ અને બુટ પણ નહિ. રાત્રે એક કલાકથી વધુ ઊંઘ તે લેતો ન હતો. ઘણીવાર ઊંઘમાંથી જાગીને ઓઢેલી ચાદર દૂર કરીને, તે છલાંગ મારી ઊભા થઈ મગદળ ફેરવવા લાગી જતો. આથી તેનું લોહી ગરમ થઈ જતું અને પછી એને ઊંઘ સતાવતી નહિ.

ઘણીવાર એવું પણ બનતું કે તેના સૂવા માટેના ખાટલામાં માંકણોનો ઉપદ્રવ થતો પણ એને એ ઉપદ્રવ આશીર્વાદરૂપ લાગતો કારણ કે રાત્રે જાગ્રત રહેવા માટે માંકણના ચટકા જાણે એને સહાયરૂપ બનતા માંકણને મારવાની એણે કોઈ દિવસ પણ મનમાં ઈચ્છા કરી નહોતી.

એક દિવસ એનાં બહેન હિમાંગિનીદેવી એનો સૂવાનો ઓરડો સાફ કરવા આવ્યાં. એમણે માંકણનો ઉપદ્રવ જોયો. તરત જ એણે ખાટલાને બહાર કાઢીને તડકામાં મૂક્યો. વિનોદ જ્યારે આવ્યા ત્યારે એણે પોતાનો ખાટલો શયનખંડમાં જોયો નહીં. એમણે હેમાંગિનીદેવીને પૂછ્યું, "મને પૂછ્યા વિના ખાટલો અહીંથી કેમ ખસેડ્યો ?" હેમાંગિની-

દેવીએ જવાબ આપ્યો, "એમાં કેટલા બધા માંકણ થયા છે એની ખબર છે? તમે સાધુ ભલે થાઓ, પણ અનાડી બનો એ કેમ ચલાવી લેવાય!"

"મોટાંબેન, તમને ખબર છે કે હું માંકણને શા માટે પોષું છું?" હેમાંગિનિએ કહ્યું, "ના, એ વાતની મને ખબર નથી." વિનોદે કહ્યું, "તો સાંભળો, હું જ્યારે રાત્રે ધ્યાન ધરું છું. ત્યારે ઘણીવાર મને ઝોકાં આવે છે અને ખાટલા પર હું સૂઈ જાઉં છું. તે વખતે માંકણો મને ચટકાં ભરે છે, તે સાથે જ હું જાગી જાઉં છું અને ફરી ધ્યાનમાં બેસી શકું છું. આમ માંકણો મને મારા ધ્યાનકાર્યમાં ભારે મદદગાર બને છે. આથી એમનો વિનાશ કરવાનો મને કોઈ દિવસ વિચાર પણ આવતો નથી.

આ સાંભળીને હેમાંગિનિદેવી અવાક્ બની ગયાં. પોતાનો ભાઈ કેવો અદ્‌ભુત અને દયાવાન છે અને માંકણો જેવા જંતુઓ પ્રત્યે પણ કેવો પ્રેમભાવ ધરાવે છે એ જાણીને હેમાંગિનિદેવીના મનમાં હર્ષનો કોઈ પાર રહ્યો નહીં. જનતાની જાણ બહાર આ જાતની કઠોર તપશ્ચર્યા બાળક વિનોદ જે કરતો હતો તેનો ખ્યાલ સ્થૂળ બુદ્ધિના સામાન્ય મનુષ્યને ક્યાંથી આવી શકે ભલા?

✠

શનિવાર તથા રવિવારના દિવસોએ ગામના તથા બહારગામના અનેક વિદ્યાર્થીઓ વિનોદને મળવા આવતા. એકવાર જે વિદ્યાર્થી વિનોદના સંપર્કમાં આવતો તે પછી કદાપિ વિનોદને ભૂલી શકતો નહિ. એવું એમનું અદ્‌ભુત આકર્ષણ હતું. વિનોદની મધુર સોબત, મધુર હાસ્ય, નિખાલસ સ્વભાવ અને ઉષ્માભર્યો એમનો ઉપદેશ-એ બધુ જ વિદ્યાર્થીઓને મન એક અદ્‌ભુત વસ્તુ હતી. કોઈ મુંઝવણના પ્રસંગે અથવા ઘરનાં માણસોએ કશો ઠપકો આપ્યો હોય એવા સમયે ભારે વ્યથિત હૃદયવાળાં બાળકો વિનોદ પાસે આવતાં અને વિનોદ પાસેથી મોટું આશ્વાસન મેળવતાં.

આજે રવિવારનો દિવસ હતો. વિનોદના હીરાલાલ ઘોષ નામના એક સહપાઠી મિત્ર એની પાસે આવ્યા હતા. થોડા સમયથી એમની તબિયત સારી રહેતી નહોતી. અનેક દવાઓ લીધી, જાતજાતની બીજી સારવાર કરી છતાં તબિયત સુધરતી નહોતી. જીવનથી એ કંટાળી ગયા હતા.

એમણે વિનોદને પૂછ્યું, " વિનોદ, તું અસાધારણ અને સશક્ત દેહ ધરાવે છે, મારે તારી જેમ અસાધારણ અને સશક્ત બનવું હોય તો મારે શું કરવું જોઈએ ?"

હું પૌષ્ટિક ખોરાક લઉં છું, નિયમિત વ્યાયામ કરું છું. છતાં મારું શરીર સુધરતું નથી.

વિનોદે જવાબ આપ્યો, "જો હીરુ, તું જે કંઈ ખોરાક લે છે તે પચીને રક્ત, મેદ અને અંતે વીર્યમાં પરિણામે છે. પણ કુચિંતામાં અને કુસ્વપ્નમાં એ અમૂલ્ય શક્તિનો જો ક્ષય થાય તો શરીરમાં શક્તિ કેવી રીતે આવે ? આથી તારે વીર્યનું રક્ષણ કરવું જોઈએ. અને સંયમનું પૂરેપૂરું પાલન કરવું જોઈએ. પ્રયોજન વિના કોઈની સાથે બોલવું નહીં, જોવું નહિં, જરૂર વિના ક્યાંય આંટા મારવા નહીં. લોભથી કોઇ વસ્તુ ખાવી નહીં, ભૂખ વિના મોઢામાં ધાનનો એક કોળિયો પણ નાખવો નહીં. પચવામાં ભારે હોય એવા ખાદ્ય પદાર્થો આરોગવા નહીં, ચાર કલાકથી વધુ નિદ્રાનું સેવન કરવું નહીં, દિવસે સૂવું નહીં, કુચિંતા અને કુભાવના મનમાં લાવવાં નહીં, હંમેશાં કોઈને કોઈ કાર્યમાં મનને પરોવાયેલું રાખવું—આમાં જો દૃઢતાપૂર્વક નિયમોનું પાલન કરતા રહેવાથી મન સ્થિર બને છે અને ઈન્દ્રિયો પણ શાંત બને છે. આમ કરવાથી જ શરીર સશક્ત બને છે અને ઉદ્યમશીલ રહે છે. તમે બધા યુવાન માણસો છો. આ ઉંમરે જો સંયમ ખોઇ બેસશો તો જરૂર તમે રોગના ભોગ બનશો અને એમ થશે તો આપણા દેશનું શું થશે ? આજથીજ તમારે સાવધાન બની જવાનું છે."

વિનોદનો આવો ઉપદેશ સાંભળતાં જ હીરાલાલ ઘોષના શરીરમાં જાણે કે એક નવી શક્તિનો સંચાર થયો. પોતે આજસુધી જાણે અજાણે કુચિંતા અને કંઈને કંઇ પાપ કર્યું હતું એ બદલ એમને મનમાં ખૂબ પશ્ચાત્તાપ થઈ આવ્યો. એમની આંખો આંસુથી ઉભરાઈ ગઇ.

વિનોદે આ જોયું અને તરત જ એમના મિત્રને પોતાની પાસે ખેંચીને એના મસ્તક પર ખૂબ પ્રેમ અને વહાલથી હાથ ફેરવવા માંડયો. ઘોષને થયું કે આવું આશ્વાસન પોતાને કોઈ વ્યક્તિ તરફથી કદાપિ મળ્યું નહોતું !

✻

એક દિવસ વિષ્ણુચરણદાસ પોતાના કુળપુરોહિત અને બાળમિત્ર કાલીપ્રસન્ન ચક્રવર્તી સાથે નીચે વાતો કરતા બેઠા હતા. એવામાં કોઈએ આવીને એમને ખબર આપ્યા કે વિનોદના નાક અનેમુખમાંથી લોહી નીકળે છે.

આ સાંભળીને વિષ્ણુચરણદાસ એકદમ વ્યથિત બની ગયા, એમણે પોતાના મોટા પુત્ર જીતુ ભૂંઇઆને કહ્યું, "જલદી કર, દાકતરને બોલાવ !"

પણ જીતુ ભૂંઈયા દાકતર પાસે જવાને બદલે સીધા વિનોદ પાસે જ ગયા. એમણે લોહી નીકળવાનું કારણ પૂછ્યું. વિનોદે કશો પ્રત્યુત્તર આપ્યો નહીં એ રીતે થોડીવાર મૌન રહીને છેવટે વિનોદે કહ્યું, "મોટાભાઈ, દાકતર બોલાવવાની જરૂર નથી, પુરોહિત કાલી-પ્રસન્ન ચક્રવર્તીને મારી પાસે મોકલો." વિનોદના કહેવા મુજબ જીતુ ભૂંઈયા પુરોહિત મહાશયને તેડી લાવ્યો વિનોદે પુરોહિતને કહ્યું, "જુઓ, દાકતરને બોલાવવાની કંઈ જરૂર નથી. મને કશો રોગ થયો નથી. એક મોટી સાધનાની પ્રક્રિયા કરતાં થએલી એક ભૂલનું આ પરિણામ છે. એ ભૂલને કારણે લોહી નીકળવા પામ્યું છે. પણ ફરીવાર ઉલટી પ્રક્રિયા કરવાથી બધું સારું થઈ જશે. શ્વાસ લેવાની સાથે જ મને સમાધિ થઇ ગઇ હતી. કુંભક અવસ્થામાં વાયુ

મસ્તકની નસો સાથે અથડાવાથી આ લોહી નીકળ્યું છે, આથી તમારે કોઈને કશી ચિંતા કરવાની જરૂર નથી. દાક્તરને બોલાવવાનો આગ્રહ પણ છોડી દો." કાલીપ્રસન્ન ચક્રવર્તીએ આશ્ચર્ય સહ પૂછ્યું "તમે તો આ ઘર છોડીને બીજે ક્યાંય જતા નથી, આપ અહીંને અહીં જ રહો છો, તો પછી આ યોગસાધના તમે કોની પાસેથી, ક્યાંથી શીખ્યા ?"

વિનોદે જવાબ આપ્યો, "મારે કોઈની પાસે આ શીખવાની જરૂર નથી, કારણ કે યોગસાધના તો હું પહેલેથી જ જાણું છું."

વિનોદની વાત સાચી હતી. તેઓ સંયમશીલ અને શિવના આશીર્વાદથી જન્મ્યા હતા, પછી એમને યોગ પ્રક્રિયા શીખવા કોઈની પાસે જવાની જરૂર ન જ રહે! તેઓ પોતે મહાયોગેશ્વર મહાદેવ હતા.

વાત એમ હતી કે છેલ્લા એકવીસ દિવસથી ભૂંઈયાજીના મકાન પર આવેલી એક ઓરડીમાં તેઓ એકધારી સમાધિમાં ડૂબી ગયા હતા. એ અવસ્થામાં એમને દુનિયાનું કશું ભાન રહ્યું નહોતું. ખાવાપીવા પ્રત્યે પણ તેઓ ઉદાસીન બન્યા હતા. ઘરનાં માણસો એમને માટે બારી પાસે ભોજન મૂકી જતાં, પણ એમણે આ દિવસો દરમિયાન ભોજનને સ્પર્શ સુદ્ધાં કર્યો નહોતો. આટલી નાની ઉંમરે એકવીસ દિવસની સમાધિ-બાદ, આ રીતે એમના નાક અને મોઢામાંથી લોહી નીકળવા લાગ્યું હતું.

કાલીપ્રસન્ન ચક્રવર્તીએ નીચે આવીને આ હકીકત વિષ્ણુચરણ-દાસને કહી સંભળાવી. આ હકીકત સાંભળીને વિષ્ણુચરણદાસે દાક્તર બોલાવવાનો પોતાનો વિચાર માંડી વાળ્યો, એમના હૃદયમાં, વિનોદના જન્મ પહેલાં શંકર ભગવાને આપેલા વરદાનની સ્મૃતિ ફરી એકવાર તાજી થઈ આવી.

*

શ્રીમદાચાર્યદેવ બાલ્યાવસ્થામાં ઘણે વખતે અહીં જ ધ્યાન અને સમાધિમાં તલ્લીન રહેતા હતા. એક વખત આ ઓરડીનાં બારીબારણાં વાસી દઈને તેઓશ્રી લાગલગાટ ૨૧ દિવસ સુધી એકધારા ધ્યાન-સમાધિ અને યોગાભ્યાસમાં તલ્લીન રહ્યા હતા.

એક દિવસે હીરાલાલ અને બીજા કેટલાક વિદ્યાર્થીઓ વિનોદના સાધનાખંડમાં બેઠા હતા. એક વિદ્યાર્થીએ પૂછ્યું, 'વિનોદભાઈ, તમે શેની અને કેવી રીતે સાધના કરો છો ? તમે આખો દિવસ ઓરડીમાં પુરાઈ રહો છો. તપ કરવા માટે તો માણસો પહાડો પર અને ગિરિ-કંદરામાં જતા હોય છે, કેટલાક તો તીર્થધામો કે જંગલમાં જઈને તપ કરે છે, પણ તમે તો કુટુંબ સાથે રહીને સાધના કરો છો. આ વાત અમને સમજાતી નથી.'

આ જાતની શંકા માત્ર વિદ્યાર્થીઓમાં જ હતી એવું ન હતું. ગામ લોકોના મનમાં પણ આવી જ શંકા હતી. એમને મનમાં થતું કે વિનોદ તો જન્મકાળથી ઘેર જ રહે છે, ઘેર જ ખાયપીએ છે, ગામની અંદર જ જીવન ગુજારે છે. બધા વિદ્યાર્થીઓની જેમ જ એ નિશાળે જાય છે, નિયમિત વ્યાયામ કરે છે, કયારેક માતાપિતાની આજ્ઞા અનુસાર ઘરકામ પણ કરે છે તો પછી એમનામાં અને અમારામાં ફેર શો ?

બીજી બાજુ લોકો વળી એમ પણ કહેતા કે વિનોદ એક અદ્‌ભુત બાળક છે, બીજા બાળકની જેમ તે કદાપિ ખાવા માટે જીદ કરતો નથી, રમતગમતમાં ખાસ ભાગ લેતો નથી, કોઈની મશ્કરી કરવાનું તેને પસંદ નથી, તે હંમેશાં ગંભીર અને શાંત થઈને એની ઓરડીમાં જ રહે છે. આમ બધાને માટે વિનોદની પ્રવૃત્તિ એક કોયડા સમાન બની ગઈ હતી.

પેલા વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નનો જવાબ આપતાં સ્મિતસહ વિનોદે જણાવ્યું, "મારી સાધનાપ્રક્રિયા તો ખૂબ સરળ અને સહજ છે, બધાને માટે તે ખૂબ અનુકૂળ છે."

વિદ્યાર્થીઓએ આગ્રહ કરીને કહ્યું, "અમને સમજાવો તો ખરા !"

વિનોદે કહ્યું, "રિપુદમન અને ઈન્દ્રિય સંયમ એ જ મુખ્ય તપસ્યા છે. આધ્યાત્મિક જીવનનો મૂળ પાયો બ્રહ્મચર્ય છે. ધર્મસાધનાને માટે દેશમાં અનેક પાખંડો અને ધતિંગો ચાલે છે એની મને જાણ છે. અલૌકિક દર્શન, ચમત્કાર, રોગ-નિવારણ, સંકટ નિવારણ, ભવિષ્ય કથન, સુખ સંપત્તિની શોધખોળ વગેરે જાતજાતના અને તરેહતરેહના વ્યાપારોમાં ધર્મસાધનાનું સાચું રહસ્ય વિસરાઇ ગયું છે."

એક વિદ્યાર્થીએ વળી પોતાની શંકા રજૂ કરતાં કહ્યું, "એ વાત સાચી, પણ સાંસારિક કાર્યોમાં નિરંતર રચ્યાપચ્યા રહીને મનને કેવી રીતે એકાગ્ર કરી શકાય ? એ માટે તો ઘેરથી દૂર જઈને કોઈ એકાંત સ્થાનમાં બેસીને તપ કરવું જરૂરી છે."

વિનોદે કહ્યું, "માનવજીવનનું અંતિમ લક્ષ્ય પ્રભુપ્રાપ્તિ કિંવા બ્રહ્મજ્ઞાન અથવા નિર્વાણ છે; આ નિર્વિવાદ સત્ય છે. પણ તે માટે ઘરબાર, કુટુંબીજનો તજીને ગિરિગુફામાં વસવાનું ખાસ આવશ્યક નથી. સુદૃઢ સંકલ્પવાળું એકાગ્ર મન એ જ સાચી ગિરિકંદરા કે ગુફા છે. બાકી તો જેનું મન વાસનારૂપી કાંટાઓથી પીડિત રહે છે અને કામવાસનાઓથી સભર રહે છે તેઓ કર્મત્યાગનો આડંબર કરીને નિર્જનસ્થાનમાં જઇને વસવાનું પસંદ કરે છે. એમનું મન તેમ છતાં વધુ ચંચળ બને છે એ એક હકીકત છે. જંગલમાં જવા માત્રથી કંઈ શાંત થઈ જતું નથી. આચાર્ય શંકરાચાર્યનો ઉપદેશ તો જાણો છો ? એમણે કહ્યું છે કે જેણે મન ઉપર વિજય મેળવ્યો છે, એણે જગત જીત્યું છે."

આ સાંભળીને એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો, "ભાઈ વિનોદ, તો તમે તમારા મનને જીતી શક્યા છો ખરા ? તમારી ઇન્દ્રિયો પર તમે કાબૂ મેળવ્યો છે ખરો ?"

"હા," વિનોદે ટૂંકો જવાબ આપ્યો.

"એ કેવી રીતે બન્યું ?"

"સંયમસાધન દ્વારા, આહારસંયમ, નિદ્રાસંયમ, વાણીસંયમ, દૃષ્ટિસંયમ, શ્રુતિસંયમ, ઈન્દ્રિસંયમ, સંકલ્પપાલન અને વિવેકવિચાર આનું નામ જ સાધના," વિનોદે જવાબ આપ્યો.

"આનાથી ભગવાનની પ્રાપ્તિ થાય ખરી ?"

"હા."

"તો જે લોકો જાતજાતની મેલી વિદ્યા, યોગ, તપસ્યા, પ્રાણ-યામ, તંત્રવિદ્યાનો અભ્યાસ કરે છે એ લોકો ખોટા છે ?"

"એમાં દરેકનો ઉદ્દેશ ભિન્ન ભિન્ન હોય છે. ઘણા લોકો તો એકાદ સિદ્ધિ પ્રાપ્ત કરીને જ સંતોષ માનતા હોય છે."

"તો આપના કહેવાનો ભાવાર્થ એ છે કે ફક્ત મન: અને ઇન્દ્રિય પર વિજય મેળવવાથી જ ભગવત્ પ્રાપ્તિ થઈ શકે છે !"

"ફક્ત ભગવત્ પ્રાપ્તિ જ નહિ, પરંતુ વ્યક્તિ પોતે પણ ભગવાન બની શકે છે."

"એનો અર્થ શું ?"

"જુઓ, જીવ એ જ શિવ છે. નર એ જ નારાયણ છે. મનુષ્યનું મન અતિ ચંચળ અને મલિન છે. આ કારણને લઈને તે પોતાને ઓળખી શકતો નથી. મન જ્યારે સ્થિર અને શુદ્ધ બને છે ત્યારે અજ્ઞાનનો અંધકાર દૂર થાય છે અને મનુષ્ય પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટી નીકળે છે. આવી સ્થિતિમાં 'શિવોઽહમ્' અહં બ્રહ્માસ્મિ' સૂત્ર સત્ય બને છે."

આ વાત સાંભળીને ત્યાં આવેલા વિદ્યાર્થીઓના મનની સર્વ શંકાઓનું સમાધાન થયું. હીરાલાલને પણ સમજાઈ ગયું કે વિનોદ શા માટે વિદ્યાર્થીઓને હંમેશાં સંયમનું પૂરેપૂરું પાલન કરવાનું કહે છે તે જિંદગીભર પિતાને ઘેર રહયા છે, સોબતીઓની સાથે નિશાળે

ભણવા જાય છે, અન્યની જેમ ઘરનું કામ પણ કરે છે અને છતાં એ એમના જીવન-લક્ષ્યને ચૂકતા નથી. પોતાના ધ્યેયમાં વિના વિક્ષેપે આગળ વધે છે; એકધારી ગતિથી સંકલ્પપૂર્વક આગળ ને આગળ પ્રસ્થાન કરે છે,—આ બધી વાતનો ખ્યાલ આવતાં જ તેમના મનમાં વિનોદ પ્રત્યે માનની લાગણી ઊભરાઈ આવી.

ઉત્તરકાળમાં તેઓ ઘણીવાર કહેતા હતા, "ધર્મ નથી રહ્યો માળામાં કે ટીલાં ટપકામાં, ધર્મ નથી રહ્યો આહાર કે ભેખમાં, ધર્મ નથી રહ્યો મંદિરો કે મસ્જિદોમાં કે વેદ કે કુરાનમાં. ધર્મ તો રહ્યો છે માત્ર સંયમસાધનામાં, અનુષ્ઠાન આચરણમાં, ત્યાગ, સત્ય અને બ્રહ્મચર્યના પાલનમાં. ધર્મ સાધના એટલે માત્ર પૂજાચર્ચા, જપધ્યાન, યોગયાગ કે તંત્રમંત્રાદિ જ નહિ પણ જીવનમાં વિચાર, વાણી અને કાર્યને ધર્મના અંગરૂપ ગણીને આચરવાં તે."

✻

વિનોદની સાધનામાં મૃત્યુચિંતવનનું સ્થાન મુખ્ય હતું. મૃત્યુંચિંતવન એ ષડરિપુઓની પજવણી અને ઈન્દ્રિયોના ત્રાસમાંથી મનુષ્યની રક્ષા કરે છે. મૃત્યુનું ચિંતવન વિષયવાસનાઓનો નાશ કરી મનુષ્યના અંતરમાં વિવેક, વૈરાગ્ય ઉત્પન્ન કરે છે. ભોગ વિલાસની વૃત્તિઓને નષ્ટ કરી માનવીના હૃદયમાં મુક્તિની આકાંક્ષા પ્રગટાવે છે.

નાનપણથી જ બાળક વિનોદને વિચાર આવતો—કદાચ અત્યારે જ આપણું મૃત્યુ થઈ જાય તો ચિતામાંથી એ મૂઠી ભસ્મ સિવાય બીજું આપણું કહી શકાય એવું શું બાકી રહેવાનું ? વિપુલ વૈભવ, અપાર ઐશ્વર્ય, માતાપિતા, બંધુ બહેનો અને આત્મીય સ્વજનોને છોડીને, તેમના સહસ્રાવધિ પ્રયાસો છતાં, છેવટે તો આપણે મોતને શરણે જ જવાનું છે.

વિનોદના મોટાભાઈના એક બાળકનું મૃત્યુ થયું હતું. એને થોડાં દિવસ થયા છે. પણ મૃત્યુનો એ પ્રસંગ વિનોદના ચિત્તને એક જબરો આંચકો આપી ગયો હતો ! એની વૈરાગ્યભાવના એ પ્રસંગથી વધુ ઘેરી

બની હતી. રિવાજ મુજબ બાળક નાનો હોવાથી તેનો અગ્નિસંસ્કાર કરવાને બદલે એને સ્મશાનમાં જમીનમાં દફનાવી દેવામાં આવ્યો હતો. થોડા દિવસ થયા અને એ મૃતદેહ સડી ગયો અને એમાંથી માથું ફાડી નાખે એવી દુર્ગંધ નીકળવા લાગી. એવામાં જંગલના એક શિયાળે ત્યાં આવીને એ મૃતદેહને બહાર કાઢયો અને તેને એ આરોગી ગયું. હાડકાં આમતેમ વિખરાઈ ગયાં. પણ માથાની ખોપરી ત્યાં પડી રહી હતી. વિનોદ એ ખોપરીને ઘેર લઈ આવ્યો. પછી એને બરાબર સાફ કરીને પોતાના ધ્યાનખંડમાં મૂકી રાખી. એક દિવસ હેમાંગિનીદેવી એ ખંડ સાફ કરવા આવ્યાં અને ખોપરી પર એમની નજર પડતાં જ તેઓ ભયભીત બનીને વિનોદને કહેવા લાગ્યાં. "વિનોદ, આ શું છે? કયાંથી લાવ્યો? પૂજાના ઘરમાં આ તે કેવો કદાચાર!'

વિનોદે જવાબ આપ્યો, "અરે બેન! તમે શું એને ઓળખી શકતાં નથી? એ તમારા ભત્રીજાની ખોપરી છે. થોડા દિવસ અગાઉ તમે બધાં એના પર કેટલો બધો પ્યાર કરતાં હતાં! એને હસતો જોઈને તમે બધાં કેટલાં ખુશખુશાલ બનતાં હતાં! આ એનું મસ્તક છે, છતાં આજે એ જોઈને તમને મનમાં ઘૃણા અને ભયની લાગણી થઈ આવે છે! તમારા માટે એ ગમે તે હોય, પણ મારા માટે તો એ અત્યંત પ્રિય અને કિંમતી વસ્તુ છે. એને નજર સમક્ષ રાખીને હું મનુષ્યના અંતિમ પરિણામ વિશે વિચાર, મનન અને ચિંતન કરું છું."

હેમાંગિની દેવીએ વિનોદને ફરીવાર પ્રશ્ન કર્યો, "આવા વિચારો કરવાથી તને શો ફાયદો થાય છે?"

વિનોદે એ પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું, 'એવા વિચારોથી શો ફાયદો થાય છે એ તમારાથી નહિ સમજી શકાય, કારણ કે મૃત્યુ ચિંત્વનથી તમારા હૃદયમાં ભય પેદા થાય છે જ્યારે મારા હૃદયમાં એવા વિચારોથી વિવેક-વૈરાગ્યનો ભાવ ઉત્પન્ન થાય છે. એવા વિચારો મને આ સંસારનું સાચું સ્વરૂપ શું છે અને દેહનું અંતિમ પરિણામ

શું છે એની યાદી કરાવી આપે છે. એવા પ્રકારના ચિંત્વનથી હું પરમ શાંતિનો અનુભવ કરું છું.”

ભાઈની આ વૈરાગ્યવિચારની વાત સાંભળીને હેમાંગિની દેવીને સમજાઈ ગયું કે વિનોદ દિવસે દિવસે કેમ વધુ ગંભીર અને ધ્યાનમગ્ન બનતો જાય છે.

ઉત્તરકાળમાં તેઓશ્રી સંઘસંતાનોને કહેતા, “તમારામાં એ જાતના તીવ્ર વિવેક–વૈરાગ્યની ભાવના જ ક્યાં છે! તમે તો તમારો ઘણો સમય અને શક્તિ નકામી વેડફી નાખો છો. આળસ, નિદ્રા, અને જડતામાંજ તમારો સમય પાણીની જેમ રેડાઈ જાય છે. મારો એક સમય હતો, જ્યારે મને કોઈની પણ સાથે એક શબ્દ બોલવાની ઈચ્છા થતી નહોતી. રાત દિવસ, એકે એક પળે હું સમાધિમાં ડૂબી જવા વ્યાકુલ બની રહેતો. ઘણીવાર તો એવું પણ બનતું કે મારી પ્રિય વસ્તુ મગદળ લઈને હું વ્યાયામ કરવા લાગી જતો; પણ ક્યારે મારા હાથમાંથી એ મગદળ ખસી જતું એનું મને ભાન રહેતું નહોતું અને હું સમાધિમાં ડૂબી જતો. ધ્યાન પુરું કરીને જ્યારે હું સ્મશાનભૂમિથી ઘેર પાછો ફરતો ત્યારે મને એવું લાગતું કે બન્ને બાજુએ આવેલાં વૃક્ષો નીચાં નમીને મને નમસ્કાર કરી રહ્યાં છે. ઘડિયાળના કાંટાએ હું કામ કરતો કેટલા કલાક ધ્યાન ધરવું. કેટલા કલાક જપ કરવા, કેટલા કલાક મૃત્યુચિંતન કરવું, કેટલા કલાક વિવેક વિચાર કરવા એ બધું નક્કી કરી એનું નિયમપૂર્વક હું પાલન કરતો. દૃષ્ટિસંયમ, નિદ્રાસંયમ, આહારસંયમ, અને વાણીસંયમ મારા જીવનમાં ઓતપ્રોત થઈ ગયાં હતાં. દૃષ્ટિ–સંયમ મેં એટલો બધો કેળવ્યો હતો કે કોઈ પણ સ્ત્રી પ્રત્યે મારી નજર જતી નહીં, કેટલીવાર ઘેર જમવા જતો ત્યારે મારાં મોટાં ભાભીને ઓળખી સુદ્ધાં શકતો નહીં. નિદ્રાની બાબતમાં હું ઘણો જ સજાગ હતો. એકવાર હું લાગલગાટ છ વર્ષ સુધી ઊંઘ્યો નથી એમ કહું તો તે ખોટું નથી.

પાંચ છ કલાક ધ્યાન-જપ તો હું મારી નગ્નાવસ્થામાં પણ કરતો. અને જ્યારે કપડાં પહેરવા માંડ્યો, પણ સ્નાન કરતી વખતે નાગો થઈને જ સ્નાન કરતો ત્યારે પણ ૧૦-૧૨ કલાક ધ્યાન-જપ કરતો. આહાર નિદ્રાનું ભાન જ જાણે મારામાંથી એલોપ થઈ ગયું હતું. એકવાર એક શનિવારે પરીક્ષા હતી. એટલે શુક્રવારે સાંજ પછી હું તેની તૈયારીમાં પડ્યો. સારી રાત ચોપડી ખોલીને હું ધ્યાનમાં મશગૂલ રહ્યો. સવાર પડી ગયું તેનું ય ભાન મને ન રહ્યું. સવારનું અજવાળું પૂરપાટ ખીલી નીકળ્યા છતાં કેરોસીનનો દીવો બળતો જોઈને ઘરનાં માણસોએ બૂમાબૂમ કરી મેલી ત્યારે જ મારું ધ્યાન તે તરફ ખેંચાયું.

તમે બધા ખૂબ ભાગ્યશાળી છો કે તમને આ બધી બાબતોમાં મદદ કરે એવી વ્યક્તિ તમારી વચ્ચે ઉપસ્થિત છે. મને એવી મદદ કરનાર કોઈ વ્યક્તિ હતી નહિ. એક સામાન્યમાં સામાન્ય મૂંઝવણ દૂર કરવા મારે કલાકોના કલાકો વ્યતિત કરવા પડ્યા હતા. સાધના માટે આ પ્રકારની તન્મયતા તાલાવેલી, દૃઢ નિશ્ચય અને અખંડ નિયમનિષ્ઠા વિના કશું જ થઈ શકે નહિ.

પ્રકરણ પાંચમું

દયાળુ વિનોદ

એક દિવસ હેમાંગિનીદેવીએ વિનોદને પૂછ્યું: 'અરે ઓ બુધો! દૂધની વાડકી લઈને બગીચા તરફ ક્યાં જાય છે?'

વિનોદ એ સમયે નાનો હતો. બચપણથી જ એનું હૃદય કોમળ, સ્નેહાળ અને દયાળુ હતું. આજે જંગલમાંથી પાછા ફરતી વેળાએ એણે જંગલમાં એક ઝાડ નીચે એક ઘોને માંદી સ્થિતિમાં તરફડતી જોઈ. એ જોતાં જ એનું હૃદય ફફડી ઊઠયું. ઘોનું દુઃખ એનાથી સહી શકાતું નહોતું. એને વિચાર આવ્યો કે મારે આ ઘોને દૂધ પીવડાવવું જોઈએ અને એમ કરીને એનું દુઃખ દૂર કરવું જોઈએ.

આમ હોવાથી વિનોદે હેમાંગિનીદેવીને જવાબ આપ્યો, "મોટીબેન, જંગલમાં એક ઘો મરણ અવસ્થામાં છે. તેને માટે હું દૂધ લઈ જાઉં છું."

જંગલમાં કેટલાંય પશુપંખીઓ અને જંતુઓ વસતાં હોય છે અને મરતાં પણ હોય છે. એ બધાની સંભાળ લેવાનું કેમ સંભવી શકે! ભગવાને જીવનું સર્જન કર્યું હોવાથી ભગવાન જ એમનું રક્ષણ કરે છે પણ વિનોદ તો શિશુરૂપે ભગવાન હતો. આ વાતની હેમાંગિનીદેવીને ક્યાંથી ખબર હોય.

હેમાંગિનીદેવીએ કહ્યું, "સારું, પણ જલ્દી પાછો આવતો રહેજે, જો જમવાનો સમય થવા આવ્યો છે, એટલે મોડું ન કરતો."

બાળક વિનોદ જંગલમાં ગયો. પેલી અર્ધમૃત ધોને એણે પ્રેમથી દૂધ પીવડાવ્યું. એટલું જ નહિ એણે ધોને પવન નાખવા માંડ્યો. આ રીતે બાળક વિનોદે ધોની ચાર દિવસ સુંદર માવજત કરી. ધો વિનોદની આ સારવારથી સાજી થઈ. આવું દયાળું હૃદય હતું એ બાળક વિનોદનું !

પૂર્વ બંગાળામાં લગભગ કાયમ વરસાદ પડે છે એ કારણથી સર્વ બાળકો હોડી ચલાવવાનું અને તરવાનું મોટે ભાગે જાણતાં હોય છે.

એકવાર ત્યાં પદ્મા નદીમાં ભારે પૂર આવ્યું હતું. એથી આ પ્રદેશના ઘણા ભાગોમાં પાણી ભરાઈ ગયું હતું.

આવા ચોમાસાના એક દિવસે વિનોદના મોટાભાઈ જિતુ ભૂંઈયા જાળ લઈને માંછલી પકડવા નીકળી પડ્યા. એ વખતે ઘર પર બીજું કોઈ હતું નહિ, વિનોદ એકલો જ ઘરમાં હતો. મોટાભાઇને લાગ્યું કે એકલા માછલી પકડવા જવું સલામતીભર્યું નથી. આથી એમણે વિનોદને પોતાની સાથે આવવા આજ્ઞા કરી. જો કે આ વાત વિનોદની ઈચ્છા વિરુદ્ધની હતી, છતાં મોટાભાઈની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. એવો વિચાર કરીને વિનોદ મોટાભાઈ સાથે ગયો. બન્ને એક હોડીમાં બેસીને પાણીના એક મોટા ખાબોચિયામાં ગયા અને એમણે માછલી પકડવાનું શરૂ કર્યું.

થોડીવારમાં જ જાળમાં એક મોટી માછલી ફસાઇ ગઇ, એમણે એ માછલીને નાવની અંદર આવેલા માછલી રાખવાના ભંડકિયામાં મૂકી દીધી. માછલી પાણી બહાર આવવાને લીધે તરફડી રહી હતી. આ જોઈ જિતુ ભૂંઈયાને થયું કે માછલી કદાચ પાણીમાં કૂદીને પાછી ચાલી જશે. એથી એમણે વિનોદને આજ્ઞા કરી, "વિનોદ, હલેસું લઇને તું માછલીને મારી નાખ જેથી, તે પાણીમાં ચાલી ન જાય."

મોટાભાઈનો આ કઠોર આદેશ સાંભળીને વિનોદનું દયાળુ હૃદય ફફડી ઊઠ્યું. એના શરીરમાં ધ્રુજારી આવી ગઇ. એમનું મન મોટા-

ભાઈની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા જાણે તત્પર બન્યું. એનું મન એને જાણે કહેવા લાગ્યું, "વિનોદ, આવું પાપ તારાથી થઈ શકે ખરું ? એનું મન આમ તર્કવિતર્કે ચઢવા લાગ્યું. એણે પછી જાણીજોઈને માછલી મારવામાં વિલંબ કરવા માંડ્યો અને એવામાં જ માછલી પોતાની સર્વ શક્તિ એકત્રિત કરીને પાણીમાં કૂદી પડી. આમ માછલીને પાણીમાં પડતી જોઈને વિનોદનું હૃદય આનંદથી નાચી ઊઠ્યું.

પાસે યમરાજ જેવા ઊભેલા મોટાભાઈએ વિનોદને ઠપકો આપતાં કહ્યું, "એ બુધિયા, તારાથી એટલું પણ કામ ન થયું ? ઘરમાં એઠાં એઠાં ખાવામાં સમજે છે? ખાધા સિવાય બીજું કશું આવડતું જ નથી? ઘરનાં કામકાજમાં પણ ઠેકાણું નથી !"

વિનોદ મૌન ધારણ કરીને શાંત ઊભો રહ્યો. એણે મોઢામાંથી એક શબ્દ પણ ઉચ્ચાર્યો નહીં.

આ સામાન્ય ઘટના પણ વિનોદની હૃદયવિશાળતાનું કેવું સુંદર અને જ્વલંત ઉદાહરણ બની જાય છે !

થોડા દિવસ પછીની એક વાત છે વિનોદ હવે કિશોર અવસ્થામાં પ્રવેશ્યો છે. બહાર ગામથી એક માછીમાર બાજીતપુરમાં આવીને માછલીઓ વેચવાનો વેપાર કરવા લાગ્યો. રોજ તે માછલીઓ વેચીને પોતાનું ગુજરાન ચલાવવા લાગ્યો. પણ ચાર પાંચ દિવસમાં તે કોલેરાના સંકજામાં સપડાઈ ગયો સાથે કોઈ કુટુમ્બીજન નહોતું. તે એકલો જ હતો. આમ હોવાથી એની સારવાર કરે એવું કોઈ હતું નહી. અને ગામ લોકો પણ કોલેરા જેવા ચેપી રોગના ભોગ બનેલા રોગીની સેવા કેમ કરે ?

આ વાત વિનોદને કાને આવી. તરત જ એ પોતાના બેચાર સહાધ્યાયીઓને પોતાની સાથે લઈને એ માછીમાર પાસે ગયો. એણે એ માછીમારની થોડા દિવસ ખૂબ સારવાર કરી. પરિણામે માછીમાર રોગમાંથી મુકત બન્યો અને પોતાને ઘેર પાછો ફર્યો.

આ રીતે વિનોદે પોતાનું જીવન ગરીબો અને દુઃખી માણસોની સેવા કરવામાં ગાળવા માંડયું. વિનોદ સાચા અર્થમાં ગરીબોનો બેલી હતો.

બીજા એક દિવસે બાજીતપુર ગામના ચાંદ હાલદારે આવીને કિશોર વિનોદને ખબર આપી કે ગામની ભાગોળે કોઈ એક માણસ જાણે મરી ગયો હોય એવી હાલતમાં પડયો છે. આ વાત સાંભળતાં જ કિશોર વિનોદ પોતાના બેચાર સહાધ્યાયીઓને પોતાની સાથે લઈને પેલા અજાણ્યા માણસ પાસે પહોંચી ગયો. આ માણસની ખરાબ હાલત જોઈને એ લોકોએ લોખંડનું એક પતરું માગી લાવીને એની નીચે વાંસ બાંધીને એક સ્ટ્રેચર જેવું બનાવીને એના પર પેલા માણસને સુવાડી ને દવાખાને લઈ આવ્યા. ચાર દિવસ સુધી એ માણસની સારવાર કરવામાં આવી. અંતે તે સાજો થયો. એણે કહ્યું, "હું ખૂબ દૂરના ગામથી આવું છું. રસ્તામાં હું માંદો પડી ગયો. મારે હવે ઘેર જવું છે, પણ મારી પાસે ભાડાના પૈસા નથી."

વિનોદે અને એના મિત્રોએ લોકો પાસેથી પૈસા ઉઘરાવીને આ માણસને આપ્યા. વિનોદની આવી સેવા અને દયા જોઈને પેલા અજાણ્યા માણસનું મસ્તક વિનોદના ચરણમાં ઝૂકી પડયું. વિનોદની સેવાને લીધે એ માણસ પાછો પોતાને ઘેર જઈ શકયો.

*

"આગ લાગી છે! આગ લાગી છે! કોઈ બચાવો રે બચાવો!" એવી કરુણ ચીસો ગામમાં એક દિવસ સંભળાઈ રહી. રાત્રિના બાર વાગ્યાનો સુમાર હતો. એ સમયે વિનોદ ગામ નજીકના જંગલમાં સાધના કરવા ગયો હતો. વિનોદ જયારે જયારે જંગલમાં આવેલી સ્મશાનભૂમિમાં સાધના કરવા જતો, ત્યારે ત્યારે એ પોતાના નાના ભાઈ ભોળાને પોતાની સાથે લઈ જતો. વિનોદ તપ કરવાને બેસતો ત્યારે એના તપમાં કોઈ ખલેલ પહોંચે નહીં એ માટે ભોળો ત્યાં થોડે દૂર ઊભો રહીને ચોકી કરતો.

આજે જયારે ભોળાને કાને પેલી હૃદય વિદારક ચીસો પડી ત્યારે એણે મોટાભાઈને મોટેથી હાક પાડી કહ્યું, "ચાલો મોટાભાઈ, ગામમાં આગ લાગી જણાય છે. અગ્નિ જવાળાઓ ઊંચેને ઊંચે ચઢતી દેખાય છે કદાચ મુસલમાન લત્તામાં આગ લાગી હશે."

તરત જ ધ્યાન છોડીને વિનોદ ઊભો થયો, અને બીજા ચાર-પાંચ યુવાનોને બોલાવીને તે ઘટનાસ્થાન પર જઇ પહોંચ્યો. એ વખતે અગ્નિની પ્રચંડ જવાળાઓએ ઘણાં મકાનોને ભરખી લીધાં હતાં, થોડા માણસો ડોલો ભરીને પાણી છાંટીને અગ્નિ ઓલવવાના પ્રયાસો કરી રહ્યા હતા પણ એમના પ્રયાસો સફળ બનતા નહોતા. આ અગ્નિની જવાળાઓ વધુને વધુ પ્રચંડ બનતી જતી હતી. બાજીતપુર કંઈ મોટું શહેર નહોતું કે એમાં લાયબંબા હોય! આ જોઈને વિનોદે ત્યાં નજીક આવેલા એક ઘરમાંથી પાણીની બે મોટી કોઠીઓ મેળવી. પાસેના તળાવમાંથી એમાં પાણી ભરી લાવીને એણે એ પાણી અગ્નિ પર જોરથી છાંટવા માંડયું. એણે બે કલાક સુધી ભારે જહેમત લઈને આ પ્રમાણે પાણી છાંટયા કર્યું. છેવટે એની આ અથાગ મહેનત અને જહેમતથી આગ કાબૂમાં આવી.

આવા મહાન કાર્ય કરવા બદલ ગામલોકોએ એને ધન્યવાદ આપ્યા. મુસલમાનો એને ભારે માનથી જોવા લાગ્યા. વિનોદના આ પ્રશંસનીય કાર્યની સુવાસ આજુબાજુનાં ગામોમાં પણ ફેલાઇ ગઈ.

પ્રકરણ છઠ્ઠું

મહાપ્રાણ વિનોદ

ઈ.સ. ૧૯૧૮ના આસો મહિનામાં પૂર્વ બંગાળમાં એક ભારે મોટું વાવાઝોડું ફૂંકાયું. પૂર્વ બંગાળના મોટા ભાગના જિલ્લાઓને એની અસર થઈ હતી. કેટલાંક ગામોનો તો સંપૂર્ણ હ્રાસ થવા પામ્યો હતો. લાખો નરનારીઓ વાવાઝોડાનાં ભોગ બન્યાં હતાં. ચારે તરફ પીડિત માનવીઓના આર્તનાદ સંભળાઈ રહ્યા હતા. આવા અભાગી લોકોના આર્તનાદો સાંભળીને વિનોદનું હૈયું જાણે આક્રંદ કરી ઊઠયું. એનો આત્મા કંપી ઊઠ્યો. એણે આવા અભાગી લોકોની મદદે જવા મનમાં સંકલ્પ કર્યો. આ વાતની એમણે પોતાના કેટલાક મિત્રો અને કાર્યકરો સાથે મસલત ચલાવી. મસલત દરમ્યાન એક કાર્યકરે નિરાશા વ્યક્ત કરતાં જણાવ્યું, "જ્યારે લાખો લોકો આ મહાન આફતમાં સપડાયા છે, ત્યારે એમને ઉગારવાનું આપણા બે ચાર જણનું શું ગજું ? આ ઉપરાંત આપણી પાસે એવું કયું મોટું ભંડોળપડયું કે જે લઇને આપણે એમની સેવા કરવા પહોંચી જઈએ ! અન્ન વસ્ત્રો વહેંચવા માટે પણ આપણી પાસે શી જોગવાઈ છે ?"

પણ વિનોદનો ઉત્સાહ આશાની સાક્ષાત્ મૂર્તિ જેવો હતો. એ નિરાશ થવામાં માનતા ન હતા. આશાનો દીપક સદાયે એમના દિલમાં પ્રજવલિત રહેતો હતો. એમણે પેલા કાર્યકરને જવાબ આપતાં કહ્યું, "તમે આ શું બોલો છો ? આપણા હજારો દેશબાંધવો જ્યારે મહાન આપત્તિમાં આવી પડે અને અન્નવસ્ત્રના અભાવે આંખમાંથી

આંસુ સારે ત્યારે આપણાથી શું ચૂપચાપ બેસી શકાય ખરું ? આપણે જો એવા પ્રસંગે નિષ્ક્રિય બનીને બેસી રહીએ તો આપણા જેવા કાયર બીજા કોઈ ગણાય નહીં, પારકાનાં દુઃખો, કષ્ટો અને વ્યથાઓ જોઈને જેનું હૃદય પીગળી ઉઠે એને જ સાચો મનુષ્ય કહી શકાય."

કાર્યકર્તાઓએ વિનોદનું આ કથન સાંભળીને કહ્યું, "જનસેવા એ પ્રભુસેવા છે એ વાતનો બધા જ લોકો સ્વીકાર કરે છે. પણ આપણી પાસે કોઈ ચીજવસ્તુઓ હોય તો જ જનસેવા થઈ શકે; એ વાતનો પણ આપણે મનમાં ખ્યાલ કરવો જોઈએ."

વિનોદે જવાબ આપ્યો, "ચાલો, આપણે આજ ઘડીથી એ મંગલ કાર્યનો પ્રારંભ કરીએ. શુભ કામમાં વિલંબ ન કરવો જોઈએ. ચાલો, આજે જ ઝોળી લઈને નીકળી પડીએ અને ભિક્ષા માગીને ચીજવસ્તુઓ મેળવીએ."

બધાએ વિનોદના આ પ્રસ્તાવને વધાવી લીધો. એ લોકો ગામમાં ફરવા લાગ્યા અને લોકોને ઉદાર હાથે મદદ આપવાની વિનંતિ કરવાં લાગ્યા. એમની આ વિનંતિથી લોકોનાં મન પીગળી ગયાં સૌ પોતપોતાની શક્તિ પ્રમાણે દાન આપવાં લાગ્યા. વિનોદને પોતાના ગામમાં ફરવાથી સંતોષ થયો નહિં, એટલે તે બીજાં ગામોમાં પણ પોતાના કેટલાક સાથીઓને લઈને ઘૂમવા લાગી ગયા, એમણે આ કાર્ય કરવા પાછળ ન જોયાં રાત દિવસ કે ન ગણકાર્યા તાપ અને ઠંડીને ખાવાપીવાનું ટાળીને પણ વિનોદ આ કાર્યમાં મગ્ન રહ્યા.

આ રીતે એમને સારા પ્રમાણમાં દાન મળ્યાં. એમણે એમાંની ઘણી જગાઓ પર રાહત કેન્દ્રો ખોલ્યાં. ભૂખ્યા જનોને અન્ન મળ્યું. વસ્ત્ર વિનાના માનવીઓને વસ્ત્રો મળ્યાં. દરેક કેન્દ્ર પર પણ ભૂખ્યા લોકોને ખાવાપીવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ બધું જનતા તરફથી જ થતું હતું. એમાં સરકારની મદદ કશી હતી નહીં; કારણ કે સરકાર આપણી નહોતી—અંગ્રેજોની સરકાર હતી, આમ

સરકારની સહાય વિના આવું કાર્ય વિનોદે શરૂ કર્યું હતું. એ પરથી જ આપણને એમની અદ્‌ભુત વ્યવસ્થા શક્તિનો ખ્યાલ આવી શકે.

આ બધાં કેન્દ્રો સફળતાપૂર્વક ચાલી રહયા હતાં એ દરમ્યાન વિનોદને મનમાં વિચાર આવ્યો કે હજી આ કેન્દ્રોને વધુ વિશાળ બનાવવા જોઇએ. મોટા પાયા પરના કેન્દ્રો ઉઘાડવાની વિનોદને જરૂર જણાઈ. એથી તેઓ કલકત્તા આવ્યા દેશબંધુ ચિત્તરંજનદાસ, શ્રી પી. સી. રોય જેવા મહાન દેશ નેતાઓની આ અંગે મુલાકાત લીધી. એમની સાથે મંત્રણાઓ કરી અને એમને મોટા પાયા પરનાં કેન્દ્રોની મહત્તા સમજાવી. આ નેતાઓએ એ કાર્યમાં પોતાનો પૂરેપૂરો સહકાર આપવાની ખાત્રી આપી. વિનોદને આથી ભારે સંતોષ થયો. પોતાનું કાર્ય હવે સારી રીતે પાર પડશે, એવી શ્રદ્ધા એમના દિલમાં પ્રગટી ઊઠી. નેતાઓના સહકારથી ઈસ્ટ બેંગાળ રિલિફ કમિટિની સ્થાપના થવા પામી. આ બધાં કેન્દ્રોની વ્યવસ્થા કરવાની જવાબદારી વિનોદને માથે હતી. પણ એમણે એ જવાબદારી ઘણી સારી રીતે પાર પાડી. લોકો એમની સંગઠનશક્તિ અને વ્યવસ્થા શક્તિ જોઈને આશ્ચર્યચકિત બની ગયા અને કહેવા લાગ્યા; "ધન્ય છે વિનોદની વ્યવસ્થાશક્તિ અને એની જનસેવાની ભાવનાને! ખરેખર માનવના રૂપમાં તે ગરીબોનો ઈશ્વર છે. અનાથ અને પીડિતોનો એ સાચો બેલી અને બંધુ છે."

આમ વિનોદે પોતાની વ્યવસ્થાશક્તિની અજોડતાનું લોકોને દર્શન કરાવ્યું.

✻

ઈ. સ. ૧૯૨૧નો મે મહિનો ચાલતો હતો. ખુલના જિલ્લાના સાતક્ષીરા તાલુકામાં અને આસપાસનાં કેટલાંક ગામોમાં છેલ્લા ત્રણ ચાર વરસથી અનાવૃષ્ટિને કારણે ઉપરા ઉપરી દુકાળો પડી રહ્યા હતા. આવી દુષ્કાળની પરિસ્થિતિથી એ પ્રદેશના હજારો માણસો ભૂખે મરવા લાગ્યા હતા. સુંદરવન પ્રદેશ અનાવૃષ્ટિને કારણે સાવ ઉજજડ,

વેરાન અને સૂકો બની ગયો હતો. રોજ અનેક અખબારોમાં આ ભયંકર દુકાળથી ઉભા થએલાં દુઃખોનો કરુણ ચિતાર આપવામાં આવતો. સરકારનું ધ્યાન પણ આ બાબત પ્રત્યે ખેંચાયું. વૈજ્ઞાનિક આચાર્ય પ્રફુલ્લચંદ્ર રોય અને બંગાળના અન્ય મોટા મોટા નેતાઓ આ ભયંકર દુષ્કાળની પરિસ્થિતિ હળવી કરવા ભારે પ્રયાસો કરવા લાગ્યા. બાળ બ્રહ્મચારી વિનોદ આ જોઈને નિષ્ક્રિય બનીને બેસી રહે એ તો સંભવિત જ કેમ બની શકે ? એમણે પણ આ માનવસેવાના કાર્યમાં ઝુકાવ્યું. એમનું વ્યક્તિત્વ એવું તો આકર્ષક અદ્ભુત અને પ્રભાવશાળી હતું કે એમની પાછળ પાછળ સેંકડો યુવાનો પણ આ સેવાયજ્ઞમાં જોડાયા. રાહતકાર્ય ખૂબ ઝડપથી અને ઉત્સાહથી આગળ વધવા લાગ્યું.

ડો. પ્રફુલચંદ્ર રોયે બાળ બ્રહ્મચારી વિનોદને એક દિવસ કહ્યું, "વિનોદજી, આ વખતે આપણે એવી પદ્ધતિથી કામ ચલાવવું પડશે કે કોઈ પણ માનવી આ દુષ્કાળમાં ભૂખને કારણે મરણ પામે નહિ અને વિનોદજી, એક બીજી વાત સાંભળી લો કે પૈસાની સર્વ જોગવાઈ મેં કરી લીધી છે એ બાબત અંગે આપ નિશ્ચિંત રહેજો."

ડો. પ્રફુલ્લચંદ્ર રોય પોતે સાતક્ષીરા તાલુકાના વતની હતા, બ્રહ્મચારી વિનોદને બોલાવીને તેમણે દુષ્કાળ રાહત સમિતિની સ્થાપના કરી અને ફંડ માટે દેશભરમાં અપીલ કરી. આ અપીલનો દેશે સારો જવાબ વાળ્યો લોકોએ ઉદાર હાથે નાણાં આપવા માંડયા. બ્રહ્મચારી વિનોદજીની આગેવાની હેઠળ સેંકડોની સંખ્યામાં સ્વયંસેવકોએ માનવ સેવાર્થે સક્રિય સહાય આપીને રાહતકાર્યને ખૂબ ઝડપથી સફળતાપૂર્વક આગળ ધપાવવા માંડયું. બાળ બ્રહ્મચારી વિનોદજીમાં એવી તો પરમ પ્રેરણાની જ્યોત જલતી હતી કે જેના પ્રકાશથી આકર્ષાઇને અનેક યુવાનો એમના સાથીઓ બનીને રાહતકાર્યમાં જોડાવા લાગ્યા હતા. આ સ્વયંસેવકો અજબ લગનીથી, ટાઢ, તડકો અને ભૂખતરસ જોયા

વિના કામ કરી રહ્યા હતા. આ બધાની પાછળ વિનોદજીના હૃદયની વિશાળતા અને પ્રખર વ્યક્તિત્વ કામ કરી રહ્યાં હતાં. એમનો પ્રભાવ એવો તો અનન્ય અને પ્રચંડ હતો કે એમના સંપર્કમાં આવનાર વ્યક્તિ એમનો અનુયાયી બન્યા વિના રહે જ નહીં.

સુંદરવન પ્રદેશ વિશે એક કહેવત છે કે "પાણીમાં મગર અને જમીન પર વાઘ વસે છે." પરમ પવિત્ર ગંગા હિમાલયથી નીકળીને આખા ઉત્તર ભારતને પાર કરી આ પ્રદેશમાંની સેંકડો નદીઓ અને નહેરોમાં વિભક્ત થઈને સમુદ્ર સાથે અંતે સુખદ મિલન સાધે છે. અહીંનાં જંગલોમાં જ્યાં ત્યાં 'રોયલ બેંગાલ ટાયગર' દેખાય છે અને પાણીમાં મોટા મોટા મગરો વિકરાળ મોઢું બહાર કાઢીને તરતા હોય છે. આવા દુર્ગમ વિસ્તારમાં બ્રહ્મચારી વિનોદજીએ રાહત-કાર્ય શરૂ કર્યું હતું. થોડા દિવસ બાદ, ઘણા સ્વયંસેવકો ખૂબ પરિશ્રમ અને કામને લીધે માંદા પડયા. આમ છતાં વિનોદજી હતાશ બન્યા નહીં કે એમણે પોતાનું રાહતકાર્ય સમેટી લીધું નહીં. વ્યથાહારી વિશ્વનાથરૂપે બે હાથે આશીર્વાદ આપતા આપતા સ્નેહાળમાતા બનીને આખા પ્રદેશમાં ઘૂમવા લાગ્યા. અને રાહતકાર્યોનું સુંદર સંચાલન જાત દેખરેખથી કરવા લાગ્યા. આ મહાપ્રાણ માનવી અભાગી માનવીઓની વ્યથાઓ, એમનાં દુઃખો, અને એમની આપત્તિઓ કેવી રીતે જોઈ શકે? એ લોકોનાં દુઃખ પોતાનાં જ દુઃખો છે એવો અનુભવ તેઓ કરી રહ્યા હતા. આથી એ લોકોનાં દુઃખ દૂર કરવા માટે તેમણે કશી કમી રાખી નહિ. તેઓ પવનવેગે આ પ્રદેશના એક છેડાથી બીજા છેડા સુધી ભ્રમણ કરવા લાગ્યા.

તેઓ કહેતા, "પારકાનાં દુઃખો જોઈ જેમનું હૃદય હાલી ન ઊઠે, બીજાઓની વ્યથાઓ નિહાળીને જેનું મન રડી ન ઊઠે અને અન્ય લોકોના દુઃખોને પોતાનાં જ દુઃખો ગણવાની ભાવના જેમનામાં પ્રગટી ન શકે એવા માણસો શું ધૂળ દેશસેવા કે સમાજસેવાનાં કામો કરી શકવાનાં છે?" એમના આ કથનમાં એમની પરદુઃખ-

ભંજનની ભાવનાની પ્રતીતિ આપણને થયા વિના રહેતી નથી.

રાહત કાર્યોમાં સેંકડો સ્વયંસેવકો પોતાની સેવાઓ આપી રહ્યા હતા. આ સ્વયંસેવકોની મુશ્કેલીઓ કંઈ ઓછી નહોતી. ઘણીવાર તો પાણીથી છલકાતી નદીઓ એમને ઓળંગવી પડતી, મજૂરોના અભાવે ઘણીવાર એમને જાતે ચોખાની ગુણીઓ માથે ઊંચકીને રાહત કેંદ્રોમાં લઈ જવી પડતી; પીવાના પાણીનો અભાવ હોવાથી એ લોકોને ગંદુ પાણી પીવાની પણ ફરજ પડતી. આ પ્રકારની અસહ્ય દુઃખદ સ્થિતિ ઘણા સ્વયંસેવકો સહન કરી શક્યા નહિ. પરિણામે તેઓ એમના ઘેર પાછા ફર્યા. પરંતુ એમનામાંના કેટલાક બ્રહ્મચારી વિનોદના પ્રેમાળ સ્વભાવ અને વૈરાગ્યપૂર્ણ વાતોથી આક- ર્ષણ પામ્યા હતા. આવા લોકોએ સંસારનો ત્યાગ કરીને દેશસેવા અને જનસેવાના કાર્યમાં જિંદગી સમર્પણ કરવાનો નિશ્ચય કર્યો. બ્રહ્મચારી વિનોદ પણ આવાં ત્યાગવ્રત ધારણ કરનાર યુવકોની જ પ્રતીક્ષા કરી રહ્યા હતા. એમનો વિચાર ભવિષ્યમાં એક મહાન સંઘનો પાયો નાખવાનો હતો અને એ માટે આવા યુવાનોની ખાસ જરૂર હતી.

તેઓશ્રીએ પોતાના ઉત્તર સાધકોને ઓળખી લઈને કહ્યું, "આવા સાર્વજનિક રાહતકાર્યમાં કેટલાય માણસો આવે છે અને જાય છે. સૌ સૌની શક્તિ પ્રમાણે સૌએ મદદ કરી છે. પણ તમારા લોકોના જીવનનો ઉદ્દેશ જુદો છે; તમે બધા કરતાં નિરાળા છો, પેલા લોકો સાથે તમારી સરખામણી થઈ શકે નહીં. તમે લોકો જુદી માટીથી ઘડાયા છો. તમારા જીવન દ્વારા શ્રી ભગવાન મહાન કાર્ય સંપાદન કરાવશે. તમો એ માટે તૈયાર થઈ જાવ, સ્વાતંત્ર્યનું ભાન હૃદયમાં જાગ્રત રાખજો."

બ્રહ્મચારી વિનોદ આ યુવકોના જીવનઘડતરને ઉત્તમ બનાવવા માટે વિવિધ રીતે પ્રયાસો કરવા લાગ્યાં. ઘરના માબાપ કરતાંય વધુ પ્રેમાળ બનીને તેઓ એમની સંભાળ લેતા, એમને ઉપદેશ આપતા

અને એ લોકોની સેવા પણ કરતા. આ યુવાનોને પણ લાગવા માંડયું કે તેઓનો જીવનપંથ સ્વતંત્ર અને જુદો છે. સંસાર અનિત્ય છે, દેહ નશ્વર છે, દુન્યવી ભોગસુખ ક્ષણભંગુર છે. આ મિથ્યા મોહજાળમાં ફસાઈ જઈને જીવન બરબાદ કરવાની મહાભૂલ આપણે કરવી જોઈએ નહીં.

દુષ્કાળ રાહત કાર્ય પૂરું થયું. બધા સ્વયંસેવકો પોતપોતાના ઘર તરફ ચાલી નીકળ્યા. પરંતુ કેટલાક મહાપ્રાણ પવિત્ર આત્મા-વાળા યુવાનો બ્રહ્મચારી વિનોદજી સાથે રહેવા લાગ્યા.

આ સમયે એક ઘટના બની. સુંદરવન પ્રદેશમાં ફરીફરીને ઘણા સ્વયંસેવકોને મેલેરિયા રોગ લાગુ પડયો અને એ રોગમાં વિનોદ સપડાઇ ગયા. સેવકો એમને આશાશુની કેન્દ્રમાં સારવાર માટે લઈ ગયા. પરંતુ મેલેરિયા ઓછો થવાને બદલે વધતો ચાલ્યો. એક દિવસ એમને ૧૦૭ ડિગ્રી તાવ ચઢયો. એમની પીડાનો કોઈ પાર રહયો નહીં. વેદનામાં તેઓ બોલવા લાગ્યા, "પ્રાણ ગયો, હું હવે નહિ જીવુ, હું મરી જઈશ.

એ જોઈને એક સેવકના મનમાં સંશય થયો કે આવા માણસને મહાપુરુષ કેમ કહેવાય? જે માણસ તાવની પીડા સહન કરી ન શકે તેમને મહાપુરુષ કહેવા કે સામાન્ય માણસ? જે તપસ્વી હોય અને ભગવદ્ અવતારી પુરુષ હોય એને શું રોગની પીડા સતાવે ખરી? અને એમને એવી પીડા કદાચ થાય તોપણ એમણે તો શાંતિ જ ધારણ કરવી જોઈએ.

સેવકની અંદર આ જાતની શંકા પેદા થતાંની સાથે જ બ્રહ્મચારી વિનોદ એકદમ શાંત થઈ ગયા. સ્થિર અને નિશ્ચલ ભાવથી જાણે કશું થયું ન હોય એ રીતે પથારી ઉપર બેસી રહ્યા. પંદરેક મિનિટ સુધી તેઓ એવી મૌન સ્થિતિમાં રહ્યા. પછી પેલા સેવકને ગંભીર અવાજે ટકોર કરતાં કહ્યું, "વ્યાધિ(રોગ)તો બુદ્ધ શંકરાચાર્ય અને ભગવાન ચૈતન્યને પણ થયો હતો."

પોતાના મનની વાત બ્રહ્મચારી વિનોદે જાણી લીધી, એથી સેવકના આશ્ચર્યનો પાર રહ્યો નહીં.

આ વાત પરથી બે વસ્તુઓ સ્પષ્ટ થાય છે; એક તો તેઓશ્રી અંતર્યામી પુરુષ હતા. અને બીજું તેઓશ્રીએ પોતાની તુલના બુદ્ધ, શંકરાચાર્ય અને ચૈતન્યદેવની સાથે કરી બતાવી.

પ્રકરણ સાતમું

દીક્ષાકરણ અને તપશ્ચર્યા

નવરાત્રિના દિવસો આવ્યા. શ્રી શ્રી દુર્ગાપૂજા એટલે મોટામાં મોટો તહેવાર. ગામની શાળામાં રજા પડી ગઈ હતી. બાળકો, વિદ્યાર્થીઓ અને વડીલો માતા દુર્ગાદેવીના આગમનથી જાણે નાચી ઊઠયાં.

વિનોદના શરીર અને મનમાં વૈરાગ્યનાં લક્ષણો દેખાવા લાગ્યાં. ગામનાં સ્ત્રીપુરુષો અને બાળકો નવાં નવાં વસ્ત્રો પહેરીને એકબીજાનાં ઘરોની મુલાકાત લઈને આ મહાન તહેવારની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવા લાગ્યાં. વિનોદનો બ્રહ્મચર્યવ્રતની દીક્ષા લેવાનો સંકલ્પ દૃઢ થયો. શાળાના આચાર્યશ્રીની વાત વિનોદને યાદ આવી "તમારે કોઈ ગુરુ પાસે દીક્ષા લેવાની હોય તો તમને ગોરખપુરમાં યોગીરાજ બાબા ગંભીરનાથ પાસે હું લઈ જઈશ."

વિનોદે આચાર્ય શ્રી વીરેન્દ્રબાબુને પોતાનો આ સંકલ્પ કહ્યો અને તરતજ તેઓ બંને યોગીરાજ પાસે જવા તૈયાર થઈ ગયા. ટિકિટભાડાના પૈસાની માગણી વિનોદે મોટી બહેન હેમાંગિનીદેવી પાસે કરી. પૈસા મળ્યા એટલે વિનોદ અને આચાર્યશ્રી ગોરખપુર પહોંચીગયા.

ઈ. સ. ૧૯૧૩માં દશેરાના બીજે દિવસે એકાદશીની પવિત્ર તિથિએ દીક્ષા લેવાનું નક્કી થયું. બીજા બે ચાર માણસો પણ દીક્ષા લેવા હાજર હતા. દીક્ષા લેવા માટે જ્યારે વિનોદનો વારો આવ્યો ત્યારે તેઓ બેપત્તા થઈ ગયાં. વીરેન્દ્રબાબુ અને અન્ય માણસોએ

આખા આશ્રમમાં વિનોદની તપાસ કરવા માંડી. છેવટે વિનોદનો કશો પત્તો લાગ્યો નહીં. આથી નાથજી (બાબા ગંભીરનાથજી)ને આ વાતની જાણ કરવામાં આવી. નાથજીએ આ વાત સાંભળીને કહ્યું. "વહ તો કલસે ઉસ પેડકે નીચે બેઠા હૈ, વહાંસે ઉસકો લે આઓ"

બધા એ ઝાડ પાસે દોડતા ગયા અને જોયું તો વિનોદ ધ્યાનમાં બેઠા હતા. આ જોઈને મનમાં જરા આશ્ચર્ય થયું. છેવટે એ લોકો વિનોદને લઈને નાથજી પાસે હાજર થયા.

નાથજીએ વિનોદની ભવ્ય મુખમુદ્રા જોતાં જ આચાર્યશ્રી વિરેન્દ્ર-બાબુને કહેવા માંડયું, "યે કૌન હૈ ? કહાંસે તુમ ઈસકો લાયે હો ? યે તો જન્મસે હી સિદ્ધ પુરુષ હૈ. ઈસે દીક્ષા લનેકી કોઈ જરૂરત નહી હૈ."

ગંભીરનાથજીએ પોતાની અંતર્દષ્ટિથી જોઈ લીધું કે આ યુવાન ભવિષ્યમાં એક મહાન આધ્યાત્મિક આચાર્ય બનીને સંઘ મારફતે લોક કલ્યાણનાં કાર્યો કરવાની શકયતા ધરાવે છે. આવું જાણી લઈને ગંભીરનાથજીના મનના આનંદનો કોઈ પાર રહ્યો નહીં.

નાનપણથી જ સિદ્ધ મહાપુરુષ હોવા છતાં વિનોદને દીક્ષા લેવાની જરૂર શા માટે પડી ? જેઓ ભવિષ્યમાં જગદ્‌ગુરુ બનીને લાખો નર-નારીની પૂજા-આરતી સ્વીકારવાનાં હતા અને દેશમાં ગુરુવાદનો પ્રચાર કરવાના હતા. તેઓ પોતે જ ગુરુને ન માને તો એમનું એ આંદોલન કદાપી સફળ બને નહીં

દીક્ષાની વિધિ પૂરી થઈ, દીક્ષા લીધા પછી એમને બ્રહ્મચારીની પદવી મળી.

સાધના માટે બ્રહ્મચારી વિનોદે થોડા દિવસ મઠમાં રહેવા માટે પોતાની ઇચ્છા દર્શાવી. આથી તેઓ મઠમાં રહ્યા અને આચાર્યશ્રી વીરેન્દ્રબાબુ પોતાને ઘેર પાછા ફર્યા. બ્રહ્મચારી પહેલાં કરતાં વધુ અંતર્મુખી બનીને દિવસરાત ધ્યાનમાં ડૂબી રહેવા લાગ્યા. નાથજી પોતે જાતે તપાસ કરીને વિનોદને કોઈ કોઈ વાર ખવડાવતા.

મઠમાં એક બીજા પણ બ્રહ્મચારી હતા. એમનું નામ હતું. કાલિનાથ. તેઓ આશ્રમમાં ઘણું કામ કરતા હતા. એમને બ્રહ્મચારી વિનોદના યોગયુક્ત મન વિશે કશી જ ખબર ન હતી. એથી તેઓએ એક દિવસ રીસાઈ જઈને બ્રહ્મચારી વિનોદને ઠપકો આપ્યો, “તમે તો કેવા બ્રહ્મચારી છો? ઝાડ નીચે આખો દિવસ આંખો બંધ કરીને બેસી રહો છો. પણ આમ કંઈ ચાલે? બધાંને પેટ હોય છે. મહેનત કર્યા સિવાય પેટ ભરાય?” બ્રહ્મચારી વિનોદ કશો જવાબ આપ્યા વિના જ એમની પાસેથી ચાલ્યા ગયા.

બીજે દિવસે બ્રહ્મચારી વિનોદ જ્યારે જમવા આવ્યા ત્યારે પણ પેલા કાલિનાથે ઠપકો આપતાં કહ્યું, “તમે જમવા આવવાનું તો ભૂલતા નથી, પણ જ્યારે કામ કરવાનું હોય છે, ત્યારે તમે આખી દુનિયાને ભૂલી જાઓ છો. કસરત કરી કરીને શરીર તો અલમસ્ત બનાવ્યું છે પણ એક ગ્લાસ પાણી લાવી આપીને સેવા કરતાં તમને મેં જોયા નથી. ગુરુ પાસે દીક્ષા લીધી પણ ગુરુની સેવા કરવાનો આગ્રહ તમારામાં મેં જોયો નહીં. આશ્રમમાં બધા આશ્રમવાસીઓ કંઈને કંઈ કામ કરીને પ્રસાદ લેતા હોય છે. તમે તો જાણે બીજા ગુરુ બનીને અહીં આવ્યા હોય એવું લાગે છે.”

આ વાગ્બાણ બ્રહ્મચારી વિનોદથી સહન થઈ શક્યું નહીં. તેમણે તરત જ કાલિનાથનો હાથ પકડીને કહ્યું, “જુઓ, તમે વધુ બકબક કરશો નહીં. હું અહીં આશ્રમમાં શું કરું છું તે તમને ક્યાંથી ખબર પડે? તમને માત્ર લાકડાં કાપતાં, રોટલી વણતાં અને ગુરુદેવની ચલમ ભરતાં જ આવડે છે. તમે કોઈ દિવસ ધ્યાનજપ કર્યાં છે? ગુરુની સેવા કઈ રીતે કરવી, તેની મને ખબર છે. જો મારા આ કથન પર વિશ્વાસ ન આવતો હોય તો નાથજીને પૂછી જુઓ. હું તમારી આ જાતની દાદાગીરી હવે ચલાવી લઈશ નહીં.”

બ્રહ્મચારી વિનોદનો આવો આકરો જવાબ સાંભળીને કાલિ-

નાથને લાગ્યું કે વિનોદ મારું અપમાન કરી રહ્યા છે. આથી એકદમ ક્રોધે ભરાઈને તેઓ નાથજી પાસે ગયા અને વિનોદ વિશે ફરિયાદ કરી.

કાલિનાથની વાત સાંભળીને નાથજીએ જવાબ આપ્યો, "'ઉસકો કુછ મત કહીએ. જિસ તરહસે વહ મેરી સેવા કરતા હૈ એસી સેવા તુમસે નહીં હોગી, વહ કૌન હૈ યહ તો મૈં જાનતા હૂં.''

નાથજીએ આમ બ્રહ્મચારી વિનોદની તરફેણ કરી એટલે કાલિનાથ ચૂપ થઈ ગયા. છતાં કાલીનાથને સમજાયું નહીં કે નાથજી શા માટે વિનોદ પર આટલો બધો પ્રેમ રાખે છે. જો કે એ દિવસથી એમણે વિનોદને ઠપકો આપવાનું બંધ કર્યું, છતાં વિનોદ પ્રત્યે એમને મનમાં તો ગુસ્સો અને તિરસ્કાર જ હતાં, પણ થોડા દિવસ બાદ પ્રસંગવશાત્ કાલિનાથની વિનોદ વિશેની બધી શંકાઓ દૂર થઈ ગઈ.

એકવાર કાલિનાથ અચાનક મરડાના રોગમાં સપડાઈ ગયા. તેમને વારંવાર પેલા ઝાડ પાસે થઈને શૌચ જવું પડતું. દરેક વખત તેમણે જોયું તો બ્રહ્મચારી વિનોદ ઝાડ નીચે દિવસરાત હંમેશા ધ્યાનમગ્ન જ દેખાયા કરતા હતા. એક પણ વાર એમણે વિનોદને આંખ ખોલેલી દશામાં જોયા નહીં. આથી કાલિનાથને ખ્યાલ આવ્યો કે વિનોદ કોઈ સામાન્ય તપસ્વી નથી. વિનોદ જરૂર મનુષ્યરૂપે સ્વયં વિશ્વનાથ છે. બ્રહ્મચારી વિનોદે આઠ મહિના ગોરખપુરના મઠમાં રહીને ઉગ્ર તપસ્યા કરી. તેઓ મઠમાં રહ્યા એ દરમ્યાન તેઓ શ્રીનાથજી સાથે બહુ વાતચીત કરતા ન હતા; પરંતુ નાથજી પોતે એમને એક અદ્દભુત સાધકપુરુષ જાણીને એમની ખૂબ સંભાળ રાખતા, ગુરુ અને શિષ્ય–બંનેનો સ્વભાવ શાંત, ગંભીર અને અન્તર્મુખી હતો. શક્તિશાળી ગુરુ અને શક્તિશાળી શિષ્યનું આવું સુભગ મિલન જગતમાં ખરેખર વિરલ જ હોય છે.

✻

બાબા ગંભીરનાથજીની સંમતિ લઈને બ્રહ્મચારી વિનોદ કાશીમાં તપ કરવા પહોંચ્યા. કાશીમાં તેઓ કોઈ એક અજાણ્યા માણસની જેમ પવિત્ર ગંગાના કિનારે તપ કરવા બેસતા હતા. કોઈ ખાસ નિશ્ચિત જગ્યા વિના એમને ધ્યાનજપમાં ઘણાં વિઘ્નો આવતાં હતાં.

એક દિવસ શહેરમાં એક ગીચ વસ્તીની અંદર તેઓ કોઈ મકાન ભાડે લેવા આંટા મારતા હતા. એવામાં એક બંગાળી માણસે એમનો પ્રતાપી અને પ્રભાવશાળી ચહેરો જોઈને પૂછયું, "આપ અહીં શું શોધો છો ?"

બ્રહ્મચારી વિનોદે જવાબ આપતાં કહ્યું, "હું એકાદ મકાનની શોધમાં છું. જો એવું કોઈ મકાન મળી આવે તો એમાં એકાંતવાસ સેવીને તપ કરવાની મારી ઈચ્છા છે."

આવા ઉચ્ચ કોટિના સાધુચરિત પુરુષને મદદ કરવાની ઈચ્છાથી પેલા માણસે બ્રહ્મચારી વિનોદને કહ્યું, "જુઓ, અહીં એક સારું મકાન છે. એક ડોશીમાનું મકાન છે. તે પણ ઈચ્છે કે જો કોઈ સારો ભાડવાત મળે તો મકાન ભાડે આપવું છે. જો કોઈ સારો ભાડવાત મકાનમાં હોય તો પોતાને કશો ભય લાગે નહીં એમ તે માને છે, અને એક બીજી પણ શરત છે કે દિવસના તમે મકાન છોડીને ગમે તે જગાએ જાવ; પણ રાતના તો તમારે મકાનમાં જ રહેવું."

બ્રહ્મચારી વિનોદને આ વાત ગમી. તેઓ પેલી વૃદ્ધા પાસે ગયા. વૃદ્ધાએ વિનોદજીનો સૌમ્ય, સુરેખ અને સાત્ત્વિકતાની છાપ ઉપસાવતો ચહેરો જોઈ મનમાં આનંદનો એક અનુભવ કર્યો. બ્રહ્મચારી વિનોદ એ મકાનમાં રહેવા લાગ્યા. પેલી વૃદ્ધાને વિનોદ માટે એટલો બધો વાત્સલ્યભાવ થઈ આવ્યો કે તેઓ સાત્ત્વિક અને શુદ્ધ ભોજન બનાવીને બ્રહ્મચારી વિનોદ માટે એક થાળી ઢાંકીને મૂકી રાખતાં હતાં.

કાશીની અંદર ઈતિહાસ પ્રસિદ્ધ સ્થળ 'હરિશ્ચન્દ્ર ઘાટ' આવેલો છે. બ્રહ્મચારી વિનોદે તપ માટે આ સ્થાન પસંદ કરીને ત્યાં સાધના કરવાનો નિશ્ચય કર્યો. આ જગા સ્મશાનભૂમિ છે અને ચોવીસે કલાક ત્યાં ચિતાઓનો અગ્નિ સળગ્યા કરતો હોય છે. આ સ્મશાન-ભૂમિના એક ભાગમાં બેસીને બ્રહ્મચારી વિનોદ ધ્યાનમગ્ન રહેવા લાગ્યા. સામે ચિતાની ઊર્ધ્વગામી શિખાઓ પ્રજ્વલિત બનતી જોઈને એમના મનમાં વિવેક-વૈરાગ્યની ભાવના તીવ્ર બનવા લાગી. ગંગા નદી મધુર નાદે વહેતી હતી, ઉપર ખુલ્લું આકાશ હતું; જનકોલાહલ તો ત્યાં હતો નહીં. બધી રીતે આ જગા તપ સાધના માટે ખૂબ અનુકૂળ હતી.

જે દિવસે અહીં યાત્રાળુઓની ભારે મોટી ભીડ જામતી હતી ત્યારે બ્રહ્મચારી એ જગા છોડીને 'અસિઘાટ' પર જઈને ધ્યાનમાં બેસતા હતા. આ સ્થાન પણ ખૂબ નિરાળુ અને શાંત હતું. બ્રહ્મ-ચારીજી અહીં ધ્યાનમાં એટલા બધા તલ્લીન બની જતા કે એમનું મન, રૂપ-રસ-ગંધ-સ્પર્શમય આ વાસ્તવ જગત્ સાથેનો સંબંધ છોડીને જાણે કોઈ અનિર્વચનીય સ્વર્ગીય આનંદમાં વિહરવા લાગતું. એ આનંદથી તુલનામાં આ જગતનો આનંદ તુચ્છ હોય છે.

અસિઘાટ પર કઠોર તપસ્યા કરીને એક દિવસ તેઓ માંદા પડયા. એમને ખૂબ તાવ આવ્યો. એ સમયે એમને મનમાં વિચાર આવ્યો. "જો નાથજી ખરેખર અંતર્યામી અને અલૌકિક શક્તિવાળા હોય તો તેમણે મને શા માટે યોગક્રિયાઓ ન શીખવી ? હું ગોરખ-પુર નહિં જાઉં, જો નાથજી ખરેખર અંતર્યામી હશે તો અહીં આવીને મને યોગક્રિયાઓ શીખવી જશે."

એમના મનમાં આવા વિચારો આવતાંની સાથે જ બાબા ગંભીરનાથજી સૂક્ષ્મદેહે તેમની સમક્ષ હાજર થઈ ગયા અને બોલ્યા, "તુમ તો સબ કુછ જાનતે હો, ફિર મુઝે બુલાનેકી ક્યા જરૂરત થી ?"

પછી નાથજીએ બ્રહ્મચારી વિનોદને ઘણી સૂક્ષ્મ યોગપ્રક્રિયાઓ શીખવી. બ્રહ્મચારી વિનોદે ધીરે ધીરે હઠયોગ અને રાજયોગનું રહસ્ય સમજી લીધું. તે પછી નાથજી ત્યાંથી અદશ્ય થઈ ગયા. ત્યારબાદ એકવીસ દિવસના મહાવરાથી બ્રહ્મચારી વિનોદ યોગવિદ્યામાં નિષ્ણાત થઈ ગયા હતા.

ઉત્તરકાળમાં તેઓશ્રી સંઘસંતોને કહેતા, "નાથજી એટલા બધા યોગશક્તિવાળા પુરુષ હતા કે એમની આજ્ઞાથી સૂર્ય અને ચંદ્ર પણ એમની ભ્રમણ કક્ષામાંથી ચલિત થઈ જાય." આવા એક મહાન ગુરુની યોગશક્તિનો સંચાર બ્રહ્મચારી વિનોદના હૃદયમાં થયો હતો.

પ્રકરણ આઠમું

બાજીતપુરમાં પુનરાગમન

કાશીથી બાજીતપુર પાછા ફરતાં, બ્રહ્મચારી વિનોદ ગયાજીમાં તપસ્યા કરવા ઊતર્યા હતા. ત્યાં ગુરુ બાબા ગંભીરનાથના તપસ્યા-સ્થાન કપિલધારામાં તેઓ રહેવા લાગ્યા. અહીં તેઓ રહ્યા એ દરમ્યાન તેમને ત્યાંના પંડયાઓ સાથે પિંડઅર્પણની બાબતમાં સંઘર્ષ થયો. તેમણે વિચાર કર્યો કે, 'જો આ પંડયાઓ મારા જેવા સશક્ત માણસને પણ હેરાન કરવાનું સાહસ કરી શકતા હોય તો તેઓ સેંકડો ભોળાં અને સરળ યાત્રાળુઓને તો કેવી યે હેરાન-ગતિ પહોંચાડતા હશે? ભવિષ્યમાં હું અહીં આશ્રમ બનાવીશ અને યાત્રાળુઓને એમાં આશ્રય આપીશ. પછી પંડયાઓની કનડગત એ લોકોને રહેશે નહીં.

બ્રહ્મચારીજી બાજીતપુર પાછા ફર્યા. ગામના વડીલો અને એમના બાળમિત્રોના આનંદનો કોઈ પાર રહ્યો નહીં. બધા એમ માનતા હતા કે વિનોદ સાધુ બની ચૂકયા છે અને તેઓ ગામમાં પાછા આવશે નહીં. પણ બ્રહ્મચારીની એક વિશેષતા હતી કે જયાં એમનું જન્મસ્થાન હતું ત્યાં જ એમની તપોભૂમિ, સિદ્ધિ પ્રાપ્તિ અને લોકકલ્યાણની ભાવનાને વરેલા સંઘની સ્થાપના થઈ હતી. તેઓ ગામમાં આવ્યા હતા. પણ દીક્ષા લીધા પછી કદીએ એમણે ભૂંઈયાજીના ઘરમાં પ્રવેશ કર્યો નહોતો. ઘર બહાર સાધનાકુટિર, સ્મશાનભૂમિ અને પ્રખ્યાત સિધ્ધેશ્વરી માતાના વડ નીચે

રહીને જ તેઓ તપ કરતા હતા. તે વખતનું તપ એટલું તો કઠોર હતું કે ઘણીવાર તેઓ કહેતા કે, "હું જ્યાં તપ કરવા બેસતો ત્યાં મારા પગ નીચેની માટી ચૌદ હાથ સુધી ગરમ થઈ જતી. એ તપ એવું તો ઉગ્ર હતું કે કલાકોના કલાકો સુધી હું આ દુનિયાનું ભાન ભૂલી જતો."

સિદ્ધેશ્વરી માતાના વડનું ઝાડ સામાન્ય લોકો માટે એક મોટું ભયસ્થાન હતું. દિવસે પણ ગામના લોકો ત્યાં જવાનું સાહસ કરતાં ન હતા. પણ બ્રહ્મચારીએ તો એ જ ભયસ્થાનને પોતાની તપોભૂમિ બનાવી દીધી.

એક દિવસ એમણે એમના નાના ભાઈ ભોળાને કહ્યું, "ભોળા, તું આખી રાત જાગતો રહીને મારી ચોકી કરી શકીશ?" ભોળાએ પૂછ્યું, "શા માટે ચોકી કરવાનું કહો છો? તમને શું બીક લાગે છે?"

"ના રે ના! પણ જ્યારે સ્મશાનમાં હું ધ્યાનમાં બેસું છું ત્યારે કોઈ વ્યક્તિ ત્યાંથી પસાર થાય છે ત્યારે એને ભય લાગે છે અને તેથી ભયભીત બનીને તે બૂમાબૂમ કરી મૂકે છે. એની આ બૂમાબૂમથી મારા ધ્યાનમાં વિક્ષેપ પડે છે, મારે ધ્યાન છોડીને ઊઠવું પડે છે. તું ઊભો રહીને એ લોકોને કહેજે."

ભોળા વિશે પાછળથી તેઓશ્રી કહેતા હતા, "મારો નાનો ભાઈ ભોળો મારો ઉત્તરસાધક હતો. તે આખી રાત હાથમાં ત્રિશૂળ લઈને મારી ચોકી કરતો હતો. મને આ જોઈને લાગતું હતું કે આ તો રામનો નાનો ભાઈ લક્ષ્મણ! મૃત્યુ સમયે મેં એને દીક્ષા મંત્ર આપેલો. એના મનમાં એમ હતું કે મારા મોટાભાઈ જ્યારે આટલા મોટા યોગીપુરુષ છે ત્યારે જરૂર મને તેઓ મૃત્યુમાંથી ઉગારી લેશે. પણ કોઈ પણ યોગી કુદરત વિરુદ્ધ કાર્ય કરવા તૈયાર થાય નહીં."

બ્રહ્મચારી વિનોદ હવે ઉપદેશક અને વ્યાખ્યાતા બનવા લાગ્યા હતા. બાળકો, વિદ્યાર્થીઓ અને યુવાનો સમક્ષ તેઓ પ્રવચનો આપવા

લાગ્યા. શનિ અને રવિવારના દિવસે તો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભજનકીર્તનમાં ભાગ લેવા આવી પહોંચતા. વિદ્યાર્થીઓને એમના વડીલો ભજનકીર્તનમાં ભાગ નહિ લેવાનું કહેતા અને તેમને ત્યાં જતા રોકવા માટે ધાક ધમકીઓ અને ઠપકો આપતા, છતાં વિદ્યાર્થીઓને ભજનકીર્તનનું એવું તો ઘેલું વળગ્યું હતું કે તેઓ તેમાં ગયા વિના રહેતા નહિ. કેટલાક તો ઘરના બધાં સૂઈ જાય ત્યારે પાંચ પાંચ માઈલનું અંતર કાપીને રાત્રિના લગભગ બાર કે એક વાગે સાધના-કુટિરમાં આવી પહોંચતા ત્યારે બ્રહ્મચારીજી સાધનાકુટિર બહાર પ્રાણપ્રિય વિદ્યાર્થીઓની રાહ જોઈને ઊભા જ હોય. એશઆરામ અને જીવનની સુવિધાઓનો સ્વેચ્છાએ ત્યાગ કરીને વિદ્યાર્થીઓના હિત અને કલ્યાણ અર્થે પોતાના લોહીનું ટીપેટીપું ખર્ચી નાખનાર આવી વ્યક્તિ જગતમાં વિરલ હોય છે. અને એમની પાસે આવનાર વિદ્યાર્થીઓ પણ એવા જ વિરલ હતા. તેઓ ઘોર અંધકાર અને જંગલનો કપરો રસ્તો કાપીને સાધનાકુટિરે આવતા હતા. આ વિદ્યાર્થીઓને બ્રહ્મચારી વિનોદ પ્રેમપૂર્વક આવકારીને ગદ્‌ગદ્ થઈને પોતાની ગોદમાં ખેંચી લેતા. આવો નિઃસ્વાર્થ પ્રેમ અને આનંદનો સ્વાદ આ સ્વાર્થી સંસારમાં અન્યત્ર ક્યાં જોવા મળે ભલા ?

તેઓશ્રી ઉપદેશ આપતા, "ત્યાગ એ જ જીવનનો મૂળ મંત્ર છે. અને સંયમ એજ કઠોર તપસ્યા છે. ત્યાગ, સંયમ, સત્ય અને બ્રહ્મચર્ય એ જ વિદ્યાર્થી જીવનના આધાર-સ્તંભો છે. જેની જીવન-ઈમારત આ મજબૂત સ્તંભો પર રચાય છે, એના એક વાળને પણ આ વિશ્વબ્રહ્માંડમાં કોઈ વાંકો કરી શકતું નથી. ગમે તેવી અડચણો અને અગવડો એક સામટી આવી પડે તોયે તમારા ધ્યેય અને લક્ષ્યમાંથી લેશ પણ ચલિત થતાં નહિ. ચારિત્ર્ય ઘડતર પ્રત્યે સૌથી વિશેષ ધ્યાન આપજો. ચારિત્ર્યબળ એ જ મનુષ્યનું સાચું બળ છે. વીર્ય એ જ જીવન છે, વીર્ય એ જ પ્રાણ છે, વીર્ય એ જ માનવીનું યથાસર્વસ્વ છે. રે-રે ! વીર્ય એ જ મનુષ્યનું મનુષ્યત્વ છે. આ વીર્યનું સાવધાની-

પૂર્વક રક્ષણ કરવાથી મનુષ્ય દેવત્વને પ્રાપ્ત કરે છે. અને એ પણ સમજી લ્યો કે વીર્યને નષ્ટ કરી દેવાથી પશુત્વ પ્રાપ્ત થાય છે. દુર્બળતા, ભીરુતા અને કાયરતા એ મહાન પાપ છે. ભય જેવી કોઈ વસ્તુ જ નથી. સાચા વીરની જેમ છાતી કાઢીને ચાલવાનું શીખો. દિવસના સમયે ઊંઘશો નહિ. ચાર કલાકથી વધુ ઊંઘવું તે ખરાબ છે. હાથ પર લીધેલા કાર્યને પાર પાડવામાં જે કંઈ મુશ્કેલીઓ, કઠણાઈઓ અને આપત્તિઓ કે વિપત્તિઓ આવે તેને હર્ષથી સ્વીકારી લેતાં શીખો. પાછાં પગલાં ભરવાની તો વાત જ મનમાં કદાપિ લાવવી નહીં ... આ વાત કદાપિ ભૂલશો નહીં કે તમે બધા ભગવાનના ખાસ કૃપાપાત્ર છો. ભગવાને પોતાના અમુક અમુક ઉદ્દેશો પાર પાડવા માટે તમને લોકોને આ પૃથ્વી પર મોકલ્યા છે. એટલે તમારાં મન અન્ય સામાન્ય દિશામાં ભટકતાં રહે એ કેમ ચાલે ?...વિદ્યાર્થીઓ જ દેશનું સાચું ધન છે. તેઓ દેશના પ્રાણરૂપ છે. વિદ્યાર્થીસમાજની અંદર આજકાલ વિલાસિતા અને બાબુગીરીને વિષરૂપ ગણીને અને સદંતર ત્યાગવી જોઈએ. વિલાસિતા અને બાબુગીરી વા સાહેબશાહી દ્વારા જ જીવનના પ્રથમ તબક્કામાં મનુષ્યની અંદર જાતજાતની ઉચ્છ્રુંખલતા અને ઉદ્ધતાઈઓ પ્રવેશવા પામે છે અને ચિત્તવૃત્તિ અસ્થિર અને ચંચળ બનવા લાગે છે.

તમારો સમય તમે કોઈ દિવસ નાહકનો કે અમસ્તો ગુમાવતા નહીં. સમયને અમસ્તો વેડફી દેવો એ મહાન પાપ છે. એના જેવું બીજું કોઈ પાપ નથી... કોઈ પણ કાર્ય ભવિષ્ય માટે મુલતવી રાખવું નહી જે કામ હાથ પર ધરવામાં આવે તે તત્ક્ષણ પૂરું કરવા તત્પર બનો. રોજનો અભ્યાસ રોજે જ તૈયાર કરી નાખવો. આવી ટેવ જો પાડશો તો પરીક્ષા સમયે મુંઝાવાની તમારે સ્થિતિ ભોગવવી પડશે નહિ.

તમે સૌ તમારા પોતપોતાના જીવનને ઘડવાને માટે પ્રયત્નશીલ બનો અને એ પ્રમાણે સમસ્ત વિદ્યાર્થી સમાજનું ઘડતર સિદ્ધ થતા એક મહાન જાતિના ઘડતરનો પાયો નંખાશે.



નિર્માલ્ય બનેલી ગ્રામીણ જનતામાં ક્ષાત્રશક્તિ જાગૃત કરવા ખાતર
શ્રી ગુરુજી વ્યાયામ હરીફાઈનું આયોજન કરે છે.



હિન્દુસમાજ સમન્વય આંદો-
લનના પ્રવર્તક શ્રી આચાર્યદેવ



ધર્મ રાષ્ટ્ર સંગઠક ગુરુજી
રાજવેશ ધારણ કરીને જન્મ-
તિથિ ઉત્સવે ભેગા થયેલા
લાખો મનુષ્યોને :આશીર્વાદ
સાથે ધર્મરાષ્ટ્રઘડતરનો સંકલ્પ
સંચાર કરે છે.



બાજીતપુરમાં આચાર્યદેવ આ કોઠીમાં લગાતાર એકત્રીસ દિવસ સુધી અખંડ સમાધિમગ્ન હતા.



હિંદુનેતાઓ સાથે ધર્મ-સંસ્કૃતિ પ્રચાર અને સંરક્ષણ વિષે વ્યવસ્થાકાર્યમાં સંલગ્ન આચાર્યદેવ



ગ્રામપર્યટન અને યુવાનોમાં ચારિત્ર્ય અને રાષ્ટ્રીય ભાવનાના સિંચન માટે પ્રચાર પર્યટન કરતા આચાર્યદેવ



પતિત, દલિત, આદિવાસીઓ અને પછાત વર્ગના ઉધ્ધારક શ્રી આચાર્યદેવ...



ભગવતશકિતના પૂર્ણ સ્વરૂપે જગતગુરૂ રૂપમાં લાખો શ્રદ્ધાળુઓને દીક્ષા ઉપદેશ અને આશીર્વાદ આ સ્વરૂપમાં આપતા હતા.



સદ્‌ગુરુરૂપમાં શ્રી આચાર્ય દેવે હજારો ગૃહસ્થ નરનારીઓને સાધના અને દીક્ષા આપે છે.

માન કીર્તિ અને પ્રતિષ્ઠાને પગ તળે કચડી નાખીને અહંકાર, અભિમાનને ચૂર્ણ વિચૂર્ણ કરી દઈને સુમેરૂ પર્વત જેવા ધીર સ્થિર અને અડગ બનીને બીજાના નિરસ જીવનમાં બળ અને રસ સીંચવા બીજાના સંતપ્ત પ્રાણને સુશીતલ બનાવવા આત્મવિશ્વાસ પૂર્વક બળવાન બની તમારે તૈયાર થવું ઘટે. શક્તિનું જ્વલંત સ્વરૂપ ધારણ કરીને સમગ્ર દેશ વીર વેશે ખડા થઈ જાઓ."

પ્રકરણ નવમું

આશ્રમ પ્રતિષ્ઠા

ભૂંઈયાજીના મકાનથી થોડે દૂર સ્મશાનભૂમિ હતી. તેના પ્રતિ બ્રહ્મચારી વિનોદને ખૂબ આકર્ષણ હતું. ઘણીવાર તેઓ ત્યાં જઈને ધ્યાન ધરતા. આ જગાની સામે એક નાનું ઝરણું વહેતુ હતું. ઝરણાની પેલે પાર એક ઘોર જંગલ આવેલું હતું. ઘણા વખતથી 'શેવળાં' નામનાં વૃક્ષો ત્યાં મોટા પ્રમાણમાં ઊગી નીકળ્યાં હતાં. આ સિવાય બીજાં વૃક્ષો પણ ત્યાં હતાં. વનસ્પતિની ગાઢ છાયા ફેલાવાથી દિવસે પણ ત્યાં સૂર્યનાં કિરણો જમીનને સ્પર્શી શકતાં ન હતાં. વર્ષાઋતુમાં છ મહિના સુધી આ જંગલવાળો વિસ્તાર પદ્મા નદીના પૂરના પાણીથી ભરેલો રહેતો હતો. આ ઉપરાંત આ જંગલ વિષે ઘણી દંતકથાઓ લોકોમાં પ્રચલિત બની હતી. એવું કહેવાતું કે આ વિસ્તારમાં દિવસે પણ મોટા મોટાં ભૂત દેખાય છે. વનદેવીનું સ્થાન આ જંગલની અંદર આવેલું હતું. ત્યાં ભેગા થઈ ને ઉત્સવ મનાવતા હતા.

ગોરખપુરથી પાછા ફર્યા બાદ, બ્રહ્મચારી વિનોદ એક વિશિષ્ટ જગાની શોધમાં હતા કે જયાં પોતે આશ્રમની સ્થાપના કરી શકે. અત્યાર સુધી ભૂંઈયાજીના મકાન બહાર જે ઓરડામાં તેઓ સાધના કરતા હતા અને બાળકો તથા યુવકોને લઈને ભજનકીર્તનો કરતા હતા ત્યાં હવે એમને મુશ્કેલી વર્તાવા લાગી. હવે તો એમની પાસે

દૂર દૂરથી લોકો આવતા હતા. શનિ રવિવારે તો કીર્તનની એવી રમઝટ જામતી હતી કે એનો અવાજ આખા ગામમાં સંભળાતો હતો. બ્રહ્મચારી વિનોદના એક કાકા નાસ્તિક હતા. ભૂતના કાનમાં જેમ રામનામ સહન ન થાય તેમ, બાળકો અને યુવાનો મસ્ત થઈને જ્યારે કીર્તનમાં ડૂબી જતા ત્યારે આ નાસ્તિક કાકા વાંસનો એક દંડો લઈને આ બાળભક્તોને મારવા દોડી આવતા. મનુષ્ય સ્વભાવ પણ કેવો વિચિત્ર હોય છે ! એકમાં જેને પરમાંનદની પ્રાપ્તિ થાય છે, તો બીજાને તેમાં દુઃખ અને અરુચિ પેદા થાય છે. બ્રહ્મચારીજીએ કેટલીયેવાર એમને સમજાવ્યા હતા, પણ કોલસાની મલિનતા કદાપિ ધોવાય ખરી ?

પેલા ઝરણાને પેલે પાર જંગલમાં આશ્રમ સ્થાપવાથી લોકો સંકોચ વગર મળવા આવી શકશે અને કોઈ પણ કાર્યક્રમમાં કશી ખલેલ પહોંચશે નહીં એમ માનીને બ્રહ્મચારીએ મનમાં એક પ્રકારના આનંદનો અનુભવ કર્યો. નાનપણથી તપ કરીને એમણે જે શક્તિનો સંચય કર્યો હતો તેને માનવજાતિની મહામુક્તિ અર્થે બહાર કાઢવા માટે તેઓ આકુળવ્યાકુળ બન્યા હતા. પ્રસૂતિ પહેલાં કોઈ એક પક્ષી જેમ ઈંડા મૂકવા માટે આખો દિવસ ઉડીને ઘાસના તણખલાંઓ, ઘાસ વગેરે લઈ આવે છે, તેવી જ રીતે, બ્રહ્મચારીજીએ કરેલ કઠોર તપસ્યાની સાધનાથી તેમનાં શરીરમાં અને જીવનમાં જે મહાશક્તિનો પ્રાદુર્ભાવ થયો હતો તે મહાશક્તિ સમગ્ર માનવજાતિને મુક્તિ અપાવવા માટે સમર્થ હતી. એ મહાશકિતનો પ્રાદુર્ભાવ કરીને પ્રત્યેક જનમાં પ્રસારિત કરવા માટે તેમણે આ વિશિષ્ટ જગાની પસંદગી કરી હતી.

ઈ. સ. ૧૯૧૬નો માઘ મહિનો ચાલતો હતો. એ મહિનાની સુદ અગિયારશની ગાઢ રાત્રિનો સમય હતો. બ્રહ્મચારીજીએ યુવાન ભક્તોને જણાવ્યું, "ચાલો ત્યારે, પેલા જંગલમાં મારે થોડું કામ છે." બીજા ભક્તજનોએ બીકના માર્યા કહ્યું, "શું કહો છો ? આવી

રાતની વેળાએ ત્યાં બધાં ભૂતો એકઠાં થઇને આપણને મારી નાખશે તો ? ત્યાં વળી અત્યારે ને અત્યારે આપને શું અગત્યનું કામ છે ?"

"કામ છે, ચાલો, બધા. હું તો તમારી સાથે જ રહીશ. પછી તમારે બીક રાખવાનું શું કારણ છે ?"

"ના, ના. પણ શું કામ છે એ તો કહો."

"પછી કહીશ, અત્યારે ચાલો."

બ્રહ્મચારીજીની અસામાન્ય શારીરિક શક્તિ બધા જાણતા હતા: ભૂત તો શું, ભૂતનો બાપ પણ એમનો વાળ વાંકો કરી શકે નહિ, એ વાતની એમને ખાત્રી હતી. એટલે બધાએ કહ્યું. "ચાલો ત્યારે આપણે જઈએ."

પરમપ્રિય સાથીઓની સંગાથે ઝરણું ઓળંગીને બ્રહ્મચારી વિનોદે માઘ મહિનાની એકાદશીની પુણ્યતિથિએ આશ્રમ સ્થાપનાની પવિત્ર ભાવનાથી ઘોર જંગલમાં પ્રવેશ કર્યો. વિશ્વનાથ મહાદેવની જટામાંથી જાણે ગંગાજીનો પ્રવાહ વહેતો થયો.

"આ જગા સરસ છે. એને તમે સાફ કરી નાખો. બે દિવસની અંદર એના ઉપર માટી નાખીને એક ઊંચી ટેકરી કરવી પડશે; નહીંતર નીચાણવાળી જમીન સદા ભેજવાળી રહેશે. આવતી પૂર્ણિમાના દિવસે આપણે ઉત્સવ ઉજવીશું. વાંસ અને ઘાસનું નાનું એવું ઝૂંપડું પણ ઊભું કરવું પડશે." બ્રહ્મચારીજીએ કહ્યું.

સાથીઓએ પૂછ્યું, "અહીં આપ શું કરવા માગો છો ?"

બ્રહ્મચારીજીએ જવાબ આપ્યો, "અહીં એક આશ્રમ ઊભો કરવા માગું છું. આ જગા પર રહીને હું લોકોને દીક્ષામંત્ર આપીશ. હજારોની સંખ્યામાં તરુણો અહીં દૂરદૂરથી આવશે અને ત્યાગવ્રત અંગીકાર કરીને એક મહાન સાધક સંઘની સ્થાપના કરશે."

"આપ આ શું કહો છો ? અમને તો આમાં કશી જ સમજ

પડતી નથી. આ નીરવ અને નિઃસ્તબ્ધ જંગલમાં હજારો લોકો ક્યાંથી આવશે ?''

'આવશે, જરૂર આવશે. મારા કથન ઉપર વિશ્વાસ રાખો. મારા આ આદેશને ઉમંગભેર માથે ચઢાવી લો. સર્વનિયંતા શ્રીભગવાન પાસેથી મને અણધાર્યો અને અકલ્પ્ય આદેશ મળવાથી આ માઘી પૂર્ણિમાના દિવસે જ સંઘની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું શુભ મુહુર્ત પ્રાપ્ત થયું છે. તૈયારી માટે સમય થોડો છે. તથાપિ તનતોડ પ્રયાસ કરીને ઉત્સવ માટેની જરૂરી તમામ સાધન સામગ્રીઓ ભેગી કરવા મંડી પડો.''

આ ભગવાન પ્રેરિત આદેશ પ્રાપ્ત કરીને ભક્તજનો આનંદ અને ઉત્સાહથી થનગની ઊઠયા.

આશ્રમ બનાવવાનું કામકાજ રાતદિવસ ચાલવા લાગ્યું. બધા એ ફરીફરીને ઘેર ઘેરથી ભિક્ષા ઉઘરાવીને સારી એવી રકમ એકઠી કરવા માંડી. ગામ લોકોના આનંદનો કોઈ પાર નહોતો. ગામના આગેવાનો આનંદ પામ્યા કે બ્રહ્મચારીજી એક સુંદર આશ્રમ ઊભો કરશે. આશ્રમની તૈયારી જોવા માટે ગામના સ્ત્રી-પુરુષો આવ્યાં. આશ્રમનું મકાન બનાવવા માટે જરૂરી વાંસ, ખડ, કાથી, ખીલા ખીલીઓ વગેરે તમામ વસ્તુઓ આવી ગઈ હતી. વાંસ છોલતાં છોલતાં બાળકોના હાથ લાલ થઈ ગયા હતા, મહેનત કરતાં કરતાં તેઓ બધા થાકથી લોથપોથ થઈ જતા, છતાં બ્રહ્મચારીજીના મધુર મોહક સ્મિત અને પ્રેમાળ વાણી અને સ્પર્શથી એમનો થાક ક્યાંય અદૃશ્ય થઈ જતો. એકે એક જણ જાણે સેંકડો હાથીનું બળ પ્રાપ્ત કરીને કામ કરતા હતા. જંગલને મંગળ બનાવવા માટે જાણે તેમણે કમર કસી હતી.

બે દિવસમાં જ જંગલ સાફ થયું, માટી નાખવામાં આવી અને વાંસથી એક કામચલાઉ મકાન ઉભું કરવામાં આવ્યું જેને 'પ્રાર્થનાખંડ' એવું નામ આપવામાં આવ્યું.

આશ્રમની સ્થાપના અને ઉત્સવની નવી વાત સાંભળીને સર્વનાં મન અપૂર્વ આનંદથી પુલકિત બન્યાં, છતાં કેટલાક લોકોના મનમાં જાતજાતના પ્રશ્નો ઉપસ્થિત થવા લાગ્યા, "આશ્રમ વળી કેવો ! પ્રાચીન કાળમાં ઋષિમુનિઓના આશ્રમોની વાતો વાંચી છે ખરી, પણ અત્યારના ઘોર કળિયુગમાં એવા ઋષિમુનિઓ જ ક્યાં છે ભલા ?" બધા ગભરાવા લાગ્યા કે આટલા અલ્પ સમયમાં વળી તૈયારીઓ પૂરી પણ કેમ થશે ? વાત તો ખરી હતી. પણ લોકોને ક્યાં ખબર હતી કે ઉપેક્ષિત અપમાનિત અને પીડિત જનસમાજના ઉદ્ધારાર્થે યુગે યુગે જે મહાવતારનું પ્રાગટ્ય થાય છે એવો એક નરપુંગવ તેમની વચ્ચે ઉપસ્થિત છે. જેને તેઓ અત્યાર સુધી ગામના મોટાભાઈ કે મિત્ર તરીકે ઓળખતાં હતા તે જ પુરુષ જાતિના ઉદ્ધારક અને મુક્તિમંત્રના દૃષ્ટા તરીકે અવતર્યા છે, એ વાતની કોને ખબર હતી ?

"આ સાધુ શું બોલે છે ? આજના જમાનામાં આશ્રમ કાઢવાની વાત કરે છે ? એ તો હવે ભૂતકાળનું સ્વપ્ન બની ગયું છે. આશ્રમ અહીં ન થઈ શકે," એમ બોલતો બોલતો એક પ્રૌઢ માણસ ત્યાંથી પોતાને ઘેર પાછો ફર્યો. રાત્રે એને એક સ્વપ્ન આવ્યું. સફેદ વસ્ત્રવાળી, સફેદ રૂપેરી વાળવાળી અને તપાવેલ સુવર્ણ જેવી ચમકદાર એક સુંદર વૃદ્ધનારી હાથ ઊંચો કરીને એને કહી રહી હતી, "સાધુ જે કંઈ કહે છે તે કરતા રહો. એનું કાર્ય સફળ જ રહેવાનું છે. એની વાતમાં સ્હેજ પણ શંકા લાવશો નહિ. આ સ્થાન એ સાધુના પ્રતાપે એક મહાતીર્થમાં ફેરવાઇ જશે એમ ચોક્કસ માનજો. સાધુ એ કોઈ મામુલી મનુષ્ય નથી પેલા પ્રૌઢ માણસે સ્વપ્નમાં આ વૃદ્ધનારીને પૂછ્યું, "આપ કોણ છો ?" પેલી વૃદ્ધ નારીએ જવાબ આપ્યો, "હું આ ક્ષેત્રની અધિષ્ઠાત્રી વનદુર્ગા દેવી છું."

સ્વપ્ન પૂરું થઈ ગયું. એ સ્વપ્નની વાત પછી આખા ગામમાં ફેલાઈ.

માઘી પૂર્ણિમાની શુભ તિથિ હતી. અને એ કળિયુગના પ્રારંભનો પણ દિવસ હતો. ભક્તજનો તપઃકુંજની પૂણ્યભૂમિમાં એકત્ર થવા લાગ્યા. બ્રહ્મચારીજી સૂર્યોદય પૂર્વે જ સ્નાન કરી કદંબવૃક્ષ નીચે ધ્યાનમગ્ન બન્યા. વનદુર્ગામાતાના સ્થાનકરૂપ વૃક્ષની નજીકમાં અખંડ નામકીર્તન ચાલુ રહ્યું. બીજી બાજુ એક હજાર માણસો માટે ખીચડી મિષ્ટાન વગેરે ભોજન-સામગ્રીઓ તૈયાર થઈ ગઈ. બાળકો તથા ગામના મોટા ડાહ્યા માણસોએ હાજર રહી બધી બાબતમાં સારી દેખરેખ રાખી.

સાંજે એક જાહેર સભા ભરાઈ અને એમાં વકતાઓએ આશ્રમની સ્થાપનાનો ઉદ્દેશ જણાવ્યો.

લોકોને પણ મનમાં થયું કે આ તો એક જાદુ થઈ ગયો લાગે છે. આવું મહાભારત જેવું કામ આવી સુંદર અને વ્યવસ્થિત રીતે કેવી રીતે પાર પડયું એ જ આપણને સમજાતું નથી. કોઈ વસ્તુ ઘટી કે કોઈ વસ્તુ વધી નહિ.

બ્રહ્મચારીજીએ યુગમંત્ર ઉચ્ચાર્યો, "આ યુગ મહજાગરણનો, મહામિલનનો, મહાસમન્વયનો અને મહામુકિતનો છે.

"ભારત હવે વધુ વખત સુસુપ્ત દશામાં પડી રહેવાનો નથી. ભારત ફરીથી જાગશે, આળસ ખંખેરી નાખીને ખડો થઈ જશે અને ધર્મ તથા આધ્યાત્મિકતાના ભાવોને પુનઃ અપનાવીને જગદ્ગુરુના ગૌરવવંતા આસન પર વિરાજમાન થશે. હવે વિલંબ શા માટે? તક આવી પહોચી છે. કઠોર તપસાધનાથી મહાન જ્ઞાન અને જે મહાન શકિતની પ્રાપ્તિ થઇ છે તે મહાજ્ઞાન અને મહાશક્તિ સમગ્ર માનવજાતિ માટે મહામુક્તિ લાવવા સમર્થ છે. માઘી પૂર્ણિમાના પવિત્ર દિવસે સંઘની પ્રાણપ્રતિષ્ઠા કરીને યુગધર્મની મૃતસંજીવની વાણીનો પ્રવાહ વહેતો કરી દો."

સંસ્થાની સ્થાપના વખતે એમણે કહ્યું હતું, "સર્વનિયંતા સ્વયં ભગવાને આ સંઘનું સંચાલન પોતાના હસ્તે ગ્રહણ કર્યું છે. અહીં જો કોઇ ચાલાકીથી સંઘને કલુષિત કરવા ઈચ્છતા હશે તો એમની એક પણ ચાલાકી સફળ બનશે નહીં. આ સંઘ કોઈ સામાન્ય આશ્રમ, મઠ, કોંગ્રેસ ઓફિસ કે રિલીફ સેન્ટર નથી. સાચા વૈરાગ્યવાન અને મોક્ષાર્થી પુરુષ વિના અન્ય કોઈ ધીરજપૂર્વક અહીં બહુ દિવસ ટકી શકશે નહીં."

ભારત સેવાશ્રમ સંઘ નામ કેમ પડયું?

ઈ. સ. ૧૯૨૩ના ફેબ્રુઆરી મહિનામાં માઘી પૂર્ણિમા નિમિત્તે બાજીતપુરમાં એક મોટો ઉત્સવ થયો. એ વખતે ઉત્સવ પછી બ્રહ્મચારી વિનોદના પ્રમુખપણા નીચે સંઘના અનુયાયીઓની એક સભા મળી. તેમાં સંઘનું 'ભારત સેવાશ્રમ સંઘ' એવું નામ રાખવામાં આવ્યું. અત્યાર સુધી સંઘનાં જે જે સેવાકેન્દ્રો સ્થપાયાં હતાં તેમનાં નામ બાજીતપુર સેવાશ્રમ, ખુલ્લા સેવાશ્રમ વગેરે હતાં. અને લોકો પણ એ નામથી જ એ સેવાકેન્દ્રોને ઓળખતા હતા. હવે સંઘના આદર્શ, ઉદ્દેશ, કાર્યપદ્ધતિ અને બંધારણ અંગે પત્રિકાઓ છપાવીને લોકોમાં વહેંચવામાં આવી. સંઘના પ્રતિષ્ઠાતા તરીકે બ્રહ્મચારીજીના નામ પહેલાં 'આચાર્ય' પદવી લખવામાં આવી. આ પ્રસંગે એમણે કહ્યું હતું, "ભારતમાં તો ઘણા સંઘ, મઠ, સમિતિ અને આશ્રમો આવેલાં છે; અને એમના પ્રતિષ્ઠાતા રામલાલ ને શ્યામલાલ તો ઘણા થઈ ગયા છે. મારો આ સંઘ બીજા બુદ્ધનો સંઘ થશે. હું સમગ્ર દેશ અને માનવજાતિને બુદ્ધ, શંકરાચાર્ય અને ચૈતન્ય મહાપ્રભુના આદર્શ અને તપસ્તેજથી સજીવન કરવા માગું છું. જેઓ જાતે સિદ્ધાંતોનું અને નિયમોનું આચરણ કરીને લોકોને ઉપદેશ આપે છે તેઓ જ સાચા ઉપદેશકો ગણાય છે. એમનો જ ઉપદેશ ધાર્યું પરિણામ લાવી શકે છે. એવા લોકોને જ સાચા અર્થમાં આચાર્ય

કહી શકાય. આ યુગમાં વ્યક્તિ, સમાજ અને જાતિ માટે જે કલ્યાણકારી છે તેને હું મારા ચિંતન, વાણી અને કાર્ય મારફતે સંઘ દ્વારા શીખવીશ. ગુરુ તો ઘણા થઈ શકે પણ આચાર્ય દરેક યુગમાં એક જ જણ થાય છે."

'ભારત સેવાશ્રમ સંઘ' નામની પસંદગી થઈ એ વખતે એઓશ્રીએ કહ્યું હતું, "હું આ કલિયુગમાં સંઘશક્તિનું નિર્માણ કરવા માગું છું. વર્તમાન યુગમાં માનવસમાજ સાધારણ રીતે સર્વ બાબતોમાં સ્વલ્પ શક્તિવાળો હોય છે. એવા સમયમાં કોઈ વિરાટ કાર્ય સંપાદન કરવું હોય તો એમાં સંઘશક્તિ અનિવાર્ય અને આવશ્યક બને છે. અસંખ્ય ક્ષુદ્ર શક્તિઓને એક કેન્દ્રમાં એકત્રિત કરીને તેમને ગૂંથીને તૈયાર કરેલ જાડા દોરડાથી મદોન્મત્ત હાથીને પણ વશમાં રાખી શકાય છે. એટલે 'સંઘ' શબ્દ જરૂરી છે.

આ સંઘ સમગ્ર ભારતનું કેન્દ્ર બની રહેશે. આ સંઘનો મુખ્ય ઉદ્દેશ ભારતીય જાતિયતાનું પુનર્ગઠન કરવું અને તે દ્વારા વિશ્વ કલ્યાણ સાધવું એ છે. આ રીતે જોતાં 'ભારત' શબ્દ રાખવો એ અત્યંત જરૂરી બને છે.

તેમણે ફરીથી ભારપૂર્વક જણાવ્યું કે, "હું કોઈ વ્યક્તિ વિશેષ (પોતાના) ના નામથી આ સંઘનું નામ પાડવા માગતો નથી અને જો એમ કરવામાં આવે તો સંઘની વિશાળતા અને વિશેષતા નષ્ટ બની જાય." સનાતન વૈદિક આદર્શ એ જ આ સંઘનો મૂળ પાયો છે. 'આશ્રમ' શબ્દને પણ બાકાત રાખી શકાય નહીં. નામ, જાત અને ધર્મનો ભેદભાવ રાખ્યા વગર પીડિત લોકોની સેવા કરવી એ જ આ સંઘનો આદર્શ હોવાથી 'સેવા' શબ્દ પણ યથાર્થ બને છે. તેથી 'સેવા' શબ્દ સંઘના નામકરણમાં જોડવામાં આવ્યો છે. ઉપરાંત શારીરિક, માનસિક, નૈતિક અને આધ્યાત્મિક સેવા પણ આ સંઘનો ઉદ્દેશ રહેશે.

પ્રકરણ દશમું

સંન્યાસદીક્ષા

બ્રહ્મચારી વિનોદ જ્યારે એક વિદ્યાર્થી તરીકે બાજીતપુરની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે તેઓ શરીર પર એક સફેદ ચાદર અને ધોતી જ ધારણ કરતા હતા. આખા વર્ષ દરમ્યાન તેમનો આ જ પોશાક રહેતો. એમણે બાબા ગંભીરનાથ પાસે બ્રહ્મચર્યની દીક્ષા લીધી ત્યારે પણ તેઓ આ જ પોશાક પહેરતા હતા. તેઓ એ સમયે બ્રહ્મચારી વિનોદના નામે જ સર્વત્ર ઓળખાતા હતા. સિદ્ધિ પ્રાપ્ત કરી સંઘનું નવનિર્માણ કર્યું ત્યારે પણ આ જ પોશાક હતો. પણ હવે સંઘ, ત્યાગવ્રત સ્વીકારેલા સંન્યાસીઓનો બનવાનો હોઈને એમને થયું કે જો હું સંન્યાસ લઈને ભગવાં વસ્ત્રો નહિ પહેરું તો પછી હું સંઘનું નવનિર્માણ કઈ રીતે કરી શકું ?

તેઓશ્રીએ નાથ સંપ્રદાયના ગુરુ બાબા ગંભીરનાથજી પાસે દીક્ષા લીધી હતી. અને એ જ સંપ્રદાયના નિયમાનુસાર કોઈ ભગવાં વસ્ત્રો પહેરતા ન હતા. બાબા ગંભીરનાથજી પણ પરમહંસ થઈને સફેદ વસ્ત્ર પહેરતા હતા, યોગસિદ્ધિ પ્રાપ્ત કરવા માટે તેમને ભગવા વસ્ત્રોની જરૂર પડી નહીં.

પ્રાચીન કાળથી ભગવાં વસ્ત્રો પ્રત્યે ભારતનાં નરનારીઓમાં ઊંડી શ્રદ્ધા અને વિશ્વાસ રહેલાં છે. આ વિચારણાથી પ્રેરાઈને પોતાના માટે કશું પ્રયોજન ન હોવાં છતાં, લોક કલ્યાણાર્થે કોઈ સંન્યાસી પાસે જઈ ને તેમણે સંન્યાસ દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો. ૧૯૨૪માં પ્રયાગરાજ આલ્હાબાદમાં કુંભમેળો ભરાયો હતો. ભારતભરમાંથી

અનેક સિદ્ધ મહાત્માઓ, સાધુસંતો અને સંન્યાસીઓ ત્યાં ઉપસ્થિત થયા હતા. આ તકનો લાભ લેવા માટે બ્રહ્મચારી વિનોદ બાજીતપુરથી એકાએક પ્રયાગરાજ જવા રવાના થયા. શ્રીમત્ સ્વામીશ્રી ગોવિંદાનંદગિરિજી નામના એક સંન્યાસી પાસે સંન્યાસ લઈને એમણે દંડ-કમંડળ અને ભગવા વસ્ત્રો ધારણ કર્યાં પછી તરત જ તેઓ બાજીતપુર પાછા ફર્યા. એમને આવાં ભગવાં વસ્ત્રોમાં જોઈને ગામ લોકોને આશ્ચર્યસહ આનંદ થયો. સંન્યાસ લીધા પછી એમનું નામ પડયું, **આચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજી મહારાજ.**

નાનપણથી જ 'પ્રણવ' એટલે ૐ કાર મંત્ર એમને ખૂબ જ પ્રિય હતો. તેઓ દીક્ષા લીધા પહેલાં આ ૐ મૂર્તિનું ધ્યાન અને જપ કરતા હતા. સંઘમાં ગુરુપૂજા-આરતી ચાલુ થયા પહેલાં પણ આ જ ૐ મુર્તિની પૂજા-ઉપાસના થતી હતી. ૐ કાર(અ-ઉ-મ) ની અંદર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરની શક્તિ સુષુપ્ત રહેલી છે. બ્રહ્માનું કાર્ય સર્જન, વિષ્ણુનું કાર્ય પાલન અને મહેશ્વરનું કાર્ય સંહાર. આ ત્રણ શક્તિની સમન્વયમુર્તિ હતા-આચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજી મહારાજ. આથી એમણે 'પ્રણવાનંદ' નામની પસંદગી કરી હતી.

સંઘમાં ત્યાગી સેવકોનું આગમન

'સંન્યાસી જીવનના નૂતન આદર્શને દેશની સમક્ષ રજૂ કરવો હોય તો તમારા જેવા સંન્યાસીઓએ પ્રાણી માત્રના મહાકલ્યાણ અને મહામુક્તિનું મંડાણ કરવા તમારી પોતાની શારીરિક સુખસગવડોને તુચ્છ ગણીને તમારા પોતીકા પવિત્ર લોહીનું બિન્દુએ બિન્દુ દેશની મહામલિનતા ધોવા માટે ખર્ચવું જોઈએ. ઘોર તામસમાં ઘેરાયેલા સંન્યાસી સમાજના માથા પરના કલંકના નિવારણ માટે તેમનામાં યથેષ્ટ કાર્ય શક્તિનો સંચાર કરી દેવાનું રહેશે.

તમારે બધાએ તો ત્યાગની જ્વલંત મૂર્તિઓ બનીને રહેવું જોઇએ. સનાતન આદર્શથી સુસંગઠિત થઈને, આર્ય ઋષિમુનિઓના

આસને બેસીને આ અધઃપતિત દેશને પુનઃ નીતિ અને ધર્મને માર્ગે ચઢાવવો એ જ તમારું કર્તવ્ય રહેવું જોઈએ. નીતિધર્મની વાતોનો પ્રચાર કરવા માટે તેમ જ ત્યાગ, સંયમ, સત્ય અને બ્રહ્મચર્યના મહાત્મ્યનો ડંકો બજાવવા માટે જ તમારો જન્મ થયો છે." આવા મહાન ત્યાગમંત્રથી આચાર્યદેવે પોતાના ત્યાગી સેવકોને અનુપ્રાણિત કર્યા. તેમના જીવનમાં ત્યાગ અને વૈરાગ્યનો મહાભાવ પ્રગટ થયો હતો. ગૃહસ્થાશ્રમની જૂની સ્મૃતિ અને સંસ્કાર એમના હૃદયપટમાંથી અદૃશ્ય થઈ ગયા હતા.

ઈ. સ. ૧૯૨૪ની માઘી પૂર્ણિમાના દિવસે તરુણ બ્રહ્મચારીઓ સંન્યાસ દીક્ષા લેવા વ્યાકુળ બન્યા અને એ અંગે બધી તૈયારી કરી. શાસ્ત્રવિધિ પ્રમાણે તેમણે ઉપવાસ કર્યા, સંયમનું પાલન કર્યું અને માથે મુંડન કરાવીને વૈદિક મંત્રોચ્ચાર કરી હવન કર્યો. વારાફરથી એક પછી એક એમ બધાએ સિદ્ધપીઠમાં ઉપસ્થિત થઈને આચાર્યદેવ પાસે દીક્ષા લઈને પ્રતિજ્ઞા લીધી કે "હું સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રાદિ દિગ્પાલને સાક્ષી રાખીને પ્રતીજ્ઞા કરું છું કે આ જિંદગીમાં હું સંન્યાસવ્રત અને વેશનો પરિત્યાગ કદી પણ નહિ કરું. આજે આ શુભ મુહૂર્તે હું મારા પૂર્વાશ્રમ (ગૃહસ્થાશ્રમ) ના તમામ સંસ્કારોનો નાશ કરી દઈને સંન્યાસ-આશ્રમના સ્મૃતિ અને સંસ્કારોને મારા હૃદયમાં જાગ્રત રાખીશ."

આચાર્યદેવે સંન્યાદીક્ષા આપીને ઉપસ્થિત ત્યાગી સંઘસંતાનોને ઉદ્દેશીને કહ્યું, "આજે મેં જે કામ કર્યું છે તેનું માહાત્મ્ય અને તેની જરૂરિયાત મારા ગુરુ અદ્દભુત યોગશક્તિવાળા બાબા ગંભીરનાથ પણ સમજી ન શકે એવું છે. સર્વનિયંતાની શુભેચ્છા મુજબ એની આશિષવાણી મસ્તકે ચઢાવીને પવિત્ર માઘી પૂર્ણિમાના દિવસે બાજીતપુરમાં આપણા આ સંઘની પ્રાણપ્રતિષ્ટા કરવામાં આવી હતી. અને આજના માઘીપૂનમને દિવસે, તમારા સંઘનેતાની તપઃશક્તિ અને તપસ્તેજના પૂર્ણ વિકાસની વેળાએ તમને સંન્યાસ

દીક્ષા આપવામાં આવી છે. સંઘનેતાના તપ:પ્રભાવ તથા તેમની શુભદષ્ટિ બરાબર અપનાવી શકાય તેવી વ્યાકુળતા અને તાલાવેલી સાથે આદેશ મુજબ કાર્ય કરવા કોશિષ કરજો."

આચાર્યદેવની ઉપરોક્ત ઉક્તિનો અર્થ એ છે કે બાબા ગંભીરનાથ એક ત્રિકાલજ્ઞ યોગી પુરુષ હતા એમાં જરાયે શંકા નથી. પણ આચાર્યદેવ જે સમાજ-સંસ્કાર અને જાતિ-સંગઠનના કાર્યમાં ઝંપલાવવાના હતા તેની કાર્ય-પદ્ધતિ નાથસંપ્રદાયના ધર્મમત કરતાં સંપૂર્ણ જુદી હતી.

આચાર્યદેવ પાસેથી સર્વપ્રથમ સંન્યાસદીક્ષા લેનાર અગ્રગણ્ય ત્યાગીઓનાં નામઃ-શ્રીમદ્ સ્વામી સચ્ચિદાનંદજી મહારાજ (હાલના પ્રમુખ), સ્વ. શ્રીમદ્ સ્વામી વિજ્ઞાનાનંદજી મહારાજ (માજી ઉપ-પ્રમુખ), સ્વ. શ્રીમદ્ સ્વામી વેદાનંદજી મહારાજ (માજી ઉપ-પ્રમુખ), શ્રીમદ્ સ્વામી યોગાનંદજી મહારાજ (હાલના ઉપ-પ્રમુખ), શ્રીમદ્ સ્વામી અદ્વૈતાનંદજી મહારાજ (હાલના મુખ્ય મંત્રી), શ્રીમદ્ સ્વામી મુક્તાનંદજી મહારાજ (હાલના સંયુક્ત મંત્રી), શ્રીમદ્ સ્વામી આત્માનંદજી મહારાજ (હાલના સંયુક્ત મંત્રી), શ્રીમદ્ સ્વામી શુદ્ધાનંદજી મહારાજ (હાલના સહાયક મંત્રી), શ્રીમદ્ સ્વામી ૐકારાનંદજી મહારાજ (હાલના સહાયક મંત્રી), શ્રીમદ્ સ્વામી પ્રજ્ઞાનંદજી મહારાજ (હાલના સહાયક મંત્રી).

નવીન સંન્યાસીઓએ અનુભવ કર્યો કે પ્રાચીન ભારતનો ત્યાગ, સંયમ, સત્ય અને બ્રહ્મચર્યનો આદર્શ આજે સમાજમાં લુપ્તપ્રાય થઈ ગયો છે. પ્રાચીનપંથી સાધુઓ 'બ્રહ્મસત્ય, જગત્ મિથ્યા'ના ખોટા ખ્યાલથી સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે પોતાની જવાબદારી ભૂલી ગયા છે અને પોતાના મોક્ષ માટે આમતેમ ભટકતા રહે છે. આ સંઘના સંન્યાસીઓ નરરૂપે દરિદ્રનારાયણની સેવામાં અને સમાજ, રાષ્ટ અને સ્વધર્મના ઉત્થાન માટે પોતાની જિંદગી સમર્પણ કરશે.

સંઘનેતા આચાર્યદેવે નવીન સંન્યાસીઓને નૂતન આદર્શ સમજાવતાં કહ્યું, "આ એક ખોટી માન્યતા છે કે જ્યાં સુધી માણુસ ઘરબાર છોડીને દૂર ગિરિગુફામાં જઈને એકાંત વાસ સેવે નહીં ત્યાં સુધી એને બ્રહ્મજ્ઞાન કે મોક્ષ મળતા નથી. આ જાતની ભ્રમબુદ્ધિ તમારે છોડી દેવાની છે."

એ તમારું સદ્ભાગ્ય છે કે આજે તમને જે સદાશ્રય પ્રાપ્ત થયો છે તેને પ્રતાપે કોઈથી તમારો વાળ પણુ વાંકો થઈ શકશે નહીં. તમારો નાશ કરી શકે એવું કોઇ પાપ-તાપ કે લાભ-લાલચ આ જગતમાં હજી સુધી પેદા થએલી નથી. તમારી જાતને સદા કર્મના પ્રવાહમાં ડુબાવી રાખવાની કોશિશ કરજો. તમે અમૃતનાં સંતાન છો; કોઈ પણુ રીતે ચલાયમાન થશો નહિ. તમે સ્વતઃ પવિત્ર અને વિશુદ્ધ છો, તમારે કોઈ જ ભય નથી."

પ્રકરણ અગિયારમું

વિદ્યાર્થી સંગઠન

"અર્વાચીન વિદ્યાર્થી-સમાજનાં દુઃખ અને દુર્દશાની શી વાત કરવી ? પ્રાચીન કાળનો વિદ્યાર્થીસમાજ કેવો હતો અને અત્યારનો વિદ્યાર્થીસમાજ કેવો છે એની તુલના જરા કરી જુઓ," સંખ્યાબંધ વિદ્યાર્થીઓ સમક્ષ આચાર્યદેવે પોતાની ઉપદેશવાણી ઉચ્ચારતાં કહ્યું.

એક વિદ્યાર્થીએ વળતો એક પ્રશ્ન કર્યો, "કેમ મહારાજ, પ્રાચીન કાળમાં વિદ્યાર્થીઓ કેવા હતા અને આજ તેઓ કેવા છે ?" જવાબમાં આચાર્યદેવે કહ્યું, "પ્રાચીન કાળનો વિદ્યાર્થીસમાજ ત્યાગ, સંયમ, સદાચાર, પવિત્રતા અને દૃઢ મનોબળ વગેરે સદ્દગુણોની જીવંત મૂર્તિ-સમાન હતો. જ્યારે અત્યારનો વિદ્યાર્થીસમાજ એનાથી સાવ ઉલટા પ્રકારનો છે. અત્યારે પ્રવર્તી રહેલાં અનાચાર, ઉચ્છૃંખલતા, નિરુત્સાહ, નિરુદ્યમ અને નિષ્ક્રિયતાના ભાવથી અર્વાચીન વિદ્યાર્થીસમાજને બચાવી લેવો જોઇએ. એકાદ નિશાળમાં જો વીશેક જેટલા વિદ્યાર્થીઓ એકાદ આદર્શને અપનાવીને તદનુસાર વર્તવા માંડે તો અલ્પ સમયમાં જ આખી નિશાળનું વાતાવરણ બદલ્યા વગર રહે નહીં."

એક વિદ્યાર્થીએ પૂછ્યું, "આચાર્યદેવ, આ કેવી રીતે સંભવિત બને ?"

આચાર્યદેવે જવાબ આપ્યો, "મહાન આદર્શનો એક જબરો પ્રભાવ પડતો હોય છે. સત્યવાદી, ઉચ્ચ આકાંક્ષા સેવનાર, ગંભીર પ્રકૃતિના વિદ્યાર્થી સમક્ષ ગમે તેવો લવારો કરવાની હિંમત કોઈ

દાખવી શકતું નથી કે નાહકના ઠઠ્ઠામશ્કરી અને નકામા ગામગપાટા ચલાવી શકતું નથી."

વિદ્યાર્થીએ કહ્યું, "પણ વાત એવી છે કે અમે બીજાના પ્રભાવથી ખેંચાઈ જઈએ છીએ."

આચાર્યદેવે કહ્યું, "જો એવું થતું હોય તો કોઈ પણ ફાલતું છોકરાનો સંસર્ગ રાખશો નહિ. કે કોઈની સાથે સંભાષણ પણ કરશો નહીં. આમ કરશો તો બીજાના પ્રભાવથી ખેંચાઈ જવાનો ભય ઓછો થઈ રહેશે."

વિદ્યાર્થીએ કહ્યું, "આ માટે ઠેર ઠેર પ્રચાર કરવો જોઈએ."

આચાર્યદેવે કહ્યું, "આજે દેશમાં જો કોઈ કાર્ય કરવાનું હોય તો એ વિદ્યાર્થીસમાજને તૈયાર કરવાનું કાર્ય છે. વિદ્યાર્થી સમાજનું ઘડતર જે પ્રકારે અને જે ભાવથી કરવામાં આવશે તેવા જ પ્રકારે અને તેવા જ ભાવથી ભાવિ પ્રજા અને ભાવિ જાતિનું ઘડતર થશે. વિદ્યાર્થીઓ એ જ ભવિષ્યની જાતિ હોવાથી એમની ઉન્નતિ અને એમના અભ્યુદય ઉપર જ રાષ્ટ્રનો અભ્યુદય અવલંબે છે."

વિદ્યાર્થીએ કહ્યું, "સ્વામીજી મહારાજ, આજના વિજ્ઞાન અને યંત્ર-વિદ્યાના જમાનામાં આધ્યાત્મિક કેળવણી કેવી રીતે સફળ નીવડશે ?"

આચાર્યદેવે કહ્યું, "આજના વૈજ્ઞાનિક જ્ઞાન સાથે નૈતિક અને આધ્યાત્મિક જાગૃતિની અજોડ એકરૂપતા સાધવી જોઈએ. નીતિશિક્ષણ અને ચારિત્ર્યઘડતરની નક્કર તાલીમ વડે જો આજની શાળા મહાશાળાઓની કેળવણીની ન્યુનતા નિવારવામાં નહીં આવે તો તેમાં અપાતું આજનું શિક્ષણ નિષ્ફળ નીવડશે. નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો વગરનું શિક્ષણ અપૂર્ણ અને અધૂરું છે. અને તેથી વિદ્યાર્થીઓને જીવન-સંગ્રામનો સામનો કરવા માટે તેમજ રાષ્ટ્રની સર્વતોમુખી સેવા કરવા માટે લાયક બનાવવામાં એ નિષ્ફળ જાય છે.

ઉપરોક્ત પરિસંવાદ પરથી પાઠકોને માલૂમ પડશે કે તેઓશ્રી વિદ્યાર્થી સમાજની અંદર એક જબરજસ્ત વિદ્યાર્થી સગઠન અને નૈતિક આંદોલન શરૂ કરવા માગતા હતા. આમ તો આચાર્યદેવ જ્યારે વિદ્યાર્થી અવસ્થામાં હતા. ત્યારથી જ આ ચળવળની શુભ શરૂઆત કરી હતી, માત્ર બાજીતપુર જ નહિ, પણ આજુબાજુના અનેક ગામોથી સંખ્યાબંધ વિદ્યાર્થીઓ એમની પાસે દોડી આવતા અને તેમની મધુર મિષ્ટ ઉપદેશ વાણીનું રસપાન કરતા હતા. આ રીતે સમગ્ર બંગાળમાં વિદ્યાર્થીસમાજમાં એક નૈતિક જાગૃતિ આવી હતી. 'બ્રહ્મચર્યમ્' પત્રિકા છપાવીને શાળા મહાશાળાઓમાં વહેંચવામાં આવી, આ પત્રિકાઓ વાંચીને અનેક વિદ્યાર્થીઓ જીવન પાથેય પ્રાપ્ત કરતા હતા. હવે નવા સંન્યાસીઓ તૈયાર થઈ ગયા હોવાથી, તેઓશ્રી એ લોકોને પ્રવચન કરવા શાળા કોલેજોમાં મોકલી આપવા લાગ્યા અને આથી પણ વિદ્યાર્થી સમાજમાં ઘણો પ્રચાર થયો

'મદારીપુર બ્રહ્મચર્ય વિદ્યાલય' નામનો એક આશ્રમ ચાલતો હતો. તેમાં કેટલાક વિદ્યાર્થીઓ નિયમ નિષ્ઠાથી રહેતા હતા. આ વિદ્યાર્થીઓની રહેણી-કરણી, પોશાક-વાણી અને ખાનપાનની વિશેષતા બીજા વિદ્યાર્થીઓ અને યુવકો પર ઊંડો પ્રભાવ પાડતી હતી. આ લોકો તેઓશ્રીના ઉપદેશનું અક્ષરશઃ પાલન કરવા સદા તત્પર રહેતા હતા. તેઓશ્રી દરેક જણને તેની યોગ્યતા અનુસાર જનસેવાનું કાર્ય, ચારિત્ર્યઘડતરનું કાર્ય, ત્યાગ-સંયમ કેળવવાનું કાર્ય, વગેરે. બાબતોનો જરૂર જોગ બોધ આપતા. સ્વતંત્ર્યવાંચ્છુ રાજનૈતિક કાર્યકરો પણ આચર્યદેવની મુલાકાતે રોજ આવતા હતા.

વિદ્યાર્થીઓની અંદર પ્રચાર કાર્ય જેમ જેમ વધતું ગયું તેમ તેમ વિદ્યાર્થી-આશ્રમ ઊભા કરવાની અગત્યતા વધતી ગઈ. અને થોડા વર્ષના ગાળામાં ખુલના, મદારીપુર રાજશાહી, વગેરે શહેરોમાં વિદ્યાથી-ભવનોની સ્થાપનાં થવા લાગી. આ સંસ્થાઓમાં સુશિક્ષિત, સદાચારી

અને પ્રેમાળ સંન્યાસીઓને ગૃહપતિ તરીકે મોકલવમાં આવ્યા. આ વિદ્યાર્થીભવનોમાં ભણતા કેટલાએ વિદ્યાર્થીઓ ત્યાગ-વૈરાગ્યથી પ્રેરાઈને ઉત્તરકાળમાં સંઘના સંન્યસીઓ બની ગયા છે.

આ સમય દરમ્યાન વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અધ્યાપકો તેમને મળવા આવતા. તેઓશ્રી આ બધાને સ્નેહ-પ્રેમપૂર્વક સત્કારતા અને એમને ઉપદેશ આપતા. મળસ્કે ત્રણ વાગ્યાથી બપોરના બાર વાગ્યા સુધી, અને ફરી બપોરના ત્રણ થી રાતના બાર વાગ્યા સુધી તેઓશ્રી બાળક-યુવકો અને વિદ્યાર્થીઓને દર્શન આપતા.

પ્રકરણ બારમું

તીર્થસુધાર આંદોલન

ભારત ધર્મનો દેશ છે. પ્રાચીન કાળથી આ પવિત્ર ખંડમાં અસંખ્ય ઋષિમુનિઓ અને ધાર્મિક અવતારી મહાપુરુષોએ જન્મ લીધો છે. તેઓની તૃપસ્યા, લીલા અને કાર્યને લીધે આ દેશના સર્વ ભાગોમાં અનેક તીર્થસ્થાનો અને મંદિરો ખડાં થઈ ગયા છે.

બ્રહ્મચર્યની દીક્ષા લીધા પછી, આચાર્યદેવ જ્યારે ગોરખપુરથી પાછા ફરી રહ્યા હતા ત્યારે તેઓશ્રી ગયાજી ઉતર્યા હતા; એ વખતે એમને ત્યાંના પંડયાંઓનો કડવો અનુભવ થયો હતો, ત્યારથી જ એમણે ગયાજીમાં આશ્રમ સ્થાપવાનો મનમાં સંકલ્પ કર્યો હતો.

તેઓશ્રી કહેતા હતા, "તીર્થસ્થાન જાતિ અને સમાજના હૃદયસ્વરૂપ છે. મનુષ્યદેહમાં જેમ હૃદય કેન્દ્રસ્થાને રહીને વિભિન્ય ધર્મની સહાયથી સર્વત્ર રક્ત પહોંચાડે છે અને તે શરીરને સ્વસ્થ અને નિરોગી રાખે છે, તેવી જ રીતે તીર્થસ્થાનો દ્વારા જે પવિત્ર ધર્મભાવ ઉત્પન્ન થાય છે તે દેશના ભિન્ન ભિન્ન પ્રાંતોમાંથી આવતા યત્રાળુઓની અંદર પ્રસરે છે. તીર્થસ્થનો જાતિનું સર્વોચ્ચ ભાવકેન્દ્ર, પ્રચારકેન્દ્ર અને સગંઠનકેન્દ્ર બની રહે! છતાં અફસોસની વાત એ છે કે, આજકાલ તીર્થસ્થાનોનું વાતવરણ અત્યંત કલુષિત જોવા મળે છે જે લોકો તીર્થસ્થાનોના રક્ષકો અને પ્રચારકો છે. એજ આજે ભક્ષકો જેવા બની રહયા છે. સંસારની વિવિધ જંજાળોથી ત્રાસિત થએલ નરનારીઓ પરમ શાંતિ પ્રાપ્ત કરવાની આશાથી આવાં તીર્થસ્થાનોની યાત્રા કરવા આવે છે. પણ આ યાત્રાધામોમાં આવીને એ લોકોને શાંતિ અને આનંદ મળવાને બદલે એમને અસહ્ય અનાચર

અને કુટિલ અશાંતિનો જ અનુભવ થવા પામે છે. આના પરિણામે, યાત્રાળુઓમાં જે કંઈ ભક્તિભાવના હોય છે તે પણ સાવ નિર્મૂળ બને છે. આ કરુણ સ્થિતિનું પરિવર્તન થવું જ જોઇએ. આ મહાન ઉદ્દેશને લક્ષમાં રખીને હું તીર્થ–સુધાર આંદોલનને હાથ ધરી રહ્યો છું. ભારતમાં અન્ય તીર્થો કરતાં ગયાજીનું મહત્ત્વ ઘણું છે. અહીંથી જે આંદોલન શરૂ કરવામાં આવશે તેનાં મોજાં ભારતભરમાં પ્રસરી જશે. સમગ્ર ભારતના લોકો પીંડદાન અને પિતૃકાર્ય માટે અહિં આવે છે. પિતૃ શ્રાદ્ધપક્ષના સમયે ભારતમાંથી હજારો યાત્રાળુઓ અહીં આવે છે. ભગવાન બુદ્ધ અને બાબા ગંભીરનાથની તપોભૂમિ અહીં હતી. એટલા માટે હું અહીં એક કેન્દ્ર ખોલીને યાત્રાળુઓને સહાય રૂપ બનવા માગું છું."

ઈ. સ. ૧૯૨૪માં ગયા ધામમાં એક કરુણ બનાવ બની ગયો હતો. એના ઉપરથી આચાર્યદેવે ઉપરોક્ત ઉદ્દ્‌ગારો કાઢયા અને સત્વરે સંઘની શાખા સ્થાપવાનો વિચાર કર્યો. કેટલાક અત્યાચારી પંડયાઓ અને પુરોહિતોએ એક મહિલા યાત્રાળુને પૈસાના લોભથી ઘાતકી રીતે મારી નાખી. આ ગમખ્વાર સમાચાર વર્તમાનપત્રો મારફતે સારાયે વિસ્તારમાં ફેલાઇ ગયા. ગયાજીમાં વસતા પ્રવાસી બંગાળીઓએ બંગાળી એસોશિએશન મારફતે આ હત્યાકાંડ અને ગયાજીમાં ચાલતા આવા મનસ્વી વર્તન સામે પોતાનો વિરોધ દર્શાવવા તથા યાત્રાળુ લોકોને મદદ કરવા અપીલ બહાર પાડી. શ્રીમદ આચાર્યદેવ એ વખતે કલકત્તામાં હતા. વર્તમાનપત્રોમાં આ સમાચાર વાંચીને સ્વયંસેવકોની એક ટુકડી લઈ તરત જ તેઓ ગયાજી જવા ઉપડી ગયા, ઘણા સમયથી આ બાબતમાં કંઈક કરવાનો વિચાર તેમના મનમાં રમી રહ્યો હતો અને એ માટે આ તક એમણે ઝડપી લીધી. ગયાજીમાં પહોંચીને એમણે સ્ટેશન નજીક મોટા રાજમાર્ગ ઉપર એ મકાનો ભાડે રાખી લીધાં અને ત્યાં સ્વયંસેવકો ગોઠવીને રાતદિવસ

યાત્રાળુઓને સુખસગવડો પૂરી પાડવા લાગ્યાં. તેઓશ્રી આશ્રમ સ્થાપવાનો ઉદ્દેશ સમજાવીને યાત્રાળુઓને સ્ટેશનેથી જ આ ભાડાના મકાનમાં લઈ આવતા અને ત્યાં તેમને રાખતા હતા. બધાને રહેવા જમવાની તથા પીંડદાન દેવાની વ્યવસ્થા આશ્રમ મારફતે જ થતી હતી. પણ એ દરમ્યાન આશ્રમ માથે એક નવું સંકટ ઊતરી આવ્યું. એ સંકટ એ હતું કે પંડયાઓ બેફામ લૂંટથી વંચિત બન્યા હોવાથી તેઓ સ્વયંસેવકો અને સંન્યાસીઓ ઉપર અત્યાચારો કરવા લાગ્યા. તે લોકોએ પોતાના સંગઠનો ઊભાં કરીને સંસ્થાના તીર્થસુધાર કાર્યને જડમૂળથી ઊખેડી નાખવાના પ્રયાસો કરવા માંડયા. કેટલીકવાર તો આ બંને વચ્ચે સામાસામી મારામારી પણ થઇ જતી. કેટલીકવાર તેઓ ઘોર અંધકારમાં સ્વયંસેવકો ઉપર હુમલાઓ પણ કરતા હતાં. પરંતુ આચાર્યદેવના દૃઢ સંકલ્પ, પ્રચંડ તેજસ્વિતા અને અતૂટ સંગઠન શકિત તથા અપૂર્વ વ્યવહાર કુશળતાને લીધે આ લોકો છેવટે એમના પ્રયાસોમાં નિષ્ફળ રહ્યા. આચાર્યદેવ પોતે વિરોધના રસ્તાઓ લેવા માગતા ન હતા. તેઓ હંમેશા સમાધાન કરવાની ઇચ્છા ધરાવતા હતા એટલું જ નહિ, પણ તેઓ પંડયાની રોજી બંધ થઈ જાય એવું પણ ઈચ્છતા ન હતા. માત્ર, લૂંટ, અનાચાર અને અત્યાચારના જ તેઓશ્રી વિરોધી હતા. છેવટે પંડયાઓ આચાર્યદેવ પાસે સમાધાન કરવા આવ્યા; અને એમાં એવો નિર્ણય કરવામાં આવ્યો કે યાત્રાળુની આર્થિક સ્થિતિ પ્રમાણે સંઘ જે નક્કી કરે એટલું જ યાત્રાળુઓનાં ક્રિયાકાંડનાં કાર્યો કરી મહેનતાણું લેવુ અને આપવા અને કોઈ ધાકધમકી કરવી નહિં.

એ ત્રણ વર્ષમાં તો આ આંદોલનને ખૂબ સફળતા મળી. નેતાઓ અને આમ જનતાની પ્રશંસનીય દૃષ્ટિ આ તરફ ખેંચાઈ અને દાનવીર વ્યકિતઓ આશ્રમ માટે દાન આપવા તૈયાર થઈ ગઈ. થોડા સમયમાં દાતાઓના દાનથી ગયાજીમાં પોતાની જમીન ઉપર અતિથિગૃહ બાંધવામાં આવ્યું. ધીરે ધીરે કાશી, જગન્નાથપુરી અને

અલ્હાબાદમાં પણ સંઘની અને પોતાની જમીન ઉપર યાત્રીશાળાઓ ખોલવામાં આવી. હજારો હિંદુઓના કંઠમાંથી સંસ્થાની આ સફળતા વિશેના ઉદ્‌ગારો નીકળી પડયા. દરેક તીર્થસ્થાનોમાં પંડયાઓ સાવધ બની ગયા. એમણે સમજી લીધું કે હવે ધાર્મિક જનતા જાગૃત બની છે અને સંઘના કાર્યને બધાનો ટેકો મળી રહ્યો છે. સંઘના આ કાર્યની સફળતા જોઈને દેશના એક મહાન નેતાએ કહ્યું હતું, "આચાર્ય સ્વામીશ્રી પ્રણવાનંદજી મહારાજે દેશના ઉત્થાન માટે ઘણી પ્રવૃત્તિઓ હાથ ધરી છે અને છતાં મારે મુખ્ય બાબત તો એ કહેવાની છે કે એમણે બીજું કોઈ પણ કાર્ય ન કર્યું હોત તો પણ તેઓ ઈતિહાસમાં અમર રહી જાત."

આજે તેઓશ્રીનો સ્થૂલદેહ વિલય થયો હોવા છતાં પણ ગયા. કાશી, હરદ્વાર, પ્રયાગ, પુરી, વૃંદાવન, કુરુક્ષેત્ર, નવદ્વીપ વગેરે તીર્થસ્થાનોમાંના કેન્દ્રોમાં હજારો યાત્રાળુઓની સેવા કરવામાં આવે છે. દરેક કેન્દ્રમાં મંદિરો સ્થાપવામાં આવ્યા છે. અને ત્યાં ત્રિકાળ પૂજા-આરતી, મોટા મોટા તહેવારોની ઊજવણી, કથાકીર્તન આદિ ધાર્મિક અનુષ્ઠાનો પણ યોજવામાં આવે છે.

પ્રકરણ તેરમું

ગુરૂપૂજાનો પ્રચાર

ઋષિમુનિઓએ ઉપનિષદમાં કહ્યું છે. 'પિતૃદેવો ભવ. માતૃદેવો ભવ, આચાર્યદેવો ભવ, અતિથિદેવો ભવ, અર્થાત્ માતાપિતાની દેવતારુપે સેવા કરવી, શિક્ષણ આપનાર આચાર્ય અને ગુરુને દેવતા સમજીને પૂજા કરવી અને અતિથિને પણ દેવતા ગણીને એનો સત્કાર કરવો. આ બધા ઉપદેશો માત્ર ઉપદેશો નહીં રહેતા. બાળકો અને શિષ્યોના જીવનમાં આચરણ દ્વારા એનું પાલન થતું જોવામાં આવતું હતું.

ભારતીય હિન્દુ સંસ્કૃતિમાં આચાર્ય અથાત્ ગુરુ એ જ વેદમૂર્તિ છે એમની વાણી એ જ વેદવાક્ય છે અને એમણે ચીંધેલો માર્ગ એ જ સાચો માર્ગ છે. એમનો ઉપદેશ એ જ શાસ્ત્ર અને એમની જીવનકથા એ જ ધર્મનો પાયો. આચાર્ય નરશરીરે સ્વયં ભગવાન છે. આચાર્યને કેન્દ્રસ્થાનમાં રાખીને જ ભારતીય વ્યક્તિ, પરિવાર, સમાજ તથા રાષ્ટ્રનું નિર્માણ થયું હતું. ગુરુની પ્રેરણા અને આશીર્વાદથી ભારતીય લોકો શુદ્ધ, પવિત્ર, શાંત, સૌમ્ય, પરોપકારી, શિસ્તબદ્ધ, સ્વધર્મનિષ્ઠ, સેવાભાવી અને દેશપ્રેમી બનતા હતા. આજે આ વાતને આપણે સદંતર ભૂલી ગયા છીએ એટલે સમાજનાં સર્વ ક્ષેત્રોમાં અનીતિ, દુર્નીતિ, પાપાચાર, ઉચ્છંખલતા અને સંઘર્ષ જોવા મળે છે.

દુર્ભાગ્યની વાત એ છે કે પાશ્ચાત્ય કેળવણી અને સંસ્કૃતિના મોહથી ભારતીય નરનારીઓ પોતાની સંસ્કૃતિ અને શિક્ષણપદ્ધતિનો

ત્યાગ કરી રહ્યાં છે. જે દેશમાં શ્રી રામચંદ્રજી પિતૃવચનનું પાલન કરી બતાવવા માટે ચૌદ વરસ વનમાં રહ્યા હતા તે દેશમાં આજે માતાપિતાની ભક્તિ કેવી કરવી તે શીખવવું પડે છે. એ કેટલી શરમ જનક બાબત છે! જે દેશમાં લક્ષ્મણ થઈ ગયા એ દેશના લોકોની મોટાભાઇ પ્રત્યે નાનાભાઈની લાગણી કેવી હોવી જોઈએ, એ શીખવવું પડે છે! જે દેશમાં સીતાનો જન્મ થયો હતો એ દેશની સ્ત્રીઓને પતિપ્રેમ અને સતીત્વ શું છે એ સમજાવવા માટે પ્રવચનો કરવા પડે છે! આજે તો દરેક ક્ષેત્રમાં સંઘર્ષ અને વિસંવાદ જ જોવા મળે છે. પિતા પુત્ર વચ્ચે, શિક્ષક વિદ્યાર્થી વચ્ચે, નેતા જનતા વચ્ચે, અને માલિક મજુર વચ્ચે જે ઝઘડા અને અશાંતિનું વાતાવરણ ઉપસ્થિત થયું છે તેના પરિણામે શાંતિથી જીવવું કેવી રીતે એ પણ એક સવાલ થઈ પડયો છે. પ્રાચીન કાળમાં જે ચાર આશ્રમો માનવના જીવનમાં અસ્તિત્વ ધરાવતા હતા તેનો આજે લોપ થવા લાગ્યો છે. આ તે આપણી કેવી દુર્દશા! જે ભારતવર્ષમાં લોકો સત્ય, ત્યાગ ધર્મ અને નીતિને ખાતર પ્રાણ પણ ન્યોછાવર કરતાં જરા પણ અચકાતા નહોતા એ જ દેશમાં આજે સત્ય, સંયમ અને બ્રહ્મચર્યને નામે મીંડુ જ જાણે જોવા મળે છે. આ તે કેવું મોટું અધઃપતન!

સમાજની ભારે દુર્દશા જોઈને સંઘનેતા આચાર્યશ્રીએ કહ્યું, "પ્રાચીન કાળની સમાજવ્યવસ્થા અને આદર્શ તથા એકબીજા પ્રત્યેની કર્તવ્ય-ભાવના ફરીથી હું દેશમાં જાગૃત કરવા માગું છું અને આ માટે જરૂર છે. સમાજના દરેક ક્ષેત્રના માણસો પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિ ભાવની. વડીલો અને સાધુસંતોની સેવા કર્યા વગર સમાજમાં શાંતિ અને શિસ્તયુક્ત વાતાવરણ નહીં સર્જાય. આટલા માટે ભારત-ભરમાં ગુરુપૂજા-આંદોલન હું શરુ કરવા માગું છું."

પ્રાચીન કાળમાં રાજાઓ એમના ગુરુને વંદન કરીને રાજકાર્યનું સંચાલન કરતા હતા. વશિષ્ઠદેવ રામચંદ્રના તથા સૂર્યવંશના ગુરુ

હતા, મહર્ષિ વ્યાસદેવ ચંદ્રવંશના ગુરુ હતા. દેવાનુપ્રિય સમ્રાટ અશોકના ગુરુ બૌદ્ધભિક્ષુ ઉપગુપ્ત હતા અને ગુરુ રામદાસ શિવાજી મહારાજના ગુરુ હતા. પ્રાચીન કાળમાં રાજાઓ ગુરુની આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરતા હતા. એ સમયે રાજ્યમાં શાંતિ, શિસ્ત, ન્યાય, સદાચાર પ્રામાણિકતા અને સત્યનિષ્ઠા આદિ સદ્ગુણોનો વિકાસ સમાજમાં જોવા મળતો હતો. આ રીતે જોવા જઈએ તો ભારતવર્ષ માટે ગુરુવાદ એ જ એક અંતિમવાદ હતો. જડવાદ અને નાસ્તિકવાદ આ દેશને ખપતા નથી. અત્યારે પણ ગુરુપૂર્ણિમાના દિવસે લોકો ગુરુપૂજન વિધિ કરે છે. ભારતના લાખો નરનારીઓ ગુરુસમક્ષ ઉપસ્થિત થઈને પુષ્પાંજલિ અર્પણ કરે છે. ગુરુ પૂર્ણિમાનું આમ ઘણું મહત્વ છે. ધર્મશાસ્ત્ર પ્રણેતા કૃષ્ણ દ્વૈપાયન વ્યાસદેવની એ દિવસે જન્મજયંતિ આવતી હોય છે. એ રીતે વ્યાસદેવજી જગદ્ગુરુ કહેવાય.

આ ગુરુપૂજાની ભાવના આપણા રોજિંદા જીવનમાં પ્રચલિત થવી જોઈએ અને એમ થશે ત્યારે જ સમાજમાં સાચી શાંતિ આવશે.

ઈ. સ. ૧૯૨૪ના કાર્તિક મહિનાની પૂનમથી આચાર્યદેવ ગુરુરૂપે પ્રકટ થયા. સંઘસંતાનોના મનમાં ત્રિકાળ ગુરુપૂજા કરવાની ભાવના જાગ્રત થઈ અને એ અનુષ્ઠાન ધીરે ધીરે જાહેર જનતાની અંદર પણ પ્રચલિત બનવા લાગ્યું. આચાર્યશ્રીએ યુગમંત્ર આપ્યો. 'હર ગુરુ શંકર શિવ શંભો, 'ગુરુકૃપાહિ કેવલમ. 'ગુરુ એ જ સંઘ નેતા આચાર્યદેવ સ્વયં શિવાવતાર ગુરુકૃપા વિના જ્ઞાન ક્યાંથી આવે?

આચાર્યદેવ અત્યાર સુધી એક મહાન કર્મયોગી તરીકે અને અવિરત સમાજની સેવા કરનાર એક મિત્ર તરીકે કામ કરતા હતા. તેથી તેઓશ્રીની યશગાથા સર્વત્ર લોકોના જીભને ટેરવે રમી રહી હતી. તેમના કાર્યની સૌ કોઈ પ્રશંસા કરતુ હતું. બંગાળના વર્તમાન પત્રોમાં તેમના કાર્ય વિશેના કોઈને કોઈ સમાચારો પ્રસિદ્ધ થતા

રહેતા હતા. પરંતુ જ્યારથી આચાર્યદેવ પોતે મહાન ગુરુ બની શિષ્ય ભક્તની પૂજા આરતી સ્વીકારવા તૈયાર થયા ત્યારથી તેઓશ્રીના એક દળ મિત્રો એમની વિરૂદ્ધમાં ગયા. કેટલાકે તો આવીને તેઓશ્રીને કહ્યું પણ ખરૂં "સ્વામીજી મહારાજ; આપ આ શું કરી રહ્યા છો? આ દેશને શું પાંચસો વરસ પાછો ભૂતકાળમાં લઇ જવો છે? સ્વાતંત્ય આંદોલનનો તેજસ્વી તરૂણ વર્ગ પણ આપના આકર્ષણથી અંજાઈને આપના આ સંઘમાં જોડાઈ જાય છે, અને આપ એક ગુરુ ભજનાર વૈરાગીઓનો એક અખાડો બનાવવા માગો છો? આથી તો સર્વનાશ થશે."

આચાર્યદેવે પ્રત્યુત્તરમાં સચોટ જવાબ આપ્યો, આશ્રમમાં કોઈ પણ કાર્ય કે આંદોલન કોઈના વ્યકિતગત ખ્યાલ કે ખુશીથી શરુ કરવામાં આવતું નથી. અને એ રીતે કોઈના અભિપ્રાયથી તે બંધ પણ કરવામાં આવતું નથી. આ સંઘ મારફતે જ્યારે જે કોઈ કાર્યની શરૂઆત કરવામાં આવી છે ત્યારે એની પાછળ સર્વ નિયંતા ભગવાનનું જ વિધાન અને નિર્દેશ રહેલ હોય છે. આજે જે વ્યકિત હજારો ફુલ બીલીપત્રોથી પૂજા સ્વીકારી શકે છે, એ વ્યકિત કાં તો પાગલ છે અથવા તો એ અસામાન્ય શકિત ધરાવનાર મહાપુરુષ છે. આ ગુરૂપૂજા આંદોલન કોઈ ઉદ્દેશ વિનાનું નથી. લોકોની પૂજા અને અભિષેક ગુરૂપૂજા ભારતમાં કોઈ નવી વસ્તુ નથી. ગ્રહણ કરીને મનમાં યશ મેળવવાની કોઈ ઇચ્છા મારામાં નથી. સનાતન કાળથી ગુરૂપૂજાની પરંપરા ચાલતી આવી છે. અને ગુરુના આશીર્વાદ અને શિક્ષણથી ભારતીય ધર્મ અને સમાજની રચના થઈ છે. વેદ, ઉપનિષદ શ્રુતિ. સ્મૃતિ, પુરાણ વગેરે શાસ્ત્રગ્રંથોના પાનાં ઉપર આ ગુરુપૂજા અને ગુરુસેવાના મહિમાનું વર્ણન કસ્વામાં આવ્યું છે. આ ગુરુપૂજાથી હું દેશભરમાં શ્રદ્ધાનું એક વાતાવરણ ઉભું કરવા માગુ છું આ પૂજા જોઈને સ્ત્રી વિચાર કરશે કે પતિભકતી મારે કરવી જોઈએ. એક પુત્ર કે કન્યા સમજશે કે માતૃભકિત ને પિતૃભકિત

એમના જીવનમાં હોવી જોઈએ. ગુરૂપૂજાનો આદર્શ સમજીને વિદ્યાર્થીઓ શિક્ષક પ્રત્યે આદરની લાગણીથી જોતાં શીખશે. આમ આખા સમાજમાં ફરીથી શાંતિ અને સેવાનું વાતાવરણ ઉત્પન્ન થશે જેમનામાં સહેજ પણ સમજ શકિત હશે, તેઓ જરૂર સમજી શકશે કે આ આંદોલન દ્વારા હું દેશની અંદર એક જબરું પરિવર્તન લાવવા માગુ છું."

આચાર્યદેવનો આ બુદ્ધિપૂર્ણ, સમાજકલ્યાણમૂલક પ્રત્યુત્તર સાંભળીને વિરોધી વ્યક્તિઓનો હૃદયપલ્ટો થયો. આચાર્યદેવ પ્રચારક મંડળી સાથે શહેરે શહેરે પ્રવાસ કરવા લાગ્યા. દરેક જગાએ મોટી મોટી સભાઓ ભરાઈ. સંઘના સંન્યાસી વક્તાઓ ભારતનો ગુરૂવાદ, ગૃહસ્થાશ્રમીઓનું કર્તવ્ય, મનસંયમ અને નૈતિક ચારિત્ર્યઘડતર જેવા વિષયો પર અસરકારક પ્રવચનો કરવા લાગ્યા. ઘેર ઘેર પ્રચાર મંડળીના સભ્યો સંગીત દ્વારા સંભળાવવા લાગ્યા, "આપણે કેમ ભોગમાં ભૂલીશું આપણે તો ત્યાગીઓનાં સંતાન છીએ."

આ ઉપરાંત 'બ્રહ્મચર્યમ્' 'ભારતનો ગુરુવાદ' 'ગૃહસ્થાશ્રમ્' વગેરે પુસ્તકો પ્રસિદ્ધ કરીને ઘેર ઘેર વહેંચવામાં આવ્યાં.

આચાર્યદેવ જ્યાં જ્યાં આ રીતે જતા ત્યાં ત્યાં મોટી માનવમેદની એકત્ર થઈ જતી અને લોકો મોડે સુધી લાઈનમાં ઊભા રહીને એક પછી એક દર્શન કરવા જતા. આ સમય દરમ્યાન મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ આઝાદીના આંદોલનમાં તરૂણવર્ગે ઝુકાવ્યું. શાળા મહાશાળાઓના વિદ્યાર્થીઓએ હડતાલ પાડીને અંગ્રેજ સામ્રાજ્યોના વિરુદ્ધમાં સૂત્રો પોકારીને જેલમાં જવા માંડયું. મોટા મોટા દેશનેતાઓ શહેરોમાં ફરી ફરીને પ્રવચનો કરતા હતા. ત્યારે આચાર્યદેવના ગુરૂપૂજા આંદોલન વિશે સાંભળીને નેતાઓ પાસે પત્રિકાઓ લઈને ઉપસ્થિત થતા ત્યારે એ લોકો ગુરુપૂજા આંદોલનના વિરુદ્ધમાં કહેતા હતા, "તમે લોકો કેવા છો? આજે સમસ્ત

ભારતમાં અહિંસા અને અસહકારનું આંદોલન ચાલી રહ્યું છે અને ઘેર ઘેર રેંટિયો ચાલી રહ્યો છે. આવા સમયે કોઈના ચેલા બનવાથી શો ફાયદો થવાનો છે? તમે બધા સુશિક્ષિત છો, તો શા માટે અસહકારના આંદોલનમાં જોડાઈ નથી જતા?" જ્યારે આ વાત આચાર્યશ્રીને કાને પહોંચી ત્યારે એમણે સંઘસંતાનોને જણાવ્યું. જે મન અને બુદ્ધિ કામવાસનાથી પીડાય છે અને રિપુ-ઈન્દ્રિયોની પજવણીથી જર્જરિત બને છે, તે મન અને બુદ્ધિ લઈને કોઈ દેશ, જાતિ અને સમાજની સમસ્યાઓનું સમાધાન કરવા જાય તો એને પાગલપણું જ કહી શકાય. તમે લોકો બીજા લોકોની આડીઅવળી અને ફાલતું વાતો કાને ધરશો નહીં. આજે જો વ્યાસ, વશિષ્ઠ અને વાલ્મીકિ જેવા ઋષિમુનિઓ, બુદ્ધ, શંકરાચાર્ય અને ચૈતન્યપ્રભુ જેવા અવતારી પુરુષો જીવંત હોત તો, જે રસ્તો તમને આજે હું બતાવી રહ્યો છું તે જ રસ્તો સાચો છે એમ એમણે જરૂર કહ્યું હોત. આજે દેશના જે લોકો અત્યારના આ નેતાઓને માથા પર ચઢાવીને નાચી રહ્યા છે તે જ લોકો એક દિવસ તેમને દૂર ફેંકી દેવામાં વાર લગાડશે નહીં. ભગવદ્ભક્તિ વિહીન રાજનીતિ, લોકશાહી કે સમાજવાદ બહુ દિવસ સુધી આ ભારતની ભૂમિ પર ટકી શકશે નહીં. આ સ્વાતંત્ર્ય આંદોલન એક કામચલાઉ વ્યવસ્થા માટેનું આંદોલન છે. પણ એથી જ ભારતની સમસ્યાઓનું સનાતન સમાધાન થશે નહીં. "સર્વમ્પરવશમ્ દુઃખમ્, સર્વમાત્મવશમ્સુખમ્" પરતંત્રમાં દુઃખ છે, સ્વતંત્રતામાં સુખ છે. આ વાત ખરી, પણ આદર્શ મનુષ્ય તૈયાર ન થાય તો બધી યોજનાઓ અને આંદોલન નિષ્ફળ નીવડશે. આમ સૌ પ્રથમ આદર્શ અને નીતિમાન મનુષ્ય તૈયાર કરવાની અગત્ય હું સમજું છું."

અતિ અલ્પ સમય દરમ્યાન આચાર્યદેવે એ આંદોલન બંગાળના એક છેડાથી બીજા છેડા સુધી ગૂંજતું કર્યું. પછી એ

આંદોલનનું મોજું દેશના અન્ય પ્રાંતોમાં પણ ફરી વળ્યું. તે વખતે બંગાળના બધા તરુણવર્ગો આચાર્યદેવ પાસે જઈને જીવન અને ચારિત્ર્યઘડતરનો ઉપદેશ લઈ આવતા હતા. આમ આ ચારિત્ર્ય-ઘડતર અને સંયમસાધનાના આંદોલનથી આઝાદી જંગમાં જોડાયેલ તરૂણ યુવકોને પણ ખૂબ જ પ્રેરણા મળી અને આડકતરી રીતે આઝાદી આંદોલનનો પાયો વધુ દૃઢ અને મજબૂત બન્યો.

પ્રકરણ ચૌદમું

શક્તિસાધનાનો પ્રચાર

"સ્વામીજી મહારાજ, મનમાં એક સંશય લઈને આપની સમક્ષ હું હાજર થયો છું," એક અનુયાયીએ આચાર્યદેવને કહ્યું.

આચાર્યશ્રીએ કહ્યું, "કેમ, શો સંશય છે? સંશયાત્મા વિનશ્યતિ અર્થાત્ જે સંશય રાખે છે તે વિનાશ પામે છે. એટલે તમારા મનના સંશયનું નિરાકરણ થવું જ જોઈએ." અનુયાયીઃ—આપના આશ્રમની પૂજા આરતીમાં ફૂલ, ચંદન, ધૂપ, દીવા ઉપરાંત તલવાર લાઠી, ખડ્ગ વગેરેનો પણ ઉપયોગ થાય છે. તો એનો શો અર્થ? શસ્ત્ર તો હિંસાનું પ્રતીક છે.

આચાર્યદેવઃ—વિશ્વમાં શક્તિનો ખેલ ચાલી રહ્યો છે. શક્તિ એ જ પ્રાણ છે. શક્તિ એ જ જીવન છે. જેની પાસે શક્તિ નથી તે પ્રાણહીન અને મૃતપ્રાય છે. શક્તિહીન, દુર્બળ અને કાયર મનુષ્યને જીવવાનો કોઈ અધિકાર નથી; અને તે બચી પણ શકતો નથી. શક્તિની સાધના, શક્તિનું અનુશીલન, એનો સંચય અને પ્રયોગ તમામ જીવિત મનુષ્યો અને પ્રાણીઓનું લક્ષણ છે. જે સમાજ અને રાષ્ટ્ર શક્તિહીન હોય છે તે આત્મરક્ષણ માટે અસમર્થ બને છે. એટલા માટે હું શક્તિસાધનાનો પ્રચાર કરવા માગું છું.

અનુયાયી;–આપની વાત સાચી તે પણ દેવદેવીની પૂજા–આરતીમાં શસ્ત્રનો ઉપયોગ કરવો એ શું શાસ્ત્ર વિરુદ્ધનું કાર્ય નથી ?

આચાર્યદેવઃ–હરગીજ નહીં. હિંદુભક્તો શક્તિના પૂજકો અને મહાશક્તિના ઉપાસકો છે. એકવાર ધીર અને સ્થિર ચિત્તે વિચાર કરી જુઓ તમારા દેવદેવીઓની મહાવીરત્વથી ઊભરાતી લીલાઓ કેવી અદ્‌ભુત છે ! શિવજીના હાથમાં ત્રિશૂળ શોભે છે. શ્રીરામચંદ્રજીના હાથમાં ધનુષ્ય છે. શ્રીકૃષ્ણના હાથમાં સુદર્શનચક્ર બિરાજે છે. તે જોઈને કઈ ભાવના તમારા અંતઃકરણમાં સ્ફૂરે છે ? દશે ભૂજામાં દશ દશ પ્રકારનાં શસ્ત્રાસ્ત્રો ધારણ કરવાવાળી મા દુર્ગાનાં દર્શન કરતાં તમારા અંતરમાં કેવા વિચારો પ્રગટે છે ? આવી મહાશક્તિની સાધના અને ઉપાસના કરનાર માનવી દુર્બળ રહે કે સબળ બને ?

અનુયાયી:-ઘણા લોકો આપણા આશ્રમની પૂજા–આરતી જોઈને એમ કહે છે કે આ તો મારામારી અને તલવારબાજી છે. આરતી તો મનની શાંત અને એકાગ્ર અવસ્થામાં થવી જોઈએ.

આચાર્યદેવ:–'નાયમાત્મા બલહીનેન લભ્યઃ' અર્થાત્ બળહીન, કાયર માણસો કદી આત્માને પ્રાપ્ત કરી શકતા નથી. મનની એકાગ્રતા ક્યારે આવે ? શરીરમાં તાકાત હોય ત્યારે. નિર્માલ્યજનો કદી મનને એકાગ્ર કરી શકતા નથી. સમગ્ર દેશ આજે તામસમાં ડૂબી ગયો છે. આળસ, નિદ્રા, તંદ્રા અને નિષ્ક્રિયતાનું ચિહ્ન આજે સર્વ જનોના ચહેરા ઉપર અંકિત થયેલું દેખાય છે. આ અધપતનથી સમાજને અને દેશને બચાવવો હોય તો પહેલાં તામસ અને આળસ ખંખેરીને રજોગુણનો સંચાર કરવો જોઈએ જેથી કરીને મનુષ્ય વીર, સાહસિક અને કામ કરવા માટે યોગ્ય બને. સાત્વિક ગુણોનો વિકાસ આ બાદ જ સંભવી શકે. એકાતમાં બેસીને ઈશ્વરને નામે માણસો જપમાળાના અંચળા હેઠળ આળસને પોષી રહ્યા છે. તેમાં સાત્વિકતા નથી. એ તો એક ઘોર તામસ સ્વભાવ છે.

અનુયાયીઃ—તો આપનું કહેવાનું તાત્પર્ય એ છે કે માત્ર શસ્ત્ર વડે આરતી ઉતારવાથી લોકો બળવાન થઈ જશે?

આચાર્યદેવઃ-હા, તમારી વાત સાચી છે. પરંતુ આજકાલ લોકોમાં જુસ્સો જ ક્યાં છે? જુસ્સા વિના મનુષ્ય નિર્માલ્ય બની જાય છે; એનામાં તામસ ગુણોનો પ્રભાવ વધવા માંડે છે. મેં દરેક ગામો અને શહેરોમાં હિન્દુ મિલન મંદિરો અને રક્ષકદળોની સ્થાપના કરવા માટે યોજના કરી છે.

અનુયાયીઃ-હિંદુ મિલન મંદિર અને રક્ષકદળનું કાર્ય શું હશે?

આચાર્યદેવઃ—અમારું મિલન મંદિર એ ઈંટ અને પથ્થરનું મંદિર નથી. ઈંટ પથ્થરોના થરો ચઢાવી ચઢાવીને લોકો મંદિર નિર્માણ કરે છે ત્યારે અમે હિંદુસમાજના છિન્ન વિચ્છિન્ન, વેરણ-છેરણ ભાગ—વિભાગોને એક સૂત્રે બાંધીને તે વડે વિરાટ હિંદુ મિલન મંદિરનું નિર્માણ કરવા માગીએ છીએ. આ મિલનમંદિર હિંદુઓના ધાર્મિક, સામાજિક, રાષ્ટ્રીય આદિ સર્વ ક્ષેત્રોમાં ઉદ્‌ભવવા પામેલી સર્વ પ્રકારની સમસ્યાઓના ઉકેલના કેન્દ્રસ્વરૂપ બની રહેશે.

અનુયાયીઃ—રક્ષકદળનું કાર્ય શું છે, સ્વામીજી?

આચાર્યદેવ—રક્ષક દળને અંગ્રેજીમાં 'ડિફેન્સ પાર્ટી' કહેવામાં આવે છે. ગામનાં બાળકો અને યુવાનો રોજ સવાર સાંજ મિલન મંદિરમાં આવીને કસરત કરે, લાઠી, લેઝિમના દાવ શીખે, વિવિધ યોગાસનો અને ક્રિયાઓ શીખે, જેથી કરીને એમના શરીર અને મનમાં શક્તિનો સંચાર થાય. એમના મનમાં એવો આત્મ-વિશ્વાસ આવે કે હું કોઈ પણ આપત્તિનો સામનો કરવા સમર્થ છું; ગામ અથવા શહેરમાં આવી પડેલી કોઈ પણ આફતમાં લોકોને મદદ કરવા હું શક્તિમાન છું અથવા સમાજમાં ચાલતા દુર્વ્યવહારો અને પાપાચારોનો વિનાશ કરવાની મારામાં તાકાત છે; અને એ માટે જો જરૂર પડે તો હું શારીરિક બળનો પ્રયોગ પણ કરી શકું.

આવો ઉદ્દેશ રક્ષકદળની સ્થાપના પાછળ રહેલો છે. હિંદુ મિલન મંદિરમાં અઠવાડિક અધિવેશન પણ ભરાય એવો પ્રબંધ છે. એમાં સર્વ શ્રેણીના લોકો નાતજાતના ભેદભાવ વિના એક સાથે બેસી શકે, શાસ્ત્રોનું અધ્યયન અને પ્રાર્થના કરી શકે અને ગામની કે શહેરની સમસ્યાઓની ચર્ચા કરી ઉકેલ લાવી શકે એવો એનો હેતુ છે. આજે સાર્વજનિક એવું કોઈ મિલનસ્થાન છે નહીં. બીજા સંપ્રદાયો જેમ શુક્રવારે કે રવિવારે પોતાનાં મિલનસ્થાનોમાં એકત્ર થઈને પ્રાર્થના વગેરે કરે છે એવું હિંદુસંપ્રદાયમાં નથી. હિંદુસંપ્રદાયમાં તો વ્યક્તિગત આરાધના કરવામાં આવે છે. એટલા માટે હું સાધના અને સંગઠન માટે સાર્વજનિક મિલનસ્થાનની રચના કરવા માગું છું. ”

આચાર્યદેવના ઉપરોક્ત કથન અને વાર્તાલાપથી અનુયાયીના મનનો સંશય દૂર થયો. સંઘની વિવિધ પ્રવૃત્તિઓના હેતુઓ એની સમજમાં આવ્યા. આચાર્યદેવે ફરીથી આવવાનું કહીને એ અનુયાયીને વિદાય કર્યો.

ઈ. સ. ૧૯૨૭ ના ઓગષ્ટ મહિનામાં રાતદિવસ સતત સામાજિક કાર્ય કરવાને લીધે આચાર્યદેવ બીમાર પડયા. દાકતરોને બોલાવવામાં આવ્યા પણ એમની સારવારથી ખાસ કંઈ તબિયતમાં ફેર પડયો નહીં. વ્યાધિ ધીરે ધીરે વધતો ગયો. દાકતરો રોગનું નિદાન કરી શકયા નહીં. આવી કફોડી સ્થિતિમાં સંઘના સંન્યાસીઓએ માની લીધું કે એમણે શરીર ત્યજી દેવાનો સંકલ્પ કરી લીધો લાગે છે. આમ માનીને સંન્યાસીઓ નિરાશ બન્યા. આચાર્યદેવ શરીર ટકાવી રાખવાનો ફરીથી સંકલ્પ કરે તો જ તેમનું જીવન શકય બને તેમ હતું અને એવામાં દુર્ગાપૂજાનો ઉત્સવ આવી પહોંચ્યો. મહાષ્ટમીની રાત્રે એક ભકતે દુર્ગાદેવી પાસે આચાર્યદેવના

રોગનિવારણાર્થે પ્રાર્થના કરીને માતાના આશીર્વાદરૂપી અર્ઘ્ય આચાર્યદેવના માથા ઉપર મૂક્યો. આચાર્યદેવ તરત જ બેઠા થઈ ગયા અને એમણે દેહ ટકાવી રાખવાનો સંકલ્પ કર્યો અને કહ્યું, "હું આવતા વર્ષે કાશીધામમાં દુર્ગાપૂજા કરવાની વ્યવસ્થા કરીશ." આ ટૂંકા અને સંક્ષિપ્ત વાકયમાં આચાર્યદેવનો દેહ ટકાવી રાખવાનો સંકલ્પ વ્યકત થતો હતો.

જે જે અવતારી પુરૂષો જગત કલ્યાણ કાર્ય માટે આ પૃથ્વી ઉપર અવતાર લે છે તેઓનું ઈચ્છિત કાર્ય જ્યાં સુધી પૂરું ન થાય ત્યાં સુધી તેઓ ફરી ફરીને દેહ ધારણ કરવા માટે સંકલ્પ કરતા હોય છે. આચાર્યદેવના જીવનમાં પણ એવો આ પ્રસંગ બન્યો. તેઓશ્રી જેટલીવાર ભયંકર વ્યાધિમાં સપડાઈ ગયા હતા અને જેટલીવાર દેહ ધારણ કરવાનો સંકલ્પ શિથિલ બન્યો તેટલીવાર તેમના મનમાં નવીન આંદોલન શરૂ કરવાનો ઈશ્વરીય સંકેત મળવાથી તેમણે ફરી પોતાનું કાર્ય પૂરા વેગથી ચાલુ રાખ્યું.

આચાર્યદેવ યુગોપયોગી વૈદિક આદર્શ અને જીવનનું પુનઃપ્રવર્તન કરવાનું ઈચ્છતા હતા. વૈદિક જમાનામાં આર્યો વાસ્તવ જીવનવાદી હતા. તેઓ કોઈ મિથ્યા અને કલ્પિત વિષયો પાછળ નાહકનો સમય બરબાદ કરતા નહોતા. તેઓનો પ્રાર્થનામંત્ર હતો: 'પશ્યેમ શરદ; શતમ્ જીવેમ શરદ: શતમ' અર્થાત્ 'હું એક સો શરદ ઋતુઓ જોવા ઈચ્છું છું.' વૈદિક મંત્રની અંદર વીર્યશકિતની સાધના અને અનુશીલન રહેલાં છે. વૈદિક ઋષિઓ પ્રાર્થના કરતા હતા, 'ઓમ્ વીર્યમસિ વીર્યમ્ મયિધેહી' વગેરે. અર્થાત્ હે વીર્ય-સ્વરૂપ પરમાત્મા, અમને બળનું દાન કરો, હે તેજસ્વરૂપ પરમાત્મા, અમને તેજ દાન કરો, હે ઓજસ સ્વરૂપ પરમાત્મા, અમને ઓજસ પ્રદાન કરો, હે મન્યુસ્વરૂપ પરમાત્મા, અમને શત્રુનાશ માટે પુણ્ય-પ્રકોપ આપો.

બૌદ્ધ સમયના વૈરાગ્ય, અહિંસા અને શૂન્યવાદ કરતાં વૈદિક જમાનાની ઉત્સાહભરી કર્મસાધનાને આચાર્યદેવ વધુ પ્રોત્સાહન આપવા માગતા હતા. તેઓશ્રીએ એમની દિવ્ય દૃષ્ટિ દ્વારા જોયું કે 'સમગ્ર જાતિ આજે મૃતપ્રાય સ્થિતિમાં સબડી રહી છે. કોઈ મુડદાને ઉચ્ચ આદર્શ સાધના અને તત્વજ્ઞાનનો ઉપદેશ સંભળાવવાથી કોઈ ફાયદો નથી. આ પહેલાં તો એના શરીરમાં પ્રાણ સંચાર કરવાની જરૂર છે. વેદવેદાંતનો આદર્શ અને વાણી થોડાદિવસો માટે ઢાંકી દઈએ તો ચાલે, એથી કશો વાંધો નહિ આવે. સૌથી પહેલાં તો, સમાજના દરેક સ્તરના લોકોને શકિત મંત્રથી જાગૃત કરવાની જરૂર છે.

આ હેતુને નજર સમક્ષ રાખીને તેઓશ્રીએ કાશીધામમાં દુર્ગા-પૂજા મહોત્સવની વ્યવસ્થા કરી. લાખો આમંત્રણ પત્રિકાઓ ઘેર ઘેર વહેંચવામાં આવી. બંગાળથી રક્ષકદળના વ્યાયામવીરોએ દુર્ગા-મંડપના મેદાનમાં આત્મરક્ષામૂલક સશસ્ત્ર પ્રયોગો બતાવ્યા. હજારો લોકો અપૂર્વ ભાવ અને આશ્ચર્યથી આ અનુષ્ઠાન એકીટશે જોઈ રહ્યા હતા. સંન્યાસી વકતાઓએ સુંદર પ્રવચનો કર્યાં. એમણે મુખ્ય વાત એ કરી કે, દેવી દુર્ગા અસુરનાશની છે. એમની મહાપૂજામાં જોઈએ છે અસુર તથા દુષ્ટજનોનો નાશ કરવા માટે દૃઢસંકલ્પ. સપ્તશતિ ચંડીમાં દેવી કહે છે:

ઈત્થં યથા યદા બાધા દાનવોત્થા ભવિષ્યતિ ।
તદા તદાઽવતીર્યાહં કરિષ્યામ્યરિસંક્ષયમ્ ॥

અર્થાત્ આ વિશ્વમાં જયારે જયારે દાનવલોકો જનતા ઉપર અત્યાચાર શરુ કરે છે ત્યારે હું શત્રુવિનાશ માટે જુદાં જુદાં સ્વરૂપોમાં પ્રગટ થાઉં છું. દેવીપૂજાના રહસ્ય વિશે ચિંતન કરવાથી આપણને એમાં સંઘશકિત ગઠન, ક્ષાત્રતેજનું ઉદબોધન ખોઈ નાખેલી સ્વતંત્રતાનો પુનરુદ્ધાર અને સરસ્વતી, સર્વત્ર દિગ્વિજય કરવાની પ્રેરણા મળે છે. દુર્ગાદેવી સાથે લક્ષ્મી, કાર્તિક સ્વામી અને ગણપતિ દેખાય છે. એ ચારેય

શક્તિ ધનબળ, વિદ્યાબળ, ક્ષાત્રબળ અને ગણશક્તિનાં પ્રતીકો છે. કૈલાસપતિ શંકર પોતે કૈલાસના કર્ણધાર હતા લક્ષ્મીદેવી અન્નપ્રધાન, સરસ્વતીદેવી શિક્ષણ પ્રધાન, કાર્તિક સ્વામી લશ્કરી પ્રધાન અને ગણપતિ જનસંપર્ક ખાતાના પ્રધાન હતા. જે રાષ્ટ્રમાં આ ચારે શક્તિ પ્રબળ અને મજબૂત હોય તે રાષ્ટ્રની ઉન્નતિ નિશ્ચિત છે.

દુર્ગાદેવી શેનાથી ભક્તો ઉપર પ્રસન્ન થાય છે? દુર્ગાદેવી માત્ર ફૂલ-બીલીપત્રો અને થાળ ધરવાથી પ્રસન્ન થતાં નથી. એમણે શંભુ-નિશંભુ વગેરે અસુરોનો સંહાર કરીને દેવતાઓને મહાન વિજય અપાવ્યો હતો. ભક્તજનો જ્યારે અત્યાચારીઓનું દમન કરવાની પ્રતિજ્ઞા લે છે. ત્યારે જ દેવી માતા પ્રસન્ન થઈને ભક્તીજનોને આશિષ આપે છે. દેવીના દશે દશ હાથમાં શસ્ત્રો છે તે જોઈને દેવીભક્તોની અંદર કઈ ભાવના સ્ફુરે છે? દેવી મહાશક્તિ છે. તેના માટે જરૂર છે સમાજના ઉચ્ચ વર્ણોથી માંડીને નિમ્ન કોટિના લોકોની અંદર સંપ, એકતા અને સંગઠન લાવવાની.

આચાર્યદેવે નવરાત્રિના દિવસો દરમ્યાન, માતા અને પિતા સ્વરૂપે હજારો લોકોને દર્શન આપ્યાં. હવે તેઓશ્રી મહાકાળીની મૂર્તિ બનાવીને જાહેરમાં એની પૂજા કરાવવા લાગ્યા. એ સાથે ધાર્મિક સંમેલન બોલાવીને દરેક ઉત્સવ પાછળનું સાચું રહસ્ય સંઘના સંન્યાસી વક્તાઓ દ્વારા સમજાવવા લાગ્યા. આથી આમજનતા પણ સમજતી થઈ ગઈ કે અત્યાર સુધી તેઓ જે માત્ર ફૂલચંદનથી દેવ-દેવીઓની નિષ્ક્રય પૂજા કરતા આવ્યા છે, તેનાથી સમાજને કશો જ ફાયદો થયો નથી. દેવદેવીઓ તથા અવતારી પુરુષો સમાજના ઉત્થાન માટે જે કર્મ કરી ગયા છે તે કર્મને જ એ ભક્તોએ અનુસરવું જોઈએ. એને જ સાચી પૂજા કહેવાય.

શ્રીકૃષ્ણ ભગવાનના શ્રેષ્ઠ ભક્ત અર્જુન હતા. કેમકે એમણે ભગવાન કૃષ્ણના નિર્દેશ અનુસાર સમાજનાં અશુભ તત્વોનો સામનો

કરીને જગતમાં ધર્મની સંસ્થાપના કરી હતી. રામચંદ્રજીના શ્રેષ્ઠ ભક્ત હનુમાનજી હતા. એમણે સીતાના ઉદ્ધાર માટે લંકા ભસ્મિભૂત કરી નાખીને રામચંદ્રના આદેશનું અક્ષરશઃ પાલન કર્યું હતું. આ છે યથાર્થ શક્તિપૂજાનું રહસ્ય.

આચાર્યદેવ જાહેર સમૂહોમાં જ્યાં જ્યાં સભામંડપમાં બેસતા હતા ત્યાં ત્યાં તેમના માથા ઉપર રાવણનો સંહાર કરનાર ધનુષ્યધારી શ્રી રામચંદ્ર, કંસનો યુદ્ધમાં પરાજય કરનાર ચક્રધારી શ્રીકૃષ્ણ અને દક્ષયજ્ઞનો વિનાશ કરનાર ત્રિશૂળધારી શ્રી શંકરની મૂર્તિઓ શોભતી હતી. આથી દુર્બળ, અપમાનિત અને ત્રાસથી ભય પામેલા માણસોની અંદર રોમરોમમાં શક્તિનો સંચાર થઈ આવતો. આ રીતે આચાર્યદેવે સમગ્ર સમાજની અંદર શક્તિ સાધનાનો ભારે પ્રચાર કર્યો.

આજે પણ નવરાત્રિ ઉત્સવ વખતે કાશીમાં દુર્ગાપૂજાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાય છે. કલકત્તામાં પણ જન્માષ્ટમી, કાલીપૂજા અને શિવરાત્રિના ઉત્સવો ઉજવાય છે. જેમાં દેશના નેતાઓ, સામાજિક કાર્યકર્તાઓ અને સામાન્ય જનતા પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે, અને શક્તિપૂજાનું રહસ્ય સમજે છે.

પ્રકરણ પંદરમું

અંતર્યામી આચાર્યદેવ

એક વખત શ્રીમદ્ આચાર્યદેવ બીમાર પડવાથી બાજીતપુરમાં માઘીપૂર્ણિમા ઉત્સવ નિમિત્તે જઈ શક્યા ન હતા. બધા સંન્યાસીઓ એઓશ્રીના આદેશ પ્રમાણે ઉત્સવ ઉજવવા માટે બાજીતપુર આવવા રવાના થઈ ગયા. રાબેતા મુજબ ઉત્સવ શરૂ થયો. પણ ઉત્સવના પ્રાણદેવ જેઓ હતા તેઓ તો ગેરહાજર હતા. આ વિરહ વેદનાનો અનુભવ દરેક ભકતજનોના હ્રદયમાં થયા વગર કેમ રહે? માઘીપૂર્ણિમાના મંગળ પ્રભાતે એક સંન્યાસી સેવકની અંદર વિચાર આવ્યો કે હું આખી રાત ઉજાગરો કરી આચાર્યદેવની તબિયત સુધરે એ માટે ધૂણી પાસે બેસીને આહુતિ આપ્યા કરીશ. એક અપૂર્વ લાગણીથી એકાસને બેસીને એમણે દઢ સંકલ્પની પૂર્ણાહુતિ કરી અને આહાર, નિદ્રા અને કુદરતી હાજત ભૂલી જઈને પ્રાર્થના કરી હતી.

ઉત્સવની પૂર્ણાહુતિ થયા બાદ બધા કલકત્તા ખાતેના મુખ્ય કાર્યાલયમાં પહોંચ્યા. રિવાજ મુજબ ફૂલહાર લઇને બધા અનુયાયીઓ આચાર્યદેવને પ્રણામ કરવા લાગ્યા. પેલા સંન્યાસી સેવક જ્યારે માથું નમાવીને પ્રણામ કરવા લાગ્યા ત્યારે આચાર્યદેવે આશીર્વાદ આપતાં કહ્યું, "તમે જે સંકલ્પ કરીને પ્રાર્થના કરી હતી તેના

પરિણામે હું જલદી સાજો થઈ ગયો છું. આંતરિક પ્રાર્થના અને તપશ્ચર્યા કોઈ દિવસ નિષ્ફળ જતી નથી. ઉત્સવ પણ સારી રીતે પૂર્ણ થશે.”

ખરેખર અંતર્યામી આચાર્યદેવથી કશું અજાણ્યું રહેતું નથી.

શ્રીમદ્ આચાર્યદેવ કોઈ કાર્યવશાત્ ગયાજી આશ્રમમાં આવ્યા હતા. સંઘની એક પ્રચાર મંડળી પટણા શહેરમાં પ્રચાર અને ફંડ ફાળો એકત્રિત કરી રહી હતી. આચાર્યદેવ ગયાજીમાં પધાર્યા છે એવા સમાચાર સંઘની આ પ્રચાર મંડળીને મળ્યા. ગયાજીથી પટણા બહુ દૂર નથી. મંડળીના એક સંન્યાસી સેવકે વિચાર કર્યો કે આચાર્યદેવ કલકત્તા પાછા ફરે તે પહેલાં પટણામાં એક વખત દર્શન આપે તો કેવું સારું! એમણે મનમાં એમ પણ સંકલ્પ કર્યો કે આચાર્યદેવ જો અંતર્યામી હોય તો મારી આ પ્રાર્થના જરૂર પૂરી કરશે અને જો આ પ્રાર્થના પૂરી ન થાય તો હું ઉપવાસ પર ઉતરીશ. બપોર સુધી આચાર્યદેવનું આગમન થયું નહિ અને ત્યાં સુધી સેવકે અન્નનો એક દાણો પણ મોંમાં મૂકયો નહોતો. સંઘનું કામ ઘણું રહેતું હોવાથી કામ કર્યા વગર તો ચાલે એમ નહોતું. બપોરે બે વાગે એક વેપારીને મળવા જવાનું હતું. સેવક વેપારીને મળવા જવા તૈયાર થયા કે એમને વિચાર આવ્યો કે મારો સંકલ્પ હજુ પૂરો થયો નથી અને ગુરુભગવાને મારી પ્રાર્થના પૂરી કરી નથી. મારે ભૂખ્યા જ રહેવું પડશે. છતાં તેઓ વેપારીને મળવા ગયા. મળીને પાછા આવીને તેઓ નિરાશ હૃદયે ગુરુભગવાનના આસન પાસે આંખો બંધ કરી પ્રાર્થના કરવા લાગ્યા. થોડીવાર પસાર થઈ કે એક બીજા સંન્યાસી ભાઈએ આવીને સમાચાર આપ્યા કે, “સ્વામીજી મહારાજનું શુભાગમન થયું છે. ચાલો, ઊઠો જલદી, એમને માટે યોગ્ય વ્યવસ્થા કરીએ.”

આ વાક્ય સાંભળતાં જ સંકલ્પ લેનાર સેવકની અંદર આનંદ અને વિસ્મયનો એક ચમકારો થયો. સેવક એટલા બધા વિહ્વળ બની ગયા કે આસન પરથી ઊઠવાની પણ શક્તિ એમનામાં રહી નહીં. આચાર્યદેવ સેવકના ઓરડામાં તેમની પથારી પર બેસી ગયા. આચાર્યદેવના મુખ અને આંખોમાં એ વખતે એક અપૂર્વ સ્નેહભર્યું સ્મિત વિલસી રહ્યું હતું. સેવકે આચાર્યદેવના શ્રીચરણમાં આળોટી પડીને પ્રણામ કર્યા. આચાર્યદેવે સેવકને આશીર્વાદ આપતાં કહ્યું, "બહુ કામકાજ મૂકીને હું અહીં આવ્યો છું. બીજી ગાડીમાં ગયાજી થઈને આજે જ હું કલકત્તા જવા રવાના થવાનો છું. આથી જલ્દી જમવા માટેની વ્યવસ્થા કરો." પાંચ કે દશ મિનિટમાં જમી લઈને આચાર્યદેવ સ્ટેશન તરફ રવાના થયા. કોઈને સ્ટેશન સુધી આવવાની સંમતિ એમણે આપી નહીં. સવા પાંચ કલાકની અંદર જ આ વિદ્યુતના ચમકારા જેવો બનાવ બની ગયો. સેવકના મનમાં દુ:ખ થયું કે આ ઉનાળાની અસહ્ય ગરમીની અંદર મારા પ્રેમાળ ગુરુને અહીં બોલાવીને મેં કેવી તસ્દી આપી! આશ્રિતવત્સલ આચાર્યદેવના અંતર્યામિત્વ વિષે કેટલીયે પરીક્ષાઓ અમે અજ્ઞાન અને મૂઢ બાળક જેવા મનુષ્યોએ કરી છે! સંશય કેમેય કરીને હૃદયમાંથી જતો નથી. આ પણ તેની જ માયા છે!

*

ઈ. સ. ૧૯૩૪માં કાશીધામમાં શ્રી શ્રીદુર્ગાપૂજા નિમિત્તે સંઘના સઘળા સંન્યાસી બ્રહ્મચારી અને સેવકો ઉપસ્થિત હતા. એક દિવસ શ્રીમદ્ આચાર્યદેવ રાત્રે જમવા બેઠા હતા. સામે કેટલાક સંન્યાસી ભાઈઓ અને સેવકો ઊભા હતા. આચાર્યદેવ સમક્ષ જાતજાતની ભોજન વાનગીઓ રાખવામાં આવી હતી. એમાં એક વાટકીની અંદર મિષ્ટાન્ન હતું. આ જોઈને એક સેવકની જીભમાં પાણી આવ્યું. મિષ્ટાન્ન ઘણું ઓછું હોવાથી એમાંથી કશો પ્રસાદ મળે એવો પણ

સંભવ નહોતો. પણ બીજી જ ક્ષણે એને આવા ખોટા વિચાર માટે મનમાં પશ્ચાત્તાપ થઇ આવ્યો અને તે ઓરડામાંથી બહાર નીકળી ગયો

આચાર્યદેવે મિષ્ટાન્ન વિના જમી લીધું. સેવક પણ રાત્રે સૂઈ ગયો. અચાનક એક સંન્યાસીએ ઊંઘી ગયેલા એ સેવકને જગાડયો અને કહ્યું, "ચાલો, સ્વામીજી મહારાજ તમને બોલાવે છે."

અત્યારે પોતાને આચાર્યદેવ શા માટે બોલાવતા હશે એની સેવકને કશી ખબર પડી નહીં.

તેણે આચાર્યદેવ પાસે આવીને પ્રણામ કર્યાં. આચાર્યદેવે પૂછ્યું, "તું સૂઇ ગયો હતો ?

"હા," સેવકે જવાબ આપ્યો.

પછી આચાર્યદેવે એમની સૂવાની પાટ નીચેથી મિષ્ટાન્નની વાટકી કાઢીને કહ્યું, "લે, આ ખાઈ લેજે."

ઘડીભર તો સેવકને લાગ્યું કે પોતે સ્વપ્ન જ જોઈ રહ્યો છે. પછી એને ખ્યાલ આવ્યો કે સાંજે જ્યારે ગુરુભગવાન જમતા હતા ત્યારે આ વાટકીની અંદર મિષ્ટાન્ન જોઈને પોતાની જીભમાં પાણી આવ્યું હતું.

સેવકે ઉદ્દગાર કાઢયો, "સર્વનાશ! સ્વામીજી મહારાજે તો મિષ્ટાન્ન ખાધું નથી." શરમ અને વિસ્મયથી સેવકે જણાવ્યું, "આટલો વધારે પ્રસાદ મારાથી ખવાશે નહીં.

" આચાર્યદેવે આદેશાત્મક અવાજે કહ્યું, "જરૂર ખવાશે. જા ખાઈ લે."

ન છૂટકે વાટકી હાથમાં લઈને સેવક ઓરડા બહાર નીકળ્યો અને પ્રસાદ ખાધો.

આચાર્યદેવ ખરેખર અંતર્યામી હતા. તેમણે પોતે જ સંઘ-ગીતામાં લખ્યું છે, ',તમારી બધી જ બાબતો હું જાણી સાંભળી અને સમજી શકું છું."

✻

"ગુરુદેવ! મને બચાવો, મને બચાવો, હું ડૂબી ગયો, મને બચાવો!"

પૂર્વ બંગાળમાં બરિશાલ જિલ્લાનો આચાર્યદેવનો એક શિષ્ય નૌકા વડે નદી ઓળંગતી વખતે બૂમ પાડી ઊઠયો.

ચોમાસાનો સમય હતો. મુશળધાર વરસાદને કારણે ચારે બાજુ જળબંબાકાર દેખાતું હતું. વિશેષ કાર્યવશાત્ નૌકા લઈને ભક્ત નદી પાર કરી રહ્યો હતો, પણ અચાનક આકાશમાં વાદળ ઘેરાયાં અને પ્રચંડ વેગથી પવન ફૂંકાવા લાગ્યો. આ તોફાન એટલું બધું પ્રચંડ અને ભયાનક હતું કે નૌકા વારંવાર ડોલંડોલ થવા લાગી. નદીમાં પૂરનો પ્રવાહ એટલો બધો જોરથી વહેતો હતો કે નૌકા કોઈ અજાણ્યા કિનારા તરફ ધસડાઈ જવા લાગી. પેલા ભક્તને ખબર પડી નહીં કે પોતે કઇ દિશા તરફ જઈ રહ્યો છે. રાતનો ઘોર અંધકાર હતો. અને તે ઉપરાંત નદીના તરંગો જોરથી ઉછળી રહ્યા હતા. આ વિપત્તિના સમયે નૌકાને સલામત સ્થાને લઈ જાય એવું જો કોઈ હોય તો એ આચાર્યદેવ જ છે એવો વિચાર એ ભક્તને આવ્યો અને તેથી એણે મનમાં આચાર્યદેવના નામનું રટણ રટવા માંડયું. એના મનમાં વિશ્વાસ હતો કે મારા ગુરુ આચાર્યદેવ અંતર્યામી છે. તેઓશ્રી જરૂર મારી પ્રાર્થના સાંભળશે, મને જરૂર આપત્તિમાંથી છોડાવશે અને થયું પણ એવું જ. પાંચ જ મિનિટની અંદર પ્રચંડ ફૂંકાતો પવન શાંત બની ગયો, પાણીના પ્રવાહનું જોર ઓછું બની ગયું. નૌકા ધીમે ધીમે ગામના કિનારે આવવા લાગી. ભકતે નીચે ઊતરીને ગામમાં જઇને વિશ્રામ કર્યો. આવી હતી

આચાર્યદેવની ભક્તજનો પ્રત્યેની અસીમ કૃપા!

ખુલનાના આશ્રમમાં એક સ્વામીજી વ્યાકુળ ચિત્તે સાધન–ભજન કરતા હતા. પરંતુ એમનું મન કેમેય કરીને સ્થિર થતું નહોતું. ગૃહસ્થાશ્રમની કામવાસનાની પજવણી એમને હેરાન કરી રહી હતી. જ્યારે તેઓ ધ્યાન ધરવા બેસે ત્યારે એમનાં મનમાં ખોટા વિચારો ધસી આવતા. આ સ્થિતિથી તેઓ ખૂબ ત્રાસી ઊઠ્યા હતા. એક દિવસ આ આત્મગ્લાનિમાંથી છૂટકારો મેળવવા માટે એમણે આપઘાત કરવાનો વિચાર કર્યો. હાથમાં એક રસ્સી લઈને એક રૂમમાં એમણે પ્રવેશ કર્યો. ગળાની આજુબાજુ રસ્સી બાંધી લીધી અને આપઘાત કરવાની તૈયારી કરી, પણ એજ સમયે દરવાજામાંથી ખટખટ જેવો કશોક અવાજ આવ્યો. સ્વામીજીનો આપઘાત કરવાનો વિચાર દૃઢ હતો. એટલે એમણે એ અવાજ તરફ કશું ધ્યાન આપ્યું નહિ. પણ ફરીવાર આ અવાજ એમના કાન પર અથડાયો. સ્વામીજીએ આકુલવ્યાકુલ થઈને દરવાજો ખોલ્યો. તો એમણે ત્યાં શું જોયું? આચાર્યદેવ સ્વયં ત્યાં ઉપસ્થિત! આકસ્મિક રીતે આચાર્યદેવ ક્યાંથી, કેવી રીતે અહીં હાજર થયા અને સ્વામીજીના મનની વાત જાણી ગયા એ એક વિસ્મય ઊભું કરે એવી વાત હતી. શરમથી સંકોચ પામીને સ્વામીજી આચાર્યદેવના પગમાં આળોટી પડ્યા. આચાર્યદેવે આશ્વાસન આપતાં કહ્યું, "તમારે માટે કોઈ ચિંતા નથી. તમારા જેવા સાધક પુરુષને આવી કાયરતા કે દુર્બળતાં શોભે નહીં. સાધના અવસ્થામાં આ જાતની ઇન્દ્રિયોની પજવણી અને ખોટા વિચારો ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે. માણસ જ્યારે બારીબારણાં ખુલ્લા રાખીને ઓરડામાં બેસે છે ત્યારે એનું મન ઉદ્‌વેગમય બનતું નથી. પણ કોઈ બહારથી આવીને બારીબારણાં બંધ કરી દે તો એ માણસ અસ્થિર અને ચંચળ બની જાય છે. સાધન દ્વારા સંભોગ કરવાનો માર્ગ બંધ થઈ જત મનને આ જાતનો આઘાત પહોંચે

છે ખરો. પણ આ દુર્દશા લાંબો સમય રહેતી નથી. ધીરેધીરે રિપુઓ અને ઈન્દ્રિયો શાંત થઈ જશે અને તમે અંતિમ ધ્યેયની પ્રાપ્તિ કરી શકશો.'

આ રીતે આચાર્યદેવે પોતાના આશ્રિત ભક્તને વિપદમાંથી બચાવ્યા હતા.

પ્રકરણ સોળમું

કરુણાવતાર આચાર્યદેવ

“ગુરુદેવ, આ મારો એકનો એક દીકરો! આ દુનિયામાં મારો એકનો એક આધારરૂપ છે. આજે તે મૃત્યુના મુખમાં આવી પહોંચ્યો છે. આપની કરુણાદૃષ્ટિ તેની ઉપર જો પડે તો એ મૃત્યુ-માંથી બચી જાય.” બાજીતપુર ગામના શ્રી પ્રિયનાથ દાસ પોતાના મૃતપાય પુત્રને લઈને આચાર્યદેવ પાસે ઉપસ્થિત થયા હતા. એ વખતે સંઘનું મુખ્ય કાર્યાલય કલકત્તાની મિરઝાપુર સ્ટ્રીટમાં હતું. રોજ સેંકડો નરનારીઓ આચાર્યદેવની કૃપા અને આશીર્વાદ મેળવવા એકત્ર થતાં હતાં. તેમાં ઘણા શાળા અને મહાશાળાના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ હાજર રહેતા હતા. બીજા કેટલાક વ્યક્તિગત સ્વાર્થથી પણ દર્શન કરવા આવતા હતા. આવા લોકો સંકટમુકિત, પુત્રલાભ, નોકરીપ્રાપ્તિ, મુકદમામાં વિજય વગેરે વિવિધ હેતુઓ માટે સ્વામીજીનાં દર્શને આવતા હતા. શ્રી પ્રણવાનંદજી મહારાજ અદ્‌ભૂત મહાયોગી છે, તેમના દર્શન અને સ્પર્શથી બધાં દુઃખો અને કષ્ટો નાશ પામે છે. એવું તે લોકો માનતા હતા. આવી જ માન્યતાથી શ્રી પ્રિયનાથ દાસ પોતાના પુત્રને રોગમાંથી મુક્તિ મળે એ માટે આવ્યા હતા. એમની પ્રાર્થના સાંભળીને આચાર્યદેવે કહ્યું, “રોગ નિવારણ માટે તો દાકતરો છે, એમની પાસે જાવ. હું કંઇ દાકતર કે વૈદ નથી. મારી પાસે તો લોકો ભવવ્યાધિના નિવારણ માટે આવે

છે. શારીરિક રોગના નિવારણુ માટે હું મારી યોગશકિતનો દુરુપ-યોગ કરતો નથી.”

આથી પ્રિયનાથ દાસ નિરાશ બન્યા. તેમણે ફરીથી આચાર્ય-દેવને કહ્યું, “ગુરુદેવ, મેં બહુ પાપ કર્યાં છે એથી જ આપ મારી પ્રાર્થના સાંભળતા નથી. આપ તો કરુણાસાગર છો. દીન દુઃખિયાં પર આપની કૃપાદૃષ્ટિ વરસે છે. ઘણી મોટી આશા લઇને હું આપણી પાસે આવ્યો છું. આટલીવાર આપ મારી આ વિનંતિ સાંભળો.”

આ સાંભળીને કરુણાનિધિ આચાર્યદેવનું હૃદય પીગળી ગયું. એ સમયે પેલા રોગી પુત્રનો અંતિમ શ્વાસ ચાલતો હતો. આચાર્ય-દેવે એના મસ્તક ઉપર હાથ મૂકીને એને આશીર્વાદ આપ્યા. તે પછી થોડા દિવસની અંદર જ એ સારો થઈ ગયો. આચાર્યદેવની આ કેવી નિઃસ્વાર્થ કૃપા !

સવારના આઠેક વાગ્યાનો સુમાર હતો. મિરઝાપુર સ્ટ્રીટ પર આવેલા આશ્રમમાં એક મધ્યમ વર્ગનો મનુષ્ય આચાર્યદેવના દર્શનાર્થે આવ્યો. એના મુખ પર ગ્લાનિ વર્તાઈ રહી હતી. આંખો ઊંડી ઉતરી ગઈ હતી. એનું આખું શરીર જીર્ણ થઈ ગયું હતું. એનો દેખાવ સાવ હાડપિંજર જેવો હતો. એને જોતાં ખ્યાલ આવતો હતો કે આ માણસ થોડા દિવસનો મહેમાન છે. આચાર્યદેવના દર્શન માટે કેટલાક નિયમો નક્કી કરવામાં આવ્યા હતા. એક પછી એક દર્શનાર્થી વારાફરતી એમનાં દર્શન કરી શકતો. એ દિવસે દર્શનાર્થીઓની સંખ્યા ઘણી મોટી હતી. આથી પેલા રોગિષ્ટ માણસને આચાર્યદેવના દર્શનનો લાભ મળી શકયો નહીં. એણે ત્યાં ઊભેલા આશ્રમના એક સ્વામીજીને આચાર્યદેવનાં દર્શન કરવા જવા દેવા માટે વિનંતિ કરી. પણ દર્શનનો સમય પૂરો થયો હોવાથી સ્વામીજીએ ના પાડી. આચાર્યદેવ બપોરના બારથી બે વાગ્યા સુધી સ્નાન, આહાર અને સંઘના મહત્વપૂર્ણ કાર્ય વિષે સંઘસંતાનોને

પૂછપરછ કરતા અને આદેશ આપતા. આ દષ્ટિથી જ પેલા માણસને દર્શન કરવાની ના પાડવામાં આવી હતી. પરંતુ એ માણસ ખૂબ જીદ્દી હતો. તે હાથ જોડીને બોલવા લાગ્યો, મને ફક્ત બે મિનિટ જ અંદર જવા દો."

પણ આવી વિનંતિ તો પેલા રક્ષક સ્વામીજી રોજ સાંભળતા. તેથી આ માણસની વિનંતિની કશી અસર એમના પર થઈ નહીં. તેમણે કહ્યું, "આજે જાવ, કાલે આવજો." છતાં પેલા માણસે અંદર જવાનો પોતાનો આગ્રહ છોડયો નહી. તે લાગલગાટ ચાર કલાક ત્યાં બેસી રહ્યો. તેણે મનમાં દઢ નિશ્ચય કર્યો હતો કે ગમે તેમ થાય પણ એ મહાપુરુષનાં દર્શન કરીને જ અહીંથી ખસવું. પેલા રક્ષક સ્વામીજી આ માણસને વારંવાર ના પાડતા હતા. પણ એમને ક્યાંથી ખબર હોય કે અંદર બેઠેલા અંતર્યામી આચાર્યદેવે આ બધું પોતાના મનથી જાણી લીધું હતું. કરુણાવતાર ભગવાન કેવી રીતે પોતાના ભકતને દર્શન કરવાની ના પાડી શકે? સવારથી સાંજ સુધી બેસી રહેનાર એ માદા માણસની અપૂર્વ ભકિતની આજે કસોટી થઈ. આચાર્યદેવે રક્ષક સ્વામીજીને પોતાની પાસે બોલાવીને કહ્યું, "પેલા માણસને મારાં દર્શન કરવા આવવા દો." આચાર્યદેવની આજ્ઞાનુસાર રક્ષક સ્વામીજીએ પેલા માણસને અંદર જવા દીધો. આચાર્યદેવનાં દર્શન થતાં જ એ માણસના આનંદનો કોઈ પાર રહ્યો નહીં. એણે ભકિતભાવથી આચાર્યદેવના ચરણોમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા. બારણું બંધ કરવામાં આવ્યું. હવે અંદર આચાર્યદેવ અને પેલા માણસ સિવાય બીજું કોઈ હતું નહીં. બહુવાર વાર્તાલાપ કર્યા બાદ એ માણસ આચાર્યદેવની રજા લઈને પોતાને ઘેર ગયો. તે ક્યાંથી આવ્યો હતો, આચાર્યદેવ સાથે શી શી વાતો થઈ અને તેને શું પ્રાપ્ત થયું-એમાંથી એકેય વાતની કોઈને કશી ખબર પડી નહીં.

ત્યારબાદ આચાર્યદેવ સ્નાન કરીને જમવા બેઠા અને કહ્યું, "મને બહુ તાવ ચઢ્યો છે. મને જલ્દી પથારી કરી આપો." પથારી તૈયાર થઈ. આચાર્યદેવ તે પર સૂઈ ગયા. તેમને તાવ ચઢવા માંડયો. શરીર ધ્રુજવા માંડયું. તાવ લગભગ ૧૦૫ સુધી પહોંચી ગયો. પાંચ કલાક બાદ તાવ ઉતર્યો. આચાર્યદેવ પથારીમાંથી ઊઠીને મોઢું હાથ, પગ, વગેરે સાફ કરીને ફરી વાર જમવા બેઠા. હાજર રહેલા બીજા સંન્યાસીઓને મનમાં પ્રશ્ન થયો કે આચાર્યદેવને તાવ છતાં તેઓ જમવા કેમ બેઠા? પણ આ પ્રશ્ન પૂછવાની કોઈનામાં હિંમત હતી નહીં. એટલે એ પ્રશ્ન કોઈએ આચાર્યદેવને પૂછયો નહીં.

એક મહિનો પસાર થયો. પેલો માણસ ફરીવાર આશ્રમમાં આવ્યો. આ વખતે એનું શરીર ખૂબ તાજું દેખાતું હતું. મુખ ઉપર તેજ પથરાયું હતું. તેની આંખોમાં ઉત્સાહ અને ઉમંગનો પ્રકાશ વર્તાતો હતો. પેલા રક્ષક સ્વામીજીએ આ જોઈને એને પૂછયું, "ઓહો, તમારું શરીર ખૂબ સારું જણાય છે! પેલીવાર તમે અહીં આવ્યા ત્યારે તો તમારી તબિયત એકદમ ખરાબ લાગતી હતી, તમને શું થયું હતું?"

એ માણસે કશી વાત નહીં છુપાવતાં જે કંઇ બન્યું હતું તે કહેવા માંડયું, "સ્વામીજી, હું એક અસાધ્ય રોગના પંજામાં સપડાયો હતો. મને ચામડીનો રોગ-ગણોરિયા થયો હતો. મેં એમાંથી મુક્તિ મેળવવા ઘણા દાકતરોની દવા કરી પણ કોઈ દવા કામ આવી નહીં. એ ભયંકર રોગની મહાપીડાથી હું ત્રાસી ગયો હતો. જીવન મને કંટાળાજનક અને ઝેર સમાન લાગવા માંડયું. કેટલીકવાર તો મને આપઘાત કરવાનું મન થતું પણ કોણ જાણે કેમ, મને આચાર્યદેવ પ્રત્યે ખૂબ શ્રદ્ધા હતી. આ શ્રદ્ધાને કારણે જ એમને તે વખતે મળવા આવ્યો હતો. એમના આશીર્વાદથી જ આજે હું રોગમુક્ત બનીને ફરી અહીં આવ્યો છું. હું રોગમુક્ત બન્યો છું એટલું જ

નહીં પણ આ અસહ્ય રોગનો ફરીવાર હુમલો ન થાય એ માટે હું આચાર્યદેવના ઉપદેશાનુસાર સંયમ અને સદાચારથી રહું છું. મારા જીવનમાં જે પલટો આવ્યો છે તે માટે હું આચાર્યદેવનો ભવોભવ એક દાસ થઈને રહીશ."

આ રોગી માણસનો રોગ આચાર્યદેવે પોતાના શરીરમાં ધારણ કરી લીધો હતો. અને તેથી તેમને તાવ આવ્યો હતો એ વાત રક્ષક સ્વામીજી તુર્ત જ સમજી ગયા.

❋

આશાશુની (હાલ પૂ પાકિસ્તાનમાં) આશ્રમનો વાર્ષિક ઉત્સવ પૂરો થયા પછી શ્રીમદ આચાર્યદેવ સંઘના બધા સંન્યાસી સેવકોને પોતાની સાથે લઈને સંઘની વિશાળ નૌકા મારફત કલકત્તા તરફ રવાના થયા. નૌકાની અંદર જ પૂજા-આરતી કરવાની, રસોઈ કરવાની અને સૂવા વગેરેની જોગવાઇ હતી. નૌકા જાણે એક હરતો ફરતો આશ્રમ બનીને નદી ઉપર ચાલી રહી હતી. ઘણીવાર કીર્તનની એવી તો રમઝટ બોલતી કે આ નૌકા પાસે થઈને પસાર થતી અન્ય નૌકાઓ પરના લોકો આ કીર્તનો સાંભળવા ખૂબ ઉત્સુક બની જતા. પણ કોણ જાણે કેમ, આ આનંદ અને ઉલ્લાસમાં એક વિઘ્ન આવી પડયું. પ્રચંડ વેગથી એક વાવાઝોડું ફૂંકાવા લાગ્યુ. નદી અને આકાશનું આવું પ્રચંડ સ્વરૂપ જોઈને બધા ખૂબ ભય ભીત બની ગયા. એમના મનમાં ચિંતા થઈ રહી હતી કે નૌકાની અંદર આચાર્યદેવ પોતે અત્યારે ઉપસ્થિત હતા ! જો નૌકાને કશુંક થાય તો પછી આચાર્યદેવનું પણ... તેઓ આગળ કશી કલ્પના કરી શકતા નહોતા. આરતી પૂરી થઈ ગઈ હતી. છતાં વાવાઝોડાનો પ્રચંડ વેગ જરાયે ઓછો થયો નહીં. કેટલાક સંન્યાસીભાઈઓ શ્રીમદ્ આચાર્યદેવ પાસે આવીને બોલવા લાગ્યા, "આ સ્થિતિમાં નૌકાને કાબૂમાં રાખીને ચલાવવાનું શક્ય નથી."

બધાના મુખપર નિરાશા દૃષ્ટિગોચર થઈ રહી હતી. આચાર્ય-દેવે કહ્યું, "ગભરાવાની જરૂર નથી. બધા સાથે બેસીને 'હરગુરુ શંકર શિવશંભો' એ નામનું કીર્તન કરો."

આચાર્યદેવ શાંત, ગંભીર થઈને નૌકા ઉપર બેસી રહ્યા હતા. એમના મુખ પર અશાંતિનો ભાવ દેખાતો ન હોતો.

કીર્તન શરૂ થયાં. તોફાન શમી ગયું. આકાશમાં તારા દેખાયા. નદી શાંત થઈ. બધાએ સમજી લીધું કે હવે આપત્તિ દૂર થઈ છે. યુગે યુગે વિપદ્ભંજક મધુસૂદન આ રીતે ભકતોને બચાવતા જ આવ્યા છે.

ઈ. સ. ૧૯૩૮માં હરદ્વારમાં કુંભમેળો ભરાયો હતો. સાધુસંતો, અખાડાના મહંતો, સેવકો અને કાર્યકરો મોટી સંખ્યામાં ત્યાં આવ્યા હતા. જ્યાં જુઓ ત્યાં માણસો જ માણસો. સ્નાનના દિવસે તો માનવ મેદનીનો કોઈ સુમાર જ નહીં. મંડળેશ્વરો અને અખાડાના મહંતો પોતપોતાના કેમ્પમાં પ્રવચનો કરી રહ્યા હતા.

સાંજનો સમય હતો. આ આખો વિસ્તાર અપાર નૈસર્ગિક સૌંદર્યથી શોભી રહ્યો હતો.

એવામાં અચાનક અવાજ આવ્યો, "મેળામાં આગ લાગી છે, આગ લાગી છે...પાણી લાવો...પાણી લાવો."

ભારત સેવાશ્રમ સંઘ તરફથી પણ આ કુંભમેળામાં એક કેમ્પ ખોલવામાં આવ્યો હતો. યાત્રીશાળા, ધર્માદા દવાખાનું, સ્નાનઘાટમાં સ્વયંસેવકોનો પ્રબંધ, ખોવાયેલા માણસોને શોધી કાઢવાનું કામ આદિ કાર્યો સંઘ તરફથી હાથ ધરવામાં આવ્યા હતાં. શ્રીમદ્ આચાર્યદેવ જાતે પોતાની કુટિરમાં વિરાજમાન હતા. એમની આંખો તૃષાતુર, તાપદગ્ધ અને કરુણામય દેખાતી હતી.

એક સંન્યાસી સેવકે એમની પાસે આવીને કહ્યું, "સ્વામીજી મહારાજ, મેળામાં આગ લાગી છે. એ આગ એક પછી એક કેમ્પ બાળતી બાળતી આપણા કેમ્પ તરફ આવી રહી છે. એવું સંભળાય છે કે આગથી કદાચ આખો મેળો સાફ થઈ જશે.

સ્થિતપ્રજ્ઞ મહાપુરુષને દુન્યવી લાભ–નુકસાન સાથે શી નિસ્બત! આચાર્યદેવ સ્થિર બેસી રહ્યા. એક શબ્દ પણ મુખમાંથી ઉચ્ચાર્યો નહીં

થોડીવાર પછી બીજા એક સંન્યાસી સેવક દોડતા દોડતા આચાર્યદેવ પાસે આવ્યા અને એમણે આશ્રમની ભયંકર વિપદની જાણ કરી. પાસેના કેમ્પ સુધી આગ આવી ગઈ છે. અને હવે આપણાથી ચૂપ થઈને કેમ બેસી રહેવાય, એવી મતલબનું કથન એમણે આચાર્યદેવ સમક્ષ કર્યું.

આચાર્યદેવનું વિશાળ હૃદય હાલી ઉઠયું. તેઓ પોતાનો દંડ (લાકડી) લઈને કેમ્પના પ્રવેશદ્વાર પર જઈ પહોંચ્યા. બધા સંન્યાસીઓ બ્રહ્મચારીઓ અને સેવકો પાસેના કેમ્પમાં જઈને પાણી છાંટતા હતા.

આચાર્યદેવે આસપાસ એક કરુણાભરી દૃષ્ટિ કરી અને કમંડળ માંથી જળ છંટકાવ કર્યો. પવનનો વેગ આશ્રમના કેમ્પ પાસેથા પસાર થઈ ગયો પણ આશ્રમને કશું નુકસાન થયું નહીં. આચાર્ય-દેવ પછી પાછા પોતાના આસન પર જઈ બેઠા.

સંન્યાસીઓએ વિપદમાંથી મુકિત મેળવીને 'ૐ ગુરુકૃપા હિ કેવલમ્,' કીર્તન ચાલુ કર્યું.

લોકો કહેવા લાગ્યા, આ કેવો અદ્દભુત ચમત્કાર કે આખો કુંભમેળો અગ્નિથી ભસ્મીભૂત થઇ ગયો પણ ભારત સેવાશ્રમ સંઘનો કેમ્પ સાંગોપાંગ બચી ગયો, !"

✻

ઈ. સ. ૧૯૩૨ની સાલ હતી. આ સમયે હોળાના તહેવાર પ્રસંગે સંઘના આશાશુની સેવાશ્રમમાં વાર્ષિક મહોત્સવનું આયોજન થયું હતું. પ્રથમ દિવસે અખંડ નામજપ અને ભજન થયાં. બીજે દિવસે હવનનો કાર્યક્રમ હતો. બપોરે બે વાગે વૈદિક શાંતિયજ્ઞ અને પૂજા આરતી પુરાં થયાં. આ સમયે આચાર્યદેવ વિશ્રામ-મંદિરમાં આવ્યા અને ઉત્સવમાં ભાગ લીધેલાં તમામ ભાઈ-બહેનોને જમવા માટે જણાવ્યું.

હજારોની સંખ્યા હતી. ભક્ત નરનારીઓ ખુલ્લા મેદાનમાં પોતપોતાની જગા કરીને હારમાં ગોઠવાયાં. થોડા સમય પછી આકાશ ઘનઘોર વાદળોથી છવાઈ ગયું. મેઘના ગડગડાટ અને વીજળીના ચમકારા થવા લાગ્યા. હમણાં જ મુશળધાર વરસાદ તૂટી પડશે એમ જણાતું હતું. ઉત્સવના મુખ્ય કાર્યકર્તા કલકત્તાના શ્રી સુરેન્દ્રનાથ ચક્રવર્તી હતા. તેઓ કાપડના આગેવાન વેપારી હતા. આકાશમાં એકાએક શરુ થયેલા આ તાંડવથી તેઓ ગભરાયા અને આચાર્યદેવ પાસે દોડી ગયા. તેમણે આચાર્યદેવને આવી પડેલી આફતની જાણ કરીને કહ્યું, "હજારો લોકોને જમવા માટે ખીચડી-શાક બહાર ખુલ્લી જગામાં રાખવામાં આવ્યાં છે. અલ્પ સમયમાં તે ખસેડી શકાય તેમ નથી. કેટલાકને પીરસી દેવામાં પણ આવ્યું છે. ઠંડો પવન ફૂંકાવો શરુ થયો છે. પાંચેક મિનિટમાં ધોધમાર વરસાદ વરસશે એમ લાગે છે. આપ કહો, શું કરીશું ?"

અલ્પ સમય મૌન રહીને આચાર્યદેવે ઉત્તર આપ્યો, "વરસાદ નહીં વરસે. કોઈ જાતની ફિકર કર્યા વિના બધાને પ્રેમથી જમાડો." આચાર્યદેવનું આ કથન સાંભળી શ્રી સુરેન્દ્રબાબુ ત્યાંથી ગયા. આકાશ વધુને વધુ ઘેરાયું. હમણાં જ જાણે વરસાદ તૂટી પડશે એમ લાગતું હતું. જમવા બેઠેલાઓ પણ આકાશ તરફ જોયા કરતા હતા. કેટલાક ઊઠી જવાની પણ તૈયારી કરતા હતા. શ્રી સુરેન્દ્રબાબુ ફરીથી અસ્વસ્થ

બન્યા. વ્યગ્રચિત્તે તેઓ ફરીથી આચાર્યદેવ પાસે આવ્યા અને આવી પડેલી આપત્તિની વાત કરી. આચાર્યદેવ શ્રી સુરેન્દ્રબાબુની વ્યગ્રતા સમજી ગયા. તેમણે સત્યેન નામના વિદ્યાર્થીને બોલાવ્યો અને પોતાની ખુરસી કીર્તનની જગાએ મૂકવા જણાવ્યું. આચાર્યદેવ ત્યાં જઈને ખુરસી ઉપર બેઠા અને બધાને શાંતિથી જમી લેવા માટે જણાવ્યું. આશ્રમની બાજુમાં જ નદીનો એક વહેળો હતો. વહેળાની પેલે પાર વાવાઝોડા સાથે વરસાદ તૂટી પડયો. મેઘગર્જના અને વીજળીના ચમકારાઓએ જમનારાઓને ગભરાવી મૂકયા. બધા ભય ગ્રસ્ત બનીને ઉભા થઈ ગયા. આ જોઈને આચાર્યદેવે ફરી એકવાર કહ્યું, "બધા બેસી જાઓ, જમવાની શરુઆત કરો. ચિંતા કરશો નહિ. વરસાદ આ બાજુ નહિ વરસે."

આચાર્યદેવના આ શબ્દો સાચા પડયા. આશ્રમથી થોડેક જ દૂર વહેળા સુધી મુશળધાર વરસાદ તૂટી પડયો, પરંતુ આશ્રમભૂમિમાં એક છાંટોયે વરસાદ ન પડયો. ત્યાં તો સૂર્યનો તડકો હતો. આ દૃશ્ય જોઈને બધાને આશ્ચર્ય થયું. આચાર્યદેવ પોતે યોગીપુરુષ હતા તે વિષે કોઈને શંકા ન રહી.

✻

શ્રી યોગેન્દ્ર ટીકાકાર શ્રીમદ્ આચાર્યદેવના પરમ ભક્ત હતા. ફરિદપુર જિલ્લાના નિજરા ગામમાં તેઓ જન્મ્યા હતા. ઘણા વર્ષો થયાં તેઓ પરણ્યા હતા. તેઓ અપુત્ર હતા. તેથી તેઓ ઘણા દુખી રહેતા. તેમના ઘરમાં પણ અશાંતિ પ્રવર્તતી હતી. જાત જાતની દવાઓ અને મંત્ર-તંત્રનો આશ્રય લીધો છતાં કંઈ પરિણામ આવ્યું નહિ. છેવટે એક મિત્રની સલાહથી તેઓ પુનર્લગ્ન કરવા તૈયાર થયા. લગ્નની તારીખ પણ નક્કી થઈ ગઈ. આ સમયે તેમના એક ગુરુ ભાઈએ યોગેન્દ્રનાથને કહ્યું, "જુઓ યોગન, તમે ફરી લગ્ન કરો તે પહેલાં જેની પાસેથી તમે દીક્ષામંત્ર લીધો છે તે આચાર્યદેવને

તમારે એકવાર પૂછવું જોઈએ. પછી જ તમારે લગ્ન કરવું જોઈએ. યોગેન્દ્રનાથને ગુરુભાઈની સલાહ સાચી લાગી. પરંતુ આચાર્યદેવ પાસે આ વાત રજૂ કરતાં તેઓ શરમાતા હતા. તેઓએ તેમને સાથે આવવાં જણાવ્યું. તેઓ સાથે જવા સંમત થયા.

આ સમયે આચાર્યદેવ બાજીતપુરમાં રહેતા હતા. ગુરુભાઈની સાથે યોગેન્દ્રનાથ બાજીતપુર સિદ્ધપીઠમાં પહોંચ્યા. આચાર્યદેવને પ્રણામ કરીને ગુરુભાઈએ તેઓશ્રીને લગ્ન અંગેની સઘળી હકીકતથી વાકેફ કર્યા અને જણાવ્યું, "યોગેન પુત્ર પ્રાપ્તિ માટે ફરીથી લગ્ન કરવા તૈયાર થયા છે. તેઓ અપુત્ર હોવાથી આજકાલ ઘણા ચિંતાતુર રહે છે અને ઘરમાં પણ અશાંતિ પ્રવર્તે છે. સગાં સબંધીઓએ તેમને પુનર્લગ્ન કરવા સમજાવ્યા હોવાથી તેઓ તે માટે તૈયાર થયા છે."

આચાર્યદેવે મૌન રહીને બધી જ વાતો પ્રેમપૂર્વક સાંભળી. થોડાક સમય પછી તેઓએ કહ્યું, "જુઓ યોગેન, લોકો એકવાર લગ્ન કરીને પણ શાંતિથી જીવી શકતા નથી. જાતજાતના કલહ-કંકાસ અને ઈર્ષા-દ્વેષથી તેઓ કંટાળી જાય છે. આ સંજોગોમાં તમે બીજા લગ્ન કરવા માગો છો ?" યોગેને જવાબ આપ્યો, "આપ જે કહો તે હું માની લઈશ." આચાર્યદેવે કહ્યું, "તમને પુત્રની ઈચ્છા છે તો તે પાર પડશે. ફિકર કરશો નહિ."

આ પ્રસંગ પછી એક વર્ષે યોગેન્દ્રનાથના ઘેર પુત્ર જન્મ થયો. યોગેન્દ્રનાથને આચાર્યદેવમાં રહેલી દૈવી શક્તિનાં દર્શન થયાં. તેમના જેવા સામાન્ય ગ્રામજનો પણ આચાર્યદેવના આશીર્વાદથી વંચિત રહ્યા ન હતા.

પ્રકરણ સત્તરમું

પતિતપાવન આચાર્યદેવ

પૂર્વ બંગાળના સુંદરવન જિલ્લામાં વડદળ નામે એક મોટું બંદર હતું. આસપાસના વિસ્તારોમાંથી ધંધાદારી લોકો વ્યાપાર કરવા નદી માર્ગે આ સ્થળે આવતા. દર અઠવાડિયે એક દિવસ અહીં ખૂબ મોટું હાટ પણ બેસતું.

આ બંદર કાંઠે મોચી લોકોની મોટી વસતિ હતી, દીર્ઘકાળથી કેળવણીના અભાવે અને સામાજિક દબાણ, અત્યાચારો અને શોષણને લીધે તેઓ પશુઓની જેમ ઘોર અજ્ઞાનતા અને નિરાશામાં જીવન જીવતા હતા. ઉપેક્ષા, અનાદર અને ધાક ધમકી સિવાય કોઇએ આ અસહાય અને અનુન્નત લોકો સાથે પ્રેમપૂર્વક વાતો કરી ન હતી. બૂટ, જોડા અને ચંપલ બનાવવાનો ધંધો સારી રીતે ચાલતો નહિ હોવાથી તેઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે ચોરી, ધાડ અને લૂંટફાટ કરતા હતા. પરિણામે આ લોકોમાં માણસાઈ, પ્રામાણિકતા, સત્ય, સદાચાર જેવા કોઈ સદગુણો રહ્યા નહોતા. પોલિસો પણ આ લોકો ઉપર ચાંપતી નજર રાખતા. ઘણીવાર પોલિસો આ લોકોને ચોરી કરતાં પકડતા, મારપીટ કરતા અને જેલમાં પૂરતા. કેટલાક સમયથી ખ્રિસ્તી પાદરીઓએ અહીં આવીને આ લોકોની ગરીબાઈનો લાભ લઈને તેઓને ખ્રિસ્તી બનાવવાની પ્રવૃતિ શરૂ

કરી દીધી હતી. આથી ધર્માંતરિત થયેલા ખ્રિસ્તી મોચી અને હિંદુ મોચી વચ્ચે સંઘર્ષ દેખાવા લાગ્યો હતો.

હિંદુ સમાજની આ દુઃખદાયક પરિસ્થિતિ જોઈને આચાર્યદેવ ઘણીવાર વ્યથિત થતા અને એના નિરાકરણ માટે ઝુંબેશ ઉપાડતા. ટૂંક સમયમાંજ સંઘ તરફથી એ મોચી વસતિમાં પ્રાથમિક શાળા ખોલવામાં આવી બાળકોને મફત શિક્ષણ આપવાની શરૂઆત કરવામાં આવી. એટલું જ નહિ પણ ગરીબ બાળકોને પુસ્તકો, નોટો અને કપડા લત્તાંની સગવડ પણ કરી આપવામાં આવી. મોચી છોકરાઓએ આનંદ અને ઉત્સાહથી ભણવાની શરુઆત કરી.

અત્યાર સુધી આ સંસ્કાર-કેન્દ્રનું સંચાલન સંઘના સંન્યાસીઓ અને સેવકો કરતા હતા. એક દિવસ આચાર્યદેવે આ મોચી વસતિની મુલાકાત લેવા ધાર્યું. કેટલીક નૌકાઓ ભાડે કરીને સેવકો સાથે આચાર્યદેવ એ બંદરે પહોંચ્યા. તેઓશ્રીએ મોચી વસતીમાં પ્રવેશ કર્યો.

આ મોચી વસતિમાં પ્રવેશ કરતાં જ જે દૃશ્યનાં દર્શન થયાં તેથી સંઘ સન્યાસીઓ અને સેવકો ચોંકી ઊઠ્યા. વસતિમાં જીર્ણ થયેલા ઝૂંપડાઓની આજૂબાજુએ મારી નાખવામાં આવેલા જાનવરોના હાડપિંજરોનો એક વિશાળ ઢગલો હતો. આ ઢગલામાં રહેલી જાનવરોનાં સડેલાં હાડપિંજરોમાંથી બદબૂ બહાર નીકળતી હતી. નાક ઉપર કપડું ઢાંક્યા સિવાય ચાલવું અશક્ય હતું. કૂતરાઓનું એક ટોળું ભસ ભસ કરતું દોડી આવ્યું. આ ગંદકીભર્યા નરકમાં શુભાગમન કરવા પાછળ આચાર્યદેવનું શું રહસ્ય છુપાયેલું હશે !

મોચી કોમના આગેવાનો આચાર્યદેવને સત્કારવા દોડી આવ્યા. વસતિમાં એક ઘાસનું છાપરું હતું, જેમાં દિવસે છોકરાઓ રમતા અને રાત્રે મોટી ઉંમરના લોકો ભેગા થઇને બીડી, દારૂ, ગાંજા વગેરે પીતા અને ગપ્પાં હાંકતા. આચાર્યદેવના નિર્દેશાનુસાર આ જગા

સાફ કરીને તેઓશ્રીને બેસવા માટે આસન પાથરવામાં આવ્યું. ગામનાં અશિક્ષિત અને અજ્ઞાન લોકો આચાર્યદેવનાં દર્શન માટે ઊમટી પડયાં.

આ પરિસ્થિતિમાં આચાર્યદેવ કોઈ જાતના સંકોચ કે દ્વિધા વિના પ્રસન્ન ચિત્તે, હસતા મોઢે બેસી રહ્યા. જાણે દીર્ઘકાળથી દબાયેલી અને સમાજનો તિરસ્કાર પામેલી આ પતિત જાતિ ઉપર એમની પ્રેમ-લાગણીની ગંગા વહેવા લાગી. કરુણા અને દયાના અવતાર સમા સમાજના સાચા સેવક છાપરા નીચે કલાકો સુધી બેસી રહ્યા. આવેલાં સ્ત્રી–પુરુષોએ એક પછી એક પ્રણામ કર્યા અને આચાર્યદેવે બે હાથે આશીર્વાદ આપ્યા.

પ્રણામ પછી આચાર્યદેવે એકઠા થયેલા આગેવાન લોકોને કહ્યું, "જે ધર્મના ખોળામાં તમારો જન્મ થયો છે તે જ તમારો સ્વધર્મ છે. એ ધર્મ છોડી પરધર્મ સ્વીકારવો એ તો આપઘાત કરી મરવા બરાબર કહેવાય. અત્યાર સુધી તમારા મનમાં જે દુ:ખ અને ક્ષોભ હતાં કે ઉચ્ચ વર્ણના લોકો તમારા પ્રત્યે ઘૃણા અને તિરસ્કાર સેવે છે, તે પરિસ્થિતિ હવે રહેશે નહિ. સમાજનાં મૂલ્યો આજે ઝડપથી બદલાઇ રહ્યાં છે. ચિરકાળ કોઈ દબાયેલા રહેશે નહિ. તેઓનું પુનરુત્થાન નિશ્ચિત છે. તમે લોકો ચિંતા કરશો નહિ. હું તમોને સામાજિક અત્યાચાર અને ત્રાસમાંથી ઉગારી લઈશ અને હંમેશાં તમારી પાછળ એક ટેકો બની રહીશ. તમે લોકો પણ સંસ્કારી થાઓ. શુદ્ધ આચરણ, પવિત્રતા, પ્રામાણિકતા અને કર્તવ્યનિષ્ઠા તમારામાં જાગૃત થાય એ સ્પૃહણીય છે. સંસ્કારી માણસની કોઈ ઘૃણા કરતું નથી. આજથી તમે દારૂ પીવાનું કે લૂંટફાટ કરવાનું છોડી દો. હું તમારા ઉત્કર્ષ માટે બધી જ વ્યવસ્થા કરી આપીશ. મારા કહ્યા પ્રમાણે ચાલશો તો કોઇ જાતનો ભય નથી. સંઘ તરફથી જે પ્રાથમિક શાળા ખોલવામાં આવી છે તેમાં તમારાં

બધાં બાળકોને નિયમિત મોકલશો. સાચા શિક્ષણ દ્વારા જ માણસો મહાન થઈ શકે છે."

તે દિવસે સાંજે એક સભા યોજવામાં આવી. તેમાં આજુ-બાજુનાં ગામડાંના મોચી, હાકરડા અને વાઘરી કોમના માણસો આવ્યા. સંઘસંન્યાસીએ પોતાનું વક્તવ્ય શરૂ કર્યું. થોડીવાર પછી મોચી કોમના એક આગેવાને ઊભા થઈને કહ્યું, "મહારાજ, અમે તો જુદા મોચી છીએ. નદીની આ પારના મોચી સાથે અમારો કંઈ સંબંધ નથી. આ લોકો અમારા કરતાં બહુ નીચા સ્તરનાં છે. અમે આ લોકો સાથે કેવી રીતે વ્યવહાર ચાલુ રાખીએ? અમે આ લોકો જેવા બર્બર કે જંગલી નથી. આપશ્રી અમારી વસતિમાં આવો. અમે આપને અમારાથી બનતી બધી મદદ કરીશું."

મોચી મોચી વચ્ચે પણ ભેદ-વિવાદ! એક જ કોમના માણસો હોવા છતાં નદીની આ બાજુના મોચી અને પેલી બાજુના મોચી વચ્ચે પણ ઝઘડા! આ છે આપણા હિંદુ સમાજનું ચિત્ર! હિંદુ સમાજમાં આવા કેટલાય વાડા અને ન્યાતજાતના ભેદ હોય છે. જેના કારણે હિંદુ પ્રજા આજે પાંગળી બની ગઈ છે.

આચાર્યદેવે તો આ મિથ્યા ઊંચનીચના અહંભાવો તોડવા માટે અને મજબૂત સંગઠન શક્તિ સર્જવા અવતાર લીધો હતો. અનંત ધીરજ, વિશાળ હૃદય, પ્રેમાળ સ્વભાવ અને પતિત જાતિ માટે પ્રબળ લાગણી-એ તેઓશ્રીના જીવનની વિશેષતા હતી. આવા પુરુષોના જીવનમાં નિરાશા ક્યાંથી આવે!

ધન્ય હો આચાર્યદેવનો પતિત પ્રેમ! સામાન્ય માણસો પણ જેનો સ્પર્શ સરખો કરતાં શરમ અને સંકોચ અનુભવતા હોય છે, તેમના ઉપર તમારો કેટલો પ્રેમ અને વાત્સલ્ય ભાવ! કરુણામૂર્તિ માતા જેમ પોતાના બાળકના શરીરને વિષ્ઠામૂત્ર પરિલિપ્ત હોવા છતાં

વિના સંકોચે સાફ કરે છે, તેમ તમે પણ તમારી પતિતપાવન લીલામાં આ દીન, હીન અને પછાત કહેવાતા લોકોને પવિત્ર બનાવીને તમારા ખોળામાં ઊંચકી લો છો. આ કેવી અદ્‌ભુત આશિષ કહેવાય !

❋

પૂર્વ બંગાળના ખુલના અને યશોહર જિલ્લામાં આચાર્યદેવે ગામે ગામ ફરીફરીને પછાત કોમમાં ઘણો પ્રચાર કર્યો. ધીમે ધીમે આ લોકોમાં એક જાતનો આત્મવિશ્વાસ બંધાઈ ગયો કે તેઓ પણ કેળવણી લઈને સંસ્કારી બનીને સમાજમાં ઉચ્ચસ્થાન પ્રાપ્ત કરી શકે છે. આ જગતમાં જન્મથી કોઈ ઉચ્ચ કે નીચ નથી. અસ્પૃશ્યતા, આભડછેટ અને ઘૃણા–અવજ્ઞાને લઈને તેમજ લાગણી, સહાનુભૂતિ અને સદ્‌વ્યવહારની ઊણપને લીધે કરોડો હિંદુ સ્ત્રી–પુરુષો હિંદુ સમાજમાંથી હડસેલાઈ જઈને અન્ય ધર્મમાં જોડાઈ ગયાં છે. હિંદુ ધર્મનો ખોડો કાઢનારી અને તેને ક્ષીણ બનાવનારી આ પ્રવૃત્તિને ડામી દીધા વગર છૂટકો નથી.

આચાર્યદેવે ધર્માંતરિત હિંદુ નરનારીઓને પુનઃ હિંદુ બનાવવા માટે કેટલીક જગાએ શુદ્ધિકાર્ય આંદોલન શરૂ કર્યું. તેઓશ્રી કહેતા, "વટાળ પ્રવૃત્તિના અટકાવ માટે પ્રબળ ઝુંબેશ ઉપાડવી જોઈએ. કેવળ મોઢે બોલવાથી શુદ્ધિ થઈ શકે નહિ. આ તો ઘરનાં બારણાં બંધ રાખીને "આવો પધારો" કહીને આમંત્રવા જેવી વાત છે. સમાજના સુધારા અને સંગઠન માટે જરૂર છે ઉચ્ચતમથી માંડીને નીચામાં નીચા થરની તમામ વ્યક્તિઓ પ્રત્યે સમાન પ્રેમભાવ લાગણી અને આદર ભાવનાની. આ રીતે એક એક વ્યક્તિને સમાજમાં માનભેર સ્થાન આપવાથી જ શુદ્ધિ આંદોલન સફળ નીવડે."

ફરિદપુર જિલ્લાના ગોપાળગંજ તાલુકામાં નમઃશુદ્ર નામના પછાત કોમના લોકો પણ મોટા પ્રમાણમાં વસતા હતા. આ વિસ્તાર

માં તેઓનાં હજારો કુટુંબો વસતાં. આ લોકો બંગાળના સુપ્રસિદ્ધ બારભૂંઈઆ જમીનદારોના નૌ-સેના હતા. ક્ષત્રિય કોમના હોવા છતાં ઘણા દિવસથી સામાજિક બહિષ્કારને લીધે આ લોકો અજ્ઞાન, અભણ, અબુધ રહીને પશુ કરતાં પણ વધુ પામર જીવન ગુજારતા હતા. આચાર્યદેવ કાર્યવશાત્ જ્યારે આ વિસ્તારમાંથી પસાર થતા ત્યારે સંઘ-સંન્યાસીઓને કહેતા, "આ વિસ્તારમાં સંઘનું એક વિરાટ કેન્દ્ર ખોલવામાં આવશે. આ અસ્પૃશ્ય કહેવાતી જાતિને સમાજમાં સમુચિત સ્થાન આપી તેમનાં માન-મર્યાદા અને હક્ક અધિકાર સુરક્ષિત કરવાં પડશે. તેમને શિક્ષણ સંસ્કારનાં યોગ્ય સાધનો પૂરાં પાડી તેમનામાં માણસાઈ આણવી જોઈએ. આવો પ્રયત્ન જો સવેળા હાથ નહિ ધરાય તો મુઠ્ઠીભર સવર્ણ હિંદુઓ દ્વારા હિંદુસમાજ જીવતો રહેવો અશક્ય છે."

કેટલાક સમય પછી આચાર્યદેવે અસ્પૃશ્યતા નિવારણનો કાર્યક્રમ હાથ ધર્યો અને આ વિસ્તારોમાં પ્રચાર કરવા લાગ્યા. જલિરપાડ, કાળિગ્રામ, બૌલતલી, સાતપાડ વગેરે ગામો હિંદુસમાજ-સમન્વય, આંદોલનના કેન્દ્રો બન્યા. બાજીતપુરથી જલિરપાડ ગામ બહુ દૂર નહોતું. આ ગામના કેટલાક ઉત્સાહી યુવકો અને અગ્રગણ્ય લોકોએ આચાર્યદેવને આ કાર્યમાં ખૂબ મદદ કરી. શ્રી હલધર શાંખારી નામની એક વ્યક્તિ મારફતે તેઓશ્રીએ આ ગામોમાં પ્રચાર અને સંગઠન કાર્ય શરૂ કર્યું. હલધરના બે બાળકોને બાજીતપુર આશ્રમમાં રાખીને ભણાવવાની વ્યવસ્થા કરવામાં આવી.

આ બધા ગ્રામીણ, અજ્ઞાન અને અશિક્ષિત લોકોમાં પ્રચાર કાર્ય કરવા માટે આચાર્યદેવે એક સહજ અને સરળ માર્ગ લીધો. તેઓશ્રી જાણતા હતા કે આ અભણ લોકો ઉચ્ચ આદર્શોને સમજી શકશે નહિ અને લાંબાં લાંબાં પ્રવચનો પણ ધીરજથી સાંભળશે નહિ. એટલે તેઓશ્રીએ આ પછાત કોમનાં યુવકોને લઈને એક

નાટક સમિતિની સ્થાપના કરી. શ્રીકૃષ્ણ ચરિત્ર અને રામાયણ મહાભારતનાં પાત્રો ઉપર નાટકો ભજવવામાં આવતાં. આ નાટકોમાં અમુક દૃશ્યો જેવાં કે શ્રી રામચંદ્રજીનો શબરીના હાથે બોર ખાવાનો પ્રસંગ, નિષાદરાજ ગુહક–ચંડાળનો હોડીમાં બેસીને યમુના નદી પાર કરવાનો પ્રસંગ વગેરે અસરકારક રીતે લખી દેવામાં આવતા. આ નાટકોએ પ્રચારકાર્યને વેગવાન બનાવ્યું. દૂર દૂરથી લોકો નાટકો સાંભળવા આવવા લાગ્યા.

બાજીતપુરમાં માઘી પૂર્ણિમા ઉત્સવ સમયે તથા બીજા આશ્રમોમાં વાર્ષિક ઉત્સવ પ્રસંગે પણ નાટક મંડળીઓ તરફથી આ નાટકોનું આયોજન કરવામાં આવતું. આચાર્યદેવ પોતે પણ આખા દિવસના અથાગ પરિશ્રમથી થાકેલા હોવા છતાં, સંઘ–સંન્યાસીઓની સાથે મોડી રાત સુધી આ ધાર્મિક અભિનય જોવા માટે અને આમ-જનતાને ઉત્સાહ આપવા માટે એક ખુરશી ઉપર બેસી રહેતા. સંઘના કેટલાક સિદ્ધાંતવાદી સંન્યાસીઓ આશ્રમમાં નાટક ભજવવામાં નૈતિકતા અને આદર્શનો ભંગ થાય છે એવી ફરિયાદ પણ કરતા. તેઓની ભ્રાંતિ અને સંશય દૂર કરવા ખાતર આચાર્યદેવ કહેતા, “આદર્શ, નાટકો દ્વારા ધાર્મિક ભાવનાનો જેટલો પ્રચાર થશે તેટલો તમારાં લાંબાં લાંબાં પ્રવચનો દ્વારા નહિ થાય. અભણ અને અજ્ઞાન લોકોમાં શાસ્ત્રોની અઘરી વાતો સમજવા જેટલી બુદ્ધિ હોતી નથી. એટલા માટે આ લોકોમાં નાટક દ્વારા ધાર્મિક ભાવનાનો પ્રચાર કરવાની પ્રવૃત્તિને હું ઉત્તેજન આપું છું. પ્રાચીન કાળમાં પણ નાટક પ્રથા કીર્તનો દ્વારા ધર્મ પ્રચારનું કાર્ય ચાલતું હતું. આ પદ્ધતિથી ધાર્મિક પ્રસંગો અસરકારક રીતે રજૂ કરી શકાય છે. અશ્લીલ કે આદર્શહીન નાટકો અને નૃત્યગીતો કરતાં આ પ્રકારના નાટકોનો હેતુ તદ્દન જુદો જ છે. આચાર્યદેવની તાર્કિક અને દલીલયુક્ત વાતો સાંભળીને સંઘ–સંન્યાસીઓના મનનું સમાધાન થઈ જતું. નાટકના પ્રારંભમાં સંઘ–

સંન્યાસીઓ આચાર્યદેવનો ફોટો હાથમાં લઈને ફરી ફરીને ગુરુવંદના ગાતા, કોઈવાર શૌર્યગીતો પણ ગાતા, જેથી કરીને શ્રોતાજનોમાં એક પવિત્ર વાતાવરણ પેદા થાય. કંસ-વધ, રાવણ-વધ, શિશુપાલ-વધ વગેરે. વીરત્વભર્યાં નાટકો તથા શિવાજી, રાણા પ્રતાપ, ગુરુ ગોવિંદસિંગ વગેરે ઐતિહાસિક નાટકો તેઓશ્રી વધારે પસંદ કરતા. આ નાટકો જોઈને લોકોમાં અપૂર્વ ઉત્સાહ, સાહસ અને વિક્રમ-પરાક્રમની ભાવના પેદા થઈ જતી. આચાર્યદેવ સ્વયં જેમ આંતરિક જગતમાં ભજવાતા નાટકના નાટ્યાધિપતિ અને કલાકાર હતા જેમ બાહ્ય જગતમાં પણ તેઓશ્રી નાટકના સ્રષ્ટા, દ્રષ્ટા અને કેન્દ્રપુરુષ હતા.

❋

કેટલાક સંઘ-સંન્યાસીઓને લઈને આચાર્યદેવ એકવાર નદીમાર્ગે બરિશાળ જિલ્લાના ચાંદસી અને ફુલ્લશ્રી વિસ્તારમાં પહોંચ્યા. આ વિસ્તારોમાં મિલન મંદિરો અને રક્ષકદળોની સ્થાપના કરવી એ આ પરિક્રમાનો ઉદ્દેશ્ય હતો. ફુલ્લશ્રી ગામના શ્રી રાસબિહારી ચક્રવર્તી આચાર્યદેવના મંત્રશિષ્ય ભક્ત હતા. ઘણાં વર્ષોથી તેઓ આચાર્યદેવને પોતાના ગામમાં પધરામણી કરવા માટે વિનંતિ કરતા હતા. આજે એમની આશા-આકાંક્ષા પૂરી થઈ તેથી તેમના આનંદનો કોઈ પાર નહતો.

વસંત ઋતુનો સમય હતો. નદી-નહેરોથી ભરેલાં પૂર્વબંગાળના ગામડાઓની શોભા અને સુંદરતા અપૂર્વ હતાં. ચારે બાજુએ નારિયેળી અને સોપારીના ઝાડોની હારમાળા, નદીઓમાં સેંકડો નૌકા નાવિકોની અવરજવર, પક્ષીઓનો કિલકિલાટ અને ગ્રામ્ય વધૂઓનું નદીમાંથી પાણી ભરવાનું દૃષ્ય, આ બધાં નયનમનોહર ચિત્રો પ્રવાસ કરતા દરેકને આકર્ષતા. આમાં વળી ઊંચા હાથે ભગવો ઝંડો પકડીને આચાર્ય-દેવ સાથે પ્રચાર કરતી સંઘ-સંન્યાસીઓની પ્રચારમંડળી લોકોના અપૂર્વ આનંદ ઉલ્લાસમાં વધારો કરતી હતી. આચાર્યદેવની હોડી આગળ ચાલતી અને સંઘ-સંન્યાસીઓની હોડી પાછળ. નદીના બંને કાંઠાંનાં

સ્ત્રી પુરુષો સમાચાર સાંભળતાં જ આચાર્યદેવના દર્શનાર્થે દોડી આવતાં ઘણીવાર તેઓની દર્શન તૃષાને પૂર્ણ કરવા માટે તેઓશ્રી નદીના કિનારે આવતા અને થોડીવાર માટે ત્યાં થોભી જતા. આ રીતે અચાનક મહાપુરુષનાં દર્શનથી તેઓ આનંદથી નાચી ઉઠતા. બીજાને આનંદ આપવાની આ કેવી અદ્‌ભુત લીલા ! આ રીતે આખો નદી માર્ગ કાપતા કાપતા હજારો તૃષાતુર નરનારીઓને દર્શન અને આશીર્વાદ આપતા તેઓશ્રી બીજે દિવસે સવારે ચાંદસી પહોંચ્યા. ગામના લોકો બેંડ, ઢોલક, થાળી, મંજીરા વગેરે વગાડતા વગાડતા તેઓશ્રીનું સ્વાગત કરવા આવ્યા.

સાંજની સભામાં વિશાળ માનવ મેદની ઊમટી પડી. આચાર્યદેવ પોતાની રીત પ્રમાણે સભા મંડપમાં જાણે ધ્યાનસ્થ થઈને બેસી રહ્યા. સંઘ-સંન્યાસીઓએ પ્રવચન કર્યા, "એક હિંદુ બીજા હિંદુ માટે કદાપિ અસ્પૃશ્ય કે વ્યવહારબહારિયો હોઈ શકે જ નહિ. શાસ્ત્ર પ્રણેતા આર્યઋષિઓએ કદાપિ આ વાત મંજૂર રાખી નથી. એમના પોતિકાં જીવન-ચરિત્રો તેમ જ આચરણો પરથી આ હકીકત દીવા જેવી સ્પષ્ટ જણાઈ આવે છે. સ્પૃશ્યાસ્પૃશ્ય એ તો મધ્યયુગમાં પ્રગટેલા ધર્મવિપ્લવ, સામાજિક-વિપ્લવ અને રાષ્ટ્ર-વિપ્લવ પાછળ પડી રહેલા કચરાનું જ પરિણામ છે અત્યારના આ લોકાચાર, દેશાચાર અને સ્ત્રીઆચાર એ તમામ પણ એ કચરાનું જ પરિણામ છે. ઉચ્ચવર્ગોની વિદ્યા, બુદ્ધિ અને દ્રવ્યબળ તથા શ્રમજીવી પછાત વર્ગોની શારિરીક તાકાતનો મેળ પાડીને જ હિંદુજાતિને રક્ષી શકાય. ઉજળિયાત સવર્ણ હિન્દુઓએ કહેવાતા નીચ વર્ણોને અત્યાર લગી દબાવી રાખ્યા છે. વિવિધ રીતે ધુત્કારતા રહીને તેઓએ તેમની જે અવહેલના અને ઉપેક્ષા કરી છે. અને જીવનના વિવિધ ક્ષેત્રોમાંથી તેમની હકાલપટ્ટી કરીને તેમના પ્રતિ જે અન્યાય અને ગેરવર્તન ચલાવ્યાં છે તે બધાને માટે પ્રાયશ્ચિત કરવાનો સમય હવે આવી પહોંચ્યો છે. ઉજળિયાત લોકોએ આજે

સંપૂર્ણ નિસ્વાર્થ ભાવે અને અંતરની સાચી લાગણીપૂર્વક બહાર પડવું જોઈએ. અને આ પછાત વર્ગોને માટે શિક્ષણ અને સંસ્કારોની જોગવાઈ કરવી જોઈએ. તેમને ઊંચે લાવવાની જીગરપૂર્વકની કોશિશ કરવાથીજ જીવનના બધા ક્ષેત્રોમાં તેમને આદર અને યોગ્ય સ્થાન મળશે.

પ્રવચન સાંભળતાં સાંભળતા બંને વર્ગોના લોકો ઉત્સાહમાં આવી જતા. ગામમાં મિલન મંદિર સ્થાપીને કેવી રીતે સાચો મેળ, એકતા અને પરસ્પર બંધુભાવ સ્થપાય તે વિશે તેઓ નિખાલસપણે ચર્ચાઓ કરતા અને આ કાર્યને વેગથી આગળ ધપાવતા.

સભા પૂરી થઈ. લોકો પોતપોતાના ઘેર વિખરાઈ ગયા. આચાર્યદેવ આ પછાત કોમના એક દાકતર-કુટુંબના ઘેર આવ્યા. પછાત કોમના હોવાના કારણે એ લોકોએ આચાર્યદેવના ભોજન માટે કશી વ્યવસ્થા કરી ન હતી. હાજર રહેલી કેટલીક સ્ત્રીઓને તેઓશ્રીએ મંત્રદીક્ષા આપી. બધું કાર્ય પૂરું થયું. છતાં કોઈએ આચાર્યદેવને જમવા માટે ન કહ્યું. અંતર્યામી આચાર્યદેવ આનું કારણ તુર્તજ સમજી ગયા. તેઓશ્રીએ પોતે જ મંત્રદીક્ષા લીધેલી સ્ત્રીઓને કહ્યું, "તમારા ઘરમાં ખાવાની કંઇ ચીજવસ્તુ છે? હોય તો જલદી લઇ આવો. સવારથી ભૂખ્યો રહ્યો છું અને તમારા ઘેર આવીને ભૂખ્યો રહીને વિદાય થાઉં તો ગૃહસ્થી લોકોનું અકલ્યાણ થાય."

આચાર્યદેવની આ વાત સાંભળીને લોકો શરમાયા અને આશ્ચર્ય પણ પામ્યા. આ તો શબરીના ઘેર આવીને રામચંદ્રજીનો બોર ખાવાનો પ્રસંગ બન્યો! સ્ત્રી-પુરુષોએ દોડાદોડ કરી. થોડાક મમરા, પૌંઆ અને ગોળ લઈ આવ્યાં અને આચાર્યદેવ તથા સંન્યાસીઓને પ્રેમથી જમાડયા. ભગવાન દ્રવ્યના કંગાલ નથી હોતા, તેઓ તો ભક્તિના ભિખારી હોય છે. ભક્તિની ભિક્ષા લેવા માટે તેઓ ઘેર ઘેર ફરે છે. પણ આપણે એવા મૂઢ માણસો છીએ કે તેમને ઓળખી શકતા નથી!

પ્રકરણ અઢારમું

રાજરાજેશ્વર આચાર્યદેવ

ઈ. સ. ૧૯૩૨ની વાત છે. માઘી પૂર્ણિમા નિમિત્તે આચાર્યદેવની જન્મ જયંતિ ઉજવવા માટે આખા ભારતવર્ષમાંથી પ્રચાર મંડળીઓ, આશ્રમના સંચાલકો અને બીજા સંન્યાસી બ્રહ્મચારી કાર્યકરો બાજીતપુરમાં આ પ્રસંગે એકત્ર થયા હતા. આચાર્યદેવ પ્રત્યે બધાની ભક્તિ, શ્રદ્ધા અને લાગણી એવી તો ગાઢ અને અપૂર્વ હતી કે તેઓ પોતપોતાનાં કર્મક્ષેત્રો છોડીને આચાર્યદેવના સાનિધ્યમાં આવ્યા હતા. તેમના સ્નેહાળ આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે તેઓ ખૂબ આકુળવ્યાકુળ બની ગયા હતા. દરેક જણ પોતાની ઇચ્છા મુજબ આચાર્યદેવ સમક્ષ ભેટ ધરવા માટે જાતજાતની મીઠાઇઓ, અન્ય ભોજનવાનગીઓ, પહેરવા માટેનાં વસ્ત્રો અને માઘી પૂર્ણિમાના ઉત્સવમાં કામ આવે, એવી ચીજવસ્તુઓ લાવ્યા હતા.

જુદી જુદી નદીઓ અને સમુદ્રોનાં પાણી પણ મહા અભિષેક માટે લઇ આવ્યા હતા. આ સમયે એક પ્રચાર મંડળી આસામમાં પ્રચાર માટે ગઇ હતી. આસામનું રેશમ અને ત્યાંનું રેશમી કાપડ ખૂબ વખણાય છે. એક સ્વામીજીએ રેશમનું એક ઝીણું, મુલાયમ અને ચમકદાર કાપડ લઇને વિચાર કર્યો કે આ વર્ષે પ્રેમા·

૨૫૬ આચાર્યદેવને આ કપડાની એક સુંદર પાઘડી બનાવીને માઘી પૂર્ણિમાના દિવસે પહેરાવીશ. બાજીતપુરમાં પહોંચતાં એમને કંઈ બહુ વાર લાગી નહીં. હૃદયદેવતા પ્રાણેશ્વર આચાર્ય દેવનાં દર્શન માટે ઉત્સુક એવા સંઘના સંન્યાસી બ્રહ્મચારીઓ પોતપોતાની વસ્તુઓનો ભાર પોતે જ ઊંચકતા હતા. છતાં કોઈ જાતનો થાક તેઓ અનુભવતા નહોતા.

અસામમાંથી આવેલા પેલા મુખ્ય સ્વામીજીએ રેશમની પાઘડી આચાર્યદેવના ચરણમાં ધરી. આ જોઈને આચાર્યદેવે કહ્યું, "મારા માથા ઉપર તો પાઘડી નહીં, પણ મુકુટ શોભે."

આ શબ્દો સાંભળીને પેલા મુખ્ય સંન્યાસી જરા શરમાઈ ગયા.

બધાને પ્રશ્ન થઈ આવ્યો કે આચાર્યદેવના મસ્તક પર શું શોભે? એવી કઇ વસ્તુ ઉચિત ગણાય? બધા મનમાં મુંઝાઈ ઉઠ્યા. આખી રાત સૌએ પોતપોતાની રીતે આ અંગે વિચારો કર્યા.

અચાનક એક સ્વામીજીએ કહ્યું. "મને સુઝ પડે છે." બધાએ આ સ્વામીજીને વધુ સ્પષ્ટતા કરવા કહ્યું,

સ્વામીજીએ કહ્યું, "હું જ્યારે ધ્યાન ધરવા બેસું છું ત્યારે આચાર્યદેવ મારી સમક્ષ રાજરાજેશ્વરનું સ્વરૂપ ધારણ કરી માથા પર મુકુટ પહેરીને દેખાય છે, પણ આ સાથે મારા મનમાં એક પ્રશ્ન થઈ આવે છે કે આચાર્યદેવ તો સર્વત્યાગી સંન્યાસી છે. દુન્યવી વસ્તુની એમને શી જરૂર? સાધુ તો અકિંચન જ હોય. એવા લોકોના મનમાં કોઈ ચાહ હોતી નથી."

આ વાત સાંભળીને બધા ખુશ ખુશ થઈ ગયા. એમણે આચાર્યદેવને મુકુટની વાત કરી.

આચાર્યદેવ મૌન રહ્યા.

બધાએ સમજી લીધું કે "મૌનં સમ્મતિલક્ષણમ્" પ્રશ્નના જવાબમાં કોઈ મૌન ધારણ કરે તો સમજી લેવાનું કે એમાં એમની સંમતિ છે. અલ્પ સમયમાંજ રાજપોશાક, રાજમુકુટ, રાજદંડ, સ્વર્ણપાદુકા અને સોનાનો હાર તથા બીજી વસ્તુઓ તૈયાર થઇ ગઈ.

શુભ માઘી પૂર્ણિમાને દિવસે રાજપોશાક પહેરીને આચાર્યદેવ ભગવદ્ભાવમાં વિહ્વળ બની ગયા. જાણે હજારો વર્ષ પછી કૈલાસપતિ શંકર સ્વયં રાજસભામાં બિરાજમાન થયા! મંદિર બહાર શસ્ત્રધારી રક્ષકદળ, સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ, સેવકો, ભક્તો સૌ એક હારમાં ઊભા રહ્યા. દરેકના હાથમાં ત્રિશૂળ, તલવાર, રાજછત્રી, ચામર, ઘંટ વગેરે હતાં. ઢોલક, પખવાઝ, બેંડ વગેરેના મધુર સૂરો હવામાં ગૂંજી રહ્યા હતા. મંદિરથી મંડપ સુધી કલાત્મક ભગવું વસ્ત્ર પાથરવામાં આવ્યું હતું. પ્રચંડ ધ્વનિ અને હર્ષનાદની વચ્ચે શ્રી શ્રી આચાર્યદેવ મંદિરમાંથી બહાર નીકળ્યા. ભક્ત લોકો એમના દર્શન માટે પડાપડી કરવા લાગ્યા. માથા પર મુકુટ, હાથમાં રાજદંડ, ગળામાં સ્વર્ણહાર, શરીર પર કિંમતી રાજપોશાક અને ચરણકમળમાં સ્વર્ણપાદુકા શોભી રહી હતી. કેવું સુંદર એ દૃશ્ય હતું! પોતાની આંખે આ મોહક દૃશ્ય જોયું હોય તો ખબર પડે કે એની અંદર કેવો ભવ્ય ઉલ્લાસ ઊછળી રહ્યો હતો!

ત્યારબાદ સંન્યાસી વકતાએ રાજવેશનું મહત્ત્વ સમજાવ્યું. આરતી પછી આશીર્વાદ લેવાનો વારો આવ્યો. એક પછી એક બધાએ આચાર્યદેવને પ્રણામ કર્યાં, આચાર્યદેવે શિરસ્પર્શ કરી બધાને આશીર્વાદ આપ્યા.

પરંતુ આ નૂતન અનુષ્ઠાન પછી, ઘણાના મનમાં એક સંશય થયો.

એમને મનમાં થયું કે જેમણે ઘરબાર અને આત્મીય કુટુંબી-

જનો છોડીને સંન્યાસ લીધો હોય. જેઓ ત્યાગ, સંયમ અને વૈરાગ્યની જીવંત મૂર્તિસમા હોય એમને રાજૈશ્વર્યની જરૂર પડે ખરી ? જે મનુષ્યે આખી જિંદગી સુધી કઠોર તપ કર્યું છે અને લોકોની સેવા કરી છે તથા જેનાં જનકલ્યાણ કાર્યોથી લોકો મુગ્ધ બન્યા છે, તે મનુષ્યનું આ અધઃપતન ગણાય.

આચાર્યદેવની આ લીલાની વાત કલકત્તામાં પહોંચી ગઈ અને છાપામાં પણ એ લીલા પ્રસિદ્ધ થઈ. ચારે બાજુ વિરોધ જાગ્યો. સંઘના ઘણા મિત્રો પણ નારાજ બન્યા. સંઘના સંન્યાસી–બ્રહ્મચારીઓ પણ એક મોટી મૂંઝવણ અનુભવવા લાગ્યા. આચાર્યદેવે પોતાના સંઘસંતાનોને આત્મવિશ્વાસ અને નીડરતા કેળવવા માટે ઉદ્બોધન કર્યું, "આવું કાર્ય કોણ કરી શકે ? કાં તો કોઈ ઉન્માદી અથવા તો કોઈ અતિમાનવ. હું કંઈ પાગલ કે ઉન્માદી તો નથી. આખી જિંદગી ભાત અને મીઠું ખાઈને વીતાવી છે. હું કોઈ રાજા થઈને સુખસંભોગ કરવાનું ઓછું ઇચ્છું છું ? આ સંઘમાં જે કંઈ કાર્ય થાય છે, તેની પાછળ સર્વજ્ઞાતા ભગવાનનો અલૌક સંકેત અને આદેશ રહેલ છે. હું આગમાં ઝંપલાવું તો આગ જળમાં પરિણમશે. હું સમુદ્રમાં કુદી પડું તો સમુદ્રનું પાણી સુકાઈ જશે; હું ધારું તો હિમાલયને પણ ચૂર ચૂર કરી શકું ! મારી પોતાની મરજીથી જો આ સંઘની સ્થાપના મેં કરી હોય તો અત્યારે ને અત્યારે એનો વિનાશ થઈ જાય; અને વિશ્વનિયંતાની ઇચ્છાનુસાર જો આ સંઘનું નિર્માણ થયું હોય તો બ્રહ્માંડમાં કોઈ પણ તાકાત નથી કે મારો વાળ પણ સ્પર્શી શકે ! વિવિધ પરિસ્થિતિની અંદર હું દેશવાસીઓને એમના લક્ષ્ય સ્થાને મૂકવા માગું છું. એવો દિવસ આવશે કે જે લોકો આજે મારી ટીકા કરી રહ્યા છે તેઓ મારા શ્રેષ્ઠ અનુયાયીઓ બનશે. એક મહિનામાં જ આવું પરિવર્તન તમે જોઈ શકશો."

આચાર્યદેવની તેજોદીપ્ત વાણીથી સંઘસંતાનોના સંશય,

વિષાદ અને સંકોચનો અંત આવ્યો.

આચાર્યદેવે રાજપોશાક શા માટે ધારણ કર્યો હતો ? એની પાછળ કયો હેતુ હતો ? બાહ્ય દૃષ્ટિથી આ દૃશ્ય એક સર્વત્યાગી સંન્યાસીને શોભે એવું હતું નહીં.

આચાર્ય પ્રણવાનંદજી સંન્યાસી હોવા છતાં એક મહાન રાષ્ટ્ર ઘડવૈયા હતા. જાતિ સંગઠનની ભિન્ન ભિન્ન ભૂમિકામાં એમને કાર્ય કરવાનું હતું. ભગવાન પાસેથી જ્યારે જ્યારે એમને જે કંઈ પ્રેરણા મળી એ પ્રમાણે જ એમણે નૂતન કર્મ અને નૂતન આદર્શનો જનતામાં પ્રચાર કર્યો. કોઈ પણ વિઘ્ન અને આપત્તિ તેમના કાર્યને અટકાવી શકતાં નહોતાં. તેઓ પોતાના સિદ્ધાંતમાં એટલા બધા આત્મવિશ્વાસી હતાં કે તેઓ વારંવાર કહેતા હતા, "મારો પગ કોઈ પણ દિવસ અવળે માર્ગે ચઢયો નથી.

ભારતભૂમિ સુપ્રાચીન કાળથી ધર્મભૂમિ છે. દેવદેવીઓની લીલા ભૂમિ આ ભારતભૂમિ જ હતી. આધ્યાત્મિકતાની પરંપરા આ દેશમાં ચાલતી આવી છે. આ પૃથ્વી ઉપર કોઈ પણ દેશની સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિ જેટલી જૂની નથી. યુગે યુગે ભગવાને મનુષ્ય દેહ ધારણ કરીને ભારતવાશીઓને સનાતન આદર્શ અને માર્ગની વાત કરી છે. શ્રીકૃષ્ણ અવતારી પુરુષ અને ત્યાગી હોવા છતાં દ્વારકાધીશ હતા, શ્રી રામચંદ્ર જેમ મહાન આધ્યાત્મિક વિભૂતિ હતા તેમ તેઓ મહાન રાજા પણ હતા. શ્રી વિષ્ણુ, દેવલોકના રાજરાજેશ્વર હતા. સર્વત્યાગી શ્રી શંકરભગવાન કૈલાસ રાજ્યના અધીશ્વર હતા. ઈતિહાસના યુગમાં પણ સમ્રાટ અશોક બૌદ્ધભિક્ષુ ઉપગુપ્તની દોરવણી હેઠળ રાજ્યનું સંચાલન કરતા હતા. ગુરુ રામદાસના આદેશ આજ્ઞા અનુસાર શિવાજી મહારાજ રાજ ચલાવતા હતા. હાલ ભારતમાં જે રીતે રાજશાસન ચાલે છે તેમાં વિદેશનું અનુકરણ દેખાય છે. આ પદ્ધતિ ભારતમાં બહુ દિવસ ચાલશે નહી. એ એક કામચલાઉ પદ્ધતિ છે. ભારતની

સમસ્યા માટે જો કાયમી સમાધાન કરવું હોય તો ધર્મરાષ્ટ્રની સ્થાપના કરવી, જેમ શ્રી કૃષ્ણ અને શ્રીરામચંદ્રજી કરી ગયા હતા. આ સનાતન આદર્શ તરફ દેશવાસીઓનું ધ્યાન દોરાય એ માટે જ શ્રીમદ્ આચાર્યદેવે માઘીપૂર્ણિમાના દિવસે રાજરાજેશ્વરનો પોશાક ધારણ કર્યો હતો.

આચાર્યદેવના આચરણમાં બે વિપરીત ભાવોનું દર્શન થતું હતું. શ્રીશંકર જેમ સ્મશાનમાં રહેનાર વૈરાગી આશુતોષ હતા અને સાથેસાથ તેઓ કૈલાસના રાજરાજેશ્વર હતા તેમ શ્રીશ્રી આચાર્યદેવ પણ હંમેશાં સાધુ જેવું વૈરાગ્યમય જીવન ગાળતા હતા અને એમના ખોરાકમાં ભાત સાથે મીઠા સિવાય બીજું કશું ન રહેતું. ક્યારેક ક્યારેક ભાત સાથે બટાટા બાફીને મીઠાં અને તેલ સાથે ખાઈ લેતા. બચપણમાં પણ એક સફેદ ધોતી અને ચાદર વિના બીજું કશું શરીર પર ધારણ કરતા નહોતા. ઉત્તરકાળમાં ભક્તજનો એમને જાતજાતની ભોજન સામગ્રીઓ અને વસ્ત્રો ભેટ ધરતા હતા, પણ તેઓ કદાપિ ઉપયોગ કરતા નહોતો. વસ્તુત દેશના આદર્શ નક્કી કરવા માટે અને રાષ્ટ્રને સાચે રસ્તે દોરવા માટે જ આ વિશેષ તિથિએ રાજાસ્વરૂપે તેઓ વિરાજતા હતા. તેઓશ્રી કહેતા હતા, "લોકો તુલસીની માળામાં જપ કરે છે; પણ હું તો આખી જિંદગી જાતિગઠનની માળામાં જપ કરતો આવ્યો છું." તેઓશ્રીએ મિલનમંદિર અને રક્ષકદળની સ્થાપના ગામડે ગામડે અને શહેરે શહેરે કરીને એક અખંડ લોકસંઘ ઊભો કરવાના બીજ વાવી દીધાં. સમષ્ટિ જીવનમાં સંગઠનની કલ્પના તો અનેક નેતાઓને તથા મહાપુરુષોને આવી હતી અને તેને લગતી વિવિધ યોજનાઓ સાર્વજનિક સ્વરૂપે નહીં હોવાથી તેને અંગે જાતજાતના મતભેદ ઉભા થયા. આના પરિણામે સ્થિતિ ઉલટી વધારે મુશ્કેલ બની ગઈ. એવે પ્રસંગે સંઘનેતા આચાર્યદેવે સમગ્ર ભારતવ્યાપી એક અખંડ મહાજાતીયતાનું મંડાણ કર્યું. સંઘનેતા આચાર્યદેવ ધર્મના પાયા પર જાતિગઠનની મહાવાણી તથા કર્મપદ્ધતિ લઈને કર્મક્ષેત્રમાં અવતીર્ણ થયા હતા.

પ્રકરણ ઓગણીસમુ

જાતિસંગઠક આચાર્યદેવ.

આચાર્યદેવે એકવાર કહ્યું હતું, "લોકો તુલસીની માળા જપે છે પણ હું તો નાનપણથી જ જાત સંગઠનની માળા જપતો આવ્યો છું.' સંઘનેતા આચાર્યદેવની આ વાણીમાં જાતિ સંગઠનનો એક મહત્વપૂર્ણ સંકેત રહેલો છે. જાતિ સગંઠનને લીધે જ હિંદુધર્મ અને સંસ્કૃતિ ટકી રહ્યા છે. સાત સદી સુધી મોગલો, પઠાણો અને અંગ્રેજો ભારતના શાસકો હોવા છતાં હિંદુ સંસ્કૃતિ ઉપર વધુ અસર નીપજાવી શક્યા નથી. આજે પણ હિંદુ ધર્મ અને સંસ્કૃતિ અસંખ્ય વડવાઈઓવાળા મજબૂત વટવૃક્ષની જેમ સારાયે ભારતમાં પ્રસરેલાં છે. છેલ્લા સેંકડો વર્ષ દરમ્યાન આર્ય યુગથી માંડીને આજ સુધી અસંખ્ય સાધુઓ, મહાત્માઓ, તપસ્વીઓ અને મહાપુરુષો જન્મ્યા છે. તેઓએ પોતાની તપસ્યા દ્વારા પોતાના જીવનમાં સિદ્ધિ અને મોક્ષ મેળવ્યો છે. સાથે સાથે ધર્મભાવના, નીતિ, નિયમો અને સદાચારની પ્રેરણા પણ આપી છે હિંદુ સંસ્કૃતિ આ મહાપુરૂષો અને તપસ્વીઓના અનુભવો અને પ્રયત્નોનું પરિણામ છે.

વર્તમાન યુગમાં રાજકીય ક્ષેત્રે અને જીવનનાં બીજા ક્ષેત્રોમાં પાશ્ચાત્ય નીતિનું અનુકરણ થતું જોવામાં આવે છે. પ્રાચીન ભારતીય રાજનીતિના આદર્શોને કેટલીકવાર બાજુએ મૂકવામાં આવે છે ભારતીય વિદ્યાઓ અને સંસ્કૃતિનું જાણે અજાણે ઉલ્લંઘન કરવામાં આવે છે. પરંતુ આથી તો મનુષ્ય વધુ પ્રમાણમાં ભૌતિક બન્યો છે કંઈક અંશે વધુ અશાંત અને ઐહિક સુખવાદી બન્યો છે. આઝાદી પ્રાપ્તિ

પછી આપણા દેશમાં એકતા, નીતિ, પ્રામાણિકતા અને સમષ્ટિ ચેતનાનો અભાવ છે. રાષ્ટ્રીય તેમજ સામાજિક ક્ષેત્રે બેહદ સંઘર્ષ અને અનૈકય જોવા મળે છે. પાશ્ચાત્ય અનુકરણમાં છિછરાપણું ઘણું છે. જેમ કોઈ કૂંડામાં રાખેલી કલમ ઊંડાં મૂળ નાખી શકતી નથી. અને ફાલી ફુલી શકતી નથી, તેમ વિદેશી રાજનીતિ ઉપર રચાયેલ રાષ્ટ્ર ઘડતરનું કાર્ય ભારતની સંસ્કૃતિ સાથે બંધએસતું નથી. ભારતીય જનસમાજ ગ્રામીણ સંસ્કૃતિના પાયા પર રચાયેલો છે. નૈતિક આધ્યાત્મિક મૂલ્યો તેનાં આગવાં લક્ષણો છે. પરોપકાર અને ધાર્મિક જીવન તેનાં મહત્વપૂર્ણ અંગો છે. સેંકડો વર્ષોથી ભારતના રાષ્ટ્રીય જીવનમાં અનેક પલટાઓ આવ્યા છે. અનેક વિપ્લવો થતા રહ્યા છે. ઘણા રાજ્યકર્તાઓ આવ્યા અને ગયા પરંતુ ભારતની ગ્રામીણ સંસ્કૃતિ આજે જેવી ને તેવી ટકી રહી છે.

સમગ્રદર્શી સ્વામી વિવેકાનંદે ભારતના નેતાઓ અને જનતાને સાવધાન કરીને કહ્યું હતું, "પ્રત્યેક જાતિમાં કોઈને કોઈ વિશિષ્ટતા હોય છે અને તેના ઉપર જ તે જાતિની ઉન્નતિ, અભ્યુદય અને અસ્તિત્વ આધાર રાખે છે. દુનિયાના જુદા જુદા દેશોની પ્રજાઓ જૂદી જુદી નીતિમાં માને છે. કોઈ મૂડીવાદમાં, બીજો કોઈ સમાજ-વાદમાં તો ત્રીજો વળી સામ્યવાદી વિચારો ધરાવે છે. જ્યારે આધ્યાત્મિક નીતિ એ જ ભારતની કરોડરજ્જુ છે."

ભારતીય જનતાના સંગઠકો કોઈ રાજા-મહારાજાઓ, સમ્રાટો, દિગ્વિજય કરનારાઓ કે વિલક્ષણ રાજનીતિજ્ઞો ન હતા. પરંતુ તપઃ સિધ્ધિ સર્વભૂત હિતષી અને સ્વાર્થરહિત ઋષિઓ જ ભારતીય, પરિવાર, સમાજ અને રાષ્ટ્રના સંગઠક રક્ષક અને નાયક હતા. સત્ય-દૃષ્ટા ઋષીઓની દોરવણી હેઠળ જ ક્ષત્રિય રાજાઓ રાજ્ય કરતા હતા. જયારે જયારે કોઈ રાજા સ્વેચ્છાચારી બનતો ત્યારે આ ઋષિમુનિઓ એને અંકુશમાં લઈને રાજ્યમાં શિસ્ત અને શાંતિ જાળવી શકતા. ગરીબ બ્રાહ્મણ ચાણકયના નિર્દેશથી સમ્રાટ ચંદ્રગુપ્ત રાજ્ય કરતા હતા. બૌધ-

ભિક્ષુ ઉપગુપ્તની દોરવણી નીચે સમ્રાટ અશોકે ધર્મરાજ્ય સ્થાપ્યું હતું. સમર્થગુરુ રામદાસના ઉપદેશથી પ્રેરણા મેળવીને, છત્રપતિ શિવાજીએ હિંદુત્વના પાયાપર કલ્યાણ રાજ્ય સ્થાપ્યું હતું. આચાર્ય સ્વામી પ્રણવાનંદની રાષ્ટ્ર ઘડતરની નીતિ આ પરંપરા ઉપર આધારિત હતી. તેઓશ્રી માનતા હતા કે જ્યાં સુધી કોઈપણ મતવાદ પાછળ આધ્યાત્મિક આદર્શ ન હોય ત્યાં સુધી એ સુખદ પરિણામ લાવી શકશે નહીં. વિશ્વમાં આજે ધર્મહીન રાજનીતિ, ધર્મહીન સમાજનીતિ, અને ધર્મહીન વિજ્ઞાને દુનિયાને હિંસા અને અશાંતિના રસ્તે દોરી છે. તેઓએ ફરીથી સ્પસ્ટ ભાષામાં કહ્યું હતું, "કોંગ્રેસ માગે છે રાજનીતિ અને અર્થનીતિના આધાર પર રાષ્ટ્ર ઘડતર, પણ હું માગું છું ધર્મના પાયા પર રાષ્ટ્ર ઘડતર. શ્રી કૃષ્ણ અને રામચંદ્રજીના રાજ્યના પાયામાં ધર્મ હતો. કોઈ-પણ રાષ્ટ્ર ઘડતર માટે આધ્યાત્મિક વિચારસરણી અનિવાર્ય પ્રેરક છે. નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોને વિસરી જઈને કોઈ પણ રાષ્ટ્રની પ્રજા સુરાષ્ટ્ર સ્થાપી શકે નહિં."

ઈ. સ. ૧૯૨૨ માં જ્યારે ભારતમાં અસહકારનું આંદોલન ચાલતું હતું ત્યારે પ્રજાએ સરકારનો અનેક રીતે બહિષ્કાર કર્યો. કામચલાઉ વ્યવસ્થા અનિવાર્ય બની હતી. દરરોજ કેટલાક લોકો આ આશ્રમમાં આવીને આચાર્યદેવની પ્રેરણા મેળવી જતા. તે સમયે આચાર્યદેવ કહેતા હતા. "મનુષ્યનું ઘડતર થયા વિના રાષ્ટ્ર ઘડતર સંભવી શકતું નથી. મનુષ્યોમાં મનુષ્યત્વ, સહિષ્ણુતા અને નીતિનાં ઊંચા મૂલ્યો નહીં હોય તો તેવો નમાલો અને કંગાલ વિચારો ધરાવતો મનુષ્યસમાજ આઝાદી ટકાવી શકતો નથી. ભારતની જાતિમાં આજે જે વ્યાધિ છે તે કેવળ ઉપરના દેહમાં જ નથી પણ મન બુદ્ધિ અને આત્મામાં છે. રોગનાં બાહ્ય ચિન્હો ધ્યાનમાં લઈને આપણે ઈલાજ કરીએ છીએ પણ મૂળ વ્યાધિને શોધતા નથી. આજના નેતાઓ ઔપચારિક વાતો કરે છે પરંતુ

રાષ્ટ્ર માગે છે જનની જેવી સેવિકા જે નિસ્વાર્થ ભાવથી રોગનું નિરાકરણ કરીને રોગ જડમૂળથી મટાડી શકે. આચાર્યદેવે મુઠ્ઠીભર યુવાનોનો સાથ મેળવીને જે આંદોલન ઉભું કર્યું હતું તે આંદોલન કોઈ તર્કબાજી, રાજનૈતિક સ્વાર્થ, કે કોઈના વિરુદ્ધમાં ઉભું કર્યું ન હતું પણ સાર્વજનિક સેવાર્થે ઊભું કરેલું એક મિશન હતું. આચાર્યદેવની આ સેવાદૃષ્ટિ ખૂબ જ અનન્ય અને વૈશિષ્ટ્યપૂર્ણ હતી તેઓએ આત્મા પરમાત્મા વિશેની મોટી મોટી વાતો, ધર્મનાં સૂક્ષ્મ સ્વરૂપો કે વેદ વેદાંતની વાણીને મહત્ત્વ આપવા કરતાં જન-સેવાના આદર્શને સામાજિક કાર્યો દ્વારા મૂર્ત કર્યા. તેમણે કહ્યું, "તમે બધા ધીર, સ્થિર અને અડગ બનીને બીજાના નીરસ પ્રાણમાં રસ સીંચવા માટે, બીજાના તપ્ત પ્રાણને સુશીતલ બનાવવા માટે બળ-વાન બનો. નિત્ય શુદ્ધ અને મુક્તભાવવાળા બનીને પતિતોનો ઊદ્ધાર કરો, દીન દુઃખીઓનું રક્ષણ કરો. નિરાધારોને આશ્રય આપો અને સંતપ્ત આત્માઓને સુખશાંતિ આપો. તમે સઘળા અનંત શક્તિ અને સામર્થ્યને ધારણ કરી પ્રબળ પરાક્રમ સહિત વીર વેશે કાર્ય-ક્ષેત્રમાં ખડા થઈ જાઓ. પતિત જનોને પાવન કરવા માટે તમારી સમગ્ર શક્તિ કામે લગાડો. આ દેશમાંથી આળસ. નિદ્રા, તંદ્રાને ખંખેરીને જાતિમાં એક પ્રચંડ કર્મશક્તિનું મોજું વહાવી દો." આચાર્યદેવે જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ વગેરે સઘળા યોગોને એક મહાન સેવારૂપી યોગમાં કેન્દ્રિત કરીને વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રના મહાકલ્યાણ અર્થે એક સાર્વજનિક માર્ગ બતાવ્યો છે.

સંઘનેતા આચાર્યદેવ આજન્મ શિવતેજ અને શિવભાવની મૂર્તિ સમાન હતા. નાનપણથીજ તેઓ ધ્યાનમગ્ન અને ઊર્ધ્વરેતા હતા. એમનું મન શાંત, સ્થિર અને વિષયવાસનારહિત હતું. એમનું મુખ ત્યાગ અને વૈરાગ્યથી પ્રોજ્જ્વલ હતું. પુનઃ તેઓ કરુણાવત્સલ, આર્તજનોના પરિત્રાતા અને ઉદ્ધારક હતા. તેઓ દુર્જનોના દંડ-

દાતા અને સજ્જનોના રક્ષક હતા. તેઓ આ બધા વિવિધ ભાવોની સમન્વયમૂર્તિ હતા. આચાર્યશ્રીના વ્યક્તિત્વમાં રાષ્ટ્રઘડતરનો એક દૃઢ સંકલ્પ ધીરે ધીરે વિકસિત થતો હતો, આ સંકલ્પનો મહા પ્રકાશ અને મહાશક્તિનું પ્રાગટ્ય તેઓશ્રીને જ્યારે થયું હતું ત્યારે તેઓ માત્ર વીસ વર્ષની ઊંમરના એક નવયુવાન હતા. માઘી પૂર્ણિમાની તિથિએ તેઓશ્રીનો જન્મ, એજ તિથિએ તેઓશ્રીની તપશ્ચર્યાની પૂર્ણ સિદ્ધિ અને એજ તિથિએ રાષ્ટ્રઘડતર અર્થે સંઘનું નિર્માણ. તેઓશ્રીએ કોઈ વ્યકિતગત ઈચ્છા કે કલ્પનાને વશ થઇને અથવા જનતા દ્વારા ચૂંટાયેલા કોઈ નેતાની પદવી ધારણ કરીને રાષ્ટ્ર ઘડતરનો પ્રારંભ કર્યો નહતો. તેઓશ્રી તો વિશ્વ વિધાતાના પ્રતિનિધિ હતા અને તેઓએ વિધાતા નિર્દિષ્ટ જાતિસંગઠનમૂલક કર્મયોજનાની સ્થાપના કરી છે. આ યોજના કોઈ વિદેશી રાજનીતિ, અર્થનીતિ, કે સમાજનીતિ ઉપર આધારિત નથી, પરંતુ ભારતના સનાતન આધ્યાત્મિક આદર્શ અને સાધના સંસ્કૃતિના પાયા પર રાષ્ટ્રઘડતરની વાણી સંભળાવી છે, "ભારત, ભૂલીશ મા કે તું ઋષિઓનો વંશજ છે. તારું વ્યક્તિગત, પારિવારિક સામાજિક તથા રાષ્ટ્રીય જીવન ઋષિઓના હાથે જ ઘડાએલું છે. તારા જીવનનું પ્રત્યેક કર્તવ્ય ઋષિઓએ જ નિર્દેશ્યું છે. ત્યાગ, સંયમ, સત્ય અને બ્રહ્મચર્ય એ જ તારા વ્યકિતગત જીવનનો મૂળમંત્ર છે. આ આદર્શ અને મંત્રને પ્રાણપણે પકડી રાખજે, કોઈક વાર કદાચ તારું પતન થાય તો પણ તારો વિનાશ તો નથી જ થવાનો, પુનરુત્થાન અવશ્ય થવાનું છે."

પૌર્વાત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિના મિશ્રણથી ઉદ્ભવેલી એક કલ્પિત મિશ્ર સંસ્કૃતિના પાયાપર ભારતના નવનિર્માણમાં તેઓ માનતા ન હતા. પશ્ચિમનું વિજ્ઞાન, શિલ્પ, ઊદ્યોગ અને યંત્રવિદ્યા તથા વ્યવહારિક જીવનમાં નાગરિકત્વના ખ્યાલો આપણે અપનાવવા જોઈએ.

પણ ભારતીય આધ્યાત્મિક વિદ્યાને ભોગે નહીં, આ મતવાદના તેઓશ્રી હિમાયતી હતા.

જાતિઘડતર અને રાષ્ટ્રઘડતરના ક્ષેત્ર તેઓશ્રીએ એક સૂચક નિર્દેશ કર્યો છે કે ભારતમાં ભિન્ન ભિન્ન ધર્માવલંબી સંપ્રદાયોનું અસ્તિત્વ હોવાથી તે બધાનું મિલન જરૂરી છે પણ તે કદાપિ ખુશામત કે ખુશ કરવાના માર્ગ વડે સંભવિત બની શકે નહિ. જ્યાં સુધી ભિન્ન ભિન્ન શ્રેણીઓના હિંદુઓમાં એકતા ન આવે ત્યાં સુધી હિંદુઓ સાથે બીજા સંપ્રદાયોનું મિલન થઈ શકે એમ નથી. બીજા સંપ્રદાયો ધર્મના પાયા પર સુસંગઠિત અને શક્તિ શાળી છે, જ્યારે હિંદુ સંપ્રદાય જાતજાતના ભેદ વિભેદથી છિન્ન વિચ્છિન્ન અને આત્મરક્ષા માટે અસમર્થ છે. મિત્રતા હંમેશાં બે સબળ વ્યક્તિઓ વચ્ચે જ સંભવી શકે. સબળ અને દુર્બળની મિત્રતા હોઈ શકે નહિ. સિંહની ઘેટાં સાથે મિત્રતા થઈ શકતી નથી, પરંતુ એ ઘેટું જ્યારે સિંહ બને ત્યારે બંને શાંતીથી રહી શકે છે.

'હિંદુ' શબ્દ સિંધુ નદી પરથી આવ્યો છે. સિન્ધુને કિનારે આવીને વસનારા આર્યો હિંદુઓ હતા. સાંપ્રદાયિકતાના આશયથી આપણે હિંદુને હિંદુ કહેતા નથી. હિંદુસંસ્કૃતિનો ઉદ્દેશ્ય વિશ્વ-કલ્યાણ છે. હિંદુ વેદમંત્રની પ્રાર્થના—સર્વેષાં મંગલં ભૂયાત્ સર્વે સંતુ નિરામયાઃ, અર્થાત્ વિશ્વના તમામ લોકોનું કલ્યાણ થાઓ અને તમામ લોકો નિરોગી રહે એ છે. હિંદુધર્મના દરેક પ્રાર્થના મંત્રો કોઈ એક જાતિ માટે નથી. સમગ્ર માનવ જાતિનાં કલ્યાણ માટે તે મંત્રો છે.

ભક્તિની સાથે સાથે શક્તિની સાધના અનિવાર્ય છે. બલહીન અને કાયર મનુષ્યો કાંઈ જ કરી શકતા નથી. સ્વધર્મ સ્વદેશ અને

સ્વજાતિનું રક્ષણ સબળ વ્યક્તિઓ જ કરી શકે છે. નિર્બળતા એ મહાપાપ છે. વીરત્વ એ મહાપુણ્ય છે. અન્યાય અને અનાચાર સહન કરવા એમાં નિર્બળતા છે. એ સામે લડી લેવું જોઈએ. એમાં જ સાચો ધર્મ છે. વ્યક્તિએ પોતાની અસ્મિતા જાળવવી જોઇએ.

ઉપરના આદર્શોને સાકાર બનાવવા માટે તેઓશ્રી એ ગામડે ગામડે અને શહેરે શહેરે હિંદુમિલન મંદિરો અને રક્ષકદળોની સ્થાપના કરી. મિલન મંદિરોની પ્રવૃતિ દ્વારા સાચો ધર્મ અને યુગ-ધર્મ સ્પષ્ટ કરવામાં આવ્યો. તેઓશ્રી માત્ર મહાન આદર્શના સ્વપ્નદ્રષ્ટા ન હતા પરંતુ એક સાચા વાસ્તવવાદી અને મહાયોગી હતા.

દેશની તરુણ પેઢીના ઉત્થાન અને ઉત્કર્ષ માટે તેઓશ્રીએ ભગીરથ પુરુષાર્થ કર્યો છે. ભારતનું ઉજજવળ ભાવિ જોવા માટે તેઓ પ્રત્યેક પળે આતુર હતા. દેશની નવજાગૃતિમાં તેઓશ્રીને સંપૂર્ણ વિશ્વાસ હતો. તેઓ કહેતા. "ભારત હાલ જે સંક્રાંતિ કાળમાંથી પસાર થઈ રહ્યો છે તે સ્થિતિ દીર્ઘકાળ સુધી રહેવાની નથી. એ ફરીથી ઉન્નત માર્ગે આગેકૂચ કરશે અને હાલમાં ગુમાવેલું એનું જગદ્‌ગુરુનું ગૌરવવંતુ સ્થાન ફરીથી લેશે." ભારતને સંબોધીને તેઓશ્રીએ કહ્યું છે, "ભારત! તું બ્રહ્મનિષ્ઠ બ્રહ્મવિદ્‌ ઋષિની અલૌકિક તપ–શક્તિના અપૂર્વ મહિમાનો જીવતો જાગતો મૂર્તિમંત આદર્શ છે. આજે વિશ્વ સંસારમાંથી તારે માટે પડકાર આવ્યો છે. વિશ્વના કલ્યાણ માટે આજે તારે તારા આર્ય હૃદયના લોહીના સિંચનથી પરિપુષ્ટ બનેલાં વૈદિક આદર્શરૂપી બીજને વિશ્વરૂપ વિરાટ ક્ષેત્રમાં વાવવાં જોઈએ. સમગ્ર જગત શાંતિ અને સાંત્વનાની આશાથી તારા તરફ મીટ માંડી રહ્યું છે. તું એનો અનુભવ કર!"

પ્રકરણ વીસમું

મહાપ્રયાણ

આચાર્યદેવનું વ્યક્તિત્વ વિરાટ હતું. તેમનું વ્યક્તિત્વ તેજસ્વી સૂર્ય કિરણો જેવું હતું. સમાજના ભિન્ન ભિન્ન સ્તરના લોકો ઉપર તેમના વ્યક્તિત્વની ઘણી વ્યાપક અસર હતી. જેઓ તેમના પરિચયમાં આવતા, તેઓ અંજાઈ જતા અને તેમની અસર નીચે આવી જતા. તેઓ ભારે ઉત્સાહી પણ હતા. ચોમાસામાં પૂરને લીધે ગાંડીતૂર બનેલી નદીઓનાં નીરની જેમ છેલ્લા દિવસોમાં તેઓ દિવસ રાત આહાર, નિદ્રા, વિશ્રામ વગેરે તરફ ઉપેક્ષા સેવતા જ રહ્યા. રાત્રે બે કલાક જેટલા ટૂંકા સમય માટે જ તેમના શયનખંડનાં બારણાં બંધ રહેતાં અને આટલો ટૂંકો સમય પણ તેઓ ધારેલા ચિંતનમાં જ ગાળતા હતા.

મળસ્કે ત્રણ વાગે ઊઠીને એક બે સેવકોને સાથે લઈને સમાજોત્થાનના કાર્ય માટે તેઓ નીકળી પડતા, જુદાં જુદાં સ્થળોની મુલાકાત લેતા અને સંઘની પ્રવૃત્તિઓને નિહાળતા. તેમની જરૂરિયાતો પણ ઘણી ઓછી હતી. પાણી માટે એકાદ કૂજો અને એક નાની થાળી એ તેમની મૂડી હતી. રસ્તે ચાલતાં ચાલતાં જ ચણા મમરા ખાઈ લેતા. સઘળાં કાર્યો આટોપી લીધા પછી મોડી રાત્રે તેઓ

આશ્રમમાં પાછા ફરતા. જીવનમાં છેલ્લાં બે વર્ષ તેમણે આ રીતે ભારે કામમાં વિતાવ્યાં. સંઘના સઘળા સંન્યાસીઓ અને બ્રહ્મચારીઓને તેઓ સતત કામમાં પરોવાયેલા રાખતા અને દરેક કાર્યની દેખરેખ પોતે જ રાખતા. કોઈ કોઈ વાર જ્યારે સંન્યાસીઓ તેમને જમવા બોલાવતા ત્યારે ઉદ્વેગપૂર્ણ અવાજે તેઓ બોલી ઉઠતા, "મારી શા માટે ચિંતા કરો છો? મારે ખાવા માટે કંઈજ ન જોઈએ. એક મુઠ્ઠી ચણા મમરા મારા માટે બસ છે. લાંબા સમયથી હું ભાત અને પાણી લેતો આવ્યો છું." જ્યારે કોઈ સેવક જમવા માટે આગ્રહ કરતો ત્યારે તેઓ તે સેવકને સંભળાવી દેતા "મારી ચિંતા કરવા કરતાં તમારે સતત કાર્ય કરવું જોઇએ. તમે મને ખવડાવીને ખુશ કરવા માગો છો તે બરાબર નથી. મારી ખુશી તો તમને સોંપેલાં કાર્યોમાં તમે કેટલો ઉત્સાહ બતાવો છો તે ઉપર છે. મને ખવડાવીને ખુશ કરવાથી સંઘના કાર્યો થવાનાં નથી. તમારે તમારું મૂળ નિશાન નજરસમક્ષ રાખવું જોઈએ." વહેલી સવારે નિદ્રાધીન થયેલા સેવકોને હાકલ કરતાં તેઓ કહેતા, "ઊઠો જાગૃત થાઓ. આળસ, નિદ્રા, તંદ્રા ખંખેરી નાખો. તમે તો યુદ્ધભૂમિ ઉપર લડનારા સૈનિકો છો. વિશ્રામની ચિંતા તમારા જીવનમાં ન જ હોવી જોઇએ."

સમાજ અને સંઘ સંગઠનના કાર્યમાં તેઓએ પોતાનું શેષ જીવન ખર્ચી નાખ્યું છે. જીવનનાં છેલ્લાં બે ત્રણ વર્ષો દરમ્યાન તેઓશ્રી પૂર્વબંગાળના ચટ્ટગ્રામ જિલ્લાના એક છેડાથી માંડીને હરદ્વારના બીજા છેડા સુધી વિભિન્ન કાર્યો માટે પુનઃ પુનઃ પરિભ્રમણ કરતા જ રહ્યા. તે સમયે યાત્રીઓને પડતી હાલાકી દૂર કરવાના આશયથી જગન્નાથપુરી, કાશી ગયા અને પ્રયાગ સેવાશ્રમોના યાત્રી નિવાસોનું બાંધકામ ચાલતું હતું. તે અરસામાં બંગાળ, બિહાર, ઓરિસા અને મધ્ય પ્રદેશનાં વિભિન્ન સ્થળોએ હિંદુ ધર્મ સંમેલનોનું આયોજન પણ થતું હતું. આ ઉપરાંત ભારતનાં જુદાં જુદાં સ્થળો-

એ આવી પડેલી કુદરતી આફતો વખતે સ્વયંસેવકોની ટુકડીઓ લઈને રાહતકાર્ય માટે નીકળવું પડતું હતું. આચાર્યદેવ આ ભિન્ન ભિન્ન કાર્યોનું સંચાલન ખૂબ જ અસરકારક રીતે કરતા હતા. વચ્ચે વચ્ચે સમય કાઢીને તેઓ દેશનેતાઓને આમંત્રણ આપીને તેમની સાથે જાતિ અને સમાજ ઘડતરના વિષયો ઉપર ચર્ચા કરતા અને જરૂર જણાય ત્યાં સલાહ પણ આપતા. સઘળાં કાર્યો એક સાથે શરૂ થયાં હોવાથી, આ સમયે હંમેશાં નાણાંભીડ રહેતી અને હાથ ધરેલું કાર્ય કોઈ કોઈ વાર સ્થગિત થઈ જતું અથવા ધીમી ગતિએ ચાલતું. આ સમયે તેઓ ક્ષુબ્ધ સ્વરે કહેતા, "ક્રાન્તિદળના સૈનિકો શા માટે લૂંટફાટ કરે છે તે હું જાણું છું. દેશસેવાનાં કાર્યો માટે જેઓએ પોતાના લોહીનું ટીંપેટીંપું ખર્ચ્યું છે એમને મદદ માટે મૂડીવાદી લોકો નાણાં કાઢતાં નથી માટે. હું સમાજસંગઠનના કાર્ય માટે હજારો સેવકો માગું છું. તેઓનો નિભાવ ખર્ચ ક્યાંથી આવશે? શ્રીમંતો આ વાત કાને ધરતા નથી. મઠધારી મહંતો પુષ્કળ ધન સાચવીને બેઠા છે. આ સંજોગોમાં સમાજ સંગઠનનું કાર્ય આગળ ધપાવવું ઘણું મુશ્કેલ છે. મને થાય છે કે કલકત્તામાં આવેલી સંઘની જમીન વેચી દઈને તે નાણાં સમાજ સંગઠનના કાર્યમાં ખર્ચી નાખું." સંઘને જ્યારે અત્યંત નાણાં ભીડ સહન કરવી પડતી ત્યારે કોઈ કોઈ વાર સંન્યાસીઓ અકળાઈ ઉઠતા અને આચાર્યદેવને કહેતા, "આપ તો યોગી પુરુષ છો. જો આપ ધારો તો આપની યોગશક્તિથી ઘણાં નાણાં એકઠાં કરી શકો." આનો પ્રત્યુત્તર કેટલીક વાર તેઓ ઉત્તેજીત થઈને આપતા, "યોગશક્તિ અથવા આધ્યાત્મિક શક્તિના પ્રભાવથી પૈસા એકઠા કરવા તે તો વેશ્યાવૃત્તિથી પૈસા કમાવા જેવી વાત છે જે આધ્યાત્મિક શક્તિ સમગ્ર દેશમાં અને જાતિમાં ધર્મભાવ અને આધ્યાત્મિક આદર્શના પ્રચાર માટે છે તેને હું પૈસા કમાવાના તુચ્છ કાર્યમાં ખર્ચી નાખું? આજ સુધી કોઈ આચાર્યે આવું કર્યું નથી અને કરશે પણ નહીં."

છેલ્લા બે વર્ષના ગાળામાં તેઓશ્રી અનેક બીમારીઓના ભોગ થઈ પડયા. શરૂઆતમાં ડાયાબીટીસમાં સપડાઇ જવાથી તેઓશ્રીનું શરીર જીર્ણ થઈ ગયું. સવાર સાંજ દાકતરોની મુલાકાતો વધી ગઈ. ઇન્સુલીન અને ગ્લુકોઝનાં ઈન્જેકશનો વડે સારવાર કરવામાં આવી. આ સમયે પણ તેઓ આરામ કરતા નહીં. દાકતરો જ્યારે આરામ કરવાની સલાહ આપતા ત્યારે તેઓ મૌન ધારણ કરતા. જીર્ણ શરીર અને સતત પરિશ્રમના કારણે તેમને બેરીબેરીનો રોગ લાગુ પડયો. આ રોગ બે વર્ષ રહ્યો. પગના ભાગો ઉપર સોજા આવી ગયા. સોજા આવવાથી ચાલવું અશકય થઈ પડયું. દાક્તરોને બોલાવ્યા. તેઓએ તેમને તપાસ્યા અને કહ્યું. "આચાર્યદેવે પોતે જ પોતાની જીવન-લીલા સંકેલી લેવા પ્રયાસ કર્યો છે." તેઓએ તેમને આરામ કરવાની સલાહ આપી અને કલકત્તા જઈને રોગનો ઈલાજ કરવા જણાવ્યું. દાક્તરોના ગયા પછી આચાર્યદેવે સંન્યાસીઓને બોલાવ્યા અને કહ્યું. "મને રોગની ચિકિત્સા માટે કયાં ફુરસદ છે?" દરરોજ નિયમિત તાવ આવતો હોવા છતાં, તેઓશ્રીએ બંગાળના વિભિન્ન ભાગોમા ફરીને હિંદુ મિલન મંદિરો અને ગ્રામ રક્ષક દળોની પ્રવૃત્તિ શરૂ કરવા ઝુંબેશ ઉપાડી. સમય જતાં બેરીબેરીનો રોગ મટયો. પણ આંખની દષ્ટિ ધીમે ધીમે નબળી પડવા લાગી અને બંને પગો ઉપર ઢીંચણ સુધી લકવાની અસર થઈ ગઈ. સંઘના સંન્યાસીઓ અને સેવકો ચિંતાતુર બની ગયા અને દાકતરોની સલાહ લેવા દોડાદોડી કરવા લાગ્યા. તેઓએ તેમને ચિકિત્સા કરાવવા આજીજી કરી ત્યારે આચાર્યદેવે કહ્યું, "મારા પગ રહે કે ન રહે, મારી આંખે દેખાય કે ન દેખાય, પરંતુ ચિકિત્સાઓ માટે મને સમય નથી." આચાર્યદેવ અવિરત કાર્યમાં પરોવાયેલા રહેતા હોવાથી સામાન્ય જનતાને તેમના આ દુઃખનો ખ્યાલ આવ્યો ન હતો. તેઓશ્રી વિવિધ સાધન-સામગ્રી લઈને પોતાની પ્રચારમંડળી સાથે સમાજ સંગઠનના કાર્ય માટે ઉપડી જતા.

ઈ. સ. ૧૯૪૦નો ઓગષ્ટ માસ હતો. દર વર્ષે જનમાષ્ટમી ઉત્સવ સમયે આચાર્યદેવ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરતા. આ વર્ષે પણ કલકત્તા બાલીગંજ આશ્રમમાં વિરાટ હિંદુ સંમેલન યોજવાનું આયોજન કર્યું. આ સંમેલનના ઉદ્ઘાટક તરીકે શ્રી મન્મથનાથ મુકરજી અને પ્રમુખ તરીકે શ્રી શ્યામપ્રસાદ મુકરજીના નામો નક્કી થયાં. આ સમય દરમિયાન આચાર્યદેવને રાષ્ટ્ર ઉપર કોઈ અણધારી આપત્તિ આવી પડવાનો ભાસ થતો હતો. આ કારણે તેઓ ઘણીવાર વ્યાકુળ જણાતા. એ વ્યાકુળતાનું કારણ ભવિષ્યમાં બંગાળ ઉપર આવી પડનારી તેના વિભાજનની આફતને લગતુ હતું. તેઓને થયેલા આ દર્શનથી તેઓ શ્યામપ્રસાદ મુકરજીને વાકેફ કરવા ઈચ્છતા હતા. તેઓએ તેમને આશ્રમમાં બોલાવ્યા. શ્યામપ્રસાદ તે સમયે ઘણા કાર્યમાં રોકાયેલા હોવાથી તેમણે સંદેશો મોકલાવ્યો. "હું હમણાં આચાર્યદેવના દર્શન કરવા આવી શકતો નથી. જનમાષ્ટમીના સંમેલન સમયે તે લાભ હું જરૂર મેળવીશ."

જનમાષ્ટમીનો દિવસ આવ્યો. હિંદુ ધર્મ સંમેલનની તૈયારીઓ થઈ ગઈ. સાંજના પાંચ વાગે મોટો માનવ સમુદાય સંમેલનના સ્થળ તરફ ઉમટ્યો. શ્રી શ્યામપ્રસાદ મુકરજી પણ આવી ગયા. આચાર્યદેવે સભામંડપના પ્રવેશદ્વાર પાસે આવીને તેમને આવકાર્યા. રાજકીય નેતાએ અને અત્યંત લોકચાહના પામી ચૂકેલા સંઘનેતાએ સભાના મંચ ઉપર પોતપોતાના આસન લીધાં. લોકોએ તાળીઓના ગડગડાટથી તેઓને વધાવી લીધા. સભા મંડપ ગાજી ઊઠ્યો. આચાર્યદેવે પોતાના ગળામાં રહેલો પુષ્પહાર પ્રમુખશ્રી શ્યામપ્રસાદબાબુને પહેરાવી દીધો અને કહ્યું. "રાષ્ટ્ર ઘડતરના કાર્ય માટે આ એક વ્યક્તિને સ્થાપિત કરીને હું જાઉં છું." સંમેલન પૂરું થયું, પાંચ લાખ સૈનિકો ધરાવતું રક્ષકદળ શરૂ કરવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. સંન્યાસી અને સેવકોએ ઠેર ઠેર રક્ષકદળો સ્થાપવાની શરૂઆત કરી દીધી. જોત જોતામાં મોટી સંખ્યા ધરાવતા અનેક રક્ષકદળો સ્થપાઈ

ગયા. શ્યામપ્રસાદ આ કામગીરીથી ઘણા પ્રભાવિત થયા. તેઓએ પોતાના ઉત્તરકાળમાં જણાવ્યું હતું કે દેશ માટે અને હિંદુ જાતિના ઉત્થાન માટે મેં જે કંઈ કર્યું છે તે આચાર્યદેવની પ્રેરણાના આધારે જ કરી શક્યો છું. દર વર્ષની જેમ તે વર્ષે પણ કાશી ધામમાં નવરાત્રિ નિમિત્તે શ્રી દુર્ગામાતાની પૂજા, હિંદુ ધર્મ સંમેલન અને રક્ષકદળના આત્મરક્ષામૂલક ક્રીડા–કૌશલ પ્રયોગો બતાવવામાં આવ્યા. આ વખતે પણ એ શ્યામપ્રસાદ મુકરજી સંમેલનમાં હાજર રહ્યા અને આચાર્યદેવ સાથે તેઓએ મહત્ત્વની ચર્ચા કરી.

આચાર્યદેવ હવે પોતાની કર્મલીલા સંકેલી લેવા ઈચ્છતા હતા. સામાન્યરીતે તેઓ મંદિરે જતા નહિ. પરંતુ આ વખતે કાશી વિશ્વનાથના દર્શને જવાનો સંકલ્પ જાહેર કર્યો. સંઘસંન્યાસીઓને જ્યારે આ સંકલ્પનો ખ્યાલ આવ્યો ત્યારે તેઓ આશ્ચર્યચકિત બની ગયા. જે આચાર્ય વિશ્વનિયંતા પરમેશ્વરરૂપે સિંહાસનમાં બેસીને છેલ્લા વીસ વર્ષથી પોતે જ પુજા આરતી સ્વીકારતા આવ્યા હતા તેઓ આજે કાશી વિશ્વનાથના મંદિરે જતા હતા. સંઘસંન્યાસીઓએ બધી તૈયારીઓ કરી. રસ્તો ભગવા વસ્ત્રોથી આચ્છાદિત કરી, તે ઉપર પુષ્પો વેરવામાં આવ્યા. સશસ્ત્ર રક્ષકદળો રસ્તાની બંને બાજુએ ગોઠવાયા. સેંકડો સંન્યાસીઓ, બ્રહ્મચારીઓ, સેવકો અને ભક્તો ધૂપ, દીપ, ત્રિશૂળ, ચામરો અને છત્રી લઈને ઠેકાણે ઠેકાણે ઊભા રહ્યા. ધીમી ગતિએ આચાર્યદેવ વિશ્વનાથના મંદિરે જવા ઉપડયા. જાણે સ્વયં વિશ્વનાથ પોતે જ પોતાના મંદિરમાં જઇ રહ્યા ન હોય! મંદિરમાં જઈને શિવલિંગની ચારે બાજુએ ફર્યા અને પોતાની કર્મ-લીલા સંકેલી લેવાનો મનમાં સંકલ્પ કર્યો.

કાશી વિશ્વનાથના દર્શન કરી કલકત્તા પાછા ફર્યા પછી તેઓએ ક્ષેત્રસંન્યાસ લીધો. તેમની વાણીમાં અદ્દભુત પરિવર્તન જણાતુ હતું. તેઓ હંમેશા મૌન અને ઉદાસીન રહેવા લાગ્યા. એક સમયે જેઓશ્રીના

આદેશ અને નિર્દેશ વિના એક તણખલું પણ કોઈ ઉઠાવતુ નહીં, તેજ વ્યક્તિને સલાહ અને માર્ગદર્શન માટે જ્યારે પૂછવમાં આવતું ત્યારે તેઓશ્રી કાંતો શાંત બેસી રહેતા અથવા કહેતા, "તમને ઠીક લાગે તેમ કરો." જેમણે પોતાનું સમગ્ર જીવન સેંકડો સન્યાસીઓ અને બ્રહ્મચારીઓ સાથે એક પ્રચંડ વાવાઝોડાની ગતિથી કાર્ય કરતાં કરતાં વિતાવ્યું હતું. તેઓ એક સામાન્ય શ્રોતા બની ગયા. સઘળી જવાબદારીઓ તેમણે સંઘસંતાનોના માથે નાખી દીધી. તેમનો આશય સંઘસંતાનોને તૈયાર કરવાનો હતો. સંન્યાસીઓએ ગુરુનો આદેશ માનીને એ જવાબદારીઓ ઉત્સાહપૂર્વક ઉપાડી લીધી અને દરેક કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કર્યું. ધીમે ધીમે તેમનામાં આત્મવિશ્વાસ પ્રગટ થવા માંડ્યો. એક સંન્યાસીએ તો એકવાર આચાર્યદેવને કહી પણ દીધું, "હવે અમે મોટા થયા છીએ. ક્યાં સુધી પૂછી પૂછીને કાર્ય કરીશું ?" આચાર્યદેવ ત્યારે અત્યંત ખુશ થયા.

જગદ્ગુરુ શંકરાચાર્યના જીવનમાં પણ આવું જ બન્યું હતું. શંકરાચાર્ય જ્યારે મૃત્યુશય્યા ઉપર હતા ત્યારે શિષ્યોએ ગુરુદેવને જણાવ્યું, "હે પ્રભો, આપ તો શિવના અવતાર છો આપનું મૃત્યુ તો ઇચ્છાધીન છે. અમે હજુ નાના છીએ. અમને હજુ ધર્મજ્ઞાન થયું નથી. આટલી અલ્પ ઉંમરે આપ દેહત્યાગ કરશો તો આપનું કાર્ય કઈ રીતે આગળ ધપાવી શકીશું ? આપ અમને રસ્તો બતાવો. શિષ્યોએ આતુરભાવે કરેલી વિનંતિથી વ્યથિત થઈને શ્રી શંકરાચાર્યે કહ્યું, "ડરશો મા. હું તમારો ગુરુ છું. જ્યાં સુધી તમને ધર્મજ્ઞાન અને ધર્મકાર્યનો અનુભવ નહીં થાય ત્યાં સુધી હું દેહત્યાગ કરીશ નહીં. મને જ્યારે લાગશે કે તમે તમારા કાર્યમાં પારંગત થયા છો ત્યારે જ હું દેહ ત્યજીશ." તેમના આ વાક્યથી શિષ્યોને આશ્વાસન મળ્યું, તેઓએ ગુરુની દેખરેખ નીચે અવનવા અનુભવો મેળવ્યા અને કહ્યું, "હવે અમે પૂર્ણ થયા છીએ. અમને કોઈ દુઃખ નથી." આ સાંભળીને જગદ્ગુરુ ચિરસમાધિમાં લીન થઈ ગયા.

કાશીધામથી પાછા ફર્યા બાદ એક દિવસ આચાર્યદેવે સંઘસંન્યાસીઓને કહ્યું, "સંઘની કામગીરીને લગતો કોઈ કાર્યક્રમ તમારા મનમાં હોય તો મને કહો અને સઘળી કામગીરી જલ્દી પૂરી કરી નાંખો."

ઈ. સ. ૧૯૩૯ ના અરસામાં આચાર્યદેવ પૂર્વ અને ઉત્તર બંગાળનાં કેટલાક જિલ્લાઓમાં સમાજ-સંગઠનના કાર્ય માટે ફર્યા હતા. દરેક સ્થળે મોટાં મોટાં સંમેલનો યોજાયાં હતાં. પરંતુ ઉત્તર બંગાળના જલપાઈગુરી, દિનાજપુર, રાજશાહી અને પાવના જિલ્લાઓનાં કેટલાક શહેરોમાં પ્રચારકાર્ય થઈ શક્યું ન હતું.

સંઘ-સંન્યાસીઓએ તા. ૧ ડીસેમ્બરથી ૧૫ ડીસેમ્બર (૧૯૪૦) સુધી પંદરેક દિવસનો ઉત્તર બંગાળનો કાર્યક્રમ નક્કી કરીને આચાર્યદેવને જણાવ્યું. આચાર્યદેવે તે કાર્યક્રમ જોઈને કહ્યું, "આજ કાલ મારી તબિયત સારી નથી લાગતી. હું એકવાર બાજીતપુર જવા ઇચ્છું છું. ત્યાં બેચાર દિવસ રહેવાથી કદાચ તબિયત સુધરી જશે. હું ટૂંક સમયમાં જ કલકત્તા પાછો આવી જઈશ. તમે આપણા કાર્યક્રમના ખર્ચ માટે બને તેટલો ફંડફાળો એકઠો કરી રાખજો."

બીજે દિવસે બે ચાર સંન્યાસીઓ અને સેવકોને લઈને આચાર્યદેવ બાજીતપુર જવા રવાના થઈ ગયા. બાકીના તમામ સંન્યાસીઓએ કલકત્તા આશ્રમમાં રહીને કામગીરી શરૂ કરી દીધી. આચાર્યદેવે એકાએક બાજીતપુર જવાની ઈચ્છા કરી તેનું રહસ્ય પાછળથી બધાને સમજાયું હતું. તેઓશ્રી પોતાની જન્મભૂમિ, તપોભૂમિ, સિદ્ધભૂમિ અને પ્રણવમઠનું છેલ્લીવાર દર્શન કરવા ગયા હતા. ત્યાં સિદ્ધપીઠના આસન ઉપર બેસીને છેલ્લીવાર લોકોની પૂજા, આરતી સ્વીકારવા અને આશીર્વાદ આપવા ગયા હતા. તેમના મહાપ્રયાણ પછી તેમનું સ્થૂળ શરીર સમાધિરૂપે ક્યાં રાખવું તે પણ તેમણે નક્કી કર્યું. તેઓએ પહેલેથી જ કહ્યું હતું કે મારું શરીર બાજીતપુર સિદ્ધપીઠના મંદિરમાં મૂકી રાખજો અને તેના ઉપર આરસની વેદી બનાવજો.

બાજીતપુરથી કલકત્તા પાછા ફરતાં રસ્તામાં કેટલાક સૂચિત પ્રસંગો બની ગયા. જે રસ્તે થઈને નૌકામાં બેસવા જવાના હતા તે એટલો બધો ગંદો થઈ ગયો હતો કે તેઓ તે રસ્તેથી ન જઈ શકયાં અને લાંબો માર્ગ લેવો પડયો. આ સમયે સાથેના સંન્યાસીઓને તેઓએ કહ્યું. "કાંઇ વાંધો નથી. આ તો છેલ્લી જ વાર છે ને ?" રસ્તા વચ્ચે આવતી કુમાર નદી પણ સૂકાઈ ગઈ હતી. પાણી ઘણું ઓછું હોવાથી અને વચ્ચે વચ્ચે રેતી ભરાઈ ગઇ હોવાથી નાવિકો પોતાની નૌકાઓને ખેંચી ખેંચીને પાણીમાં લઈ જતા હતા. આ જોઈને આચાર્યદેવે જણાવ્યું, "નદી પણ સૂકાઈ ગઈ છે. હવે આ તરફ ફરીથી આવવાની મારા માટે શકયતા નથી"

તારીખ ૧૩ ડીસેમ્બરના રોજ તેઓશ્રી બાજીતપુરથી કલકત્તા પાછા ફર્યા. જયારે તેઓ આશ્રમમાં આવ્યા ત્યારે તેઓ અસ્વસ્થ હતા. બધાએ જોયું કે આચાર્યદેવ તબિયત સુધારવા બાજીતપુર ગયા હતાં છતાં તબિયત વધારે બગડી હતી. આશ્રમનાં સંન્યાસીઓને તેઓએ કહ્યું, "બાજીતપુર જતાં આવતાં ખૂબ મુશ્કેલી પડે છે. હવે ત્યાં જવાની મારી ઈચ્છા નથી." તે દિવસ તેઓએ વિવિધ કાર્યો પાછળ ગાળ્યો. સાંજની આરતી પૂરી થયા પછી તેઓએ વિશ્રામ મંદિરમાં સંઘ સંન્યાસીઓને કહ્યું, "એક કેલેન્ડર લઈ આવો અને પ્રવાસ કાયંક્રમ નક્કી કરો." હાજર રહેલા સંન્યાસીઓ આચાર્યદેવની તબિયત વિશે ચિંતાતુર હતા. તેઓએ તેમને હવે પ્રવાસ કાર્યક્રમનાં ન જોડાવા વિનંતી કરી, પરંતુ તેઓશ્રીએ કોઈની વિનંતિ ધ્યાનમાં ન લીધી. ધીરે ધીરે સંઘની કામગીરીમાંથી સંન્યાસ લેવાનો વિચાર કર્યો હોવા છતાં ઈલેકટ્રીક મશીન જેમ સ્વીચ બંધ કર્યા પછી પણ કેટલીક ક્ષણો સુધી ફર્યા કરે છે તેવી રીતે ફરીથી નક્કી કરવામાં આવેલી આ કામગીરી હતી.

તા. ૧૫ ડીસેમ્બરના રોજ ઉત્તર બંગાળના પ્રવાસ કાર્યક્રમની તારીખ નક્કી કરવામાં આવી. તારીખ ૧૪મીએ આશ્રમના સંન્યાસી

ઓ શિયાલદહ સ્ટેશને ટિકિટ રીઝર્વ કરાવવા ગયા. ટિકિટ રીઝર્વ કરનાર પરિચિત અધિકારી ન મળ્યા. આ સમયે વિશ્વયુદ્ધ ચાલતું હોવાથી ટિકિટ રીઝર્વેશન માટે લાંબી કતારોમાં સેંકડો માણસો ઊભા રહેતા ગાડીઓમાં પણ ખૂબ જ અવ્યવસ્થા જોવા મળતી. પ્રવાસીઓને એ વખતે ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડતી હતી. સંન્યાસીઓ ભગ્ન હૃદયે આશ્રમમાં પાછા ફર્યા.

ઘણીવાર ધારેલા કાર્યમાં વિઘ્નો અને અપશુકનો દેખાવા લાગ્યાં. બીજે દિવસે ટિકિટ રીઝર્વેશન કરાવીને આચાર્યદેવ પોતાની પ્રચાર મંડળી સાથે ઉત્તર બંગાળના પ્રવાસે રવાના થયા. આશ્રમમાંથી નીકળીને તેઓશ્રી ટેક્સીમાં બેસતા હતા ત્યારે પીવાના પાણીનો કૂંજો અચાનક નીચે પડી ગયો અને તૂટી ગયો. પાણી રસ્તા ઉપર ઢોળાઈ ગયું. આ પણ એક અશુભ પ્રસંગ હતો. અસ્વસ્થ શરીરે તેઓશ્રી ગાડીમાં બેઠા. ડિસેમ્બર માસ હોવાથી કડકડતી ઠંડી પડતી હતી. તેઓશ્રી ગાડીમાં સૂઈ ગયા. બારીઓ ખુલ્લી રહી ગઈ. જલપાઈગુરી પહોંચ્યા ત્યારે તેઓશ્રીને ઘણો જ તાવ ચઢચો હતો. જાણે કંઈ જ ન બન્યું હોય તે રીતે તેઓએ ટેક્સીમાં ટટ્ટાર બેસીને આખા શહેરની નગરયાત્રા પૂરી કરી. શહેરના અબાલ-વૃદ્ધ સઘળા માણસો તેમના દર્શન માટે ઊમટચા. તે સાંજે ત્યાંના ટાઉન હૉલ સામેના ખુલ્લા મેદાનમાં સભાનું આયોજન થયું હતું. મુખ્ય સંન્યાસીઓએ આચાર્યદેવને મોડી રાત સુધી સભામંડપમાં ન બેસવા જણાવ્યું. આચાર્યદેવે તે તરફ ખાસ લક્ષ ન આપ્યું. તેઓ સભામાં ગયા અને પ્રસંગ પાર પાડચો. કોઈ એક અદૃશ્ય શક્તિના બળ વડે તેઓશ્રી અંત સુધી બેસી રહ્યાં. સંન્યાસીઓના આશ્ચર્યનો પાર ન રહ્યો. ભાષણ પૂરું થયું. ઠંડી પુષ્કળ હતી. સભાસ્થાનથી પાછા ફરતાં એક ગૃહસ્થ ભકતે આચાર્યદેવને જમવા માટે વિનંતી કરી. ભક્તવત્સલ આચાર્યદેવે ભક્તની ઈચ્છા પૂરી કરી. ગૃહસ્થભક્તના પત્નીએ

આચાર્યદેવને આગ્રહપૂર્વક દહીં પણ ખવડાવ્યું. પોતાના શરીર ઉપર જરાય ધ્યાન આપ્યા વિના ભક્ત કલ્પતરુ આચાર્યદેવે ભક્તની વાસના પૂરી કરવા પોતાના જાનને જોખમમાં મૂકયો. બુદ્ધ ભગવાન પણ પોતાના એક ભક્તે આપેલું શલ્ય માંસ ખાઈને જ નિર્વાણ પામ્યા હતા.

જલપાઈગુરુનો કાર્યક્રમ પૂરો કરી તેઓશ્રી રંગપુર પહોંચ્યા. ત્યાં રાબેતા મુજબ નગરયાત્રા, સભા, વ્યક્તિગત દર્શન, ચર્ચા વગેરે એક પછી એક કાર્યક્રમો ગોઠવાતા જ રહ્યાં. આ અવિરત પરિશ્રમના કારણે તેઓ સંપૂર્ણ થાકી ગયા. સભાસ્થાનેથી વિદાય લીધા પછી ટેક્સીમાં જઈ સૂઈ ગયા. બીજે દિવસે સવારે તેઓશ્રી પાસે મંત્ર-દીક્ષા લેવા માટે કેટલાક કુટુંબો આવી પહોંચ્યા. આચાર્યદેવ બીમાર હોવાથી તેઓ પોતાની મંત્રદીક્ષા લેવાની આશા ફળીભૂત નહીં થાય એમ સાંભળીને નિરાશ થયાં. અંતર્યામી આચાર્યદેવે રક્ષક સ્વામીને પેલા દર્શનાર્થીઓને અંદર લાવવા જણાવ્યું. તેઓ બધાં અંદર આવ્યાં. આચાર્યદેવે તેઓને અંતિમ દીક્ષાદાન દીધું.

આચાર્યદેવની તબિયત વધુ બગડી. રાજાશાહી અને પાવના શહેરનો કાર્યક્રમ રદ કરવો પડયો. સહેજ હાલવા ચાલવામાં પણ તેઓશ્રી તકલીફ અનુભવતા હતા. તેઓ સંપૂર્ણ બીમાર હાલતમાં કલકત્તા પાછા ફર્યા.

કલકત્તાના પ્રખ્યાત ડૉકટરો બીમારીના સમાચાર સાંભળીને દોડી આવ્યા. સારવાર શરૂ કરી અને તેઓએ કહ્યું, "ચિંતા કરશો નહીં. ખાસ ભય જેવું કાંઈ નથી."

મહાપ્રયાણના બે દિવસ પહેલાં આચાર્યદેવે એક સન્યાસીને કહ્યું: "કેલેન્ડરમાં જુઓ તો, પોષ મહિનાની એકાદશી કયી તારીખે

આવે છે ?" પંચાંગ જોઈને સંન્યાસી સેવકે તારીખ જણાવી. આ સાંભળીને તેઓશ્રી મૌન રહ્યા. તેઓશ્રીને બેવડો ન્યુમોનિયા થઇ ગયો હતો. ડોકટરોએ તેમને હાલવા-ચાલવાની કે બેસવા-ઉઠવાની ના પાડી હતી. સૂઇ જઈને માત્ર આરામ કરવાની સલાહ આપી હતી. મોડી રાત્રે તેઓએ ઉઠવા માટે એકવાર પ્રયત્ન કર્યો. સાન્નિધ્યમાં રહેલાં સ્વામીજી તુર્ત જ સભાન બની ગયા અને કહ્યું, 'દાકતરોએ ઉઠવાની ના પાડી છે."

આચાર્યદેવે કહ્યું, "સારું ત્યારે, હવે હું ઉઠીશ જ નહિ." કોને ખબર હતી કે આ એમનું છેલ્લું શયન હતું !

ઈ. સ. ૧૯૪૧ ની ૮મી જાન્યુઆરી ને ગુરૂવારનો એ દિવસ. પોષ મહિનાની પવિત્ર એકાદશી તિથિ, રાત્રે ૧૨-૪૫ કલાકે આચાર્ય-દેવે માત્ર ૪૫ વર્ષની ઉંમરે પોતાનો સ્થૂળ દેહ છોડીને મહાપ્રયાણ કર્યું.

અંતિમ નિર્દેશ અને આશ્વાસન

આચાર્યદેવે સંઘગીતામાં કહ્યું છે-સંઘ, સંઘનેતા અને સંઘ-શક્તિ-એ ત્રણેમાં એકત્વ છે અને પ્રત્યેકમાં ત્રણેયનું સ્થાન છે. સંઘનેતાનું વિરાટ સ્વરૂપ એ સંઘ છે. તેઓશ્રીએ સ્થૂળ શરીર છોડીને સંઘશરીરમાં પ્રવેશ કર્યો છે. તેઓશ્રીની અંતિમવાણી હતી, " સંઘ સંતાનો, તમે મને કોઈ દિવસ છોડશો નહિ. મને પકડીને રહેજો. હું હંમેશ માટે જાગૃત રહીશ."

વાત પણ સાચી જ છે. તેઓશ્રીના અવસાનને ઘણાં વર્ષો વિત્યાં, છતાં દેશમાં અને વિદેશમાં દિન પ્રતિદિન સંઘનો વિકાસ જ થતો રહ્યો છે. એટલું જ નહિ પણ જ્યારે દૃઢ વિશ્વાસ અને પરમભક્તિથી સંઘ-સંન્યાસીઓ અથવા ગૃહસ્થ ભક્તોએ પ્રાર્થના કરી છે ત્યારે તેઓશ્રીએ સૂક્ષ્મદેહે દર્શન આપ્યા છે અને આપદ-

વિપદોમાંથી ઉગાર્યા છે. હજુ પણ ઘણાઓના જીવનમાં આવા પ્રસંગો બન્યા જ કરે છે.

હે યુગાચાર્ય! ભક્તોના ઉદ્ધાર માટે, દુષ્ટોના દમન માટે અને પુનઃ ધર્મની સ્થાપના માટે આપનો અવતાર થયો હતો. આપ તો આ ભવસાગરમાંથી ઉદ્ધારનારા છો. આપનું શરણ શોધવાથી જ અમારી મુક્તિ થશે. આપ સંઘશરીરમ નિત્ય વિરાજમાન છો. અમો સઘળી ચિંતાઓ, ભાવનાઓ, કાર્યો, પ્રવૃત્તિઓ, સુખદુઃખ નિદ્રા કે જાગરણ વખતે, આપનું જ મનન અને સ્મરણ કરીશું. અમારા આ તૃષાતુર, તાપદગ્ધ અને રિબાતા હૃદયમાં આપ પ્રેરણા અને ઉત્સાહ ભરી દો. આપના આશીર્વાદ અને કૃપાથી જ અમે પરમપદને પ્રાપ્ત કરીશું.

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ।
ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ॥
ત્વમેવ વિદ્યા, દ્રવિણં ત્વમેવ ।
ત્વમેવ સર્વં મમ દેવ દેવ ॥

ૐ ગુરુ કૃપા હિ કેવલમ્, ગુરુ કૃપા હિ કેવલમ્ ॥

સમાપ્ત

ગુરુ વંદના

ભવસાગર-તારણ કારણ હે, રવિ-નંદન-બંધન-ખંડન હે,
શરણાગત કિંકર ભીત-મને, ગુરુદેવ દયા કરો દીન જને.
હૃદિ-કન્દર-તામસ-ભાસ્કર હે, પ્રભો વિષ્ણુ પ્રજાપતિ શંકર હે,
પરબ્રહ્મ પરાત્પર વેદ કહે, ગુરુદેવ દયા કરો દીન જને.
મન-વારણ-શાસન-અંકુશ હે, નરત્રાતા પ્રભો હરિ ચાક્ષુષ હે,
ગુણ-ગાનપરાયણ દેવગણે, ગુરુદેવ દયા કરો દીન જને..
કુલકુંડલિની નિંદભંજક હે, હૃદિ-ગ્રંથિ વિદારણકારક હે,
મમ માનસ ચંચળ રાત્રિ-દિને, ગુરુદેવ દયા કરો દીન જને:
રિપુસૂદન મંગલદાયક હે, સુખ-શાંતિ વરાભયદાયક, હે,
ત્રયતાપ ખસે તવ નામગુણે, ગુરુદેવ દયા કરો દીન જને,
અભિમાનપ્રભાવ-વિમર્દક હે, ગતિહીન અનાથન રક્ષક હે,
ચિત શંકિત વંચિત ભક્તિધને, ગુરુદેવ દયા કરો દીન જને.
તવ નામ સદા શુભ સાધક હે, પતિતાધમ-માનવ પાવન હે,
મહિમા તવ પ્રગટે શુદ્ધ મને, ગુરુદેવ દયા કરો દીન જને,
જય સદગુરુ ઈશ્વર પ્રાપક હે. ભમરોગ વિકાર વિનાશક હે-
મન નિત્ય રહે તવ શ્રીચરણે, ગુરુદેવ દયા કરો દીન જને.

★

પ્રણવ આરતી

ૐ શુદ્ધં બુદ્ધં મુક્તં શ્રી પ્રણવાનંદમ્
જય શ્રી પ્રણવાનંદમ્ ।
ધૃત નર વિગ્રહ દેવં ધૃત નર વિગ્રહ દેવં
વંદે વિશ્વેશમ્ ॥
ૐ હર હર હર સદ્‌ગુરુ મહાદેવ ॥
શાંતં દાંતં સુંદરકાન્તં કરુણાઘનમૂર્તિમ્
જય કરુણાઘનમૂર્તિમ્ !
મંગલ મંડિત અંગં મંગલ મંડિત અંગં
વિશ્વંભર રૂપમ્ ॥
ૐ હર હર હર સદ્‌ગુરુ મહાદેવ !॥
ૐ સૌમ્યં રમ્યં દિવ્યં સત્-ચિત્-આનંદમ્
ૐ સત્-ચિત્-આનંદમ્ ।
કેવલ બોધ સ્વરૂપં કેવલ બોધ સ્વરૂપં
વંદે યોગીશમ્ ॥
ૐ હર હર હર સદ્‌ગુરુ મહાદેવ ॥
સંયમ શાન્તં શૌર્યવંતં વીર્યબલ દીપ્તમ્
ૐ વીર્યબલ દીપ્તમ્ ।
તપસસ્તેજસા દીપ્તં તપસસ્તેજસા દીપ્તમ્
નિર્જિત દેહબોધમ્ ॥
ૐ હર હર હર સદ્‌ગુરુ મહાદેવ ॥
ૐ ધર્મં નિત્યં સત્યં સંસ્થાપન હેતોઃ ।
પુનઃ સંસ્થાપન હેતોઃ ।
નિર્મિત-સંહતિ-ચક્રં નિર્મિત-સંહતિ-ચક્રં
સેવાશ્રમ સંઘમ્ ॥
ૐ હર હર હર સદ્‌ગુરુ મહાદેવ ॥
નિત્યં સર્વં કર્મં કુર્વન્ વિશ્વ હિત ભૂતમ્
ૐ વિશ્વહિત ભૂતમ્ ।
દર્શિત સંન્યાસયોગં દર્શિત સંન્યાસયોગંમ્
વંદે ત્યાગીશમ્ ॥
ૐ હર હર હર સદ્‌ગુરુ મહાદેવ ॥

જીવન ઘડતર માટે કેટલાક સોનેરી સૂત્રો

(૧) દૃઢ નિશ્ચયથી બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૨) સાદો, સાત્વિક, હલકો અને પરિમિત ખોરાક લેવો. અમાસ, પૂનમ, અગિયારસ વગેરે તહેવારો પર ઉપવાસ કરવો.

(૩) મોજશોખની બધી વસ્તુઓનો ત્યાગ કરવો. ખોરાક અને પોશાકની ખાસ જરૂરી વસ્તુઓ સિવાયની તમામ વસ્તુઓ મોજશોખની વસ્તુઓ ગણાય.

(૪) ચા, કોફી, પાન, બીડી જેવી માદક ચીજોનો તદ્દન બહિષ્કાર કરવો.

(૫) તમારાં પોતાનાં કપડાં અને પોતાની પથારી સિવાય બીજાની પથારીનો ઉપયોગ ન કરવો.

(૬) તમારી પોતાની પથારીમાં એકલા જ સૂવાનો નિયમ કરવો અને એ નિશ્ચયથી તસુ પણ ન ડગવું.

(૭) ૭ કલાકથી વધારે ઊંઘવું નહિ,

(૮) હંમેશા લંગોટ પહેરવો.

(૯) દિવસમાં ઓછામાં ઓછો એકવાર નિયમિત શારીરિક વ્યાયામ કરવો.

(૧૦) ખાસ જરૂર સિવાય બીજાના શરીરને ન અડવા નિશ્ચય કરવો. કારણ તેમ કરવું, તે બ્રહ્મચર્ય માટે હાનિકારક છે.

(૧૧) કોઈ પણ સ્ત્રી અગર છોકરીઓ સાથે બિનજરૂરી વાત કરવી નહિ અને વધારે પડતો સંબંધ રાખવો નહિ.

(૧૨) ખાસ જરૂરિયાત સિવાય વધારે બોલવું નહિ.

(૧૩) હંમેશા કોઈને કોઇ કામમાં લાગુ રહેવું.

(૧૪) તમારી જરૂરિઆતો ઓછી કરવી. સંતોષી જીવન ગાળવું.

(૧૫) સાધુ, સંન્યાસી, ગરીબ અને રોગીની સેવા કરવી.

સંઘવાણી

૧. આપણું ધ્યેય શું ?

મહામુક્તિ, આત્મતત્ત્વની ઉપલબ્ધિ.

૨. ધર્મ એટલે શું ?

ત્યાગ, સંયમ, સત્ય, બ્રહ્મચર્ય.

૩. ખરું જીવન એટલે શું ?

આત્મબોધ, આત્મસ્મૃતિ, આત્માનુભૂતિ, પોતાના સંબંધી જ્ઞાન, પોતાની વિશિષ્ટતા અને શક્તિ વિષેની યાદ અને અનુભૂતિ.

૪. મહામૃત્યુ એટલે શું ?

આત્મવિસ્મૃતિ, (પોતાને ભૂલી જવું તે)

૫. મહાપુણ્ય (ખરા સદ્‌ગુણ) કયા ?

વીરત્વ, પુરુષત્વ (પૌરુષ) મનુષ્યત્વ, મુમુક્ષુત્વ. (મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છા)

૬. મહાપાપ (દુર્ગુણ) કયાં ?

દુર્બળતા, ભીરુતા, બીકણપણું, કાપુરુષતા (નામર્દાઈ), સંકુચિતતા, સ્વાર્થપારાયણતા.

૭. મહાશક્તિ કઈ ?

ધીરતા, સ્થિરતા, સહનશીલતા.

૮. મહાભાગ્ય શું ?


આત્મવિશ્વાસ, આત્માવલંબન, આત્મપ્રતિષ્ઠા.

૯. મહાશત્રુઓ કોણ ?

આળસ, નિદ્રા, તંદ્રા, જડતા, ષડરિપુઓ અને ઈંદ્રિયાધીનતા.

૧૦. પરમ મિત્ર કોણ ?

ઉદ્યમ, ઉત્સાહ અને ખંત.



બાજીતપુર પ્રણવમઠનો પ્રવેશદ્વાર અને અર્ચનાલયનું ધ્યાનખંડ



બાજીતપુર ગામમાં શ્રી ગુરુમહારાજના જન્મસ્થાનનું વર્તમાનદશ્ય



ભારત સેવાશ્રમ સંઘના અમદાવાદ શાખાના પ્રવેશદ્વાર વિદ્યાર્થીભવન,
મંદિર અને સ્કૂલ.